Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Joshi, Maya P., 2012, “પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ”, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/961

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ"

# "A STUDY OF SOCIAL CHANGING PROCESS IN PASTORAL BHARVAD WOMEN"

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પીએચ.ડી. ની પદવી**
**માટે રજૂ થનાર શોધનિંબધનો**
**સંશોધન અભ્યાસ**


**-: રજૂ કર્તા :-**
**માયા પ્રવિણચંદ્ર જોશી**
**(એમ.એ., સમાજશાસ્ત્ર)**

**-: માર્ગદર્શક :-**
**ડૉ. પારૂલબેન જે. જોશી**
**દેવમણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ**
**વિસાવદર.**

# ''પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ''


-: રજૂ કર્તા :-

માયા પ્રવિણચંદ્ર જોશી

(એમ.એ., સમાજશાસ્ત્ર)


સને. ૨૦૧૨


-: માર્ગદર્શક :-

ડૉ. પારૂલબેન જે. જોશી

## -: <u>પ્રમાણપત્ર</u> :-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે **શ્રી કુ. માયા પી. જોશી** એ મારા માર્ગદર્શન અને સલાહ–સૂચના પ્રમાણે **"પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓના અભ્યાસ"** – એક સમાજશાસ્ત્રીય અધ્યયન નામનો આ શોધનિબંધ પીએચ.ડી. સમાજશાસ્ત્ર માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે પદવી માટે કોઈ યુનિવર્સિટીએ રજૂ કર્યો નથી.

ક્ષેત્રીય માહિતી પર આધારીત આ મૌલિક સંશોધન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પીએચ.ડી. સમાજશાસ્ત્રની પદવી માટે રજૂ કરવામાં આવે છે.

તારીખ: માર્ગદર્શકની સહી ..........................

## -: <u>પ્રારંભિક બે બોલ</u> :-

આધુનિક સમાજમાં મહત્વના દરજ્જામાં પરિવર્તન આવેલ જોવા મળે છે. આઝાદી પહેલાનાં સમયમાં મહિલાઓની સ્થિતિ દયાજનક હતી તેનો દરજ્જો નીચો હતો. પરંતુ આઝાદીની ચળવળ દરમ્યાનથી મહિલાઓને મહત્વ આપવામાં આવ્યું હતું.

સ્વતંત્રતા પછી કેટલાક સમાજ સુધારકોએ મહિલા જાગૃતિ વિશે વિશેષ પ્રાધાન્ય આપ્યું  તેમજ મહિલાને શિક્ષણ આપવું જોઈએ તેવી હિમાયત કરી સમાજમાં ચાલતા કુરિવાજો સામે સુધારકોએ લડત આપી અને મહિલાઓનું સ્થાન ઊંચું લાવવામાં પ્રયાસો કરવામાં આવ્યા.

શિક્ષણની તકો ઉભી કરવામાં આવી, વ્યવસાયમાં પણ તેમને માટે રોજગારી ઉભી કરવામાં આવી દરેક ક્ષેત્રે મહિલા શિક્ષણ મફત બનાવવામાં આવ્યું. મહિલાઓના સ્થાનમાં કેવા ફેરફાર થયા છે ? આર્થિક ક્ષેત્રે તેનો શું ફાળો છે ? તે અંગેના અભ્યાસો ભારતમાં થયેલા છે. પ્રાદેશિક સંશોધનો પણ હાથ ધરાયા છે. સ્થાનિક સંશોધનોનું મહત્વ પણ સ્વીકારવામાં આવ્યું છે. આ દિશામાં એક ડગલું આગળ માંડવામાં સહભાગી થવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

પીએચ.ડી. ના અભ્યાસ દરમ્યાન મહાશોધ નિબંધ તૈયાર કરવા માટે જયારે વિષયની પસંદગી કરવામાં આવી ત્યારે એક પશુપાલક ભરવાડ મહિલાઓમાં **"પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ"** ની પસંદગી કરવામાં આવી. વિવિધ પ્રશ્નોના મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકઠી કરવા માટે વિવિધ મહિલાઓનો સંપર્ક સાધવામાં આવ્યો છે. જેમાંથી અગત્યની માહિતી પ્રાપ્ત થતાં તેને સંકલિત કરી એક અહેવાલરૂપે મહાશોધ નિબંધ તરીકે રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

કોઈપણ વ્યક્તિ કોઈપણ કાર્ય કરે તેની પાછળ કોઈને કોઈ પ્રેરણાબળ કામ કરી રહ્યું હોય તો મારા આ કાર્યમાં પણ આવી પ્રેરણાઓનો સહયોગ અતિ મહત્વનો રહ્યો છે. અનેક લોકોનો સહયોગ રહ્યો છે. આવા સહયોગ વિના આ કાર્ય સરળતાપૂર્વક પૂર્ણ થઈ શક્યું ન હોત તેમ મારું નમ્ર મંતવ્ય છે.

સૌપ્રથમ આ તબક્કે જામનગર તથા જૂનાગઢ જિલ્લો તથા જૂનાગઢ જિલ્લાનું ગીર અને આ બન્ને જિલ્લાના પસંદ કરેલ તાલુકાની પશુપાલક ભરવાડ મહિલાઓનો સહયોગ રહ્યો છે. જેના યોગ્ય સહકાર વિના માહિતી એકત્ર કરવાનું શક્ય બન્યું ન હોત.

આ સંશોધનના અધ્યયન દરમ્યાન તન અને મનથી સતત માર્ગદર્શન અને સલાહ સૂચન આપનાર એવા મારા માર્ગદર્શક બેન **શ્રી ડૉ. પારૂલબેન જોશી**ની પણ હું આભારી છું.

**– માયા પી. જોશી**

## -: ઋણ સ્વીકાર :-

**"પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન"** ની પ્રક્રિયાઓનો અભ્યાસ વિષયક મારા મહાનિબંધ અંગે અનેક વિદ્વાનો, વિદ્યાસંસ્થાઓ અને વિવિધ સંસ્થાઓને મળવાનું થયું હતું. આ દરમ્યાન મને સૌનો ઉષ્માભર્યો આવકાર સાંપડયો છે.

"વિના સહકાર નહિ ઉદ્ધાર" એ ઉકિત અનુસાર સૌના સહકારથી મારું આ સંશોધનનું કાર્ય પાર પાડી શકાયું છે એ બદલ મારા સંશોધનકાર્ય માટે સહકારની સરવાણી વહાવનાર સૌના પ્રતિ આભારની લાગણી વ્યકત કરું છું.

મારા પરમાદરણીય માર્ગદર્શક **ડૉ. પારૂલબેન જે. જોશી** તેમજ સમાજશાસ્ત્રમાં ઊંડો અભ્યાસ કરી પોતાની સજ્જનતાના બળે ખ્યાત થયેલા અનેક વિદ્વાનો એ મને મારા વિષયની સમજણને વિશદ કરવામાં મદદ કરી છે તેવા ડૉ. વિદ્યુત જોશી, પ્રો. ડૉ. કૌશિકભાઈ પંડયા, ડૉ. હેમાક્ષીબેન રાવ, ગૌરાંગ જાની, પ્રો. રાજેન્દ્રસિંહ રાઠોડ તથા જનકભાઈ જોશી વગેરેને કૃતજ્ઞતાપૂર્વક સ્મરૂ છું અને તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. ડૉ. પારૂલબેનને સતત અને એકધારું માર્ગદર્શન પૂરું પાડેલ છે. એમના પ્રેમ અને અનુરાગ ન સાંપડયા હોત તો કદાચ મારા આ સંશોધનકાર્યને જે ગતિ અને બળ સાંપડયા તે ન સાંપડયા હોત. એમના માટે તોહું એટલું જ કહીશ કે એમનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી.

મારા આ સંશોધનકાર્યમાં રસ લેનારા તેમજ મને મદદ કરનારા પ્રો. ડૉ. હરેશ ઝાલા, પ્રો. ડૉ. વિશાલ જોશી, કોડીનાર કોલેજના પ્રો. રીટાબેન મોરી તથા કાલાવડ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એન. કે. ડોબરીયા તથા કાલાવડ કોલેજનો અન્ય સ્ટાફગણ તેમજ મારા અભ્યાસ કાર્ય માટે પ્રેરણા અને આત્મબળ પૂરું પાડનાર અને મદદરૂપ

થનાર મિત્રોમાં વિશાલ રાવલ, ડિમ્પલ કક્કડ, મયુરી જાડેજા, વાટલિયા ગીતો અને જાડેજા ગોપીબાની પણ આભારી છું.

એક સારા સંશોધકે ભૂતકાળમાં ડોકિયું કરી પોતાના સંશોધન ગ્રંથમાં ઈતિહાસ રસની મુદ્રાને ઉપાસવવાનો હોય છે. મારા આ મહાનિબંધમાં આવી સંદર્ભસામગ્રી પૂરી પાડનાર સ્વ. શ્રી મા. સુરાભાઈ ભરવાડ–અમદાવાદ, રતનબેન રાતડિયા–અમદાવાદ તેમજ જામનગર જિલ્લામાં કાલાવડના ભરવાડ સમાજના આગેવાનોમાં ઓઘાભાઈ ભરવાડ, કાનાભાઈ (કનૈયા પાન) તેમજ જૂનાગઢના ગોપાલ ભુવનના પ્રમુખ ઝીણાભાઈ ભરવાડ તેમજ બિલખાના ભીખાભાઈ ગમારા અને સાસણ ગીરમાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા ભરવાડ સમાજના જ લીંબાભાઈ તો ભુલાય જ કેમ ? એમનો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

મારા કાર્યને સુંદર બનાવવા જ્ઞાતિઓના વિવિધ સંસ્થાઓ અને મહાનુભાવો સાથે જીવંત સંપર્ક સેતુ રચ્યો અને એમાં સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ – સુરત, એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી વગેરેનો સુંદર સહકાર મળ્યો જે બદલ તે સૌની ઋણી છું.

ગુજરાત વિદ્યાપીઠ અનેક સંશોધકોનું આશ્રયસ્થાન રહ્યું છે. આ ગ્રંથાલયનો તથા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય, જિલ્લા પુસ્તકાલય–રાજકોટ. લાખાજીરાજ લાયબ્રેરી–રાજકોટ વગેરે દ્વારા સંદર્ભગ્રંથોની ઉપલબ્ધી થતાં મારુ શોધકાર્ય સરળ બન્યું હતું તે બદલ ગ્રંથાલયશ્રીનો આભાર પ્રગટ કરું છું.

સૌથી હૃદયપૂર્વક વિશેષ આભાર માનવાનો છે મારા પરિવારના સભ્યોનો પરમાદરણીય મારા પિતાશ્રી પ્રવિણચંદ્ર અને માતુશ્રી મંજુલાબેન, મારા મોટા ભાઈ

કેતનભાઈ અને બેન મમતાબેન તેમજ ગીરના જંગલમાં વસતા ભરવાડ જ્ઞાતિના નેસ વિસ્તારના જેઓએ માહિતી આપેલ તેવા મારા ફુઆ શ્રી નવિનચંદ્ર મહેતા–રાજકોટ વગેરેની પણ આભારી છું. તેમજ મારા આ કાર્યથી રાજી થયા છે તેવા માતા–પિતાને પ્રણામ કરું છું અને સ્વર્ગસ્થ મારા દાદા મુગટલાલ, દાદી મુકતાબેન, સ્વ. કાકા મુકેશભાઈ, કાકી માલતીબેન તેમજ સ્વર્ગસ્થ મારા વ્હાલસોયા ભાઈ હાર્દિકને આ ક્ષણે યાદ કરું છું તેમજ તેમને પ્રણામ કરુ છું.

આ મહાશોધ નિબંધને સમયસર સુંદર અને સ્વચ્છ કોમ્પ્યુટરાઈઝ કરી આપનાર **"સોનાર કોમ્પ્યુટર"** ના શ્રી નવિનભાઈ તેમજ રમેશભાઈનો આ તકે આભાર માનું છું.

અંતે એટલું જ કહીશ કે આ સંશોધનમાં જે કાંઈ સારુ છે તે બધું શુભેચ્છકો અને સ્નેહીજનોને આભારી છે.

તારીખ :

**– માયા પી. જોશી**

## -: અનુક્રમણિકા :-


| પ્રકરણ | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| પ્રકરણ–૧ | પ્રસ્તાવના | ૧ થી ૮૦ |
| પ્રકરણ–૨ | જનજાતિય પરિચય | ૮૧ થી ૧૫૦ |
| પ્રકરણ–૩ | સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની ભૂમિકા | ૧૫૧ થી ૧૯૬ |
| પ્રકરણ–૪ | સામાજિક–સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ | ૧૯૭ થી ૨૮૭ |
| પ્રકરણ–૫ | સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન | ૨૮૮ થી ૩૧૫ |
| પ્રકરણ–૬ | સ્ત્રીઓની સમસ્યા | ૩૧૬ થી ૩૪૪ |
| પ્રકરણ–૭ | ઉપસંહાર | ૩૪૫ થી ૩૬૬ |
| | * સંદર્ભસૂચિ | ૩૬૭ થી ૩૭૪ |
| | * પરિશિષ્ટો | ૩૭૫ થી ૩૮૬ |

-: **અનુક્રમણિકા** :-


| પ્રકરણ | પ્રકરણનું નામ | પાના નંબર |
| --- | --- | --- |
| **પ્રકરણ–૧** | **પ્રસ્તાવના** | **૧ થી ૮૦** |
| ૧.૧ | પ્રસ્તાવના | ૨ |
| ૧.૨ | સંદર્ભ સાહિત્યની સમીક્ષા | ૯ |
| ૧.૩ | સંશોધન વિષયની પસંદગી | ૨૩ |
| ૧.૪ | અભ્યાસના હેતુઓ | ૨૯ |
| ૧.૫ | અભ્યાસની ઉપકલ્પના | ૩૦ |
| ૧.૬ | અધ્યયનનો વિસ્તાર પસંદગી | ૩૧ |
| ૧.૭ | અભ્યાસની પ્રવિધિઓ | ૩૨ |
| ૧.૮ | માહિતીનું વર્ગીકરણ – વિશ્લેષણ | ૩૮ |
| ૧.૯ | અભ્યાસનું મહત્વ | ૩૯ |
| ૧.૧૦ | અધ્યયન ક્ષેત્રનો ભૌગોલિક પરિચય | ૪૦ |
| ૧.૧૧ | અભ્યાસ હેઠળના ગામોનો પરિચય | ૬૬ |
| | * સંદર્ભસૂચિ | ૭૯ |
| **પ્રકરણ–૨** | **જનજાતિય પરિચય** | **૮૧ થી ૧૫૦** |
| ૨.૧ | પ્રસ્તાવના | ૮૨ |
| ૨.૨ | જનજાતિય પરિચય | ૮૩ |
| ૨.૩ | ભૌતિક સંસ્કૃતિ | ૯૮ |
| | – ગામની સંરચના | ૯૯ |
| | – ઘર અને ઘરનું નિર્માણ | ૧૦૨ |

| પ્રકરણ | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| | – ઘરની સ્વચ્છતા અને સફાઈ | ૧૨૪ |
| | – શારીરિક સ્વચ્છતા અને સાજશૃંગાર | ૧૩૫ |
| | – પોશાક | ૧૩૬ |
| | – ભરવાડોના અલંકારો / આભૂષણો | ૧૩૮ |
| | – ખોરાક | ૧૪૩ |
| | – ભાષા | ૧૪૭ |
| | * સંદર્ભસૂચિ | ૧૪૮ |
| **પ્રકરણ–૩** | **સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની ભૂમિકા** | **૧૫૧ થી ૧૯૬** |
| ૩.૧ | પ્રસ્તાવના | ૧૫૨ |
| ૩.૨ | સ્ત્રીનો દરજ્જો | ૧૫૩ |
| ૩.૩ | સામાજિક ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા | ૧૫૪ |
| ૩.૪ | આર્થિક ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા | ૧૭૭ |
| ૩.૫ | ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા | ૧૮૨ |
| ૩.૬ | શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા | ૧૯૧ |
| ૩.૭ | રાજકીય ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા | ૧૯૨ |
| | * સંદર્ભસૂચિ | ૧૯૬ |
| **પ્રકરણ–૪** | **સામાજિક, સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીની સ્થિતિ** | **૧૯૭ થી ૨૮૭** |
| ૪.૧ | પ્રસ્તાવના | ૧૯૮ |
| ૪.૨ | સ્ત્રીઓની સ્થિતિ | ૧૯૯ |
| ૪.૩ | જીવનચક્રમાં સ્ત્રીઓની સ્થિતિ | ૨૦૧ |

| પ્રકરણ | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૪.૪ | સામાજિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ | ૨૩૧ |
| ૪.૫ | આર્થિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ | ૨૪૫ |
| ૪.૬ | ધાર્મિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ | ૨૭૫ |
| ૪.૭ | શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ | ૨૭૮ |
| ૪.૮ | રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ | ૨૮૨ |
| | * સંદર્ભસૂચિ | ૨૮૪ |
| **પ્રકરણ–૫** | **સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન** | **૨૮૮ થી ૩૧૫** |
| ૫.૧ | પ્રસ્તાવના | ૨૮૯ |
| ૫.૨ | પરિવર્તન | ૨૯૦ |
| ૫.૩ | સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન | ૨૯૧ |
| ૫.૪ | ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન | ૩૦૬ |
| **પ્રકરણ–૬** | **સ્ત્રીઓની સમસ્યા** | **૩૧૬ થી ૩૪૪** |
| ૬.૧ | પ્રસ્તાવના | ૩૧૭ |
| ૬.૨ | મહિલાઓની સમસ્યા | ૩૧૮ |
| ૬.૩ | ભરવાડ મહિલાઓની સમસ્યા | ૩૨૧ |
| ૬.૪ | સ્ત્રી સમસ્યાઓના ઉપાય | ૩૨૮ |
| ૬.૫ | સૂચનો | ૩૩૦ |
| ૬.૬ | કેસ સ્ટડીઝ | ૩૩૨ |

| પ્રકરણ | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| **પ્રકરણ–૭** | **ઉપસંહાર** | **૩૪૫ થી ૩૬૬** |
| ૭.૧ | પ્રસ્તાવના | ૩૪૬ |
| ૭.૨ | અભ્યાસના તારણો | ૩૪૭ |
| ૭.૩ | સંશોધનની મર્યાદાઓ | ૩૬૩ |
| ૭.૪ | ભવિષ્યના નવા ક્ષેત્રો | ૩૬૪ |
| ૭.૫ | ઉપસંહાર | ૩૬૫ |
| | *** સંદર્ભસૂચિ :** | |
| | પરિશિષ્ટ–૧ | |
| | પરિશિષ્ટ–૨ | |
| | પરિશિષ્ટ–૩ | |
| | પરિશિષ્ટ–૪ | |
| | પરિશિષ્ટ–૫ | |
| | પરિશિષ્ટ–૬ | |
| | પરિશિષ્ટ–૭ | |
| | પરિશિષ્ટ–૮ | |

## -: નકશાની વિગત :-

| નકશા નં. | વિગત |
|---|---|
| ૧ | ગુજરાતનો નકશો |
| ૨ | જૂનાગઢ જિલ્લાનો નકશો |
| | – જૂનાગઢ તાલુકાનો નકશો |
| | – ભેંસાણ તાલુકાનો નકશો |
| | – વિસાવદર તાલુકાનો નકશો |
| | – તાલાલા તાલુકાનો નકશો |
| ૩ | જામનગર જિલ્લાનો નકશો |
| | – કાલાવડ તાલુકાનો નકશો |
| | – જામનગર તાલુકાનો નકશો |

# -: કોષ્ટકની વિગત :-


| ક્રમ | કોષ્ટકની વિગત | પાના નંબર |
|---|---|---|
| | **પ્રકરણ–૧** | |
| ૧.૧ | ભરવાડ સમાજના અધ્યયન માટે પસંદ કરેલ વિસ્તાર દર્શાવતું કોષ્ટક. | ૩૧ |
| ૧.૨ | ભરવાડ ઉત્તરદાતાઓ ગામમાં કેટલા વર્ષોથી રહે છે તે દર્શાવતું કોષ્ટક | ૭૬ |
| | **પ્રકરણ–૨** | |
| ૨.૧ | ભરવાડ ઉત્તરદાતાઓના મકાનનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૦૩ |
| ૨.૨ | ભરવાડ ઉત્તરદાતાઓના મકાનનું ક્ષેત્રફળ દર્શાવતું કોષ્ટક | ૧૦૮ |
| ૨.૩ | ભરવાડ ઉત્તરદાતાઓના મકાનમાં દીવાલોનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૧૦ |
| ૨.૪ | ભરવાડ ઉત્તરદાતાઓના મકાનનું છાપરું દર્શાવતું કોષ્ટક | ૧૧૩ |
| ૨.૫ | ભરવાડ ઉત્તરદાતાઓના મકાનનું ભોંયતળિયું દર્શાવતું કોષ્ટક | ૧૧૭ |
| ૨.૬ | ભરવાડ ઉત્તરદાતાઓના ઘરના ઓરડાની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૨.૭ | પશુનો વાડો દર્શાવતું કોષ્ટક | ૧૨૨ |
| ૨.૮ | રસોઈનાં વાસણો દર્શાવતું કોષ્ટક | ૧૨૫ |
| ૨.૯ | રસોઈનાં સાધનો દર્શાવતું કોષ્ટક | ૧૨૮ |
| ૨.૧૦ | ભરવાડ ઉત્તરદાતાઓના ઘરનું રાચરચીલું દર્શાવતું કોષ્ટક | ૧૩૧ |
| | **પ્રકરણ – ૩** | |
| ૩.૧ | ભરવાડ ઉત્તરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક | ૧૫૪ |
| ૩.૨ | ભરવાડ સમાજના લોકોનું ઉંમરના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક | ૧૫૮ |

| ક્રમ | કોષ્ટકની વિગત | પાના નંબર |
|---|---|---|
| ૩.૩ | ભરવાડ ઉત્તરદાતાઓના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૬૫ |
| ૩.૪ | ભરવાડ ઉત્તરદાતાઓના કુટુંબનું કદ દર્શાવતું કોષ્ટક | ૧૬૯ |
| ૩.૫ | શ્રમ વિભાજન દર્શાવતું કોષ્ટક | ૧૭૮ |
| ૩.૬ | ખેતમજુરી કે અન્ય કામ કરતી અને તે કામ ન કરતી સ્ત્રી ઉત્તરદાતા દર્શાવતું કોષ્ટક | ૧૭૯ |
| | **પ્રકરણ – ૪** | |
| ૪.૧ | સ્ત્રીની સગાઈવય દર્શાવતું કોષ્ટક | ૨૦૬ |
| ૪.૨ | સ્ત્રીની લગ્નવય દર્શાવતું કોષ્ટક | ૨૦૯ |
| ૪.૩ | ભરવાડ મહિલાઓમાં લગ્ન થયેલ ગામનું અંતર દર્શાવતું કોષ્ટક | ૨૨૪ |
| ૪.૪ | ભરવાડ મહિલાઓમાં વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૨૩૮ |
| ૪.૫ | પશુધન–૧ દર્શાવતું કોષ્ટક | ૨૫૧ |
| ૪.૬ | પશુધન–૨ દર્શાવતું કોષ્ટક | ૨૫૬ |
| ૪.૭ | ખેતીનાં સાધનો દર્શાવતું કોષ્ટક | ૨૫૮ |
| ૪.૮ | સંપત્તિનાં પ્રકાર – કિંમત દર્શાવતું કોષ્ટક | ૨૬૩ |
| ૪.૯ | વિભિન્ન સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક | ૨૬૭ |
| ૪.૧૦ | વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક | ૨૭૧ |
| ૪.૧૧ | ભોજનસામગ્રીમાં ખર્ચ દર્શાવતું કોષ્ટક | ૨૭૩ |
| ૪.૧૨ | ભરવાડ મહિલાઓમાં શિક્ષણ દર્શાવતું કોષ્ટક | ૨૭૯ |

# <u>પ્રકરણ–૧</u>

## પ્રસ્તાવના


૧.૧ પ્રસ્તાવના

૧.૨ સંદર્ભ સાહિત્યની સમીક્ષા

૧.૩ સંશોધન વિષયની પસંદગી

૧.૪ અભ્યાસના હેતુઓ

૧.૫ અભ્યાસની ઉપકલ્પના

૧.૬ અધ્યયનનો વિસ્તાર પસંદગી

૧.૭ અભ્યાસની પ્રવિધિઓ

૧.૮ માહિતીનું વર્ગીકરણ – વિશ્લેષણ

૧.૯ અભ્યાસનું મહત્વ

૧.૧૦ અધ્યયન ક્ષેત્રનો ભૌગોલિક પરિચાય

૧.૧૧ અભ્યાસ હેઠળના ગામોનો પરિચય

– સંદર્ભસૂચિ

# <u>પ્રકરણ-૧</u>
# પ્રસ્તાવના

## ૧.૧ પ્રસ્તાવના

કોઈપણ સમાજ આદિમ હોય કે આધુનિક શહેરી હોય કે ગ્રામીણ તેની એક વિશિષ્ટ સંસ્કૃતિ હોય છે એક પેઢી તેની બીજી પેઢીને સાંસ્કૃતિક વારસો પ્રદાન કરે છે. જેમાં સ્ત્રીઓની વિશેષ ભૂમિકાઓ હોય છે. બાળક છોકરો હોય કે છોકરી પોતાના જન્મથી યૌવનકાળની શરૂઆત સુધી માતાના સંપર્કમાં અન્ય લોકોની તુલનાએ વધારે હોય છે. માતા જ બાળકની પ્રથમ ગુરૂ હોય છે. કૌટુંબિક જીવન તથા જીવનના વિભિન્ન કાર્યોમાં પુરુષની સાથે સાથે સ્ત્રીઓની ભૂમિકા પણ ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. કૌટુંબિક તથા સામાજિક જવાબદારી પુરુષ–સ્ત્રી બંને સાથે મળીને ઉપાડે છે. સમાજરૂપી ગાડીના બે પૈંડા પુરુષ અને સ્ત્રી છે તેને આગળ લાવવા માટે બન્નેમાં સમાનતા હોવી જરૂરી છે.

ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકાના સંબંધમાં પ્રાચીનકાળથી વર્તમાન કાળ સુધી પરિવર્તન આવવાથી અનેક ઉતાર–ચઢાવ આવ્યો છે. શરૂઆતમાં ભારતીય સ્ત્રીઓ અને પુરુષોની સ્થિતિમાં સમાનતા હતી જે ધીમે ધીમે પુરુષોને ઉચ્ચતા તથા સ્ત્રીઓને નિમ્નતા તરફ લઈ ગઈ. રજપૂતકાળ તથા મોગલકાળ સમયમાં સતીપ્રથા, બાળવિવાહ, પડદાપ્રથા, બહુપત્નીત્વ, દહેજ વગેરે અનેક કુપ્રથાઓ સમાજમાં વ્યાપેલી હતી જે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકાને અત્યંત દયનીય સ્થિતિમાં લઈ ગઈ. જેના સંદર્ભમાં પ્રાચીનયુગથી વર્તમાનયુગ સુધીની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

### (૧) પ્રાચીનયુગ :

પ્રાચીનયુગમાં વૈદિક અને અનુવૈદિક યુગમાં સ્ત્રીઓ કુટુંબ, લગ્ન, શિક્ષણ, આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રે ભારતીય સ્ત્રી કેવું સ્થાન ધરાવે છે તે નીચેના મુદ્દા પરથી જોઈ શકાશે.

*** વૈદિક યુગ :**

વૈદિક યુગની વાત કરીએ તો વૈદિક યુગમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા પ્રવર્તતી હતી. સામાન્ય રીતે સત્તા પુરુષના હાથમાં કેન્દ્રિત હોવા છતાં પણ સ્ત્રી–પુરુષ વચ્ચે સમાનતા પ્રવર્તતી હતી. પુત્ર જન્મ પ્રત્યે પક્ષપાત હોવા છતાં પણ પુત્રીના જન્મને આવકારવામાં આવતો હતો. વેદકાલીન સમયમાં સ્ત્રીનો દરજ્જો કેવો હતો તે નીચેના મુદ્દા પરથી જોઈ શકાય.

**(એ) કુટુંબમાં સ્ત્રીનું સ્થાન :**

વેદકાલીન સમાજમાં સ્ત્રીઓ કુટુંબ જીવનમાં ઉચ્ચ સ્થાને બિરાજમાન હતી. જેથી

– વૈદિકયુગ દરમ્યાન સ્ત્રીઓ અને પુરુષો કુટુંબમાં સમકક્ષ દરજ્જો ધરાવતા હતા.

– સ્ત્રી જન્મને કુટુંબમાં આવકારદાયક માનવમાં આવતો હતો. જેથી પુત્રીનો પિતાના ઘરે પુત્ર સમકક્ષ દરજ્જો હતો.

– આ ઉપરાંત સાસરીયા પક્ષમાં વહુ તરીકેનો તેનો દરજ્જો ઊંચો હતો. તેને પુરુષ સમકક્ષ હકકો આપવામાં આવ્યા હતા સાથે દામ્પત્ય જીવનમાં પણ બંનેની ભૂમિકા સમાન ધોરણે હતી. સ્ત્રી પણ નિર્ણય લેવામાં યોગ્ય ભાગીદારી ભોગવતી હતી.

આમ, વૈદિક યુગ દરમ્યાન કુટુંબ જીવનમાં સ્ત્રીનું સ્થાન કે દરજ્જો પુરુષ સમકક્ષ જોવા મળતો હતો.

## (બ) લગ્નક્ષેત્રે સ્ત્રીનું સ્થાન :

વૈદિકયુગમાં લગ્ન એક સામાજિક કાર્ય ગણાતું હતું. વ્યકિતગત સંબંધો નહીં પરંતુ લગ્નના મુખ્ય હેતુઓ ધર્મ, પ્રજા અને રતિ કેન્દ્ર સ્થાને રહેતા હતા. લગ્નનો મુખ્ય હેતુમાં ધાર્મિક ફરજો અદા કરવાનું અને વંશ ચાલુ રાખવાનું ગણાતું હતું. લગ્નની વય ૧૫ થી ૧૬ વર્ષની ગણાતી હતી. તેમજ પાત્રની પસંદગીમાં સ્ત્રીઓની પસંદ–નાપસંદને યોગ્ય સ્થાન હતું.

આમ, વેદકાળમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા પ્રવર્તમાન હોવા છતાં લગ્નના ક્ષેત્રે સ્ત્રીઓનો દરજ્જો પુરુષ સમકક્ષ રહેતો જોવા મળે છે.

## (ક) આર્થિક ક્ષેત્રે સ્ત્રીનું સ્થાન :

વેદકાલીન સમયમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તમાન હોવા છતાં આર્થિક રીતે સ્ત્રીનો દરજ્જો ઊંચો હતો.

## (ડ) શિક્ષણક્ષેત્રે સ્ત્રીનું સ્થાન :

વૈદિક સમયમાં સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર કરવામાં આવતો હતો. સ્ત્રીઓ વેદોનો અભ્યાસ કરી શકતી હતી. તથા ઋચાઓ પણ રચતી હતી. લોપામુદ્રા, વિશ્વાધરા અને ઘોષાઓ ઋચાઓ રચી હતી.

આ પરથી એમ કહી શકાય કે વૈદિકયુગ દરમ્યાન સ્ત્રીઓ શિક્ષણ ક્ષેત્રે પુરુષ સમકક્ષ દરજ્જો ધરાવતી હતી.

## (ઈ) રાજનૈતિક ક્ષેત્રે સ્ત્રીનું સ્થાન :

વૈદિકયુગમાં સ્ત્રીઓની રાજનૈતિક ક્ષેત્રે જાહેર પ્રસંગો કે સામાજિક ક્ષેત્રે હાજરી સામાન્ય ગણાતી હતી.રાજનૈતિક ક્ષેત્રે સમાન હકક મળતા હતા. રાજકીય ભાગીદારી પણ ધરાવતી હતી.

આમ, વિવિધ દ્રષ્ટિએ જોતા વેદકાલીન સમયમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તમાન હોવા છતાં સ્ત્રીનો દરજ્જો ઊંચો હતો.

## (૨) અનુવૈદિકયુગ :

આપણે જોયું કે વૈદિક યુગમાં સ્ત્રીઓ પુરુષ સમકક્ષ દરજ્જો ધરાવતી હતી. પરંતુ ઉત્તર વેદકાલીન યુગ દરમ્યાન સ્ત્રી જીવન પર સામાજિક, ધાર્મિક નિયંત્રણોની શરૂઆત થવા માંડી. આ નિયંત્રણોને પરિણામે સ્ત્રી–પુરુષ વચ્ચેના પહેલાનાં સમાન વ્યવહારો, અધિકારોનાં ક્ષેત્રે દીર્ઘજીવી પરિવર્તન ોની પ્રક્રિયા શરૂ થઈ. લગ્નસાથીની પસંદગીમાં પણ સ્ત્રીનો સ્વપસંદગીનો અધિકાર વડીલોના નિયંત્રણમાં ગયો, વિધવા પુનઃલગ્નને અયોગ્ય માનવાની શરૂઆત થઈ. આમ, સમગ્ર દષ્ટિએ સ્ત્રી જીવનનાં દરેક તબક્કે પિતા, પુત્ર અને પતિ તથા ભાઈના નિયંત્રણ હેઠળ રહે તેમ માનવાની શરૂઆત થઈ હતી.

## (૩) મધ્યયુગ :

મધ્યકાલીન યુગ દરમ્યાન વેદકાલીન સમયની સામાજિક ગતિશીલતા ધીમે ધીમે ઓછી થવા લાગી હતી. સ્ત્રીઓ માટે સામાજિક વિચારસરણી તેમજ કાયદાની દષ્ટિએ પરતંત્રતા સૂચક વિધાનોનું મંડાણ આ સમયમાં શરૂ થઈ ગયું હતું. આ યુગ દરમ્યાન સ્ત્રી–પુરુષ વચ્ચેની સામાજિક અસમાનતાનું અંતર વધ્યું. સ્ત્રી પર અનેક સામાજિક નિયંત્રણો આવ્યા. સામાજિક અસમાનતા અને અન્યાય સ્ત્રી જીવન સાથે અભિન્ન સ્વરૂપે ગુંથાઈ ગયા. સ્ત્રી–પુરુષ માટેના નૈતિક, ધાર્મિક,

આર્થિક અને કાનૂની ધોરણો અલગ માપદંડથી નકકી થતાં જે સ્ત્રી સમાજમાં માતા તરીકે પૂજનીય અને આદરણીય હતી તે જ સ્ત્રી પત્ની અને પુત્રીની ભૂમિકામાં નિમ્ન દરજ્જો ધરાવતી. પડદાપ્રથા, બહુપત્નીત્વ, કેળવણીનો અભાવ, સ્ત્રી માત્ર ભોગવિલાસનું સાધન છે. આવા વિચારો સ્ત્રીનો દરજ્જો વધુને વધુ નીચો લઈ જવા માટે કારણભૂત બન્યા. જેણે સ્ત્રીને ઘરની ચાર દિવલોમાં પૂરી દીધી. સ્ત્રી જીવનમાં અલગતા એક સામાજિક પધ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી હતી. આમ, ભારતીય સ્ત્રી મધ્યયુગ દરમ્યાન લગભગ પરતંત્ર અને ગુલામીપણું ભોગવતી થઈ હતી.

## (૪) સ્વતંત્રતા પહેલા સ્ત્રીનો દરજ્જો :

કોઈપણ સમાજ સ્થગિત નથી. પરિવર્તન સમાજની લાક્ષણિકતા છે. ભારતમાં બ્રિટિશ શાસનનો ઉદય થતાં મધ્યયુગનો અંત આવ્યો. આમ, સ્વતંત્રતા પહેલા બ્રિટિશ શાસન દરમ્યાન ભારતમાં સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક બાબતોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. મધ્યયુગની સરખામણીએ સ્વતંત્રતા પહેલા બ્રિટિશ શાસન દરમ્યાન સ્ત્રીનો દરજ્જો ઊંચો આવવા લાગ્યો. એટલે કે ભારતનાં સમાજ સુધારકો જેવા કે રાજા રામમોહન રોય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાંનડે, ગાંધીજી જેવા સુધારકોએ સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી જાગૃતિનાં પ્રયત્ન કર્યા હતા જેના પરિણામે પાશ્ચાત્ય સંસ્કૃતિનાં સંપર્કથી ભારતની સ્ત્રીઓમાં સામાજિક, આર્થિક અને રાજકીય માળખામાં આધુનિકરણની અસરનાં

લીધે સ્ત્રીની પરિસ્થિતિમાં સુધારો થતાં સ્ત્રીનો દરજ્જો ઊંચો આવવા લાગ્યો.

## (૫) સ્વતંત્રતા પછી સ્ત્રીનો દરજ્જો :

ગુલામીમાંથી સ્વતંત્રતા તરફની ગતિશીલતામાં સ્ત્રી અનેક પ્રકારનાં બંધનોમાંથી મુકત બની વર્તમાન સમયમાં સ્ત્રીને માટે શિક્ષણ અને આર્થિકક્ષેત્રે સમાન તક મળતી હોવાને કારણે સ્ત્રીએ વિકાસ કર્યો છે. આર્થિક પ્રવૃતિમાં સહભાગી બનીને સ્ત્રી કુટુંબજીવનની ધરી અને આધારશિલા તરીકે ભૂમિકા ભજવે છે. કુટુંબમાં સ્ત્રી એક એવા સ્થાન પર પહોંચી છે કે કુટુંબના નિર્ણયો કે પ્રવૃતિઓ તેની આસપાસ ઘૂમે છે. કુટુંબમાં સ્ત્રીનું સ્થાન આધારબિંદુ જેવું છે. સ્ત્રીઓ પણ આર્થિક પ્રવૃતિમાં ભાગ લઈને કુટુંબનો આર્થિક આધાર પણ બની છે. આમ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સ્ત્રી શિક્ષણ, વ્યવસાયિક તકો વગેરે પરીબળોને કારણે સ્ત્રીઓએ ઘરબહારના વ્યવસાયોમાં પ્રવેશ કર્યો. પરિણામે પુરુષ માત્ર વ્યવસાયિક ભૂમિકા ભજવે છે. જયારે સ્ત્રીઓ વ્યવસાયિક તેમજ ગૃહિણી એમ બેવડી ભૂમિકા ભજવે છે.

સ્ત્રીના સામાજિક દરજ્જાનું મહત્વનું ક્ષેત્ર લગ્નસંસ્થા છે. પરંપરાગત ભારતીય સમાજવ્યવસ્થામાં જીવનસાથીની પસંદગી વડીલ વર્ગના હાથમાં કેન્દ્રિત રહેતી. પરંતુ વર્તમાન સમયમાં યોજિત લગ્ન પ્રથામાં સંતાનોના અભિપ્રાયને મહત્વ આપવાનું વલણ વિકાસ પામ્યું. તેમજ આધુનિક યુગમાં સ્ત્રી શિક્ષણની હિમાયતને કારણે સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓની લગ્નવય ઊંચી ગઈ છે.

આ ઉપરાંત રાજકીયક્ષેત્રમાં સ્ત્રીઓ મતદાનમાં ભાગીદાર બની છે. એટલું જ નહીં પરંતુ ચુંટણીમાં ઉમેદવારી કરી ચુંટણી પણ લડવા લાગી છે.

આમ, ઉપરોકત બાબતોના આધારે કહી શકાય કે સ્વતંત્રતા પછી વર્તમાન સમયમાં સ્ત્રીનો દરજ્જો ઘણો ઊંચો આવવા લાગ્યો છે.

ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસ માટે ત્રણ પ્રકારના અભ્યાસો મહત્વના છે એક તો આદિવાસી સમુદાયોના અભ્યાસો, બીજુ ગ્રામ સમુદાયોના સમાજશાસ્ત્રીય અભ્યાસો અને ત્રીજુ શહેર સમુદાયોના સમાજશાસ્ત્રીય અભ્યાસો. જેમાં ગ્રામીણ સમાજના અભ્યાસો સમાજશાસ્ત્ર માટે પાયાનું એકમ બની રહે છે. કારણ કે ભારતની મોટાભાગની વસ્તી ગ્રામીણ છે દેશની કુલ વસ્તીના ૭૪.૩% વસ્તી ગામડામાં વસવાટ કરતી હોવાથી ભારતીય સમાજવ્યવસ્થા સમજવા માટે તેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ જરૂરી બને છે. ગ્રામીણ અર્થે વ્યવસ્થા મુખ્યત્વે ખેતી અને તેની સાથે સંબંધિત અન્ય વ્યવસાયો જેવા કે પશુપાલન, સુથાર, લુહાર વગેરે પર આધારિત છે પરંતુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જીવન નિર્વાહનું મુખ્ય સાધન ખેતી તેમજ પશુપાલન છે દરેક સમાજમાં તેની આર્થિક વ્યવસ્થા અનુસાર સામાજિક સંસ્થાઓનું ઘડતર થાય છે. આ દષ્ટિએ ભારતીય સમાજ અને સંસ્કૃતિને યોગ્ય રીતે સમજવા માટે ગ્રામસમુદાયોના અભ્યાસો મહત્વનાં બની રહે છે. ગ્રામ સમુદાયોમાં આવેલા પરિવર્તનોમાં પણ ગ્રામીણ પરંપરાના સાતત્યની ઝંખના થાય છે.

ભારતના કેટલાક સમુદાયો ખેતી, પશુપાલન અને તેને પૂરક વ્યવસાય અર્થે જંગલ વિસ્તારમાં નેસ બાંધીને અને નાના ગામડાઓમાં પણ વસે છે. "ભારતમાં ૫૦૦૦ જેટલા જંગલ વિસ્તારના ગામડાઓમાંથી આજે ગુજરાતમાં ૧૧૪ જેટલા ગામો સંપૂર્ણ વન વિસ્તારના ગાઢ જંગલોમાં આવેલા છે."[૧]

ભારતીય સમાજમાં અનેક પરિવર્તનો આવી રહ્યા છે. જેનો પ્રભાવ શહેરી, ગ્રામીણ સમાજ તથા શહેરી સભ્યતાથી દૂર જંગલો, પહાડો, ઘાટીઓમાં રહેતા જનજાતિ સમાજમાં પણ થોડો ઘણો અવશ્ય પડયો છે. જનજાતિય સમાજ સામાન્ય રીતે આર્થિક, સામાજિક, શૈક્ષણિક રૂપથી ઘણો પછાત હોય છે. સભ્ય કહેવાતી જાતિઓમાં પણ અનેક ક્રાંતિ તથા પરિવર્તન આ સમાજની નારીઓની સ્થિતિ પશુ સમાન બનાવી દેવામાં આવી હતી શું તેનો પ્રભાવ જનજાતિય નારીઓમાં પણ પડયો ? વર્તમાનમાં નારી વિકાસના અનેક કાર્યક્રમોનો પ્રભાવ વર્તમાનમાં જનજાતિય નારી ઉપર પડી રહ્યો છે તેમની સ્થિતિ તેઓના સમાજમાં કેવી છે તે જાણવું ખૂબ જ જરૂરી છે. આથી ગીર અભ્યારણ્યમાં એશિયન સિંહના સાનિધ્યમાં રહેતી અનુ. જનજાતિ ભરવાડ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકાઓનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે એટલું જ નહીં ગીર અભ્યારણ્યની બહાર અન્ય જિલ્લાઓમાં રહેતા ભરવાડ સમાજમાં લોકોનો સમાવેશ બક્ષીપંચમાં કરવામાં આવે છે જે અનુસૂચિત જનજાતિય સમાજની તુલનાએ થોડો વિકસિત છે પણ અન્ય સમાજની અપેક્ષાએ સામાજિક, આર્થિક, શૈક્ષણિકરૂપથી પછાત છે તેમના સમાજમાં પણ સ્ત્રીઓની સ્થિતિ—ભૂમિકા જાણવી ખૂબ જરૂરી છે.

## ૧.૨ સંદર્ભ સાહિત્યની સમીક્ષા :

સંશોધનની ક્ષતિઓ નિવારવા સંશોધનને મૌલિકતા તથા નવીનતા આપવા સંશોધનની નવીન કેડી કંડારવા અને તુલનાત્મક અધ્યયન કરવા માટે સંશોધકે પૂર્વ સાહિત્યનું અધ્યયન કરવું જરૂરી છે.

"સામાજિક સંશોધનને સરિતા પ્રવાહ સાથે સરખાવી શકાય જેથી કોઈપણ શાસ્ત્ર વિજ્ઞાનમાં સતત અને અવિરત, નિરંતર ચાલતું સંશોધન સમીક્ષા કરતી વેળાએ આ

અગત્યના કાર્યને ખૂબ ધ્યાનપૂર્વક લેવું જરૂરી છે. સજીવસૃષ્ટિના બીજા પ્રાણીઓ દરેક પેઢીઓ નવેસરથી જ્ઞાન મેળવવાની શરૂઆત કરે છે જયારે મનુષ્ય જ એક એવું સામાજિક પ્રાણી છે કે જેનું જ્ઞાન નોંધાયેલું રહે છે અને પુસ્તકાલયમાં સંગ્રહ કરાયેલું હોય છે. જેથી મનુષ્ય ભૂતકાળના અનુભવોની કેડીએ આગળ પ્રયાણ કરે છે. સંશોધક પોતાના કાર્યની દિશા અને ફલક નકકી કરતાં પહેલા કેટલાક પ્રશ્નો વિચારે છે જેમ કે પ્રસ્તુત સંશોધન શિક્ષણ સ્ત્રીના કોઈ ક્ષેત્રે જ્ઞાનમાં વૃધ્ધિ કરે છે કેટલા પ્રમાણમાં છે ? પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધનની પૂર્તિ છે ? પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધનની પુનરાવૃત્તિ નથી ને વગેરે...

કોઈપણ સંશોધનોમાં અગાઉ થઈ ગયેલા સંશોધનોના સાહિત્યની સમીક્ષા કરવી એટલે સાહિત્યનું વિહંગાવલોકન.

આ પ્રકરણમાં આઝાદી પહેલા અને પછી તાજેતરના વર્ષોમાં ખાસ કરીને ૧૯૭૫ પછીના ગાળામાં મહિલા અભ્યાસો કરવા વિવિધ ક્ષેત્રમાં સંશોધકો તેમજ લેખકો અને અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રના વિદ્વાનો પ્રયત્ન કરી રહ્યા. આવા વિવિધ અભ્યાસોમાંથી કેટલાક મહત્વના અભ્યાસોની સમીક્ષા આપણા વર્તમાન અભ્યાસ માટે યોગ્ય ગણી છે. આવા કેટલાક અભ્યાસો અંગે સંક્ષિપ્ત વિવરણ કરવાથી આ અંગે મહિલાઓની પ્રવૃતિઓની વિવિધ બાબતો પર પ્રકાશ પાડી શકાશે.

### (૧) સ્ત્રીઓ અંગે થયેલા અભ્યાસો :

'સ્ત્રી અભ્યાસો' એ શબ્દ પશ્ચિમના દેશોની દેણ છે. તેની શરૂઆત વીસમી સદીના છઠ્ઠા દાયકામાં ઉત્તરાર્ધમાં અમેરિકામાં થઈ એટલે કે અમેરિકામાં સ્ત્રી અભ્યાસોનો પાયો નંખાયો છે. જયારે ભારતમાં ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ બાદ તેના તરફ ધ્યાન દોરાયું અને અભ્યાસના એક વિષય તરીકે

તેને સ્થાન પ્રાપ્ત થયું. આમ, ૧૯૭૫ પહેલા સ્ત્રીઓને અભ્યાસના વિષય તરીકે નહીં પરંતુ વસ્તુ તરીકે ગણવામાં આવતી હતી. એટલે કે સ્ત્રીઓને પુરુષોના દષ્ટિકોણથી જોવામાં આવતી. પુરુષોની ઈચ્છા પ્રમાણે સ્ત્રીઓની જીવનશૈલી નકકી થતી હતી.

## (૨) સ્ત્રી અભ્યાસનો અર્થ :

"સ્ત્રી અભ્યાસો" (Women Studies) એટલે સ્ત્રીઓના દષ્ટિકોણથી સ્ત્રીઓનો અભ્યાસ કરવો. સ્ત્રીઓની દષ્ટિબિંદુથી સ્ત્રીઓને જોવી. સ્ત્રીઓન વાસ્તવિક પરિસ્થિતિ વિશેની સમતોલ સમજ, સામાજિક પ્રક્રિયાઓમાં સ્ત્રીઓના ફાળા વિશેના આલોચનાત્મક સમજ છે. શિક્ષણે કદી પણ સ્ત્રી–પુરુષને સમાનતા પ્રસ્થાપિત થાય તે રીતે તૈયાર કર્યા નથી. ઈતિહાસે સ્ત્રીના ફાળાને સદંતર અવગણ્યો છે. કયારેક માત્ર લેવા ખાતર સ્ત્રીઓના નામ લીધા છે. અર્થશાસ્ત્રે સ્ત્રીઓ જે કામ કરે છે તેને 'Labour of Love' એટલે કે વળતર વગરની સેવા ગણી છે. સમાજશાસ્ત્રે સ્ત્રીઓ તરફ થતાં ભેદભાવ, અસમાનતા, પૂર્વગ્રહભર્યા વલણો તથા દમન સામે કદી પ્રશ્નો ઉભા કર્યા નથી. માનસશાસ્ત્રીઓએ સ્ત્રીઓની શકિતને અવગણી છે. કાયદો સ્ત્રી સામેના પૂર્વગ્રહને પડકારતો નથી. રાજયશાસ્ત્ર સ્ત્રીની સત્તામાં અલ્પ ભાગીદારી અંગે મૌન સેવે છે. લોકશાહી સમાજ મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે સંશોધન જરૂરી છે. માનવ–માનવ વચ્ચેના સમાનતા પ્રસ્થાપિત કરવા માટે સ્ત્રી–પુરુષ સમાનતા ખૂબ મહત્વની બાબત છે. સ્ત્રીઓના અભ્યાસો મુખ્ય હેતુ સ્ત્રીને દશ્યમાન બનાવવાનો છે.

સ્ત્રીઓ અંગેના વિવિધ સમયમાં વિવિધ અભ્યાસો થયા છે. ભારત સરકારે સ્ત્રીના દરજ્જા અંગે વિવિધ અહેવાલો પણ પ્રસિદ્ધ કર્યા છે. વિવિધ

અભ્યાસો અને લખાણોના કારણો અનેક નવા કાયદાઓ તથા કાર્યક્રમો ઘડાયા છે. વિવિધ સમયગાળામાં અભ્યાસો આ પ્રમાણે છે.

– શરૂઆતનો દાયકો એટલે ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૪૦ માં સ્ત્રીઓના સ્વાતંત્ર્ય ચળવળમાં ફાળો અંગે, તેમના આર્થિક, સામાજિક, રાજકીય ફાળા અંગે પુસ્તકો લખાયાં.

– ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૬૦ દરમ્યાન સ્ત્રીઓની ભૂમિકાઓ અંગે સ્ત્રીઓની શૈક્ષણિક પરિસ્થિતિ અંગે, તેમની વસ્તી વિષયક લાક્ષણિકતા ઓને ધ્યાનમાં રાખીને ચર્ચાઓ થઈ.

– ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૫ નાં ગાળામાં સ્ત્રીઓનાં કર્તવ્ય અંગે, સ્ત્રીઓની તકલીફો અંગે તેમજ ભૂમિકાઓ અંગે ચર્ચા શરૂ થઈ.

– ઈ.સ. ૧૯૭૫ પછીના અભ્યાસોમાં સ્ત્રીઓના બધા જ પ્રશ્નો વિશે આંતર વિદ્યાકીય શાખાની દષ્ટિએ ચર્ચા થવા લાગી.

– ઈ.સ. ૧૯૯૦ પછી સ્ત્રીઓ અને તેમના વિવિધ કાર્ય તેમની આર્થિક સહભાગીદારી ઉપરાંત લૈંગિક અસમાનતા, પ્રચાર માધ્યમમાં સ્ત્રીની ભૂમિકા જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ચર્ચા થવા લાગી.

ટૂંકમાં પ્રવર્તમાન સમયમાં સ્ત્રીઓ અંગેના Micro Studies થતાં સ્ત્રીઓના અભ્યાસનું પ્રમાણ વધી રહ્યું છે.

(ડૉ. હેમાક્ષીબેન રાવ : "લૈંગિકતા અને સમાજ", એમ.એ.–૨, પેપર–૪, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૨૦૦૬, પે.નં. ૨૨ થી ૨૫)

*** સ્ત્રી અભ્યાસોનો ઉદ્‌ભવ – વિકાસ :**

આપણે આગળ જોયું કે સ્ત્રી અભ્યાસોનો ઉદ્‌ભવ કે પાયો અમેરિકામાં નંખાયો છે. આથી સમગ્ર વિશ્વમાં ૧૯૭૦–૮૦ ના દસકા દરમ્યાન સ્ત્રીઓના સમાજમાં સ્થાન, દરજ્જા, ભૂમિકા તેને મળતા હકકો, કુટુંબમાં તેનું સ્થાન અને મળતી તકો તથા સ્ત્રીઓને મળતી વિકાસની તકો અંગેની ચર્ચા શરૂ થઈ. યુનો, મેકિસકોમાં ૧૯૭૫ માં આંતર–રાષ્ટ્રીય મહિલાઓની સભામાં 'મહિલા વર્ષ' ની ઘોષણા કરવામાં આવી. ભારતમાં ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ બાદ જ 'સ્ત્રી અભ્યાસો' શબ્દ પ્રયોગ શરૂ થયો. ૧૯૭૧ થી ૧૯૭૪ માં તૈયાર થયેલ સ્ત્રીઓની સ્થિતિ અંગેનો અહેવાલ ૧૯૭૫ માં પ્રકાશિત થયો. જેમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, સ્ત્રી–પુરુષ વચ્ચેની અસમાનતા, માનવીય હકકોનો અભાવ, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા ગુનાઓ અને તેની કનડગતની બાબતો પ્રકાશમાં આવી. ૧૯૭૦ માં 'અદશ્ય' સ્ત્રીઓના સ્થાન વિશેના અભ્યાસો કરવા જોઈએ તેવો ખ્યાલ ઉદ્‌ભવ્યો છે.

સ્ત્રીઓના અભ્યાસોએ દર્શાવ્યું કે સ્ત્રી–પુરુષ વચ્ચેની અસમાનતાઓ દૂર કરવા માટે રાજય કે ધર્મ જ નહીં પરંતુ સ્ત્રીઓ પોતે જ પોતાના ભાગ્યવિધાતા છે તે બાબત પર ભાર મૂકયો. શરૂઆતના અભ્યાસોમાં સ્ત્રી–પુરુષ ચર્ચા બંને એકબીજાથી વિરુધ્ધ છે તે સ્વરૂપની થતી નહીં કે બંને વ્યકિત જુદી જુદી છે તે રીતના સ્ત્રીઓ અંગે વિવિધ સમયમાં વિવિધ અભ્યાસો થયા છે.

ભારતમાં સ્ત્રીઓના અભ્યાસોને કેટલાક પરિબળોને કારણે વેગ મળ્યો છે. સ્વતંત્રતા પૂર્વે સુધારાવાળી ચળવળ અને સ્ત્રી શિક્ષણને લીધે સ્ત્રીઓના

જીવન ઉપર કેટલાક અભ્યાસો કરવામાં આવ્યા. પરંતુ સ્વતંત્રતાની લડતનું મહત્વ વધતા સુધારણાવાદી પ્રગતિ મંદ પડી, સ્ત્રીઓ સ્વાતંત્ર્યતાની ચળવળ માં સક્રિય બની. સ્વતંત્રતા બાદ ભારતના સંવિધાનમાં સ્ત્રી–પુરુષ સમાન સ્વીકાર થયો. સ્ત્રીઓના અધિકારોના સંદર્ભમાં અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા. દરેક પંચવર્ષીય યોજનામાં સ્ત્રીઓના વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. સુમા ચીટનીસ નોંધે છે કે ઘણા વિદ્વાનો સ્ત્રીના દરજ્જા સંબંધી વ્યકિતગત પ્રશ્નોને લીધે સ્ત્રી અભ્યાસો તરફ દોરાય છે. વ્યકિતગત પ્રશ્નોમાં સ્ત્રીઓને મારઝુડ, ઘર અને બહારકામના ક્ષેત્રોમાં ભેદભાવ, શોષણ, દમનનો ભોગ બની હોય, સ્ત્રીને વૈતરુ કરનારી ગણવામાં આવી હોય. આવા અનેક અનુભવોએ સ્ત્રીઓના જીવન સંબંધી કોઈને કોઈ પરિસ્થિતિનો અભ્યાસ કરવા તરફ દોરે છે.

૧૯૬૬ માં નવી શિક્ષણનીતિના અનુસંધાનમાં યુ.જી.સી. (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન) અને ICSSR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રીસર્ચ) એ સ્ત્રીઓના અભ્યાસો અંગે પ્રોત્સાહન આપ્યું છે. છેલ્લા બે દાયકાથી સ્ત્રીઓનાં પ્રશ્નો અંગે ખૂબ ચર્ચાઓ થાય છે અને તમામ પાસાઓનો અભ્યાસ કરવાનો પ્રયત્ન થાય છે. સ્વાભાવિક રીતે જ માત્ર બોલવાથી કે માત્ર ચર્ચા કરવાથી પ્રશ્નો હલ થશે નહીં પરંતુ દ્રશ્ય અને સંચાર સાધનો એ પણ સ્ત્રીઓનાં પ્રશ્નોની નોંધ લીધી છે. ૧૯૭૦ ના દાયકામાં સ્ત્રીઓની ત્રેવડી ભૂમિકા, ભૂમિકા સંઘર્ષ અંગે ચર્ચા શરૂ થઈ. ૧૯૭૫ ની આસપાસ થયેલા સંશોધનોમાં સ્ત્રીને વર્ગ, જ્ઞાતિ, ધર્મ તથા સાંસ્કૃતિક ભિન્નતા તથા અસમાનતાની સાથે સાથે તેને સ્ત્રી હોવાને નાતે પણ સામાજિક અન્યાય ભોગવવો પડયો છે. સામાજિક

વાસ્તવિકતામાં પરિવર્તન લાવવું હોય તો સ્ત્રીનાં શોષણ, દમન અને ગૌણ દરજ્જાનાં મૂળ શોધવા પડે. I.C.S.S.R એ સ્ત્રીના દરજ્જા વિશે ૧૯૭૫ ના અહેવાલ પછી ચર્ચા શરૂ કરી. ૧૯૭૮ નો મથુરા બળાત્કાર કેસ સ્ત્રીનું ઘટતું જતું પ્રમાણ, સ્ત્રીની આયુષ્ય ધોરણ કાર્યમાં સ્ત્રી ભાગીદારીનું પ્રમાણ અને સ્ત્રીનું સ્થળાંતર આ બધાની ચર્ચા કરવામાં આવી છે. દહેજ, વેશ્યાવૃત્તિ, સ્ત્રીઓનું વેચાણ આ બધાને કારણે સ્ત્રીઓનો દરજ્જો વધુ નીચો જશે તેવું લાગવા માંડયું છે.

I.C.S.S.R. નો ખાસ ઉદ્દેશ સમાજમાં સ્ત્રીઓનાં પ્રશ્નો અંગે જાગૃતિ લાવવી, સમાજ સંવેદનશીલ થઈ એને વિશે વિચારે અને સ્ત્રી સમાનતા માટે પ્રયત્ન થાય એવા પ્રયત્ન થયા છે.

સ્ત્રીઓના અભ્યાસ અંગે વિવિધ દષ્ટિબિંદુઓથી ચર્ચા શરૂ થઈ છે.

(**ડૉ. નીરા દેસાઈ :** "સ્ત્રી અભ્યાસ" જ્ઞાનના વિસ્તરતા ક્ષિતિજો", આર.આર. શેઠની કંપની, મુંબઈ–૨૦૦૩)

*** સ્ત્રી અભ્યાસના હેતુઓ :**

ભારતમાં સ્ત્રી અભ્યાસની વિકાસરેખા દોરતા પહેલાં સ્ત્રી અભ્યાસુ ઓનાં મતે આ વિષયની વ્યાખ્યા કઈ છે તે સમજીએ જેથી ભારતના સ્ત્રી અભ્યાસની લાક્ષણિકતા પારખી શકે.

૧૯૮૧ નાં એપ્રિલ માસમાં મુંબઈમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના પ્રાંગણમાં સ્ત્રી અભ્યાસનું પહેલું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું. જેમાં સ્વિકારેલ

ઠરાવના આધારે Indian Association of Women's Studies [IAWS] ની સ્થાપના થઈ. આ અધિવેશનમાં પહેલીવાર સ્ત્રી અભ્યાસને કેન્દ્રમાં રાખી વિવિધ બેઠકોનું આયોજન થયું હતું. ૧૯૮૨ માં UNESCO દ્વારા એશિયાનાં સ્ત્રી અભ્યાસુઓ તેમજ સામાજિક શાસ્ત્રીઓના નિષ્ણાંતે એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં સ્ત્રી અભ્યાસ નીચે પ્રમાણે હેતુઓ રજૂ કરવામાં આવ્યા હતા.

(૧) આપણા સમાજોની પૂર્વગ્રહરહિત અને વધારે ઊંડાણભરી સમજણ મેળવવા અર્થે તેમજ સમાજમાં થતાં પરિવર્તનો એ વિવિધ અભ્યાસોના પ્રતિસાદોની નોંધ લેવાનું ધ્યેય સ્ત્રી અભ્યાસોનું છે.

(૨) માનવ હકકો પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું.

(૩) વાસ્તવિક સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો જે ભૂમિકા ભજવે છે. તેની સમજણ આપવી અને તેની મહત્તાનો સ્વીકાર કરવો.

(૪) સાંસ્કૃતિક પરિબળો તેમજ વલણો ઉપરાંત સમાજમાં સ્ત્રી–પુરુષના ભેદભાવ અંગેના માળખાકીય પરિબળોની વિશ્લેષણાત્મક તપાસ કરવી.

(૫) સ્ત્રીઓ સમાનતા પ્રાપ્ત કરી શકે તેમજ સમાજમાં તેમના વિકાસ માટે બધા જ ક્ષેત્રોમાં અસરકારક ભૂમિકા ભજવી શકે તે માટે તેમને સશકત બનાવવી.

(૬) 'અદશ્ય' સ્ત્રીને 'દશ્ય' કરવી, વિશેષતઃ છેવાડાની સ્ત્રીઓને.

આમ, સ્પષ્ટ થશે કે સ્ત્રી અભ્યાસનો હેતુ માત્ર જ્ઞાન પ્રાપ્તિ નથી. પરંતુ સમાજ પરિવર્તન છે. ઉપરાંત જ્ઞાન અને સમજણ દ્વારા સ્ત્રીને સક્ષમ બનાવવાના હેતુનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે.

સ્ત્રી અભ્યાસ દ્વારા જે નવા જ્ઞાનનું તેમજ નવી દષ્ટિનું સર્જન થયું છે. તેને અભ્યાસક્રમમાં સમાવવું, વિવિધ કક્ષાએ સંશોધનો કરી જ્ઞાનનું સર્જન કરવું અને આ જ્ઞાન માત્ર વર્ગની ચાર દિવાલમાં સીમિત ન રહે. પરંતુ જનોપયોગી બને, સ્ત્રીઓની પરિસ્થિતિમાં પરિવર્તન આણવા ચિંતિત રહે અને સહાયક બને છે.

## સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા સંબંધી અભ્યાસો :

### શાહ કલ્પના :

**(સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, ૧૯૮૯)**

કલ્પના શાહે તેમનાં અભ્યાસમાં જણાવ્યું છે કે સ્ત્રીની પરંપરાગત ભૂમિકામાં કોઈ નોંધપાત્ર પરિવર્તન નથી આવ્યું જે પરિવર્તનો આવેલા જણાય છે તે પણ ઉપરછલ્લા અને માત્ર કહેવાતા છે જે મૂળમાંથી આવેલા ક્રાંતિકારી પરિવર્તનો નથી.

'ભારતીય સમાજમાં બંધારણ દ્વારા અને કાયદા દ્વારા સ્ત્રીઓના દરજ્જા ક્ષેત્રે પરિવર્તન લાવવાના પ્રયત્નો થયા છે. પરંતુ તેમ છતાં સ્ત્રીઓનો આર્થિક, સામાજિક ક્ષેત્રે કે રાજકીય ક્ષેત્રે દરજ્જો – ભૂમિકા સંતોષકારક નથી. ભારતમાં

લોકશાહી શાસન વ્યવસ્થા આજે જયારે મજબૂત બની રહી છે ત્યારે સ્ત્રીઓને દરજ્જા–ભૂમિકા વિષયક પુરુષોની સમજ, હકક અને તક મળે તે સામાજિક જરૂરીયાત બની ગઈ છે તેવું પ્રસ્તુત પુસ્તકમાં લેખિકા જણાવે છે.

**નીરા દેસાઈ :**

**('ભારતીય સમાજમાં સ્ત્રી જીવન', આર. આર. શેઠની કંપની મુંબઈ –૨, ૧૯૭૪)**

ડૉ. નીરા દેસાઈ તેમનાં અભ્યાસ ભારતીય સમાજમાં સ્ત્રી જીવનમાં જણાવે છે કે, સમાજના માળખામાં અન્ય સંબંધોની માફક સ્ત્રી–પુરુષના સંબંધો પણ નિશ્ચિત સ્વરૂપ ધારણ કરે છે. સામાજિક, આર્થિક તથા સંસ્કારિક પાર્શ્વભૂમિકાને અનુરૂપ પ્રત્યેક સમાજમાં સ્ત્રીનું સ્થાન નિર્ણિત થાય છે પ્રત્યેક સમાજરચના સ્ત્રી વર્ગ પાસે ચોકકસ પ્રકારની ફરજોની અપેક્ષા રાખે છે; સમાજની સ્થિરતા જાળવવા માટે તથા પ્રગતિ માટે સ્ત્રીએ શું ફાળો આપવો તે પણ સામાજિક રૂઢિ કે પરંપરા દ્વારા નકકી થાય છે. ભારતીય સમાજમાં પણ ભૂતકાળના વિવિધ યુગોમાં સ્ત્રીનું સમાજમાં વિશિષ્ટ સ્થાન હતું; ભારતીય નારી પાસે વિશિષ્ટ પ્રકારના કાર્યની  અપેક્ષા રાખવામાં આવતી હતી. આ પુસ્તક 'ભારતીય સમાજમાં સ્ત્રી જીવન' માં ભારતીય સ્ત્રીના સ્થાનમાં વખતોવખત કેવું પરિવર્તન  આવતું ગયું છે તે આલેખવામાં આવ્યું છે.

**શાહ કલ્પના :**

**('સ્ત્રીઓ અને વિકાસ', આર.આર. શેઠની કંપની, મુંબઈ–૨૦૦૦)**

કલ્પના શાહ તેમના અભ્યાસ 'સ્ત્રીઓ અને વિકાસમાં – વિકાસના નીતિ વિષયક અભિગમો, વિકાસનાં સિદ્ધાંતો, વિકાસ અંગે કેળવાતો સ્ત્રી દષ્ટિકોણ, વિકાસમાં સ્ત્રીઓનાં સવાલો સ્ત્રી વિકાસનાં સૂચિતાંકો અને વૈકલ્પિક વિકાસ પ્રયુક્તિઓની ચર્ચા કરવામાં આવી છે.

*** માલધારીના સંબંધી અભ્યાસો :**

**મહિડા શ્રીમાળી :**

**('ગીરના માલધારીઓ વિપદાના વનમાં' પ્રકાશન : અચ્યુત યાજ્ઞિક, 'સેતુ' અમદાવાદ આવૃત્તિ–૧૯૯૬, પા.નં. ૯, ૧૦, ૧૧)**

ગીર અભ્યારણ્ય વિશે રજૂ કરેલા તારણોની પ્રસ્તુત પુસ્તકમાં સમીક્ષા કરવામાં આવી છે. ગીર સંરક્ષણ અને સંવર્ધનની આખીયે પ્રક્રિયા શરૂ થઈ તે અંગે સરકાર દ્વારા થયેલા નિવેદનો તથા પ્રકાશનોમાં જે નિરૂપણ છે તેના પરથી એવું જણાય છે કે, ડૉ. પોલ જોશલીનના અહેવાલ પછી આ પ્રક્રિયા ઝડપી બની છે. આ સંદર્ભે ડો. જોશલીને જે રજૂઆત કરી છે તે અંગે કેટલીક સ્પષ્ટતા અહીં જરૂરી છે તેઓના જણાવ્યા અનુસાર "દુધાળા પાલતુ પશુઓ – માલઢોર કુદરતી રીતે ઉગતું ઘાસ ચરી જાય છે. તેથી વનના રાની પશુઓને પુરતો ખોરાક મળતો નથી અને તેઓ અકાળે મૃત્યુ પામે છે" ઉપરોક્ત વિધાનોમાં રહેલી અતાર્કિકતા વિશે પ્રસ્તુતમાં કારણો પૂરા પાડયા છે તે અનુસાર અહીં જણાવેલા રાની પશુ– પ્રાણીઓમાંથી માત્ર જંગલી સૂવરને બાદ કરતાં એક પણ પ્રાણી રાની પશુઓની વ્યાખ્યામાં આવતી નથી બધા પ્રાણીઓ તૃણભક્ષી (ઘાસ ચરનારા) છે. જંગલી સૂવરનો ખોરાક કંદમૂળ ઉંદર, દેડકા, ખેતરના પાક

વગેરે છે. તે કયારેક જ લીલુ ઘાસ ચરે છે. સૂકું ઘાસ ચરતું નથી. ગીરનું જંગલ સૂકું પાનખર જંગલ છે.

નીલગાય, હરણ, ચિંકારા વગેરે તૃણભક્ષી પ્રાણીઓ માત્ર ઘાસ ઉપર નભતા નથી તે ખેતરમાં વાવેલી મગફળી, ઉભો પાક, રજકો, જુવાર, બાજરી વગેરેના અંકુરિત છોડ વગેરે ચરે છે. ગીરમાં ઘણી ખેતીવાડી છે. જેમાં આવા તૃણભક્ષી પ્રાણીઓ ચરે છે. તેઓ માત્ર જંગલના સૂકાં ઘાસ પર આધારિત નથી.

જંગલનું રક્ષણ કરતાં જંગલખાતાના કેટલાક અધિકારીઓ પણ આ વાત ખરી નથી. એની સ્પષ્ટતા કરતા નથી. જંગલની અંદર રહેતા પશુ–પ્રાણીઓ એકબીજા પર આધારીત જીવન જીવે છે તે જાણીતી વાત છે તેવા સત્યને સ્વીકારવાને બદલે બહારથી આવેલા પરદેશી કે જે સ્થાનિક પ્રથાઓથી અજ્ઞાત એવા નિષ્ણાંતની વાતનું સમર્થન કરે છે આ બાબત દુઃખદ હોવા ઉપરાંત ચેતવણી સૂચક પણ છે. ગીરમાં વસતા લોકોની આંખે જંગલમ જોવાને બદલે તેઓ પરદેશી પર્યાવરણ વિદ્દની આંખે જંગલ જુએ એટલે જંગલનું જીવની જેમ જતન કરનારા આ લોકોને જંગલ ભક્ષક લાગે છે.

'ગીરના માલધારીઓ વિપદાના વનમાં' પુસ્તકમાં તેમણે જંગલની અંદર રહેતા માલધારીઓના જંગલ સાથે ગાઢ તાદાત્મ્ય છે. જંગલનું પોતાના જીવનની જેમ જતન કરનારાઓને જંગલ ખાતાની જંગલ સંરક્ષણની પદ્ધતિઓ નવાઈ પમાડે છે. વળી જંગલનો નાશ કરનારાઓ તરીકે જયારે તેમાં વસનારાઓને જવાબદાર માનવામાં આવે છે. ત્યારે તેઓ ખૂબ જ અચંબો અનુભવે છે. જંગલ ખાતાના નિયમોની નાગચૂડ વધુને વધુ ઘેરી થવાથી તેમાં

વસતા લોકો ત્રસ્ત અને ભયગ્રસ્ત છે. જંગલ સંરક્ષણ માટે જે કાયદાઓનું અમલીકરણ થાય છે તે મુજબ માલધારી કે ખેડૂતો કોઈને કોઈ રીતે હેરાન થાય છે.

સ્વતંત્રતા પહેલા નવાબી સમયે ગીર ગીરનારી અને બરડાનાં ડુંગરમાં વસતા માલધારીઓને મસવાડી પાસ આપી જંગલમાં ઢોર ચરાવવાની મંજૂરી આપવામાં આવતી હતી. આ પ્રથા ૧૯૯૨–૯૩ સુધી ચાલુ હતી. ત્યારબાદ માલધારીઓને પાસ આપવાનું બંધ થતાં મોટાભાગના માલધારીઓના પશુપાલનનો વ્યવસાય પાડી ભાંગ્યો. કેટલીક સરકારી યોજનાઓમાં માલધારીઓને લાભાર્થી તરીકે મુકવામાં આવ્યા છે. પરંતુ તેને મળવા જોઈતા લાભ માલધારી સુધી પહોંચી શકતા નથી.

**વાસુદેવ વોરા :**

**('માલધારીની વિસામણ' પ્રકાશન : હિન્દ સ્વરાજ મંડળ, રાજકોટ – આવૃત્તિ માર્ચ–૧૯૯૦)**

ગીરનું જંગલ જયાં સુધી અક્ષત રહ્યું ત્યાં સુધી અહીંના માલધારીઓનું જીવન સુખમાં વિત્યું અને જયાં સુધી આ જંગલ માલધારીઓના પ્રભાવમાં રહ્યું ત્યાં સુધી તે સમૃધ્ધ પણ રહ્યું આઝાદી પછી ખેતીના વિકાસ સાથે જંગલ પાણી અને ગૌચર ચરિયાણની સ્થિતિ ઝડપથી બગડવા લાગી. પશુપાલન અને પશુપાલકો પ્રત્યે વિશેષ ધ્યાન ન અપાયું. ઉપરા ઉપરી દુષ્કાળ આવતા હોવાથી અહીંના પશુપાલકો ખરાબ સ્થિતિમાં મુકાય ગયા છે.

સરકારી અધિકારીઓએ માલધારીઓને નુકસાન થાય તે રીતે કાયદાનો અમલ કર્યો. સરકારી નોકરો પ્રજા પ્રત્યે સહૃદયી નથી કારણ કે શાસક પોતાના સમાજથી અપરિચિત છે.

ગીર માત્ર જંગલ નથી અ એક સંસ્કૃતિ પણ છે. ગીરનું જંગલ જેમ તેના વૃક્ષો–પશુ, પક્ષીઓ, નદીઓ વગેરે સાથે અભિન્નતાથી જોડાયેલું છે તેમજ તે ગીરના માલધારીઓ અને પશુધન ખેડૂતોની ખેતી સાથે તેટલું જ અભિન્નતાથી જોડાયેલું છે.

**મહિલા અંગેના અભ્યાસો :**

**સી.એ. હાટેનો અભ્યાસ :**

૧૯૩૦, ૧૯૪૬, ૧૯૪૮ અને ૧૯૬૦ માં સી.એ. હાટે દ્વારા વિવિધ અભ્યાસો કરવામાં આવેલા છે. તેમનો સૌપ્રથમ અભ્યાસ 'સોસ્યો ઈકોનોમિક, કંડીશન ઓફ એજયુકેટેડ વીમેન ઈન ધ બોમ્બે સીટી' તથા બીજો અભ્યાસ 'સોશ્યલ કંડીશન ઓફ હિન્દુ વિમેન' તેમજ ત્રીજો અભ્યાસ 'સ્ટડી ઓન હિન્દુ વીમેન એન્ડ હર ફયુચર્સ' વિશેષ મહત્વ ધરાવે છે તેમાં તેમણે જણાવેલ છે કે મહિલાના વ્યકિતગત દરજ્જામાં અને આર્થિક પરિસ્થિતિમાં પણ પરિવર્તન આવેલ છે તે દર્શાવ્યું છે.

એ. સાવિત્રીનો 'વિમેન વર્ક એન્ડ ડીસ્ક્રીમીનેશન' ૧૯૯૦ ના અભ્યાસમાં મહિલાઓને મળતા વેતન બાબત એટલે કે ખાસ કરીને પુરુષ કરતાં ઓછું વેતન આપી ભેદભાવ રાખવામાં આવે છે તે પ્રશ્નોને આવરી લઈ મહિલાઓની રોજી સમસ્યા મહત્વની સમસ્યા પર વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

શોમા એ. ચેટરજીનો (૧૯૮૮) ''ધી ઈન્ડિયન વીમેન્સ સર્ચ ફોર એન આઈડેન્ટિટી' નામનો ગ્રંથ મહિલાઓના વ્યકિતગત મહિલાઓની વ્યવસાયી

મહિલા તરીકેની સમસ્યાઓ ઉપરાંત સામાજિક સમસ્યાઓને પણ પોતાના પુસ્તકમાં આવરી લેવાનો શોમા ચેટરજી એ પ્રયત્ન કર્યો છે.

એચ. કે. ઠાકુરનો (૧૯૮૮) 'વીમેન એન્ડ ડેવલપમેન્ટ' માં ગ્રામીણ અર્થતંત્ર સાથે સંલગ્ન આ અભ્યાસ હોઈ શહેરી મહિલાઓ અંગે વિશિષ્ટ બાબતોને તેમાં સ્થાન નથી પરંતુ સામાજિક અને આર્થિક પરિવર્તનો મહિલાઓ ઉપર કેવી અસર જન્માવે છે તેમ ગ્રામીણ સમાજના સંદર્ભમાં વિસ્તૃત છણાવટ કરે છે.

પદ્મિની સેનગુપ્તાએ (૧૯૬૦) ''વીમેન વર્કસ ઈન્ડિયા' માં વિવિધ ક્ષેત્રે મહિલાઓની કામગીરી સંબંધી વિગતોનું વિશ્લેષણ રજૂ કરેલ છે.

એમ. એસ. ગોરેનો (૧૯૬૮) 'ઈન્પેકટ ઓફ ઈન્ડર ટ્રીપલ્ટાઈ જેથન એન્ડ ઓર્ગેનાઈઝેશન ઓન ધી ફેમીલી રીલેશનશીપ' આ અભ્યાસ દ્વારા ઉદ્યોગીકરણની અસરોથી મહિલાના સ્થાન અને દરજ્જામાં કેવું પરિવર્તન આવ્યું છે તેના પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન થયો છે. એ દષ્ટિએ અભ્યાસ સમાજશાસ્ત્રી હોવા છતાં આર્થિક પરિવર્તનોની અસરોને તપાસવાનો પ્રયત્ન કરે છે.

પ્રોમીલા કપુરનો અભ્યાસ ''સોસ્યો સાયકોલોજિકલ સ્ટડી ઓફ ધી એટીટયુડઝ' ઓફ એજયુકેટેડ વર્કીંગ વીમેન' (૧૯૬૦) તથા 'મેરેજ એન્ડ વર્કીંગ વીમેન્સ ઈન ઈન્ડિયા' બે અભ્યાસો હાથ ધરી શિક્ષિત વ્યવસાયી મહિલાઓના લગ્નજીવનના દરજ્જા નોંધાતા પરિવર્તનોને રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

## ૧.૩ સંશોધન વિષયની પસંદગી :

સમાજશાસ્ત્ર માનવસમાજના સામાજિક સંબંધના વિવિધ પાસાનો અભ્યાસ કરે છે. સમાજમાં વ્યકિત જુદા જુદા સમુદાયમાં રહે છે. જેમ કે શહેરી સમુદાય, ગ્રામ–સમુદાય

વિવિધ  જ્ઞાતિ સમુહનો બનેલો છે. ટી.એમ.મદન નોંધે છે કે, "ભારતીય સામાજિક રચનાતંત્રની દષ્ટિએ જ્ઞાતિ વ્યવસ્થાનું સ્વરૂપ એ અમારી વિશિષ્ટતા છે તેની સમગ્ર આંતર વ્યવહારો પર અસર પડે છે. ડૉ. શ્રીનિવાસ જણાવે છે કે "જ્ઞાતિએ પોતાના કલેવરમાં એકબાજુએ પરિવર્તન  આણ્યું છે. જયારે બીજી બાજુ નવા સ્વરૂપે પોતાના મુળીયા નવા સંબંધમાં મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. આમ, જ્ઞાતિવ્યવસ્થા નાબુદ થઈ ગઈ છે તેમ આજે કહી શકાય નહીં, પરંતુ તેણે નવા ઉપકરણો ધારણ કર્યા છે." [૨] આ ઉપરથી જોઈ શકાય છે કે ભારતીય સમાજશાસ્ત્રમાં જ્ઞાતિના અભ્યાસની ઉપયોગિતા ઘણી જ છે. દરેક જાતિ પોતાનું વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક રચનાતંત્ર ધરાવે છે જેની ભારતની સમાજ વ્યવસ્થા ઉપર ગહન અસર હોય છે.

અત્યાર સુધીમાં અનેક ક્ષેત્રે ભિન્ન પ્રકારનાં સંશોધનો થયા છે. ભારતમાં જુદી જુદી જ્ઞાતિ ઉપર પણ સંશોધનો થયા છે. સમાજશાસ્ત્ર સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં સંશોધનો કરે છે. ભરવાડ સમાજ પણ આ સમાજનો એક ભાગ  છે. ગુજરાતમાં ભરવાડ સમાજની આશરે  ૨૫ થી ૩૦ લાખની વસ્તી છે.

ભારતમાં બંધારણની કલમ ૩૬૬(૨૫) અનુસૂચિત જનજાતિઓની વ્યાખ્યા આ મુજબ આપે છે.

"અનુસૂચિત જનજાતિ" એટલે એવી જાતિઓ અથવા આદિવાસી જાતિ સમૂહો અથવા એવી જાતિઓમાંના અથવા જાતિ સમૂહોમાંના જૂથો જેમને બંધારણની કલમ ૩૪૨ માં આ બંધારણના હેતુ માટે અનુસૂચિત જનજાતિઓ તરીકે ઓળખવામાં આવે છે."

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને રાજકીય પ્રતિનિધિત્વ મળે અને તેમની સ્થિતિમાં ઝડપી સુધારો થાય તે માટે તેમને ખાસ મદદો મળે તે અંગેની

તેમની માંગણીઓ માન્ય કરવામાં આવી હતી અને બંધારણમાં તે માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવી હતી. આ બે જૂથો ઉપરાંત, બીજી પણ જ્ઞાતિઓ હતી જે પછાત હતી. પરંતુ તેમના પછાતપણા વિશે પૂરતી માહિતી નહીં હોવાથી તેમને માટે કોઈ જોગવાઈ થઈ શકેલી નહીં.

બંધારણની કલમ ૩૪૦ ખાસ 'અન્ય પછાત વર્ગો એટલે કે તે 'અનુસૂચિત જાતિ' અને 'અનુસૂચિત જનજાતિઓ' કરતાં અલગ જૂથ છે.

ભારતમાં ૨૦૦૧ માં અનુસૂચિત જાતિની વસ્તીના ૧૬.૪૮% અને ગુજરાતમાં ૭.૧૪% અને અનુસૂચિત જનજાતિની વસ્તીના ૮.૦૮% અને ગુજરાતમાં ૧૪.૯૨% છે.

ભરવાડ સમાજ સામાજિક, આર્થિક, શૈક્ષણિક રીતે પછાત છે તેઓના વિકાસ માટે મહિલાઓની સ્થિતિ પણ જાણવી ખૂબ જરૂરી છે. તેથી આ 'પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલા સામાજિક પરિવર્તન ' ની પ્રક્રિયાનો વિષય પસંદ કરેલ છે.

આદિવાસી સમુદાયની જેમ પશુપાલક ભરવાડ સમુદાયો પોતાની આગવી સંસ્કૃતિ ધરાવે છે પોતે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતાં હોવાથી ત્યાંના ભૌગોલિક વાતાવરણ સાથે એકરાર થઈ ગયેલા હોય છે. આમ, ભરવાડો નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં તથા જંગલ, પર્વત અને ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતાં હોવાથી સમગ્રદર્શી રીતે તેઓ આર્થિક, સામાજિક, પછાતપણું ધરાવતા જોવા મળે છે. આઝાદી પછી ભારત સરકાર દ્વારા અન તે પહેલા બ્રિટીશ સરકાર દ્વારા તથા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા આદિવાસીની જેમ ભરવાડ વિસ્તારોમાં પણ વિકાસ માટે પ્રયત્ન કરવામાં આવ્યા છે. આ માટે તેના માર્ગદર્શન હેઠળ વિકાસ માટેના અભ્યાસ સમિતિઓની રચના પણ કરવામાં આવેલ.

(૧) મિ. સ્ટાર્ટ સમિતિ – ૧૯૩૦

(૨) સીમિંગટન સમિતિ – ૧૯૩૭

(૩) ૪૮મી અંદાજપત્ર સમિતિ અહેવાલ – ૧૯૫૯

(૪) રેણુકા રે સમિતિ – ૧૯૫૯

(૫) એલ્વિન સમિતિ – ૧૯૬૦

(૬) ઢેબર કમિશન – ૧૯૬૧

ઉપરોકત સમિતિઓની ભલામણો અને માર્ગદર્શન હેઠળ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો થયા પરંતુ તે પૂરતા છે કે નહી તે વર્તમાન પરિસ્થિતિ પરથી જાણી શકાય તે માટે ઘણા સમાજશાસ્ત્રીય અને અર્થશાસ્ત્રીય અભ્યાસો થયા છે. પ્રસ્તુત અભ્યાસ પણ અનુલક્ષીને કરવામાં આવ્યો છે જેમાં જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના કાલાવડ અને જામનગર તાલુકાના ગ્રામીણ વિસ્તારો અને જૂનાગઢ જિલ્લામાં ગીરના નેસ વિસ્તારો જેવા કે પોપટડી, ઘોડાવડી અને કાણેક નેસમાં વસતા અનુસૂચિત જનજાતિની ભરવાડ મહિલાઓ અને તે જ જૂનાગઢ જિલ્લાના અન્ય તાલુકા જેવા કે જૂનાગઢ, વિસાવદર, ભેંસાણના ગ્રામીણ વિસ્તારોમાં વસતી બક્ષીપંચ ભરવાડ મહિલા ઓની સ્થિતિમાં શું પરિવર્તન આવેલ છે ? તેમજ તેઓનું સમાજ – જીવન કેવું હશે ? તેઓની સમાજ વ્યવસ્થા કેવી હશે ? વગેરે પ્રશ્નો ઉપસ્થિત થયા, જંગલોમાં વસતા અનુસૂચિત જનજાતિ અને શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં વસતા બક્ષીપંચ ભરવાડ સમુદાયમાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન તેમજ ખેતી છે. આમાં તે વધુ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ સમુદાય જોવા મળ્યા જે પોતાને પશુપાલક તરીકે ઓળખાવે છે. આ જ્ઞાતિ વ્યવસાયિક અને સામાજિક દષ્ટિએ પશુપાલક ભરવાડ સમુદાયમાં અતિ પછાત અને લઘુમતી જ્ઞાતિ તરીકે ઓળખાવે છે. આ લોકોનું સામાન્ય નિરીક્ષણ કરતાં વિશિષ્ટ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ નજરમાં આવી છે. આથી

પશુપાલક ભરવાડ જ્ઞાતિના સામાજિક આર્થિક પાસાઓને ધ્યાનમાં રાખીને તેમાં આવેલ પરિવર્તન નો અભ્યાસ કરવાનું નકકી કર્યું.

મારા સંશોધન વિષયના પસંદગીના કારણો સંશોધન માટે પ્રેરણાપ્રદ રહ્યા તેથી ભરવાડ જ્ઞાતિની સમાજવ્યવસ્થા વિશેનો અભ્યાસ કરવાનું નકકી કર્યું. સમાજ શાસ્ત્રમાં વિવિધ સામાજિક જૂથોના અભ્યાસ થયા છે. જુદી જુદી જ્ઞાતિઓ, આદિવાસીઓ તેમજ પછાત વર્ગના પણ કેટલાક અભ્યાસો થયા છે. સૌરાષ્ટ્રના પશુપાલન સાથે સંકળાયેલા એવા અતિ પછાત ગણાતા ભરવાડ સમુદાયના સામાજિક જીવનની પ્રવૃતિઓ વિશે તેમજ આ સમાજની કુટુંબ તેમજ જ્ઞાતિવ્યવસ્થા અને તેમની સામાજિક, આર્થિક પરિવર્તન વિશે તલસ્પર્શી અભ્યાસ કરવાનો ઉપક્રમ આ શોધ–નિબંધમાં રાખ્યો છે.

સંશોધન પ્રવૃતિને એક પ્રવાહરૂપ ગણીએ તો પુરોગામી અભ્યાસો તપાસીને તેમાં જે ક્ષેત્રમાં સંશોધન થયું હોય કે ઊંડાણપૂર્વકના અભ્યાસો ન થયા હોય તેવા પાસાને કે પ્રશ્નને અથવા પરિસ્થિતિને સંશોધન માટે પસંદ કરાય છે. સમાજશાસ્ત્રમાં જુદી જુદી જ્ઞાતિઓના પરિવર્તન વિશેના ઘણા અભ્યાસો થયા છે પરંતુ તેમાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ ભરવાડ જ્ઞાતિની મહિલાઓ વિશેના સમાજશાસ્ત્રીય અભ્યાસો થયા નથી અને તેમાં ખાસ કરીને ભરવાડ જ્ઞાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનનો સમાજશાસ્ત્રીય દષ્ટિએ કોઈ અભ્યાસ થયો હોય તેવું જોવા મળતું નથી. તેથી આ જ્ઞાતિ વિશે સંશોધન કરવાનું ઉચિત જણાય છે.

**સંશોધન શીર્ષકની સ્પષ્ટતા :**

પ્રસ્તુત શોધ–નિબંધમાં જામનગર અને જૂનાગઢ જિલ્લાની ભરવાડ જાતિની મહિલાઓને કેન્દ્રમાં રાખીને તેમનું સમાજશાસ્ત્રની દષ્ટિએ અધ્યયન કરેલ છે. પ્રસ્તુત શોધ–નિબંધનું શીર્ષક છે.

## "પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન ની પ્રક્રિયાનો અભ્યાસ"




### સૈદ્ધાંતિક ભૂમિકા :

આપણે ભારતનાં સંદર્ભમાં વિચારીએ તો સ્ત્રી ગમે તેટલા મોભાદાર વ્યવસાયમાં હોય, તો પણ તેને પુરુષ સમોવડો દરજ્જો જવલ્લે જ મળે છે. આપણે ત્યાં સ્ત્રી ગમે તે વ્યવસાય કરતી હોય, તો પણ તેને ઘર અને બહાર બન્નેની દ્વિમુખી ભૂમિકા ભજવવાની હોવાથી અનેકાનેક સમસ્યાઓનો મુકાબલો એકલે હાથે કરવો પડતો હોય છે.

ઉદ્યોગીકરણ, શહેરીકરણને કારણે સંયુકત કુટુંબનું માળખું તૂટી પડતાં કુટુંબ પરનું વડીલોનું વર્ચસ્વ ઘટી ગયું. કુટુંબમાં પરસ્પર લાગણી, એકાત્માની ભાવના ઓસરતા વિસંવાદિતા વધી. લોકશાહી શાસનને કારણે ભારતમાં સ્ત્રી–પુરુષોને સમાન હકકો મળ્યા. આમ છતાં સમાનતા મેળવવા પાછળ સ્ત્રીઓએ ઘણું સહન કરવું પડયું છે.

આજે સ્ત્રી–જાગૃતિ વિશેના અનેક પ્રોગ્રામો આપણે ઘેર બેઠા ટેલિવિઝનમાં નિહાળી શકીએ છીએ. આજે સાધારણ તેમજ નિમ્ન વર્ગની ગામડાની સ્ત્રીઓ પણ પોતાના અધિકારોથી થોડી ઘણી તો જાગરૂકે જરૂર છે. સિદ્ધાંત તરીકે આજે સમાજ પુરુષ વર્ગના સ્વામિત્વને પડકારે છે. કેટલાક સ્થળે તો હવે કેટલાક પુરુષ પણ આ બાબતે ભવિષ્ય માટે એટલા ચિંતિત બન્યા છે કે તેઓ પોતાના અલાયદા મંડળો રચવા લાગ્યા છે. આમ, સમાજમાં પુરુષ વર્ગ પોતાના હકકો જતાં કરવા ઈચ્છતો નથી. ગમે તેટલા શિક્ષિત વાતાવરણમાં ઉછરેલો પુરુષ પણ બહુધા વ્યવહાર, આચરણમાં અવારનવાર સમાનતાના ધોરણોનો ઉલ્લંઘન કરતો જોવા મળે છે. આમ, આજનો સમાજ ૨૧મી સદી તરફ હરણફાળ ભરવા તો ઈચ્છે છે, તેમ છતાં તે દ્વિધામાંથી મુકત થઈ શકતો નથી. પરીણામે અનેક સ્ત્રી સમસ્યાઓ સર્જાય છે.

આપણે ત્યાં ભરવાડ સમાજનો પણ એક નાનકડો વર્ગ સમાજના અનેક દૂષણોનો સામનો કરી રહ્યો છે. તેની ભાગ્યે જ કોઈને કલ્પના છે. આજના આધુનિક યુગમાં સમાજના સમગ્ર તંત્રમાં અનેક પરિવર્તનો થયાં, છતાં ભરવાડ સ્ત્રીઓના દરજ્જામાં હજુ સુધી ખાસ પરિવર્તનથયું હોય તેમ લાગતું નથી.

## ૧.૪ અભ્યાસના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક ભરવાડ મહિલાઓના સામાજિક જીવનમાં આવેલ પરિવર્તનસંબંધિત કેટલીક હકીકતો એકત્ર કરવા તથા તેની વચ્ચેના સંબંધો તપાસવા માટે નીચે પ્રમાણેના હેતુઓ નકકી કરવામાં આવ્યા છે.

(૧) ભરવાડ અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ મહિલાઓનું સામાજિક જીવન જાણવું.

(૨) ભરવાડ જ્ઞાતિની મહિલાઓની સામાજિક સ્થિતિ તપાસવી.

(૩) ભરવાડ જ્ઞાતિની મહિલાઓની આર્થિક સ્થિતિ તપાસવી.

(૪) ભરવાડ જ્ઞાતિની મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ તપાસવી.

(૫) ભરવાડ જ્ઞાતિની મહિલાઓની ધાર્મિક અને રાજકીય સ્થિતિ તપાસવી.

(૬) આ ભરવાડ જ્ઞાતિની મહિલાઓની ઉપરોકત સ્થિતિમાં આવેલ પરિવર્તનજાણવું.

(૭) ભરવાડ જ્ઞાતિમાં મહિલાઓની સમસ્યાઓના કારણો અને ઉપાયો શોધવા.

(૮) વિકાસલક્ષી કાર્યક્રમો મજબૂત બનાવવા અને આવા પછાત રહેલા સમુદાયોના સર્વાંગી વિકાસ માટે અમલ કરી શકાય તેવા સૂચનો કરવાનો હેતુ રહેલો છે.

## ૧.૫ અભ્યાસની ઉપકલ્પના :

આ સંશોધનમાં અભ્યાસને અનુરૂપ ઉપકલ્પના (પૂર્વધારણા) ઓ રચવામાં આવે છે જે નીચે મુજબ છે.

(૧) ગુજરાતના ગ્રામીણ અને શહેરી સમાજની તુલનાએ અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચની ભરવાડ મહિલાઓની સ્થિતિ નિમ્ન હોઈ શકે.

(૨) આવી જ રીતે મહિલાઓના દરજ્જા અને ભૂમિકામાં ઓછું પરિવર્તન આવ્યું હોઈ શકે.

(૩) ભરવાડ મહિલાઓમાં શૈક્ષણિક સ્થિતિ નિમ્ન હોઈ શકે.

(૪) અન્ય સમાજની મહિલાઓની તુલનાએ ભરવાડ મહિલાઓનો વિકાસ પ્રમાણમાં ઓછો હોઈ શકે.

## ૧.૬ અધ્યયનનો વિસ્તાર પસંદગી :

ગુજરાતમાં ભરવાડોની મોટાભાગની વસ્તી સૌરાષ્ટ્રમાં નિવાસ કરે છે. આથી ભરવાડોના અધ્યયન હેતુ માટે સૌરાષ્ટ્રનો વિસ્તાર પસંદ કરવો જરૂરી હતો. આમ, પ્રસ્તુત સંશોધનમાં સંશોધનનું ક્ષેત્ર તરીકે સૌરાષ્ટ્રના જામનગર અને જુનાગઢ જિલ્લાને પસંદ કરવામાં આવ્યા છે. જયાં ભરવાડની વધુ વસ્તી સમુહ જીવન જીવતી જોવા મળે છે અને જૂનાગઢ જિલ્લામાં વિશ્વપ્રસિદ્ધ એશિયાટીક સિંહોના વસવાટનું સ્થાન તેવું ગીરનું જંગલ આવેલું છે. અહીંના પસંદ કરેલ જિલ્લાના તાલુકા અને ગામોના ભરવાડો પશુપાલક જાતિ હોવાને લીધે આ વિસ્તારમાં નદી, જંગલ અને પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ હોવાને કારણે સંશોધનના આ ક્ષેત્રો પસંદ કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

**કોષ્ટક–૧ ભરવાડ સમાજના અધ્યયન માટે પસંદ કરેલ વિસ્તાર**

| | પસંદ કરેલ જિલ્લાઓ | પસંદ કરેલ તાલુકાઓ | પસંદ કરેલ તાલુકાના નામ | જાતિ |
|---|---|---|---|---|
| એ | જૂનાગઢ | જૂનાગઢ | બિલખા | બક્ષીપંચ |
| | જૂનાગઢ | વિસાવદર | કાલસારી | બક્ષીપંચ |
| | જૂનાગઢ | ભેંસાણ | ચણાકા | બક્ષીપંચ |
| | જૂનાગઢ (નેસ) | ઉના | પોપટી નેસ | અનુસૂચિત જનજાતિ |
| | જૂનાગઢ | ઉના | ઘોડાવડી નેસ | અનુસૂચિત જનજાતિ |
| | જૂનાગઢ | ઉના | કાણેક નેસ | અનુસૂચિત જનજાતિ |
| | જૂનાગઢ | તાલાળા | સાસણ | અનુસૂચિત જનજાતિ |

| | | | | |
|---|---|---|---|---|
| બી | જામનગર | કાલાવડ | કાલાવડ | બક્ષીપંચ |
| | જામનગર | કાલાવડ | ખરેડી | બક્ષીપંચ |
| | જામનગર | કાલાવડ | જશાપર | બક્ષીપંચ |
| | જામનગર | કાલાવડ | વોડીસાંગ (રણુંજા) | બક્ષીપંચ |
| | જામનગર | જામનગર | અલિયા | બક્ષીપંચ |

ઉપરોકત ગામોની પસંદગી ગામની ભરવાડોની વસ્તીના આધારે કરવામાં આવી છે.

ઉપરોકત કોષ્ટકમાં આપણે જોયું કે પસંદ કરેલા જિલ્લાઓમાં જામનગર અને જૂનાગઢ છે. જેમાં જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના પસંદ કરેલ જેમાં તાલુકા કાલાવડ અને જામનગર છે તથા કાલાવડ તાલુકાના પસંદ કરેલ ગામો કાલાવડ, ખરેડી, જશાપર, વોડીસાંગ અને જામનગર તાલુકાનું પસંદ કરેલ ગામ અલિયા છે. જયારે જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના પસંદ કરેલ જેમાં તાલુકા જૂનાગઢ અને તેનું ગામ બિલખા, વિસાવદર અને તેનું ગામ કાલસારી, ભેંસાણ અને તેનું ગામ ચણાકા છે તથા જૂનાગઢ જિલ્લાના ગીરમાં વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડ જ્ઞાતિ પસંદ કરેલ. નેસમાં પોપટડી, કાણેક અને ઘોડાવડી છે.

## ૧.૭ અભ્યાસની પ્રવિધિઓ :

માહિતી બે પ્રકારના સ્ત્રોતોથી એકત્રિત કરી શકાય છે.

### (૧) દસ્તાવેજી સ્ત્રોત (દ્વૈતીયિક સ્ત્રોત)/ગૌણ માહિતી :

પ્રસ્તુત અભ્યાસમાં દ્વૈતીયિક સ્ત્રોતો મેળવવા માટે ગ્રંથાલય પધ્ધતિનો ઉપયોગ કરેલો છે. ગ્રંથાલયમાંથી સ્ત્રીઓ ઉપરના થયેલા સંશોધન અહેવાલો પ્રાપ્ત કર્યા હતા તથા અગાઉ એમ.ફીલ, પીએચ.ડી. કક્ષાએ ગુજરાતમાં અને

ગુજરાત બહારના સ્ત્રીઓ ઉપર થયેલા અભ્યાસોની સમીક્ષા કરી હતી. સ્ત્રીઓ ઉપર જયારે અભ્યાસ કરવો હોય તો તેના માટેની એક પદ્ધતિ અને પ્રયુકિત હોય છે તે સમજવા માટે સંશોધન આયોજન અને પદ્ધતિ, પ્રયુકિતને સમજવા સંશોધનલક્ષી પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ એ પશુપાલક ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનનો છે તેને સમજવા માટે તેની સાથે સંબંધિત સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જામનગર તથા જૂનાગઢ જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં ભરવાડોની વસ્તી કેટલી છે તેની માહિતી પ્રાપ્ત કરવા માટે સેન્સસ રીપોર્ટ અને જે તે તાલુકાની વસ્તી ગણતરી અહેવાલો, જામનગર, જૂનાગઢ જિલ્લાનું ગેઝેટિયરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તથા મહિલાઓ ઉપર અગાઉ થયેલા અભ્યાસોનો પણ સંદર્ભ સાહિત્યમાં ઉપયોગ કરેલ છે.

## (૨) પ્રાથમિક માહિતી :

સામાજિક વિજ્ઞાનોના સંશોધનોમાં ગૌણ માહિતીની સાથે સાથે પ્રાથમિક માહિતીનો આધાર લેવામાં આવે છે.

પ્રો. રોબર્ટસન અને રાઈટના મતે અમુક સંશોધન સમસ્યાના ચોકકસ હેતુ માટે એકઠી કરવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય.

પોલીનયંગના મતે સંશોધકે પ્રત્યક્ષ રીતે જ જાતે સૌપ્રથમવાર એકત્ર કરેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય. આવા માહિતીના સંપાદનની તેમજ તેના પ્રકાશનની જવાબદારી પણ માહિતી એકત્ર કરનાર મૂળ વ્યકિતની રહે છે.[૩]

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવા માટે નિરીક્ષણ, મુલાકાત અનુસૂચિ જેવા માહિતી એકત્રીકરણની પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમજ પ્રાપ્ત માહિતીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. આમ, પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રયુકિતઓનો ઉપયોગ કર્યો છે.

**તુલનાત્મક પદ્ધતિ :**

તુલના એટલે સરખામણી કોઈ બે સામાજિક ઘટનાની સરખામણી કરવામાં આવે અને તેમની વચ્ચે શું સામ્ય છે તથા શું તફાવત છે તે શોધવા ઉપર ભાર મુકતી કે તે શોધવાનું કાર્ય કરતી પદ્ધતિને તુલનાત્મક પદ્ધતિ કહેવાય.

આ અભ્યાસમાં પણ તુલનાત્મક પદ્ધતિના ઉપયોગ દ્વારા જામનગર તથા જૂનાગઢ જિલ્લા તેમજ જૂનાગઢનાં જંગલ વિસ્તારનાં નેસમાં વસવાટ કરતી ભરવાડ જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં અને જામનગર – જૂનાગઢ જિલ્લાનાં ગ્રામીણ, શહેરી વિસ્તારોમાં રહેતા ભરવાડોને બક્ષીપંચમાં સમાવિષ્ટ કરેલ છે. જેનો અભ્યાસ કરવા આ પદ્ધતિ અપનાવી છે. સરકારી બિન સરકારી અપાતી સગવડતાઓ નીતિ નિયમો વગેરેમાં શું સામ્યતાઓ છે કે શું તફાવત છે તેને તપાસેલ છે.

**નિદર્શન પદ્ધતિ :**

સામાન્ય રીતે સમગ્ર સૃષ્ટિમાંથી અમુક મર્યાદિત પ્રમાણમાં પ્રતિનિધિરૂપ એકમોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવે તેને નિદર્શન કહી શકાય. પી.વી. યંગના મતે "એક સાંખ્યાંકિત નિદર્શન તેના આખા સમૂહ કે સમષ્ટિનું લઘુચિત્ર છે કે જેમાંથી નિદર્શ લેવામાં આવ્યું હોય છે.[૪]

નિદર્શન પસંદ કરવાની કાર્યપ્રણાલીના આધારે અલગ અલગ નિદર્શનોને મુખ્યત્વે બિન યદ્દચ્છ અને યદ્દચ્છ નિદર્શન એવા બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

જયારે યદ્દચ્છ નિદર્શનના ચાર પેટા પ્રકારો છે જેમાંથી પ્રસ્તુત અભ્યાસ માટે સાદુ યદ્દચ્છ નિદર્શન પદ્ધતિના આધારે અભ્યાસક્ષેત્રના ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. સમષ્ટિમાંથી સંભવિત પ્રત્યેક નિદર્શનને પસંદગી પામવાની સમાન તક મળે તે રીતે નિદર્શ પસંદ કરવામાં આવે ત્યારે તેને સાદુ યદ્દચ્છ નિદર્શન કહે છે.[૫]

ભરવાડો ગુજરાતને સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાઓમાં વસેલા છે. આ સંશોધનમાં ફકત જામનગર અને જૂનાગઢ જિલ્લાને સંશોધનક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે. સંશોધન ક્ષેત્રમાં ભરવાડ સમુદાય સાથે સંકળાયેલી ભરવાડ જ્ઞાતિના મહિલાઓ કે જેઓ ગીરના નેસ વિસ્તારમાં વસવાટ કરતી અનુસૂચિત જનજાતિ અને જામનગર જૂનાગઢ જિલ્લાનાં અન્ય તાલુકા અને ગ્રામીણ વિસ્તારમાં વસતી બક્ષીપંચની ભરવાડ મહિલાઓ પૂરતો જ મર્યાદિત છે. આ અભ્યાસ ક્ષેત્રમાં ભરવાડ જ્ઞાતિના લોકોના વિસ્તારો જૂનાગઢ, વિસાવદર, ભેંસાણ જેવા તાલુકાને અને જામનગર જિલ્લાના કાલાવડ તાલુકા અને જામનગર તાલુકાના ગ્રામીણ વિસ્તારોનો અભ્યાસ માટે પસંદ કરેલ છે અને તેમાંથી યદ્દચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા ભરવાડોની દરેક ગામડામાં વસ્તી કેટલી છે તે તાલુકા પંચાયતમાંથી જાણકારી મેળવ્યા પછી ભરવાડોની વસ્તીનું પ્રમાણ કેટલું છે તે ધ્યાનમાં રાખીને ગ્રામીણ વિસ્તારો પસંદ કરવામાં આવ્યા છે એ જ રીતે આ

ગ્રામીણ વિસ્તારોના ગ્રામ પંચાયતના રેકોર્ડમાંથી ભરવાડ કુટુંબોને લગતી માહિતી મેળવી યદ્દચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા ભરવાડ કુટુંબોને પસંદ કરી પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે.

**પૂર્ણ ગણતરી :**

જે વિષયનો અભ્યાસ કરવાનો હોય તે વિષય સાથે સંબંધિત હોય તેવા જે તે ક્ષેત્રમાં સમાવિષ્ટ થતાં બધા એકમો એટલે સમષ્ટિ. અહીં ગીર અભ્યારણ્ય ૧૪૧૨ ચો.કિ.મી. માં ફેલાયેલ છે. જંગલના ૧૪ ગામો અંતરીયાળ અંદરના ભાગમાં હોય ત્યારે બધા જ ગામોને આવરી લેવા તે સમય અને ખર્ચની દષ્ટિએ મુશ્કેલ બને છે. આથી ઉપરોકત હેતુલક્ષી બિનયદ્દચ્છ નિદર્શન વડે ગીરના જંગલના ત્રણ નેસ (૧) પોપટડી (૨) કાણેક (૩) ઘોડાવડી નેસને અભ્યાસ માટે પસંદ કર્યો છે. સમષ્ટિ તરીકે ત્રણ નેસને લેતાં આ પસંદ કરેલ ગામોના ભરવાડ જ્ઞાતિને આ અભ્યાસમાં આવરી લઈ બધા જ ભરવાડ કુટુંબની મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. કારણ કે ત્રણેય નેસમાં ગીર અભ્યારણ્ય વિસ્તારમાં પશુપાલન વ્યવસાય સાથે સંબંધિત અનુસૂચિત જનજાતિના ભરવાડોને પસંદ કરેલ નેસમાંથી આ મહત્વની માહિતી મેળવી અભ્યાસ કરવાથી નિદર્શન કરતાં વધુ ચોકસાઈપૂર્ણ પરિણામ મેળવી શકાય છે.

**મુલાકાત :**

મુલાકાત પ્રવિધિનો ઉપયોગ પણ નિરીક્ષણ પ્રવિધિ સાથે સાથે કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં મુલાકાત પદ્ધતિનો ઉપયોગ ભરવાડ સમુદાયમાં રીતરિવાજો, સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આર્થિક પ્રવૃતિના કેટલાક

પાસાઓની ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત કરવા માટે કરવામાં આવ્યો છે. આ માહિતી મેળવવા માટે ભરવાડ સમુદાયની અનુભવી વ્યકિતઓ, વડીલો અને પશુપાલનના વ્યવસાય સાથે સંબંધિત અનેક વ્યકિતઓની મુલાકાત લીધી છે.

**અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવેલ સાધનો :**

મારા આ અભ્યાસના હેતુને ઘ્યાનમાં રાખીને તથા વિવિધ પાસાઓને ઘ્યાનમાં રાખીને કયાંય કોઈ માહિતી લેવાની રહી ન જાય એ માટે (ગાઈડલાઈન) માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી. આ ઉપરાંત અભ્યાસક્ષેત્રના લોકોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઓછું હોવાથી મુલાકાત પ્રયુકિત ઉપયોગમાં લીધી છે. તેમજ આર્થિક જાણકારી તથા કુટુંબની જનસંખ્યા શૈક્ષણિક સ્તર વગેરે માટે મુલાકાત માર્ગદર્શિકા, સામાજિક, આર્થિક, ધાર્મિક, લોકકલા સંબંધી જાણકારી એકત્ર કરવા માટે અવલોકન માર્ગદર્શિકા તથા અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઉપયોગમાં લીધેલા સાધનોમાં ભૌતિક સંસ્કૃતિની ચીજવસ્તુઓની જાણકારી મેળવવા માટે કેમેરાનો તથા લોકગીત અને લગ્નગીતો માટે રેકોર્ડીંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**નિરીક્ષણ :**

સંશોધક સંશોધન વિષયના અનુસંધાનમાં જે કાંઈ જુએ તેના ઘ્યાન ઉપર આવતી માહિતીઓની નોંધ લે અને હકીકતો એકત્ર કરે એ નિરીક્ષણની મહત્વની લાક્ષણિકતા છે. "વાસ્તવમાં ઘટના કે પરીસ્થિતિને સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તેને નિરીક્ષણ કહેવાય. નિરીક્ષણ હેઠળની પરિસ્થિતિના રંગથી રંગાયા વિના નિરીક્ષણકર્તા સંશોધક પોતે જે કાંઈ જુએ તેની નોંધ લે ત્યારે તેને નિરીક્ષણ કહેવાય." [૬]

નિરીક્ષણ પ્રવિધિથી વાસ્તવિક સામાજિક જીવન જાણી શકાય છે. અભ્યાસ કાર્યમાં તત્સંદર્ભિત વ્યકિતઓ માહિતી આપવા તૈયાર ન હોય અથવા માહિતી આપવા અસમર્થ હોય ત્યારે ચોક્કસાઈપૂર્ણ અને વિશ્વાસનીય માહિતી મેળવી શકાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં અધ્યયન હેતુ માટે પસંદ કરવામાં આવેલ ગામમાં જઈને ક્ષેત્રકાર્ય દરમ્યાન વધુ માહિતી એકત્ર કરવા માટે સહભાગી – અર્ધ સહભાગી નિરીક્ષણ પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભરવાડ જ્ઞાતિની રહેણીકરણી, સામાજિક, ધાર્મિક ઉત્સવો અને જીવનચક્ર વગેરે માહિતી એકત્રિત કરવા માટે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો છે. તેમની આર્થિક સ્થિતિ, ભૌતિક સંસ્કૃતિ, ખેતી, પશુપાલન પ્રવૃતિઓ અને તેમાં આવેલા પરિવર્તન વગેરેમાં સહભાગી– અર્ધ સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૧.૮ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ :

સંશોધનની પ્રયુકિતનો ઉપયોગ કરીને પ્રાથમિક માહિતી હોય કે દસ્તાવેજી સ્ત્રોતમાંથી ગૌણ માહિતી મેળવેલ હોય પણ આ રીતે મેળવેલી માહિતીના જુદા જુદા એકમો વચ્ચેનો સંબંધ સમજીને તારણો તારવવા માટે અથવા માહિતીનું યથાર્થ અર્થઘટન કરવા માટે એકત્રિત કરેલી માહિતીનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.

આ અભ્યાસમાં વિવિધ પધ્ધતિઓ અને પ્રયુકિત દ્વારા સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતી મેળવવામાં આવી છે. માહિતીનું વર્ગીકરણ કરવામાં ન આવે ત્યાં સુધી તેના વિભિન્ન એકમોની ઓળખ શકય બનતી નથી. માહિતીના વિવિધ એકમોને સમાનતા અને વિભિન્નતાના આધારે જુદા જુદા વર્ગોમાં વહેંચી નાખવાની પ્રક્રિયાને વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

આ અભ્યાસમાં ઉત્તરદાતાની જાતિ, ઉંમર, વ્યવસાય, શિક્ષણ વગેરેની સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી છે. એ માહિતીનું કોડીંગ કરી તેના કોષ્ટક બનાવવામાં આવ્યા છે. અને ત્યારબાદ ગુણાત્મક માહિતીનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. અને વર્ગીકરણ કર્યા બાદ સમગ્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ અભ્યાસના બે પ્રકરણમાં અભ્યાસની સમગ્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એકત્ર કરેલી માહિતીના વિવિધ એકમોને યોગ્ય ગોઠવણી અને તેમની વચ્ચેના તાર્કિક સંબંધમાં મુકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૧.૯ અભ્યાસનું મહત્વ :

પ્રસ્તુત શોધનિબંધ સમાજવિજ્ઞાનમાં જ્ઞાનવૃદ્ધિ કરવાની તથા આદિમજાતિના વિકાસ માટે પણ ઉપયોગી સાબિત થાય છે. તેમજ સરકાર તેને પણ ભાવિ યોજના અંગે માર્ગદર્શન આપી શકાય તેમ ઉપયોગી અને મહત્વતા ધરાવે છે.

(૧) આ અભ્યાસ સમાજશાસ્ત્રની રીતે ઘણો જ અગત્યનો રસપ્રદ છે. કારણ કે જંગલમાં વસતા જુદા જુદા સમુદાયના લોકોના જીવનમાં કોઈને કોઈ રીતે જંગલનો પ્રભાવ છે. ગીર અભ્યારણ્યમાં વસતા ગામડાઓમાં અને જૂનાગઢ તથા જામનગર જિલ્લાના અન્ય ગ્રામીણ તાલુકામાં વસતા ભરવાડોનો અભ્યાસ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડ તથા જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોનો તુલનાત્મક દષ્ટિએ અભ્યાસ ઘણો જ મહત્વનો છે.

(૨) ભરવાડ સમાજના સમાજજીવનને સમજવા માટે સમાજશાસ્ત્રીય મહત્વ રહેલું છે. આ અભ્યાસ ફકત ભરવાડ જ્ઞાતિને ઘ્યાનમાં રાખી પરંપરાગત જીવનશૈલી ધરાવતા લોકોના સમાજજીવન પર પ્રકાશ ફેંકે છે તેમને શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન, વિકાસાત્મક કાર્યો કરવા માટે અવલોકન કરવાની તક મળી શકે તેમ છે.

## ૧.૧૦ અઘ્યયન ક્ષેત્રનો ભૌગોલિક પરિચય :

### ૧. ગુજરાત રાજય :

દુનિયાના દેશોમાં ભારત મહત્વનું સ્થાન ધરાવે છે. અરબ મહાસાગર, હિન્દ મહાસાગર, બંગાળની ખાડી અને ઉત્તરે હિમાલયની પર્વતમાળાથી સુરક્ષિત આ દેશનું કુલ ક્ષેત્રફળ ૩૨,૮૭,૭૮૦ ચો. કિ.મી. છે જે પોતાની અલગ વિશિષ્ટતા, વૈવિઘ્યતા ધરાવતા કુલ ૨૮ રાજયોમાં વહેચાયેલો છે. ભારતની સંસ્કૃતિ વિશ્વમાં જાણીતી છે. આવા દેશના પશ્ચિમકાંઠે ૧,૯૬,૦૦૦ ચો.કિ.મી. ક્ષેત્રફળ ધરાવતું ગુજરાત રાજય આવેલું છે. "ગરવી ગુજરાત" નામ સાંભળતા જ ગુજરાતની ભાષા ગુજરાતી પ્રજા અને તેની સંસ્કૃતિની ઉજજવળ પરંપરાનું ભાન થાય છે. ગુજરાત રાજયની અસ્મિતા તેની સંસ્કૃતિ પરંપરા સમૃઘ્ધ છે. તેનું મૂળ નામ "ગુર્જર–રાષ્ટ્ર" પરથી પડયું તેથી અહી 'ગુર્જર' લોકો રહેતા હોય એમ બની શકે છે.

ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતના લાંબા દરિયાકિનારાનો ત્રીજો ભાગ ગુજરાત ધરાવે છે. ગુજરાતના ૨૫ જિલ્લાઓ પૈકી ૧૨ જિલ્લાઓ સાગર કિનારા ધરાવે છે. માટે

ગુજરાતનો પરિચય 'દરિયાલાલ' તરીકે પણ થાય છે. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો તેની સમૃધ્ધિનું તેમજ સાહસ માટેનું ઉગમ સ્થાન તો બન્યો જ છે તે સાથે વિદેશી પ્રજાને આકર્ષવાનું નિમિત પણ બની રહ્યો છે. ગુજરાત રાજય ૨૦°.૧ અને ૨૪°.૭ ઉત્તર અક્ષાંશ અને ૬૮°.૪ અને ૭૪°.૪ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. ૧૯૬ હજાર ચો.કિ.મી. વિસ્તાર ધરાવતું આ રાજય વિસ્તારની દષ્ટિએ ભારત દેશમાં ૧૦માં ક્રમે આવે છે.[૭]

ગુજરાતના ત્રણ ભાગોમાં તળ ગુજરાતમાં ૧૭–જિલ્લાઓ સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓ અને કચ્છ જિલ્લાનો વિસ્તાર છે. ભારત દેશના કુલ વિસ્તાર પૈકી ગુજરાત ૫.૯૮% વિસ્તાર ધરાવે છે. કર્કવૃત્ત ગુજરાતના મઘ્યભાગમાંથી પસાર થાય છે. ગુજરાત રાજયની માનવવસ્તી ઉત્તરોતર વધતી જોવા મળે છે. ઈ.સ. ૧૯૦૧ માં ગુજરાતની વસ્તી માત્ર ૯૧ લાખની હતી તે ઉત્તરોતર વધતી રહી ઈ.સ. ૨૦૦૧ માં વસ્તી ગણતરીમાં આંકડા મુજબ ૫,૦૫,૯૬,૯૯૨ લાખની થઈ.[૮]

ગુજરાત રાજયની ઉત્તરે રાજસ્થાન, પૂર્વ દિશાએ મઘ્યપ્રદેશ અને નૈઋત્વે મહારાષ્ટ્ર અને દક્ષિણે અરબી સમુદ્ર અને વાયવ્ય દિશા તરફ પાકિસ્તાન આવેલું છે. ઉત્તરમાં તે રણ અને પર્વતોથી દક્ષિણ અને પૂર્વ દિશા તરફ પહાડો અને જંગલોથી અને પશ્ચિમે અરબી સમુદ્રથી ગુજરાત રાજય ચોમેર ઘેરાયેલું છે.

## ૨. ભૂ–રચના :

ગુજરાત રાજયની ભૂ–રચનાના ત્રણ કુદરતી વિભાગો છે. (૧) તળ ગુજરાતનું મેદાન (૨) સૌરાષ્ટ્ર અને (૩) કચ્છનો દ્વિપકલ્પ, (૪) ઈશાનનો

પહાડી પ્રદેશ. તળ ગુજરાતનું મેદાન ભૂચલનથી નીચે બેસી જતા અને કાંપ પૂરતા થયું હશે એમ માનવામાં આવે છે. ગુજરાત રાજ્યનો ૫૦% થી વધારે વિસ્તાર આવા મેદાનોથી ભરેલો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દ્વિકલ્પમાં ડુંગરોની હાર માળા આવેલી છે. કચ્છનો પશ્ચિમ અને ઉત્તરભાગ દક્ષિણ અને પૂર્વ ભાગ કરતાં વધારે સૂકો છે. ગુજરાતમાં ઈશાન ખૂણાથી અગ્નિ ખૂણા સુધીનો ઈશાનનો પહાડી પ્રદેશ ભારતની પ્રાચીન ગિરિમાળા અરવલ્લી અને વિધ્ય સાતપુડાની ગિરિ માળા અને પશ્ચિમ ઘાટની શાખારૂપ ડુંગરમાળાનો બનેલો છે.

### ૩. આબોહવા અને વરસાદ :

ગુજરાત રાજ્યના મધ્યમાંથી કર્કવૃત પસાર થતું હોવાથી મોટાભાગનો વિસ્તાર ઉષ્ણ કટિબંધમાં આવેલો છે માટે ગુજરાતમાં દરિયાકિનારે આવેલા સ્થળોને બાદ કરતાં મોટાભાગનાં પ્રદેશની આબોહવા ગરમ છે. "ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે દક્ષિણ ગુજરાતની આબોહવા પર દરિયાઈ અસર સ્પષ્ટ રીતે વર્તાય છે. જયારે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર કચ્છના અંદરના પ્રદેશોમાં દરિયાઈ અસર ઓછી છે. દરિયાકિનારાના પ્રદેશોમાં ઉનાળામાં ગરમી ઓછી અને શિયાળામાં ઠંડી ઓછી તથા વરસાદનું પ્રમાણ વધુ એવી સમધાત આબોહવા અનુભવાય છે. કિનારાના પ્રદેશોમાં તાપમાનનો ગાળો પણ ઓછો રહે છે.[૯] ગુજરાતમાં જૂનના બીજા અઠવાડિયાથી સપ્ટેમ્બરના બીજા અઠવાડિયા દરમ્યાન વરસાદ થાય છે. ગુજરાતમાં કુલ ૬૩% વિસ્તાર વરસાદની તંગીઓ અને એકાદ સમયે દુષ્કાળનો સામનો કરે છે. ગુજરાતમાં

વરસાદી દિવસોની સરેરાશ સંખ્યા ૪૨ અને સૌરાષ્ટ્ર–કચ્છ પ્રદેશમાં માત્ર ૨૩ દિવસ સુધીની સરેરાશ રહેલી છે તેમાં મારા સંશોધનકાર્યનું ક્ષેત્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલું છે.

**૪. જંગલો :**

ગુજરાત રાજયના જંગલો વિવિધતાથી ભરેલા છે. આબોહવા અને ભૌગોલિક સ્થાનને ધ્યાનમાં લેતા આ જંગલોની વૈવિધ્યતા ધ્યાન ખેંચનારી રહી છે. ભારત દેશની કુલ જમીનના આશરે ૨૨% વિસ્તારમાં જંગલો છે. ગુજરાતમાં આ પ્રમાણે જંગલો ૧૦% જ છે. રાજયનો કુલ વન વિસ્તાર ૧૭,૩૯,૧૦૨ ચો.કિ.મી છે. જંગલનો મોટો વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં આવેલો છે. રાજયમાં ચાર પ્રકારના જંગલો છે. (૧) દર વરસે જેના પાંદડા ખરી જાય છે તેવા લીલા જંગલો (૨) દર વરસે જેના પાંદડા ખરી જાય તેવા સૂકા જંગલો (૩) કાંટાવાળા જંગલો (૪) દરિયા કિનારા પરનાં જંગલો.

રાજયમાં વન વિસ્તાર ખાસ કરીને વલસાડ, ડાંગ, પંચમહાલ, વડોદરા, જૂનાગઢ, સુરત, કચ્છ, જામનગર, ભરૂચ, ભાવનગર, અમરેલી જિલ્લામાં જોવા મળે છે.

**૫. નદીઓ :**

ગુજરાત રાજયની નદીઓ ઉત્તર ભારતની નદીઓના જેટલો વિપુલ જળભંડાર ધરાવતી નથી અને અમુક નદીઓને બાદ કરતાં બારેમાસ પણ વહેતી નથી ગુજરાતની મોટી નદીઓ ગુજરાત બહારના રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી નીકળી આ રાજયમાં પશ્ચિમ દિશા અને દક્ષિણ બાજુએ

વહી સાગરને મળે છે. ગુજરાત રાજ્યની મહત્વની નદીઓ નર્મદા, તાપી, મહી, સાબરમતી, સરસ્વતી, બનાસ, ભાદર અને શેત્રુંજી છે. નાની નદીઓમાં ભોગાવો, મચ્છુ, આજી, વાત્રક, હાથમતી, પૂર્ણા, અંબિકા, ઔરંગા છે.

### ૬. પર્વતો :

ગુજરાત રાજ્યની ઉત્તર અને પૂર્વ સરહદે–ડુંગરોની હારમાળા આવેલી છે. અરવલ્લી, વિંધ્ય, સાતપુડા અને પશ્ચિમઘાટ જેવી ગુજરાત બહારની ગિરિમાળાના છેડારૂપ આ પર્વતો છે. સાતપુડા અને પશ્ચિમઘાટ જેવી ગુજરાત બહારની ગિરિમાળાના છેડારૂપઆ પર્વતો છે. અને સાબરકાંઠા તથા બનાસ કાંઠામાં  અરવલ્લીનો ફાંટો છે અને તે જૂના ખડકોની બનેલી છે. આરાસુર ગિરિમાળા ૧૬૦.૯૩ કિ.મી. લાંબી છે. બનાસકાંઠા જિલ્લામાં દાતા તાલુકામાં ગુરૂનો ભાખરો નામનો ડુંગર જિલોત્રા પાસે આવેલો છે. અમીરગઢ પાસે જાસોરનો ડુંગર છે તેને સાતપડો પણ કહે છે. મહેસાણા જિલ્લામાં ઉત્તરે તરંગા ટેકરી છે તે ૩૬૫.૭૬ મીટર ઊંચી છે. પંચમહાલ હાલોલ તાલુકામાં પાવાગઢ અને લીમખેડા તાલુકામાં રતનમાળનો ડુંગર આવેલો છે. ડાંગમાં સહ્યાદ્રી કે પશ્ચિમ ઘાટના ભાગરૂપ ડુંગરોની હારમાળા આવેલી છે. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગિરનાર અને બરડાની ગિરિમાળા સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલ છે.

### ૭. ખનિજ :

ગુજરાત પ્રદેશના ખડકોમાંથી અકીક, ભૂતડો, બેન્ટોસાઈટ, કેલસાઈટ, ચિનાઈ માટી, ડોલોમાઈટ, ફાયરકલે, ફોલેરાઈટ, ચિરોડી, ચુનાના પત્થર, મેગેનીઝ, રંગીન માટી, સિલિકા, તેલ, કુદરતી વાયુ, રેતી, ચોક, મોલ્ડિંગ,

સેન્ટ અને રેતિયા પથ્થરો ખનીજરૂપે મળે છે. બનાસકાંઠાના અંબાજી નજીકના ડુંગરોમાંથી તાંબુ, જસત અને સીસું ધરાવતી મિશ્રધાતુ મળી આવી છે.

### ૮. લોકો (જાતિ સમુદાય) :

ગુજરાત રાજયના મૂળ વતનીઓ હાલ આદિવાસી તરીકે ઓળખાય છે. ગુજરાતમાં તેમની ૧૪.૯૨% વસ્તી છે તેઓ અગાઉ કાળી પરજ કે રાની પરજ તરીકે ઓળખાતા હતા. તેઓ જંગલો, પહાડો અને મેદાનોમાં વસે છે. આ લોકો ઓસ્ટ્રેલિયાની આદિવાસી જ્ઞાતિને મળતા આવે છે એટલે પ્રોટોઓસ્ટ્રોઈડ જાતિનાં કહેવાય છે. અત્યંજો પણ આ જાતિના છે તેમનામાં ઘણું જાતિ મિશ્રણ થયેલું છે. આ વર્ગો હાલ અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિ તરીકે ઓળખાય છે.

ગુજરાતની વસ્તીમાં પહોળા માથાવાળા બે સમૂહો છે. ભૂમધ્ય જાતિના એલ્પાઈન અને ડિનારિક એવા બે સમૂહો છે. સાધારણ, ઊંચાઈ, પહોળું નીચું અને પાછળથી ચપટું માથું, ગોળ મોં અને આગળ પડતું નાક અને ડિનારિક જાતિના લક્ષણો છે. ગુજરાતના નાગરો અને સૌરાષ્ટ્રના કપોળ વાણિયાનો દેખાવ ઘણે ભાગે આ વર્ગમાં આવે છે.[૧૦]

આર્મેનિયન લોકોને મળતા આર્મેનાઈડ છે. પારસીઓ આર્મેનાઈડ વિભાગના છે. આફ્રિકામાંથી આવીને ગુજરાતમાં વસેલા હબસીઓ 'નેગ્રીસો' જાતિના છે. ગુજરાતના આદિકાળથી અનેક જાતિઓ આવીને વસી છે. દ્રવિડો અને આર્યો ઉપરાંત યાદવો, ગ્રીક, રાંકો, હૂણો, ગુર્જરો, મેર, જત વગેરે ઈ.સ. ૧૪૦૦ થી ૧૬૦૦ દરમ્યાન આ માણસો આવેલા હતા. સોલંકીઓના શાસન દરમ્યાન ઉત્તરમાંથી ઔદિચ્યો મોઢ બ્રાહ્મણો અને શ્રીમાળીઓ આવ્યા હતા.

ઝાલા, જાડેજા, કાઠી વગેરે જાતિઓ રજપૂતો સાથે ભળી જઈને ક્ષત્રિયો બની ગઈ તેઓ સિંધ, મારવાડ અને બલૂચિસ્તાનમાંથી આવેલા હતા. ઉપરાંત પારસીઓ, મુસ્લિમો, મરાઠીઓ, સિંધીઓ વગેરે અનેક જાતિઓ બહારથી આવીને વસેલી છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજયની વસ્તી અંદાજે ૫ કરોડ ૫ લાખની થવા જાય છે.

## ૯. ખેતી :

ગુજરાત ખેતીપ્રદાન રાજય છે. રાજયની લગભગ ૪૮% વસ્તીનું ગુજરાન ખેતી ઉપર થાય છે. ખેતી ઉપર મોટાભાગની પ્રજા અવલંબે છે. ગુજરાત પ્રદેશનાં દક્ષિણ ગુજરાતના વિસ્તારને બાદ કરતાં બાકીના સમગ્ર વિસ્તારની જમીન ફળદ્રુપ ગણી શકાય નહીં. ગુજરાતમાં લગભગ ૧૨ લાખ હેકટર જમીન ક્ષારયુકત છે. આવી જમીનમાં ખેતીનો પ્રશ્ન ઘણો વિકટ છે. ગુજરાતના પશ્ચિમ કિનારાની જમીન દરિયાના પાણીના ઘસારાથી ક્ષારયુકત બની ગયેલી છે. ઉત્તર ગુજરાતની રણ પ્રદેશની નજીકની અને કચ્છની જમીન ઓછા વરસાદને કારણે ક્ષારયુકત થઈ ગઈ છે. ખેડા–અમદાવાદ જિલ્લાની કેટલીક જમીન ભૂતળના પાણીની સપાટી ઊંચી આવવાથી ખારવાળી બની ગઈ છે. જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારની જમીન નીચાણ વાળી હોવાથી પાણીના જમાવને કારણે ખારી થઈ ગઈ છે.

ગુજરાતના સમૃદ્ધ પાકોમાં બાજરી, જુવાર, ઘઉં, ડાંગર અને કઠોળના ધાન્ય પાકો અને મગફળી, કપાસ, તમાકુ, જીરૂ, શેરડી અને ફળફળાદીના રોકડિયા પાકોનો સમાવેશ થાય છે.




## (૨) સૌરાષ્ટ્રની ભૌગોલિક માહિતી :

સૌરાષ્ટ્ર એ ગુજરાતનો વૈવિધ્ય ધરાવતો એક વિશિષ્ટ પ્રદેશ છે. સૌરાષ્ટ્ર તેમની કેટલીક આગવી લાક્ષણિકતાઓના કારણે વિશ્વમાં પ્રખ્યાત છે. ભારતના નાના વિવિધ પ્રદેશોમાં સૌરાષ્ટ્ર એક સમૃધ્ધ સભ્ય અને રાસળ પ્રદેશ તરીકે પુરાતન કાળથી પ્રખ્યાત છે. સૌરાષ્ટ્ર પ્રદેશનું મહત્વ અનેક પુરાણ ગ્રંથોમાં સ્વીકારવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર એ ભૌગોલિક દષ્ટિએ ભારતના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ઉંધી રકાબી જેવો ઉપસેલો એક દ્વિપકલ્પ છે. સૌરાષ્ટ્ર ૨૦.૪૦° થી ૨૩.૨૫° ઉત્તર અક્ષાંશ અને ૫૯.૪° થી ૭૨.૨૦° પૂર્વ રેખાંશ વચ્ચે પથરાયેલો પ્રદેશ છે. તેનું ક્ષેત્રફળ ૬૪૩૩૮ ચો.કિ.મી. છે.[૧૧] જે પૂર્વ ગુજરાત સાથે જોડાયેલ છે અને પશ્ચિમ દક્ષિણે અરબી સમુદ્ર આવેલ છે. ઉત્તરમાં કચ્છનો અખાત આવેલો

છે. દક્ષિણ સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વતનો ઊંચો પ્રદેશ આવેલો છે. આ પ્રદેશ સોરઠ તરીકે પણ ઓળખાય છે. તેનું અર્થકારણ, રાજકારણ અને સમાજ વ્યવસ્થા આજે પણ ખેતી ઉપર અને ગ્રામીણ ક્ષેત્ર પણ આધારિત છે.

સૌરાષ્ટ્ર નામ શા પરથી પડ્યું તે માટે જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા અનુમાનો કર્યા છે. તેને કોઈએ સૂર્યરાષ્ટ્ર, કોઈએ સૌરાષ્ટ્ર અને કોઈએ સુરરાષ્ટ્ર કહ્યો છે. પરંતુ જૂના ગ્રંથો જોતા તેનું શુદ્ધ નામ સૌરાષ્ટ્ર છે.[૧૨] રામાયણ કિષ્કિંધા કાંડમાં "सौराष्ट्रन्सह वालहीकान भद्रामाहास्त थाय च" શબ્દમાં કરવામાં આવ્યો છે.[૧૩] ઈ.સ. પૂર્વે છઠ્ઠી કે સાતમી સદીમાં થઈ ગયેલા વ્યાકરણાચાર્ય પાણિનિએ सौराष्ट्रीका नारी तथा कुन्ति सुराष्ट्र અને चिन्तिसुराष्ट શબ્દો વાપર્યા છે.[૧૪] યજુર્વેદની શાખાની અંકિતામાં મહર્ષિ યાજ્ઞવલ્કેય સૌરાષ્ટ્ર દેશનો નિર્દેશ કર્યો છે. પુરાણોમાંથી મળતી હકીકત પ્રમાણે સાતમાં મનુર્વેવસ્તવના પુત્ર શર્યાતિનાપુત્ર આનર્ત રાખ્યું હોવાનું કહેવાય છે. તેનું મુખ્ય શહેર કુશાવતી હતું. હરિવંશમાં લખ્યું છે કે આનર્ત રાષ્ટ્ર બે વિભાગમાં વહેંચાયેલું હતું. (૧) સૌરાષ્ટ્ર અને (૨) અનુપ તેનું મુખ્ય શહેર ગિરિપુર હતું. આમ, સૌરાષ્ટ્ર એટલે આનર્ત, સ્વરાય, સુરોસ્થસ, ઓહેતુર, સુરઠ, સોરઠ, સૌરાષ્ટનો અર્થ સુરાષ્ટ એટલે કે સુંદર દેશ એવો થાય છે.

સૌરાષ્ટ્રની અન્ય રચના કે જેમાં ભૂમિની બનાવટ, ખનિજ, વરસાદ, આબોહવા વગેરે લગભગ તેના બધા જિલ્લામાં સમાનતાવાળી જોવા મળે છે. આથી સૌરાષ્ટ્રના બધા જિલ્લાનું વર્ણન ન કરીને માત્ર જામનગર અને જૂનાગઢ જિલ્લાનો વિશેષ પરિચય આપવામાં આવી રહ્યો છે. કારણ કે, ભરવાડોની

આર્થિક સ્થિતિ તથા સામાજિક, સાંસ્કૃતિક જીવનનું વિશેષ અધ્યયન જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરનાં અનુસૂચિત જનજાતિય ભરવાડ તથા જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોની વધુ વસ્તી ધરાવતા તાલુકા અને ગામમાં કરવામાં આવ્યું છે. આથી જૂનાગઢ અને જામનગર જિલ્લાનો તથા ગિરનો પરિચય નીચે પ્રમાણે દર્શાવેલ છે.




**જૂનાગઢ જિલ્લો :**

**ભૌગોલિક માહિતી :**

પશ્ચિમ ગુજરાત (સૌરાષ્ટ્ર) માં જૂનાગઢ જિલ્લો આવેલો છે. એશિયામાં સિંહોની વસ્તી ધરાવતો ગુજરાતનો એકમાત્ર જિલ્લો છે. જૂનાગઢ જિલ્લો ઐતિહાસિક ભૌગોલિક, ધાર્મિક, પ્રવાસન, પ્રાકૃતિક સૌંદર્ય અને સાંસ્કૃતિક દષ્ટિએ અનેરૂ મહત્વ ધરાવે છે.

## ૧. સ્થાન – સીમા :

સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગમાં જૂનાગઢ જિલ્લો ૨૦.૦૫° રેખાંશ વચ્ચે આવેલો છે. તેનો વિસ્તાર ૧૦,૬૦૭ ચો.કિ.મી. છે.[૧૫] જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૫.૪૧% થાય છે. તેની પૂર્વ બાજુએ અમરેલી જિલ્લો, ઉત્તરે રાજકોટ અને જામનગર જિલ્લો તેમજ બરડાનો ડુંગરપ્રદેશ અને દક્ષિણે અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. આઝાદી પૂર્વે આ જિલ્લો સોરઠ તરીકે ઓળખાતો હતો. ૧૪ તાલુકા ધરાવતો જૂનાગઢ જિલ્લો સ્થાન–સીમાની દષ્ટિએ ઉત્તમ રહ્યો છે.

## ૨. ભૂ–રચના :

પ્રાકૃતિક ભૂ–રચનાની દષ્ટિએ જૂનાગઢ જિલ્લાના બે વિભાગ પડે છે.(૧) ડુંગરાળ વિસ્તાર–વન વિસ્તાર (૨) સપાટ મેદાનોનો પ્રદેશ પ્રથમ વિભાગમાં ગિરનાર અને બરડાની હારમાળાઓ આવેલી છે. બીજો ભાગ દરિયાકાંઠાના મેદાનોનો છે. આ મેદાનો પૈકી માંગરોળથી ઉના સુધીનો ભાગ વનરાજિને લીધે લીલાછમ ભાગને કારણે 'લીલી–નાઘેર' તરીકે પ્રખ્યાત છે. બીજો વાયવ્યે ૫૫૦ સે.મી. વિસ્તાર ધરાવતા દરિયાની સપાટીથી નીચા મેદાવનાળો પ્રદેશ આવેલો છે. આ પ્રદેશને 'ઘેડ' તરીકે ઓળખાય છે.[૧૬]

## ૩. આબોહવા :

જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં આબોહવા ખુશ્નુમા હોય છે. અહીં ભેજવાળી ઠંડી હવા હોવાથી વાતાવરણમાં શીતળતા રહે છે. જયારે દરિયાકિનારાથી દૂરના વિસ્તારોની આબોહવા તંદુરસ્તી

વાળી નથી. જૂનાગઢ જિલ્લામાં મે અને જૂન માસમાં સૌથી વધારે તાપમાન રહેતું હોય છે. દરિયાકાંઠાના વિસ્તારમાં અરબી સમુદ્રની અસરને લીધે દૈનિક સરેરાશ ગુરૂતમ તાપમાન ૩૦.૩ સે. ગ્રેડ રહે છે. જયારે તેનું સરેરાશ લઘુતમ તાપમાન ૨૭.૫ સે. ગ્રેડ રહે છે. જિલ્લામાં સરેરાશ ૬૨૯.૧ મી.મી. ચોમાસાનો વરસાદ પડે છે. નૈઋત્યના અરબીસરના પર્વતને કારણે જૂનાગઢમાં વધારે વરસાદ પડે છે. ચોમાસામાં વરસાદના દિવસોની સંખ્યા ૩૫ છે. જયારે ઉનાળામાં મે મહિનામાં વધારેમાં વધારે ઉષ્ણતામાન ૪૨° સે. ગ્રેડ છે. તો જાન્યુઆરીમાં સૌથી વધારે ઠંડી હોય છે. આ મહિનામાં ૮° સે. ઉષ્ણાતામાન રહે છે. આમ, જૂનાગઢ માં ગીરનાર પર્વતની અસર પણ આબોહવા પર થતી જોઈ શકાય છે.

## ૪. પર્વતો અને નદીઓ :

જૂનાગઢ જિલ્લામાં ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગીરનાર આવેલો છે. તેની સૌથી વધુ ઊંચાઈ ગોરખનાથના શિખરની ૧૧૧૭.૪૦ મી. છે. તો અંબામાના શિખર ગુરૂદત્ત શિખરની ઊંચાઈ ૧૦૦૦ મી. થી વધારે છે. ગીરના ડુંગરાળ પ્રદેશની નાંદીવેલ અને તુલસીશ્યામની ડુંગરમાળાઓ પ્રખ્યાત છે. આ ગીર પ્રદેશની લંબાઈ ૪૮.૨૩ કિ.મી. છે. આ જિલ્લામાં ભાદર, ઓઝત, ઉબેણ, મચ્છુદી, અંબાજાળ, સરસ્વતી, રાવળ, હિરણ, ફૂલઝર, મધુમતી, સાંબલી જેવી નાની મોટી નદીઓ આવેલી છે. ગીરમાંથી નીકળતી ભાદર નદીમાં વર્ષના મોટાભાગના દિવસો પાણી વહેતું રહે છે. ભાદર સૌરાષ્ટ્રની સૌથી લાંબી નદી છે. ભાદર નદી જસદણ પાસેની ટેકરીમાંથી નીકળે છે. આ નદીની લંબાઈ ૧૭૭ કિ.મી. છે. એ પછી ઓઝત નદીની લંબાઈ

૧૫૭ કિ.મી. છે. બાકીની નદીઓની કુલ લંબાઈ ૨૦ કિ.મી. થી ૬૦ કિ.મી. ની વચ્ચે રહે છે.[૧૭]

## ૫. જંગલો :

જૂનાગઢ જિલ્લાના જંગલોમાં ચોમાસાના ખરાઉ પ્રકારના અને કાંટાવાળા વૃક્ષો જોવા મળે છે. ગીરનારના જંગલો, ગીરના જંગલો, બરડા ડુંગરમાં આવેલા વૃક્ષો અને દરિયાકાંઠે આવેલા જંગલોનો કુલ વિસ્તાર ૧,૫૦,૫૦૩–૭૮ હેકટર થવા જાય છે. આમાંથી મોટાભાગના જંગલો ડુંગરોના ઢોળાવો, તળેટી વગેરે સ્થળે આવેલા છે. ગીરના જંગલોના વિસ્તાર ૧૮૧૦ હેકટર થાય છે. આ જંગલોમાં હલકી જાતનો સાગ, સાદડ, ગોરડ, કલમ, અતેડી, માલણ, ગૂગળી, મજીઠ, સિસોટી, ખરસાણી, થોર, સીસમ, આશિતરી, સંદેરો, અંબાડી, બાવળ, ખેર, જાંબુ, ટીમરું, લીમડો વગેરે વૃક્ષો થાય છે. આ ગીરના જંગલોમાં પાણી અને ઘાસચારાની સગવડ સચવાઈ રહેતી હોવાથી ઘણા માલધારીઓ અહીં રહે છે. તો આજ ગીરના જંગલોમાં દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષણરૂપ સિંહોનું નિવાસસ્થાન ગીર અભ્યારણય આવેલું છે. આ અભ્યારણ્યમાં ૩૦૪ સિંહોની વસ્તી છે. સિંહો ઉપરાંત બીજા પ્રાણીઓમાં દીપડા, શિયાળ, વાંદરા, વરૂ, નીલ ગાય, જંગલી ભૂંડ, હરણ ઈત્યાદી પ્રાણીઓ પણ વસે છે.

## ૬. ખનિજ :

જૂનાગઢ જિલ્લામાં મળતા ખનિજોમાં ચિરોડી, ચોક, બોકસાઈટ, અગ્નિજીત, માટી, કંકર, રેતી, કોલ્સાઈટ, રેતીયા અને ચુનાના

પથ્થરો, મીઠું મળે છે. જૂનાગઢ જિલ્લામાં સૌથી વધારે મળે છે. તે રાજયમાં પ્રથમ આવે છે. તે બાંધકામમાં વપરાતા પથ્થરો પણ સૌથી વધારે પ્રાપ્ત થાય છે. આ પથ્થર સિમેન્ટ ઉદ્યોગમાં પણ ઉપયોગી થાય છે.

## ૭. વસ્તી :

જૂનાગઢ જિલ્લાની (૨૦૦૧) કુલ વસ્તી ૪૫,૬૭,૧૯૭ છે. તે પૈકી ૨૩,૩૨,૬૧૩ પુરુષો અને ૨૨,૩૪,૫૮૪ સ્ત્રીઓ છે. એક હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ ૯૫૯ છે. દર ચો.કિ.મી. દીઠ ૧૯૭ માનવીની વસ્તી રહેલી છે. શહેરી વસ્તીનું પ્રમાણ ૨૮.૩૭% છે.[૧૮] જૂનાગઢ જિલ્લામાં વિવિધ પ્રકારની જ્ઞાતિઓ વસે છે.જેવી કે કણબી, આહીર, કોળી, કારડિયા રાજપૂત, ગોર બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, મુમના, ઘાંચી, મેમણ, ખોજા, વોરા, ખારવા, રબારી, ચારણ, ભરવાડ, કાઠી, સીદી, વણકર વગેરે તેમનું પ્રાચીન લોકજીવન કલા–વારસો સંસ્કૃતિ આ માનવવસ્તીમાં જળવાઈ રહ્યા છે. આ લોકોના ધાર્મિક તહેવારો, ભાતીગળ લોકમેળાઓ, જ્ઞાતિ રિવાજો, પહેરવેશ, માન્યતાઓ, તેમના સમાજજીવનની સંવાદિતા ઘાતક છે. આ લોકોની ગરીમાયુકત સુસંસ્કૃતિ ગુજરાત રાજયમાં ખ્યાત છે.

## ૮. ખેતી–પશુપાલન :

આ જિલ્લાના ૭૦% માનવવસ્તીનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જૂનાગઢમાં વિશાળ કૃષિ યુનિવર્સિટી આવેલી છે. જે સુધારેલા બિયારણ વાવેતરની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપે છે. ખેતીમાં શેરડી, તલ, મગફળી, એરંડા, મરચા, નાળિયેર અને કપાસ જેવા પાકોનું વાવેતર

૫૭.૬૨% જેટલું હોય છે. આ જિલ્લામાં તલ, જુવાર, બાજરાનું વાવેતર ઘટતું રહ્યું છે. તો ઘઉં, મકાઈ, ચણા અને મગફળીનું વાવેતર વધતું જાય છે. કેળા, કેરી, પપૈયા, અને ચીકુ જેવા ફળો–શાકભાજીનું વાવેતર પણ વધારે થતું જાય છે. અહીં આસપાસના વિસતારમાં નાગરવેલના પાનનું વાવેતર પુષ્કળ થાય છે.

ખેતીના વ્યવસાય સાથે પશુપાલનનો વ્યવસાય પણ સંકળાયેલો છે. પશુપાલન પ્રવૃતિની પ્રેરણાને કારણે પશુધનની સંખ્યા વધતી રહી છે. આ જિલ્લાની ગીરની ગાય અને બળદ પ્રસિધ્ધ છે. જાફરાબાદી કે ગિર ઓલાદની ભેંસ ૭ થી ૧૨% ચરબીયુક્ત દૂધ આપે છે. ગીરની ગાય વધારે દૂધ આપવા માટે અને ખેતી માટેના સારા બળદ માટે પ્રખ્યાત છે.

## ૯. સિંચાઈ :

જૂનાગઢ જિલ્લામાં મોટા કદની કોઈ સિંચાઈ યોજના નથી. મધ્યમ કદની સિંચાઈ યોજનામાં ઓઝત, રાવલ, મચ્છુદ્રી, કાલિન્દ્રી, મધુવંતી હિરણનો સમાવેશ થાય છે. જિલ્લાનો કુલ પિયત વિસ્તાર ૧.૮૦ હેક્ટર જેટલો છે. કુલ ખેતી વિસ્તારના ૨૦% પિયત વિસ્તાર છે. જિલ્લામાં નહેરની લંબાઈ ૨૪,૩૮૭ કિ.મી. છે. તેના દ્વારા ૪૫૭૯ હેક્ટરમાં સિંચાઈ થાય છે. નાની સિંચાઈ માટે કૂવાનો ઉપયોગ થાય છે. તેવા કૂવાની સંખ્યા ૧,૦૨,૩૬૬ છે. જેના દ્વારા ૧,૭૪,૦૯૩ હેક્ટરમાં સિંચાઈ થાય છે.[૧૯]

## જૂનાગઢ જિલ્લાનો ઈતિહાસ :

ઐતિહાસિક દષ્ટિએ જૂનાગઢ જિલ્લો ૨૫૦૦ વર્ષનો સળંગ ઈતિહાસ ધરાવે છે. ખૂબ ઓછા પ્રમાણમાં અઢી હજાર વર્ષનો અકબંધ ઈતિહાસ પ્રાપ્ત જિલ્લા નજરે ચડે છે. જૂનાગઢ જિલ્લો અઢી હજારના ઈતિહાસને શીલ સીલાબંધ રીતે આપણી સમક્ષ તાદશ કરે છે. અહી ૨૫૦૦ વર્ષ પૂર્વના ઈતિહાસની શાખાની સાબિતી સમાન અશોકનો શિલાલેખ આવેલો છે. ગિરિનગરીની આ ધર્મ લિપીમાં ગુજરાતી પ્રજાને સંસ્કારનું બળ પૂરું પાડનાર અને ઘડનાર સૌપ્રથમ ઈતિહાસ સિદ્ધ પુરાવો છે.

**आदौ मणिपुरं नाम, चन्द्रकेतुपुरे स्मृतं**
**तृतीयं रैवतं नाम कलौ पौरातनं पुरं ॥**

ઉપરોકત શ્લોક અનુસાર જૂનાગઢનું પ્રાચીન નામ મણિપુર હતું. ત્યારબાદ પછી તેનું નામ ચન્દ્રકેતુપુર પડયું. કેટલાક સમય પછી ત્રીજુ નામ રૈવત અને લોખંડ યુગમાં તેનું નામ પૌરાતનપુર હતું.[૨૦] રૂદ્રમાના ૧૫૦ ના શિલાલેખોમાં અને વલ્લભીપુરના ૬૩૨ અને ૬૬૬ ના તામ્રપત્રોમાં જૂનાગઢ નો ગીરીનગર તરીકે નામોલેખ છે. ૭મી કે આઠમા દાયકા બાદ પુનઃવસાવટ થતાં આ નગરને 'જીર્ણદુર્ગ' નામાભિધાન મળ્યું હશે અને આ 'જીર્ણદુર્ગ' નું જ ૧૭માં દાયકા દરમ્યાન 'જૂનાગઢ' નામ પડયું હોય તેમ જણાય આવે છે.

જૂનાગઢ જિલ્લાનો ઈતિહાસ પ્રાગ–ઔતિહાસિક સમયથી ઈ.સ. પૂ. ૨૦૦૦ કે તે પૂર્વથી શરૂ થાય છે. પ્રભાસપાટણથી ઈશાન પૂર્વ આશરે ત્રણ કિ.મી. દૂર હિરણ નદીને કિનારે નગરનો પ્રાચીન ટીબો આવેલો છે. આ ટીબાના સૌથી નીચેના સ્તરમાંથી હડપ્પા સંસ્કૃતિ પૂર્વેના રાખોડિયા રંગના માટીના

વાસણો પ્રાપ્ત થયા છે. કોતરકામવાળા, ખાંચાવાળા, માટીના પાત્રો, પ્રભાસ, મૃત્પાત્ર તરીકે ઓળખાય છે. આ પ્રાચીન અવશેષોનો સમય ઈ.સ. ૧૭૦૦ થી ઈ.સ. ૨૦૦૦ છે. આ ઉત્પાદનોમાં બુઢા કાંગરીવાળા અને સમાંતર બાજુવાળા હડપ્પીય પ્રકારના વાડકા જેવા અવશેષો તે સમયનું વિકસીત કુંભારીકામ સૂચવે છે. બીજા મળી આવેલા અવેશેષો સમૂહમાં દોરેલી રેખાંકિત પટ્ટીઓ અને ત્રાંસી અને તરંગાકાળ રેખાઓ વાળા પાત્રાદાનો મળ્યા છે. ઉપરાંત કાળા પોલીસ વાળા ચકચકિત માટીના વાસણોનો સમય ઈ.સ. પૂર્વે ૫૦ થી ૧૦૦ છે.[૨૧]

પુરાણકાળ પ્રમાણે કુથસ્થલીના શયતોનું અને ત્યારબાદ યાદવોનું અહીં શાસન હતું. પ્રભાસપાટણના સ્થળે યાદવાસ્થળીમાં કૃષ્ણ સહિત ઘણા લોકોનું મૃત્યુ થયેલું ભગવાન કૃષ્ણના મૃત્યુનું સ્થળ દેહોત્સર્ગ (ભાલકાતીર્થ) નામે આજે જૂનાગઢમાં પ્રખ્યાત થયું છે.

**જૂનાગઢનો નકશો :**



## ગીર પરિચય :

ગુજરાતના ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી. ના ભૌગોલિક વિસ્તારમાં સમૃદ્ધ વનસ્પતિઓની વિવિધતા અને પ્રાકૃતિક જૈવસૃષ્ટિ પથરાયેલી છે. આ જૈવ સૃષ્ટિમાં ભેજવાળા જંગલો, પાનખર જંગલો, કાંટાળી વનસ્પતિઓ, ઘાસના મેદાનો, રણ પ્રદેશો, મેદાનો અને દરિયા કિનારાના મેદાનોનો સમાવેશ થાય છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા, દહેરાદૂનના 'ધ સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ–૧૯૯૩ અનુસાર ગુજરાતમાં કુલ જમીન વિસ્તારના ૧૯,૩૯૩ ચો.કિ.મી. એટલે કે ૯.૯% વિસ્તારમાં જંગલો આવેલા છે પણ ખરેખર આચ્છાદિત વિસ્તાર ૧૨,૦૪૪ ચો.કિ.મી. એટલે કે કુલ વિસ્તારના ૬.૧% જેટલો છે. ૧૯૬૮ માં ચેમ્પિયન અને શેઠ દ્વારા જંગલોના પુનઃવર્ગીકરણને આધારે ગુજરાતમાં જંગલોના ૨૨ પેટા પ્રકાર પાડવામાં આવ્યા છે. આ જંગલોને ગુજરાતના ત્રણ ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ વર્ગીકરણ મુજબ ગુજરાતના જંગલોનું દક્ષિણ ગુજરાતના જંગલ મધ્ય અને ઉત્તર ગુજરાતના જંગલો તથા સૌરાષ્ટ્ર અને કચ્છના જંગલો એમ ત્રણ વિસ્તારોમાં વિભાજન કરાયું છે.

## વિસ્તાર :

ગીરના જંગલોની ભૂજૈવ પ્રણાલીનો ઝોન–૪ માં (અર્ધ સૂકા અને ૪–બીમાં સમાવેશ થાય છે. ગુજરાત સરકારે ૧૪૨૧.૧ ચો.કિ.મી. વિસ્તારને સંરક્ષિત જાહેર કર્યો છે. આ વિસ્તાર પૈકીના ૮ ચો.કિ.મી. વિસ્તારમાં રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તરેલું છે. જયારે બાકીના ૧૧૫૩.૪ ચો.કિ.મી. વિસ્તારને અભ્યારણ્ય જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૪૭૦.૫ ચો.કિ.મી. વિસ્તારના

વનવિસ્તારને બફર ઝોન, સંરક્ષિત અને અવર્ગીકૃત જંગલ તરીકે જાહેર કરાયો છે. આમ ગણતરી માંડતા ગીરના જંગલોનો કુલ વિસ્તાર ૧૮૮૨.૬ ચો.કિ.મી. થાય છે. આ જંગલ જૂનાગઢ, અમરેલી જિલ્લામાં ફેલાયેલું છે. જૂનાગઢ જિલ્લામાં ૧૫૦૨.૭ ચો.કિ.મી. વિસ્તારમાં અને અમરેલી જિલ્લામાં ૩૭૯.૯ ચો.કિ.મી. વિસ્તારમાં જંગલ વિસ્તરેલું છે. ગીરના જંગલની સૌથી નોંધપાત્ર બાબત તેની સ્થિર જૈવ પ્રણાલી છે. જેનું આપમેળે જ સંવર્ધન થાય છે અને તેને કારણે તે ટકી રહી છે. વળી, તે માટેની તમામ અનુકૂળતાઓ પણ તેમાં વિદ્યમાન છે.

## ૨. સ્થળ, ભૂગોળ અને ભૂસ્તરીય રચના :

ગીરનું જંગલ ૨૦°.૪૦° ઉત્તર અક્ષાંશવૃત્તથી ૨૧°.૫૦° ઉત્તર અક્ષાંશવૃત્ત ૭૦°.૫૦° પૂર્વ રેખાશંવૃત્તથી ૭૭°.૫૦° પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરેલું છે. આ સમગ્ર વિસ્તારની જમીન પર મુખ્યત્વે મધ્યમ ઊંચાઈની ટેકરીઓ, ખીણો, ઉચ્ચ પ્રદેશો તથા અનિયમિતપણે ફેલાયેલી ટેકરીઓની હારમાળાઓ છે. ઉત્તરનો વિસ્તાર દક્ષિણ વિસ્તારની સરખામણીમાં ટેકરીઓથી છવાયેલો છે. તેથી નદીનો પ્રવાહ મુખ્યત્વે દક્ષિણ અને નૈઋત્વ ખુણા તરફ વધારે હોય છે.

ગીરના જંગલોની તમામ ટેકરીઓની રચના જવાળામુખીય પ્રવૃતિઓને કારણે થઈ છે. તેથી આ ટેકરીઓમાં મુખ્યત્વે ડોલોમિટ, બેસાલ્ટ જેવા અગ્નિકૃત ખડકો જોવા મળે છે. ટેકરીઓનો દેખાવ પગથિયા જેવો હોવાથી તેને દ્વેપ કહે

છે. આ ઉપરાંત રેતીના પથ્થરો, લાઈમ સ્ટોન અને અનિયમિત આકારના શિષ્ટ ખડકો જોવા મળે છે. જવાળામુખીય પ્રવૃતિને કારણે બનેલા અગ્નિકૃત ખડકોને કારણે અહીંના  માટી કાળા રંગની દેખાય છે. જયારે તેના પથ્થરો અને લાઈમ સ્ટોનને કારણે લાલ ભૂખરા રંગની ગોરાડુ જમીન પણ જોવા મળે છે. આ જંગલની જમીનમાં નદી કિનારાના વિસ્તારોમાં ઝીણી કાંકરીવાળી માટી, ખીણ પ્રદેશોમાં કાપયુકત માટી– ટેકરીઓના પ્રદેશોમાં પથરાળ માટી ફેલાયેલ છે.

## ૩. આબોહવા :

ગીરના જંગલનો ઉષ્ણકટિબંધીય મૌસમી પ્રકારની આબોહવાવાળા પ્રદેશમાં સમાવેશ થાય છે. તેથી અહીં ઉનાળા દરમ્યાન તાપમાન ખૂબ ઊંચું રહે છે. અહી શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણેય ઋતુઓ અનુભવાય છે. નવેમ્બરના પાછળના પખવાડિયાથી માર્ચની શરૂઆત સુધી હવામાન ઠડું રહે છે. આ સમયગાળા દરમ્યાન હવામાં ભેજનું પ્રમાણ નહીવત હોય છે. શિયાળામાં તાપમાન ૧૦° સે. જેટલું નીચું રહે છે. જયારે ઉનાળમાં ૪૩° સે. જેટલું ઊંચું રહે છે. જૂનના મધ્ય ભાગથી સપ્ટેમ્બરનો સમયગાળો ચોમાસાનો છે. મોટા ભાગનો  જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં જ વરસે છે. ગીરના પશ્ચિમે આવેલા કમલેશ્વર બંધ અને પૂર્વ ભાગમાં આવેલા રાવલ બંધના છેલ્લા ૨૮ વર્ષોના વરસાદના આંકડા દર્શાવે છે કે અનિયમિત ચોમાસા અને વરસાદને કારણે આ વિસ્તારોમાં ૬૦૦ થી માંડીને ૧૦૦૦ મી.મી. જેટલો સરેરાશ વરસાદ પડે છે. આ વિસ્તારમાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થવાની શકયતાઓ વધારે રહે છે.

**કોષ્ટક–૧ ગીરના જંગલમાં વન્યજીવોની વસ્તી**

| વર્ષ | સિંહ | દિપડા | ઝરખ | તૃણાહારી પ્રાણીઓ | સિંહ દીઠ તૃણા પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૯૬૮ | ૧૭૭ | – | – | – | – |
| ૧૯૭૪ | ૧૮૦ | ૧૪૨ | ૦૬૩ | ૯૬૩૫ | ૫૩.૫ |
| ૧૯૭૯ | ૨૦૫ | ૧૬૧ | ૦૮૪ | ૧૪૯૬૪ | ૭૩.૦ |
| ૧૯૮૫ | ૨૩૯ | ૨૦૧ | ૧૯૨ | ૧૬૯૦૫ | ૭૦.૭ |
| ૧૯૯૦ | ૨૮૪ | ૨૧૨ | ૦૯૭ | ૩૨૭૯૨ | ૧૧૫.૦ |
| ૧૯૯૫ | ૩૦૪ | ૨૬૮ | ૧૩૭ | ૩૮૨૨૧ | ૧૨૫.૭ |
| ૨૦૦૧ | ૩૨૭ | ૩૧૧ | – | ૫૨૦૦૦ | ૧૫૯.૦ |
| ૨૦૦૫ | ૩૫૯ | – | – | ૪૯૯૬૫ | ૧૩૯.૧૭ |

**૪. માલધારી :**

ગીરના જંગલોમાં પેઢીઓથી વસેલા માલધારીઓ ગીરની જૈવ્યવસ્થામાં એક અગત્યનો હિસ્સો છે. જંગલ વિસ્તારમાં તેઓ 'નેસ' તરીકે ઓળખાતા નાના ઝુંપડાઓના જૂથમાં રહે છે. પહેલાના સમયમાં માલધારીઓને તેમના પાલતુ પશુઓ માટે પુષ્કળ પ્રમાણમાં પાણી–ઘાસચારો મળી રહેતા હતા પણ સમય જતાં પશુઓની સંખ્યામાં વધારો થતાં તેમના વનના સ્ત્રોતો પર નકારાત્મક અસર પડી છે.

એટલું જ નહીં જંગલના તૃણાહારી પ્રાણીઓની સંખ્યા ઘટતા સિંહોએ માલધારીઓના પાલતુ પશુઓના શિકાર કરવાનું વધાર્યું છે. આ કારણસર માલધારી ઓની આર્થિક પરિસ્થિતિ કથળી છે. તેથી માલધારીઓના સામાજિક–આર્થિક વિકાસ માટે અને વન્ય જીવનના ફાયદા માટે અભ્યારણ્યોની બહાર તેમના પુનઃસ્થાપન માટેના પ્રયત્નો કરવા જરૂરી છે.

## ૫. ગીરના જંગલનાં વસાહતી ગામડા :

ગીરના જંગલોમાં ૫,૧૭૬ હેકટર વિસ્તારમાં ૧૪ વસાહતી ગામડાઓ પણ છે. આ ગામડાઓમાં ૪,૫૦૦ ની માનવ વસ્તી છે. જયારે તેમના પશુઓની સંખ્યા ૪,૨૦૦ જેટલી છે. હાલમાં ૧૫ વર્ષના સમયગાળા માટે ભાડાપટ્ટે ખેતી કરવાના ઉદ્દેશ્ય સાથે વસાહતી જમીન તરીકે કુલ ૧૮૬૭ હેકટર જમીન ફાળવવામાં આવી છે. આ ભાડાપટ્ટાનો કરાર ફરીથી રિન્યુ કરી શકાશે. વન્ય વસાહત કાર્યક્રમ અંતર્ગત વન વિભાગ જ વિકાસની તમામ કામગીરી બજાવી રહ્યું છે.

દક્ષિણ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના વસાહતીઓની સરખામણીમાં ગીરના વસાહતીઓની દશા સંપૂર્ણપણે નોખી છે. એક જ ગામમાં રહેતા ઘણાં લોકો તેમના બીન વસવાટી લોકોની સરખામણીમાં આર્થિક રીતે સદ્ધર છે. જો કે જંગલના વસાહતી તરીકે માલધારીઓની જેમ તેમને પણ અભ્યારણ્ય વિસ્તારમાં પોતાના પશુઓને ચરાવવાની છૂટ આપવામાં આવે તેવી આ વસાહતી લોકો દ્વારા માંગણી કરવામાં આવી છે.[૨૨]

૮




## જામનગર જિલ્લો :

### ૧. સંક્ષિપ્ત ઈતિહાસ :

બ્રિટિશરોએ રાજકીય હેતુસર કાઠિયાવાડ દ્વિપકલ્પની અંદર કાઠિયાવાડ એજન્સીના જે ચાર પ્રાંત કે પેટાવિભાગ પાડયા હતા તેના ભાગનું એક નામ હાલાર પાડયું હતું. હાલાર શબ્દનું મૂળ નામ ઉત્તરમાંથી આવેલા અને સૌરાષ્ટ્રમાં પ્રવેશીને ઘુમલીના જેઠવાઓનો મોટાભાગનો પ્રદેશ જીતી લેનાર જામહાલા પરથી શોધી શકાય છે. તેના અનુગામી જામરાવલે જેઠવાઓ પાસેથી વધુ પ્રદેશો જીતી લઈને પોતાની સંપત્તિ મજબૂત કરીને અને નવાનગરનું રાજય સ્થાપ્યું એ જામહાલાના અનુગામી તરીકે જામરાવલ હાલારણી તરીકે ઓળખાયા. તેમણે હાલાર તરીકે ઓળખાતું હાલાર કબજે કર્યુ. ૧૯૫૯ માં વડોદરાના ગાયકવાડના કબજા હેઠળ અમરેલી જિલ્લાના ઓખા મંડળને અગાઉ આ જિલ્લામાં ભેળ વવામાં આવ્યો ત્યારે આ જિલ્લાનું ફરીથી જામનગર નામ રાખવામાં આવ્યું. હાલારના જિલ્લાનું નામ જામનગર શહેર અને રાજધાની પરથી પડેલ છે. જે નામ રાજાઓ પોતાને જામ તરીકે ઓળખાતા તેના ઉપરથી આવેલ છે.

## ૨. ભૌગોલિક સ્થાન :

જામનગર જિલ્લો ગુજરાત રાજયના ઉત્તર પશ્ચિમ સીમાડે આવેલો છે. જામનગર જિલ્લાની ઉત્તર સરહદે અંશતઃ કચ્છનું રણ અને અંશતઃ કચ્છનો અખાત આવેલો છે. દક્ષિણ દિશાએ જૂનાગઢ અને પૂર્વમાં રાજકોટ પશ્ચિમમાં અરબી સાગર આવેલો છે. જામનગર જિલ્લો ૨૧.૪૪° થી ૨૨.૫૦° ઉત્તર અક્ષાંશ અને ૬૯.૫૭° થી ૭૦° પૂર્વ રેખાંશ પર આવેલો છે જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૪.૧૨૫ કિ.મી. નો છે. જામનગર શહેર સહિત જામનગર જિલ્લામાં દશ નાના તાલુકાઓ આવેલા છે. જિલ્લાના કુલ ૭૫૩ ગામો છે જેમાં ૬૯૪ વસવાટી ગામો અને ૧૮ શહેરો આવેલા છે.

## ૩. ભૂ–રચના :

જામનગર જિલ્લો વત્તા–ઓછા અંશે સપાટ છે. જિલ્લાનો વિસ્તાર આજુબાજુ સાગરપટ્ટીથી સંકળાયેલ હોય મોટાભાગની જમીન ખારાશવાળી છે. જામનગર કલ્યાણપુર અને જોડિયા તાલુકામાં કાળી માટી વધારે જોવા મળે છે. જયારે અન્ય તાલુકામાં મોટાભાગે સહેજ ભૂરાશ પડતી જમીન જોવા મળે છે. આ જિલ્લાની પૂર્વ તરફની જમીન અને દક્ષિણ તરફની જમીન ફળદ્રુપ હોવાથી અનાજ તથા રોકડિયા પાકોનું વાવેતર થાય છે.

## ૪. વરસાદ તથા ઉષ્ણતામાન :

જામનગર જિલ્લામાં મોટાભાગનો વરસાદ ચોમાસાની ઋતુમાં દક્ષિણ–ઉત્તર તરફનો હોય છે. જિલ્લાના ૧૦ તાલુકાઓ પૈકી ઉત્તર–પશ્ચિમના તાલુકાઓમાં ભાટિયા, કલ્યાણપુર અને ઓખા મંડળમાં વરસાદની અછત રહે

છે. વરસાદી ઋતુ જૂનથી ઓકટો. દરમ્યાન રહે છે. ૨૦૦૨ ના વર્ષ દરમ્યાન સૌથી વધુ ઉષ્ણતામાન ૩૭.૦ સેન્ટીગ્રેડ અને સૌથી ઓછામાં ઓછું તાપમાન ૯.૦ સેન્ટીગ્રેડ જોવા મળેલ છે. દરિયાકિનારા સિવાયના વિસ્તારમાં શિયાળામાં ખૂબ જ ઠંડી, ઉનાળામાં ખૂબ જ ગરમી જોવા મળેલ છે.

**૫. નદીઓ :**

જામનગર જિલ્લામાં બારેમાસ વહેતી કોઈ નદીઓ નથી. પરંતુ ચોમાસા પૂરતી વહેતી હોય તેવી ૨૩ નદીઓ છે. આ નદીઓની વધારેમાં વધારે પહોળાઈ ૬૦૦ ફૂટ છે જે રાજયની મોટી નદીઓની તુલનામાં માત્ર નાની નદીઓ જ ગણાવી શકાય. મોટાભાગની નદીઓનો પ્રવાહ કચ્છના અખાત તરફથી જિલ્લાની ઉત્તર પશ્ચિમના ભાગ તરફ વળે છે. આ નદીઓ વર્ષાઋતુ પછી ૧૦ કે ૧૫ દિવસમાં સુકાઈ જાય છે. જયારે તેનો આંતરપ્રવાહમાં જમીનનું તળ થોડું વધારે સમય ચાલે છે.

આમ, વખતોવખત નબળા ચોમાસાને લીધે અને બારમાસી નદીના અભાવે આ જિલ્લામાં પિયત માટેના પાણીની તીવ્ર તંગી જોવા મળે છે.

**૬. વહીવટી માળખું :**

જામનગર જિલ્લામાં કુલ ૧૦ તાલુકાઓ કુલ ૬૯૪ વસ્તીવાળા અને ૬૦ વસ્તી વગરના ગામડાઓ છે. ૧૮ શહેરો છે. જામનગર જિલ્લામાં જામનગર એક મહાનગરપાલિકા છે. બે નગરપાલિકા છે. ૬ મ્યુનિસિપલ બરો છે. ૬૬૫ ગ્રામ પંચાયતો, ૨૧ જૂથ ગ્રામ પંચાયતો અને ૧૦ તાલુકા પંચાયતો છે. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત દ્વારા વિકાસકીય પ્રવૃતિઓ અને જમીન મહેસુલની કામગીરી હાથ ધરવામાં આવે છે.

## ૭. વસ્તી :

૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ જામનગર જિલ્લાની કુલ અંદાજિત વસ્તી ૧૯ લાખ ૧૩ હજાર ૬૮૫ ની છે. જેમાં પુરુષોનું પ્રમાણ ૯ લાખ ૨૮ હજાર ૪૧૯ થવા જાય છે. ૧૯૯૧ થી ૨૦૦૧ ના દશકામાં જામનગર જિલ્લાની કુલ વસ્તીમાં ૨૨.૪૦% ના વધારો થયેલો જોવા મળે છે. જામનગર જિલ્લામાં જાતિ પ્રમાણે ૧૯૯૧ માં ૯૪૯ હતું તે ઘટીને ૨૦૦૧ માં ૯૪૨ જોવા મળ્યું છે. જામનગર જિલ્લામાં શહેરીકરણનું પ્રમાણ ૨૨.૩૯% અંદાજવામાં આવ્યું છે. જામનગર જિલ્લામાં વસ્તીની ગીચતા ૧૯૯૧ માં ૧૧૧ હતી તે ૨૦૦૧ માં વધીને ૧૩૫ ની જોવા મળે છે. જામનગર જિલ્લાની તાલુકાવાર જાતિવાર વસ્તીનું પ્રમાણ નીચે મુજબ છે.

સૌથી વધુ વસ્તી જામનગર તાલુકામાં ૭ લાખ ૬૨ હજાર ૮૬૧ ની છે. સૌથી ઓછી વસ્તી ધ્રોલ તાલુકાની ૭૪, ૯૪૬ છે. દરેક એક હજાર પુરુષોએ સ્ત્રી ઓની  સંખ્યામાં સૌથી વધુ કાલાવડ તાલુકામાં ૧૦૧૩ અને સૌથી ઓછી ઓખા મંડળ તાલુકામાં ૯૧૩ ની જોવા મળેલ છે. જામનગર જિલ્લાની કુલ વસ્તીમાં પુરુષો  ૯ લાખ ૮૫ હજાર ૨૬૬ અને કુલ સ્ત્રીઓ ૯ લાખ ૨૮ હજાર ૪૧૯ છે. કુલ ગ્રામ્ય વસ્તી ૧૦ લાખ ૭૫ હજાર ૯૭૨ છે. તેમાંથી ગ્રામ્ય સ્ત્રીઓ ૫ લાખ ૨૭ હજાર ૪૦૧ અને પુરુષો ૫ લાખ ૪૮ હજાર ૫૭૧ છે. શહેરની કુલ વસ્તી ૮ લાખ ૩૭ હજાર ૭૧૩ છે.

## ૮. ખનિજ સંપત્તિ અને ઉદ્યોગ :

જિલ્લામાં ખનિજ સંપત્તિ સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આમાં મુખ્યત્વે બોકસાઈડ, કેલ્સાઈડ, ચુનો, પથ્થર, બાંધકામને લગતો કાચો માલ વગેરે ખનિજ

પેદાશો છે. ઉદ્યોગમાં મુખ્યત્વે કૃષિ આધારિત ઉદ્યોગો જેવા કે તેલ મિલોને ગણાવી શકાય તથા અન્ય પેદાશોમા રાસાયણ, કાપડ મિલ વગેરે મોટા ઉદ્યોગોના એકમો આવેલા છે.

તાજેતરમાં રિલાયન્સ અને એસ.આર. ના આગમનને કારણે રીફાઈનરી ઉદ્યોગ વિકસી રહ્યો છે. તેથી તેમના આનુષંગીક ક્ષેત્રો માટે પણ અવકાશ વધ્યો છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીક સામાન, પિત્તળની વિવિધ વસ્તુઓ (બ્રાસપાટ) બાંધણી, જરીકામ વગેરે જામનગરની આગવી વિશિષ્ટતાઓવાળા નાના પાયાના ઉદ્યોગો રહેલા છે.[૨૩]

## ૬. અભ્યાસ હેઠળના ગામોનો પરિચય :

ભરવાડોના ગામ ખાસ અલગ ન હોઈ સૌરાષ્ટ્રના અન્ય સામાન્ય ગામોની જેમ જ હોય છે. ગામમાં તેની સાથે બ્રાહ્મણ, વાણિયા, દરબાર, પટેલ, વાણંદ, મોચી વગેરે જ્ઞાતિઓ નિવાસ કરે છે. સૌરાષ્ટ્રના લગભગ મોટાભાગના ગામોમાં સમાનતા જોવા મળે છે. ગામની રચના સમજવા માટે પસંદ કરેલ જૂનાગઢ જિલ્લાના બિલખા, કાલસારી, ચણાકા અને જામનગર જિલ્લાના કાલાવડ, ખરેડી, જશાપર વોડીસાંગ અને અલિયા ગામોની રચના કરવામાં આવે છે.

## (એ) જૂનાગઢ જિલ્લાના પસંદ કરેલ ગામો :

### (૧) બિલખા :

બિલખા ગામ જૂનાગઢ જિલ્લાનાં જૂનાગઢ તાલુકામાં જ આવેલું છે. જૂનાગઢથી લગભગ આશરે ૨૦ કિ.મી. દૂર છે. રેલ્વે દ્વારા જૂનાગઢથી બિલખાનું

અંતર આશરે ૧૫ કિ.મી. જેવું છે. ગામમાં વસ્તી આશરે ૧૫ થી ૧૭ હજારની આસપાસ છે. આ ગામમાં જમીન ફળદ્રુપ તથા વાતાવરણ થોડું ભેજવાળું હોવાને કારણે આ વિસ્તારમાં પશુપાલકોને ઘાસચારા માટે યોગ્ય જગ્યા લાગતા તેમજ ધંધા–પાણી માટે પણ ગામ સારુ લાગતા અહીં તે વસવાટ કરવા લાગ્યા. ગામના ઈતિહાસના સંબંધમાં પ્રાપ્ત જાણકારી અનુસાર આ ગામમાં નથુરામ શર્માનો આશ્રમ, સંસ્કૃત પાઠશાળા અને શેઠ સગળશા ચેલૈયાને લીધે પ્રખ્યાત છે. તેમજ આ ગામમાં રાવતસાગર તળાવ આવેલું છે.

બિલખા ગામમાં ઈન્દીરાનગર, વાઘરીવાસ,રાવતપરા, પશ્ચિમ– મધ્યમ, ગૌતમનગર, કામદાર શેરી, ગઢિયા શેરી, મેઈન બજાર, રેલ્વે ફાટક વિસ્તાર, લીમડા ચોક, પંચાયત કચેરી વિસ્તાર, કન્યાશાળા વિસ્તાર, ધર્મશાળા રોડ, બિલનાથ શેરી વગેરેજેવા ફળિયામાં ફેલાયેલું છે.

બિલખા ગામમાં એક કિનારે હરિજનોનું ફળિયું છે. જયાં માત્ર હરિજનો જ રહે છે. અનેભરવાડો પણ અનેક છૂટાછવાયા વિસ્તારોમાં વસે છે.

ગામની વચ્ચે ચોરાની બાજુમાં બિલનાથ મહાદેવ અને રામનાથ મહાદેવનું મંદિર આવેલું છે. ગામના એક કિનારે ગ્રામ પંચાયતની ઓફીસ, સરકારી દવાખાનું તેમજ ગામની વચ્ચે પોસ્ટ ઓફીસ, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કોલેજ આવેલ છે જે રેલ્વે ફાટક પાસે આવેલ છે. આમ, ગામમાં રેલ્વેની સારી એવી સગવડતા જોવા મળે છે.

### (૨) કાલસારી :

ભરવાડોના ગામ ખાસ અલગ ન હોય. આ ગામ પણ બીજા બધા ગામોની જેમ કાલસારી ગામમાં પણ ભરવાડોની વસ્તી જોવા મળે છે. આ ઉપરાંત આ

ગામની રચના સમજવા માટે ગામ કાલસારીની ભૌગોલિક માહિતી મેળવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

કાલસારી ગામ એ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં આવેલ છે. જે જૂનાગઢ જિલ્લા મથકેથી ૪૫ કિ.મી. દૂર છે તેમજ તાલુકા મથકેથી ૩ કિ.મી. છે. આ ગામનો કુલ વિસ્તાર ૨,૧૯,૫૧૦ હેકટર છે અને ગામની કુલ વસ્તી ૫,૧૪૪ છે. આ ગામમાં કામ કરતી વસ્તીમાં સ્ત્રીઓ ૩૧.૮૭% અને પુરુષો ૫૪.૮૩% એટલે કે કુલ ૪૩.૬૬% છે. આ ગામમાં ભરવાડોના મકાનો થોડા કાચા તમેજ થોડા અર્ધ પાકા છે. આ ગામનો મુખ્ય વ્યવસાય ભરવાડોમાં પશુપાલનનો છે. તે ઉપરાંત પુરક વ્યવસાય ખેતી છે. ખેતીમાં મુખ્ય પાક મગફળી અને ઘઉં છે. ખેતીમાં સિંચાઈ કૂવા–બોર દ્વારા થાય છે. પીવાનું પાણી નળ દ્વારા પંચાયતમાંથી મળે છે.

આમ,અન્ય ગામની સુવિધામાં જોઈએ તો ગામમાં બસની સુવિધા છે. રેલ્વેની સુવિધા નથી. ગામનો રસ્તો પાકો છે. ગામમાં હોસ્પિટલ નથી તેમજ ગામમાં પ્રાથમિક તેમજ હાઈસ્કૂલની સુવિધા છે, કોલેજ નથી, હેલ્થ સેન્ટર છે.

**(૩) ચણાકા :**

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાંથી પસંદ કરેલ ગામ ચણાકા છે. આ ગામમાં પણ ભરવાડોના બીજા બધા ગામો જેવું જ છે, અલગ નહીં. અહીં ચણાકામાં પણ ભરવાડ જ્ઞાતિની વસ્તી સારી એવી જોવા મળે છે. આ ગામની ભૌગોલિક માહિતી નીચે મુજબ છે.

ચણાકા ગામ એ જૂનાગઢ જિલ્લાનું ભેંસાણ તાલુકામાં આવેલું ગામ છે. આ ગામ જિલ્લા મથકેથી ૪૦ કિ.મી. દૂર છે. અને તાલુકા મથકેથી ૪ કિ.મી. દૂર છે. અને તાલુકા મથકેથી ૪ કિ.મી. દૂર છે. આ ગામનો કુલ વિસ્તાર ૧,૬૪,૪૫૮ હેકટર છે. કુલ વસ્તી ચણાકાની ૨,૬૮૭ છે. કામ કરતી વસ્તીમાં સ્ત્રીઓ ૩૧.૨૫% અને પુરુક્ષો ૫૩.૫૫% એટલે કે કુલ ૪૨.૫૧% છે. આ ગામના ભરવાડોના મકાનો, કાચા, અર્ધ કાચા તેમજ બે પાકા છે અને મુખ્ય વ્યવસાય પશુપાલન જ છે. એકાદ બે ખેતી કરે છે જે મુખ્ય પાક મગફળી વાવે છે. સિંચાઈ સગવડ, કૂવા, બોર દ્વારા અને પીવાનું પાણી નળ કનેકશન દ્વારા મેળવે છે.

અન્ય સુવિધામાં જોઈએ તો ચણાકા ગામમાં બસની સુવિધા છે, રેલ્વેની નહીં. ગામનો રસ્તો કાચો છે. તેમજ ગામમાં હોસ્પિટલ અને પ્રાથમિક સ્કુલ છે. હાઈસ્કુલ કે કોલેજ નથી. હેલ્થ સેન્ટર કે મહિલા મંડળ જેવું કશું નથી.

## (બી) જામનગર જિલ્લાના પસંદ કરેલ ગામો :

### ૪. કાલાવડ :

જામનગર જિલ્લામાંથી પસંદ કરેલ તાલુકો કાલાવડ છે. જેમાં આ કાલાવડ ગામમાં પણ ભરવાડોની વસ્તી સારી એવી જોવા મળે છે. આ ગામની ભૌગોલિક માહિતી નીચે મુજબ છે.

કાલાવડ ગામ એ જામનગર જિલ્લા મથકેથી ૪૫ કિ.મી દૂર છે. કાલાવડ તાલુકામાં ગામની સંખ્યા ૧૦૪ ગામની છે. તેથી ગ્રામ્ય કુલ સંખ્યાની દષ્ટિએ

જામનગર જિલ્લામાં કાલાવડ તાલુકો પ્રથમ આવે છે. ગ્રામ્ય વસ્તી ૧,૧૧,૩૧૬ અને શહેરી વસ્તી ૨૪,૮૫૮ છે. જયારે કુલ વસ્તી ૧,૩૬,૧૭૪ થાય છે. કાલાવડ ગામમાં જમીન ફળદ્રુપ અને ભેજવાળી જોવા મળે છે અને ઘણી જગ્યાએ સોફ્ટ મોરમ વાળી જમીન પણ જોવા મળે છે. અહીં બ્રાહ્મણ, વાણિયા, પટેલ, દરબાર, કુંભાર, મોચી, ચારણ, રબારી વગેરેની વસ્તી જોવા મળે છે. આ ગામમાં નગરપાલિકા, તાલુકા પંચાયત, પોસ્ટ ઓફીસ, બેંક, કોલેજ તેમજ સરકારી દવાખાનું જોવા મળે છે. આ ગામમાં રેલ્વે નથી. પરંતુ બસની સારી એવી સુવિધા જોવા મળે છે.

કાલાવડમાં શીતલા માતાજીનું ખૂબ પ્રાચીન મંદિર આવેલું છે. તેની બાજુમાં એક વડ છે. અને કાલાવડ તથા ધોરાવડી એમ બે નદીઓ પણ વહે છે. કાળા કાઠી નામના વ્યકિતએ પોતાને સ્વપ્ન આવતા માતાજીની સ્થાપના કરેલ તેથી અહીં વસેલા ગામનું નામ કાલાવડ પડયું અને શીતલા માતાજીનું મંદિર હોવાથી કાલાવડ (શીતલા) કહેવાયું. કાલાવડમાં કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. તેમજ આ ગામની બાજુમાં દાણીધારની જગ્યા, ગનીપીરની જગ્યા તથા ખૂબ જ પ્રસિધ્ધ એવી વરૂડી માતાજીની જગ્યા આવેલ છે.

**૫. જશાપર :**

ભરવાડોના ગામો ખાસ અલગ ન હોય બીજા બધા ગામોની જેમ જશાપર ગામમાં પણ ભરવાડોની વસ્તી જોવા મળે છે.

જામનગર જિલ્લાના જશાપર ગામમાં બધી જ્ઞાતિઓનો અભ્યાસ કરવાને બદલે ફકત ભરવાડ જ્ઞાતિનો અભ્યાસ કરવાનો પસંદ કરેલ છે. જશાપર

એ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાનું ગામ છે જે કાલાવડથી ૪ કિ.મી. અને રાજકોટથી ૪૪ કિ.મી. તેમજ જામનગરથી ૫૪ કિ.મી. દૂર છે.

જશાપર ગામની વસ્તી આશરે ૨૦૦૦ છે. ગામમાં કુલ ૧૨ જ્ઞાતિઓ છે. ખેતીએ મુખ્ય વ્યવસાય છે. પટેલ એ મુખ્ય અને પ્રભાવી જ્ઞાતિ છે. કુલ ૮૧૧ મકાનો છે. તેમાંથી ૨૫૪ રહેણાંક ઘરો છે. પટેલોના મકાનો પાકા છે. તેમજ ભરવાડોના ૨૫ ઘરો છે. તેમાંથી ચાર ઘર પાકા છે. બાકીના અમુક સાવ કાચા અને અમુક અર્ધ પાકા છે. તેઓનાો આ ગામમાં મુખ્ય વ્યવસાય ખેતીના વ્યવસાય વાળુ ગામ હોવાથી મોટા ભાગે પુરુષો પશુપાલન અને સ્ત્રીઓ ખેતીની સીઝનમાં ખેતમજૂરી અને મગફળીની મીલમાં ઘણા વીણવા માટે જાય છે. તેમજ અમુક લોકોનો હવે ધંધો જેવા કે રીક્ષા ચલાવવી, દૂધ આજુબાજુના ગામમાં વેચવા જવું, ચાની હોટલ, પંચરની દુકાન વગેરે જેવા વ્યવસાય છે.

જ્ઞાતિ મુજબ ઘરોના ઝુમખા છે. આમ, ભરવાડોના રોજીરોટીનો આધાર પટેલો અને પશુપાલન પર છે. પટેલ સાથે ભરવાડોને ખાન–પાનનો સંબંધ છે. ઢોર ચરાવવાની અને દૂધ આપવાની બાબતમાં ભરવાડો અન્ય જ્ઞાતિ સાથે જોડાયેલા છે.

જશાપર ગામમાં અનેક જ્ઞાતિવાર ૨૭ ફળીયા આવેલા છે. ગામમાં ચોરાની વચ્ચે પટેલોના ઘર છે. બ્રાહ્મણ, વાણિયા જ્ઞાતિ પણ ગામની વચ્ચે વસે છે. ગામની છેલ્લે હરિજન અને વાઘરીઓ રહે છે. ગામમાં ૨ મંદિર આવેલ છે. તેમજ ગામના એક કિનારે ગ્રામ પંચાયતની ઓફીસ છે. ગામની મધ્ય ભાગમાં પ્રાથમિક શાળા આવેલ છે. જશાપર ગામમાં રસ્તા પાકા તેમજ વિજળીની સારી

સુવિધા છે અને ઘરે ઘરે પાણી નળ કનેકશન દ્વારા આપવામાં આવે છે. પોસ્ટ ઓફીસ, કોલેજ કે માધ્યમિક શિક્ષણ માટે ગામના લોકોએ તાલુકા મથકે જવું પડે છે. અહી બસની સુવિધા છે. પરંતુ રેલ્વેની સુવિધા નથી. ટેલિફોનમાં મોબાઈલની સુવિધા આવતા અમુક લોકોને બાદ કરતાં લગભગ ઘરે ઘરે ફોનની સુવિધા જોવા મળે છે.

## ૬. વોડીસાંગ (રણુંજા/દેવપુર) :

કાલાવડ તાલુકાના રણુંજા ગામમાં પણ જશાપરની જેમ બધી જ્ઞાતિઓનો અભ્યાસ કરવાને બદલે ફકત ભરવાડ જ્ઞાતિનો અભ્યાસ કરવાનો પસંદ કરેલ છે. રણુંજા (વોડીસાંગ) ગામ એ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાનું ગામ છે જે કાલાવડથી ૭ કિ.મી. અને રાજકોટથી ૫૧ કિ.મી. અને જામનગરથી ૪૫ કિ.મી. દૂર છે.

રણુંજા ગામની વસ્તી આશરે ૧૫૦૦ છે. ગામમાં અનેક જ્ઞાતિઓ આવેલ છે ત્યાં ખેતીએ મુખ્ય વ્યવસાય છે. પટેલ એ મુખ્ય અને પ્રભાવી જ્ઞાતિ છે. અહીં ભરવાડોના ૨૫ જેટલા ઘરો છે. તેમાં ચાર ઘર પાકા છે. બાકીના અર્ધ પાકા તેમજ સાવ કાચા છે. મોટાભાગે ભરવાડોનો વ્યવસાય પશુપાલન છે. તેમજ ખેતી મુખ્ય વ્યવસાય ગામનો હોવાથી ઘણા લોકો મજૂરીમાં ખેતમજૂરી સાથે સંકળાયેલ છે. અમુક લોકો રણુંજા એ યાત્રાનું ધામ હોવાથી ત્યાંના લોકો ધંધામાં ચા, પાન અને ઠંડાપીણાના વ્યવસાય સાથે સંકળાયેલ છે. તો અમુક રીક્ષા ચલાવે છે.

વોડીસાંગમાં જ્ઞાતિવાર ૫ ફળિયા આવેલા છે. ગામના ચોરે પટેલોના ઘર આવેલ છે તે સિવાય લુહાર, વાણંદ, બ્રાહ્મણ, હરિજન, વાઘરી વગેરે

જ્ઞાતિ આવેલ છે. વોડીસાંગ ગામમાં ગ્રામ પંચાયતની ઓફીસ છે. તેમજ ગામની મધ્ય ભાગમાં પ્રાથમિક શાળા આવેલ છે. ગામના રસ્તા પાકા તેમજ અર્ધ પાકા છે અને વિજળી – પાણીની સારી એવી સગવડતા છે ત્યાં રેલ્વેની સુવિધા નથી પણ બસ અને રિક્ષાની સારી એવી સુવિધા છે.

રણુંજા ગામમાં તરણેતરના મેળા પછીનો બીજા નંબરનો પ્રખ્યાત મેળો ભરાય છે. રણુંજા જગ્યા જે ગામમાં સ્થાપવામાં આવેલ છે તે રેવન્યુ રેકોર્ડ પર મૂળ ગામનું નામ વોડીસાંગ છે જેને રણુંજા (દેવપુર) તરીકે ઓળખવામાં આવે છે.

## ૭. ખરેડી :

ખરેડી ગામ એ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આવેલ છે. અને કાલાવડથી તે ૩૧ કિ.મી. તેમજ જામનગરથી ૮૦ કિ.મી. દૂર છે. આ ગામમાં બધી જ્ઞાતિની વસ્તી હોવા છતાં મેં મારો વિષય ભરવાડ જ્ઞાતિનો હોવાથી ભરવાડ જ્ઞાતિનો ખરેડી ગામમાંથી અભ્યાસ કરવાનું પસંદ કરેલ છે.

ખરેડી ગામની વસ્તી આશરે ૧૦,૦૦૦ ની છે તે ૧૫ વોર્ડમાં વહેંચાયેલું છે. આ ગામ એ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાનું વસ્તીની દષ્ટિએ સૌથી મોટું ગામ છે. આ ગામમાં પટેલ, સોની, બ્રાહ્મણ, વાણંદ, લુહાણ, હરિજન, કુંભાર, વાઘરી, ભરવાડ અને મુસ્લિમ જ્ઞાતિની વસ્તી છે. ખરેડી ગામમાં પટેલ જ્ઞાતિ એ પ્રભાવી અને મુખ્ય જ્ઞાતિ છે તેથી તે ગામમાં ખેતી એ મુખ્ય વ્યવસાય છે. અહીં ભરવાડોના ઘરો ૩૦ જેટલા છે તેમાં પાંચ ઘરો પાકા છે બાકીના અર્ધ પાકા છે મોટાભાગના ભરવાડોનો વ્યવસાય પશુપાલનનો છે તેમજ ખેતી મુખ્ય વ્યવસાય ગામનો હોવાથી ઘણા લોકો મજૂરીમાં ખેતમજૂરી સાથે સંકળાયેલ છે

ખરેડી ગામમાં ગ્રામ પંચાયતની ઓફીસ આવેલ છે. મધ્યમાં પ્રાથમિક તેમજ માધ્યમિક સ્કુલ આવેલ છે. ગુજરાત વીજ કંપનીનું ૬૬ કે.વી. નું વીજમથક છે. તેમજ ગ્રામ પંચાયત દ્વારા ગામમાં ઘરે ઘરે નળ કનેકશન આપેલ છે. સહકારી તથા રાષ્ટ્રીયકૃત બેંક પણ આ ગામમાં છે. તેમજ ગામના મધ્યમભાગમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ પોસ્ટ ઓફિસ ને આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન છે. ગામના સરપંચ એ પટેલ જ્ઞાતિના છે. ભરવાડ જ્ઞાતિમાંથી કોઈ પુરુષ કે મહિલા રાજકારણમાં નથી પરંતુ બીજી જ્ઞાતિમાંથી ૩૩% ના ધોરણે પંચાયતમાં સભ્ય તરીકે બહેનો પણ ચૂંટાયેલ છે. ગામના રસ્તા અર્ધ પાકા તેમજ અડધા રાજાશાહી વખતના છે. રેલ્વેની સુવિધા ગામમાં નથી પણ બસની તેમજ પ્રાઈવેટ વાહનોની સારી એવી વ્યવસ્થા છે.

આ ગામમાં ખરડેશ્વર મહાદેવનું ભવ્ય અને પૌરાણિક મંદિર આવેલ છે. ઉપરાંત ભરવાડ જ્ઞાતિનું ધાર્મિક સ્થળ આવેલ છે જે દાદાના ઓરડા તરીકે પ્રખ્યાત છે. આ જગ્યા પર ભરવાડ જ્ઞાતિના કુટુંબો તેમજ આજુબાજુના ગામમાંથી જિલ્લામાંથી દર્શનાર્થે આવે છે. આ સ્થળે અવારનવાર ભરવાડ જ્ઞાતિના રિવાજ મુજબ ધાર્મિક કાર્યો તથા ભંડારો પણ થાય છે. આ સ્થળે ભરવાડ જ્ઞાતિના સમૂહ લગ્નો પણ અવારનવાર થાય છે. આ ભરવાડ જ્ઞાતિના શ્રી બાબુભાઈ ભીખાભાઈ આગવોન છે અને આ જ્ઞાતિના ઉજવાતા કાર્યક્રમોનું સંચાલન તેઓ તથા તેઓની કમિટીના સભ્યોશ્રી કરે છે.

**૮. અલિયા :**

અલિયા ગામ એ જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં આવેલ છે. જામનગર તાલુકામાં અલિયા તથા બાડા ગામો આવેલા છે જે જામનગરથી

આશરે ૨૨ કિ.મી.દૂર છે. અલિયા તથા બાડા ગામ વચ્ચે નદી આવેલ છે. નદીના બંને કાંઠે અલિયા તથા બાડા ગામ આવેલ છે. આ ગામો અલિયાબાડા તરીકે લોકમુખે બોલાય છે. અલિયા ગામમાં મુખ્ય શિક્ષણધામ છે. આ ગામમાં 'શ્રી ગંગાજળાવિદ્યાપીઠ' આવેલ છે. જેમાં માધ્યમિકથી કોલેજ તથા બી.એડ્. અને પી.ટી.સી. કોલેજો આવે છે આ વિદ્યાપીઠ સમગ્ર જિલ્લામાં પ્રસિદ્ધ શિક્ષણધામ તરીકે પ્રખ્યાત છે. આ શ્રી ગંગાજળા વિદ્યપીઠની સ્થાપના પ્રસિધ્ધ કેળવણીકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પ્રથમ વાઈસ ચાન્સલેર માન. સ્વ. શ્રી ડોલરરાય માંકડ એ કરેલ છે. આ ગામમાં મુખ્યત્વે પટેલ, આહિર, ભરવાડ, ક્ષત્રિય, મુસ્લિમ તથા અન્ય ઉજળીયાત જ્ઞાતિની વસ્તી છે. આ ગામમાં સહકારી તથા રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી મંડળી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન, સબ પોસ્ટ ઓફિસ તેમજ રેલ્વે સુવિધાથી સંકળાયેલ છે. એસ.ટી. બસની સગવડ પણ છે. આ ગામમાં પંચાયત કચેરી આવેલ છે. ગામમાં ગ્રામ પંચાયત મારફત ઘરે–ઘરે પાણીના નળ કનેકશન આપવામાં આવેલ છે. ગામમાં સીમેન્ટ રોડ ગ્રામ પંચાયત તરફથી બનાવવામાં આવેલ છે. આ ગામ કેળવણીની દષ્ટિએ આગળ પડતું છે. ગામનો સારો એવો વિકાસ થયેલ છે. ગ્રામ પંચાયતમાં ૧૫ સભ્યો ચૂંટાયેલ છે. અને પંદર વોર્ડ છે. પંચાયતધારા મુજબ ૩૩% મહિલાઓ પણ ચૂંટાયેલ છે. ભરવાડો હજુ થોડા ઘણા જ શિક્ષિત છે. અલિયા ગામમાં પી.ટી.સી.કોલેજના પ્રિન્સિપાલ તરીકે ભરવાડ જ્ઞાતિના શ્રી મનોજભાઈ ચાવડિયા હતા જે અત્યારે રિટાયર્ડ થયેલ છે. પરંતુ હાલ ધ્રોલ પી.ટી.સી. કોલેજમાં સેવા આપે છે. આ ગામની વસ્તી આશરે ૧૨,૦૦૦ ની છે.

આમ, અભ્યાસમાં લીધેલા કુટુંબો અત્યારે જે ગામમાં સ્ત્રી રહે છે તે કેટલા વર્ષથી તે ગામમાં રહે છે. તેની વિગતો નીચેના કોષ્ટક જોતા આવશે.

## ૧.૨ ઉત્તરદાતાઓ ગામમાં કેટલા વર્ષોથી રહે છે ?

"પશુપાલક ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન " અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ ગામમાં કેટલા વર્ષોથી રહે છે ? તે અંગેની માહિતી મેળવવાનો પ્રયત્ન અહીં કર્યો છે. આથી અહીં તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. ૧.૨ ભરવાડ ઉત્તરદાતાઓ ગામમાં કેટલા વર્ષોથી રહે છે દર્શાવતું**

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ અને અ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ (ભરવાડ) | અ.જનજાતિ (ભરવાડ) | | | |
| ૧. | ૧ થી ૨૦ વર્ષ | ૮ | ૨૬ | ૩૪ | ૫ | ૩૯ |
| | ટકા | ૮% | ૫૨% | ૨૨.૨૬૬% | ૩.૩૩% | ૧૩% |
| ૨. | ૨૧ થી ૪૦ વર્ષ | ૬ | ૪ | ૧૦ | ૧૬ | ૨૬ |
| | ટકા | ૬% | ૮% | ૬.૬૬% | ૧૦.૬૬% | ૮.૬૬% |
| ૩. | ૪૧ થી ૬૦ વર્ષ | ૨૪ | ૫ | ૨૯ | ૧૧ | ૪૦ |
| | ટકા | ૨૪% | ૧૦% | ૧૯.૩૪% | ૭.૩૪% | ૧૩.૩૩% |
| ૪. | પહેલેથી | ૬૨ | ૧૫ | ૭૭ | ૧૧૮ | ૧૯૫ |
| | ટકા | ૬૨% | ૩૦% | ૫૧.૩૪% | ૭૮.૬૭% | ૬૫.૦૧% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાંથી ૧ થી ૨૦ વર્ષ સુધી ગામમાં રહેતા બક્ષીપંચ ભરવાડની સંખ્યા ૮ (૮%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડોની સંખ્યા ૨૬ (૫૨%) છે. જયારે ૨૧ થી ૪૦ વર્ષ સુધી ગામમાં રહેતા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડની સંખ્યા ૬ (૬%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડની સંખ્યા ૪ (૮%) છે. જયારે ૪૧ થી ૬૦ વર્ષ સુધી ગામમાં રહેતા  બક્ષીપંચ ભરવાડની સંખ્યા ૨૪ અને અનુસૂચિત જનજાતિય ભરવાડની સંખ્યા ૫ (૧૦%) છે. જયારે જૂનાગઢ જિલ્લામાં પહેલેથી ગામમાં વસવાટ કરતાં બક્ષીપંચ ભરવાડની સંખ્યા ૬૨ (૬૨%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડની સંખ્યા ૧૫ (૩૦%) છે.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૧૫૦ કુટુંબોમાંથી ૧ થી ૨૦ વર્ષથી ગામમાં રહેતા કુટુંબોની સંખ્યા ૫ (૩.૩૩%) અને ૨૧ થી ૪૦ વર્ષ સુધી ગામમાં રહેતા કુટુંબોની સંખ્યા ૧૬ (૧૦.૬૬%) છે. જયારે ૪૧ થી ૬૦ વર્ષ સુધી ગામમાં રહેતા કુટુંબોની સંખ્યા ૧૧ (૭.૩૪%) તથા પહેલેથી વસાવટ કરતાં બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૧૧૮ (૭૮.૬૭%) છે.

આ ઉપરથી સાબિત થાય છે કે કુલ અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબો મોટાભાગે અભ્યાસ હેઠળ ના પસંદ કરેલ તે જ ગામમાં પહેલેથી વસવાટ કરતાં કુટુંબો ૬૨% છે. અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડના ૧૫૦ કુટુંબોમાં પણ પહેલેથી તે જ ગામમાં વસવાટ કરતાં ૭૮.૬૭% કુટુંબો છે. કારણ કે બન્ને જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળતા તે બાપદાદાનું ગામ ન છોડતા ત્યાં જ સ્થાયી વસવાટ કરે છે.

જયારે ગીરના નેસમાં વસવાટ કરતાં અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાં સ્થિર વસવાટ ન જોવા મળતા તે ૧ થી ૨૦ વર્ષ સુધી રહેતા કુટુંબો ૫૨% છે. કારણ કે તે વરસાદની સીઝનના કારણે વારંવાર સ્થળાંતર કરતાં રહે છે. જે બાબત સ્પષ્ટ તારવી શકાય એવી છે.

## –:: સંદર્ભસૂચિ ::–


(૧) Prasad R.R. & Others : "Trible Sitution in Forest Villages, NIRD, Hydrabad - 1931, P. No. 31.

(૨) સોલંકી એમ. જી. "સૌરાષ્ટ્રમાં આહીર જ્ઞાતિનું સામાજિક રચનાતંત્ર", એક સમાજશાસ્ત્રી અભ્યાસ, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ, ૧૯૯૩, પૃ. ૩

(૩) Young P.V. : "Scientific Social survey and Research", Pub. Asia Publishing House, Bombay 1960, P. 127.

(૪) એજન – ૧૯૬૦, પૃ. ૧૨૮.

(૫) શાહ એ. જી. અને દવે જે. કે. : "સામાજિક સંશોધન પધ્ધતિ" અનડા પ્રકાશન, અમદાવાદ–૨૦૦૦, પૃ. ૧૨૧

(૬) એજન – પૃ. ૧૩

(૭) જૂનાગઢ માહિતી ખાતું : આંકડાશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ.

(૮) ડૉ. દવે મંજુલાબેન બી. : "ગુજરાતનો આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ – ચતુર્થ આવૃત્તિ–૨૦૦૨, પૃ. ૪૬.

(૯) શાહ ઈન્દુમતી : "ગુજરાત વિશ્વકોષ ખંડ–૬, ગુજરાતી વિશ્વકોષ, પ્રકાશન ટ્રસ્ટ – અમદાવાદ. પ્રથમ આવૃત્તિ–૧૯૯૦, પૃ. ૩૧૦

(૧૦) રાજગોર શિવપ્રસાદ : "ગુજરાત વિશ્વકોષ" ખંડ–૬, પૃ. ૩૩૦

(૧૧) જોશી વી. એચ. : "ફોલોઅપ ઈકોનોમિક સર્વે ઓફ સૌરાષ્ટ્ર અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. ૧૯૮૫, પૃ. ૨

(૧૨) દેસાઈ શંભુપ્રસાદ : "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પ્રવિણ પ્રકાશન, રાજકોટ. ૧૯૯૧, પૃ. ૩૩

(૧૩) રામાયણ – કિષ્કિંધા કાંડ, ૪૨–૬.

(૧૪) कार्तकौजन पदादपश्व ના ગણપાઠ – ६–३–३७

(૧૫) જૂનાગઢ જિલ્લા પંચાયત કાર્યાલય : "જૂનાગઢ જિલ્લાની આર્થિક અને સામાજિક સમીક્ષા – જૂનાગઢ. ૧૯૯૧–૯૨, પૃ. ૧

(૧૬) દેસાઈ એ.ડી. : "સિધ્ધિઓના સથવારે", ગુજરાત માહિતી નિયામક, ગુજરાત સરકાર, ગાંધીનગર. જૂન–૧૯૯૩, પૃ. ૨૭૮

(૧૭) રાજગોર–દેસાઈ : "ગુજરાત વિશ્વકોષ" ખંડ–૭, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ – અમદાવાદ. પ્રથમ આવૃત્તિ–૧૯૯૬, પૃ. ૭૩૮

(૧૮) જૂનાગઢ જિલ્લા પંચાયત કાર્યાલય : જૂનાગઢ જિલ્લાની આર્થિક – સામાજિક સમીક્ષા – જૂનાગઢ. ૧૯૯૨

(૧૯) દેસાઈ એ.ડી. : "સિધ્ધિઓના સથવારે" માહિતી નિયામક ગુજરાત સરકાર, ગાંધીનગર. જૂન–૧૯૯૩.

(૨૦) દેસાઈ શંભુપ્રસાદ : "જૂનાગઢ અને ગીરનાર" પ્રવિણ પ્રકાશન – રાજકોટ ૧૯૯૦. પૃ. ૩૪–૩૫.

(૨૧) રૂદ્રદામાનો શિલાલેખ : "હિસ્ટોરીકલ ઈન્સ્કપ્સન્સ ઓફ ગુજરાત શ્રી ગી. વી. આચાર્ય, પુસ્તક ૧લું.

(૨૨) મહેશસિંહ (IFS) : 'ગીર વેલ્ફેર ફંડ', વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર, ૨૦૦૧.

(૨૩) જોશી હરકિશન : નવાનગર જામનગર (શહેરનો) રાજકીય સામાજિક અને વ્યાપારિક ઈતિહાસ) પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ.

# પ્રકરણ–૨

## જનજાતિય પરિચય

૨.૧ પ્રસ્તાવના

૨.૨ જનજાતિય પરિચય

(૧) ભરવાડનો પરિચય

(૨) વંશ અને જાતિ

(૩) શાખ અને અટક

(૪) પશુપાલકોના સમાન ગોત્રો

(૫) ભરવાડોમાં રજપુત ગોત્ર અને શાખ

(૬) નાનાભાઈ અને મોટાભાઈ ભરવાડ

૨.૩ ભૌતિક સંસ્કૃતિ

(૧) ગામની સંરચના અને તેની સ્વચ્છતા–સફાઈ

(૨) ઘર તથા ઘરનું નિર્માણ

(૩) ઘરની સ્વચ્છતા અને સફાઈ

(૪) શારીરિક સ્વચ્છતા અને સફાઈ

(૫) પોશાક

(૬) ભરવાડોના અલંકારો / આભૂષણ

(૭) ખોરાક

(૮) ભાષા

* સંદર્ભસૂચિ

# પ્રકરણ–૨

# જનજાતિય પરિચય

## ૨.૩ પ્રસ્તાવના :

### ૧. સામાન્ય પરિચય :

ભારતની જનસંખ્યાના કેટલાક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય દષ્ટિથી અન્ય લોકોની તુલનામાં ઘણા પાછળ છે. આ સમૂહોનો વસવાટ શહેરી સભ્યતાથી દૂર ગાઢ જંગલો, પહાડો, પર્વતોની ટેકરીઓ, ઘાટી, નદી નાળાના કિનારે છે. સંચાર–સાધનોની પહોંચ અહીં સુધી ન હોવાને કારણે હજુ સુધી આધુનિક સભ્યતાના સંપર્કમાં આવી શકયા નથી. આ અલ્પવિકસિત સમાજને પ્રગતિના પંથ પર લાવવાન માટે ભારતીય બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તથા આ જાતિઓ માટે ખાસ નામ અનુસૂચિત જનજાતિ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરો તથા ગામોમાં રહેતા કેટલાક જૂથો કે જે અશિક્ષા, દરિદ્રતા અને માનવજાતિનું કલંક અસ્પૃશ્યતાના કારણે ગામમાં રહેતી અન્ય ઉચ્ચ વર્ણની જાતિઓની તુલનામાં તેઓ ઘણા પછાત છે સામાન્ય લોકો તેને અસ્પૃશ્ય જાતિ કહે છે. બંધારણમાં તેમના વિકાસ માટે પણ વિશેષ સુવિધાઓ આપવામાં આવેલ છે. આ જાતિઓને બંધારણમાં અનુસૂચિત જાતિ કહેવામાં આવે છે.[૧]

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉપરાંત પણ અન્ય ઘણી જાતિઓ વિદ્યમાન છે કે જે સામાજિક, શૈક્ષણિક, આર્થિક દષ્ટિએ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓથી થોડા ઉપર પરંતુ અન્ય સભ્ય જાતિઓની

તુલનામાં ઘણા પછાત છે. તેને આર્થિક, સામાજિક દષ્ટિએ પછાત વર્ગના નામથી ઓળખવામાં આવે છે. આમ, પ્રસ્તુત પ્રકરણ–ર માં જામનગર અને જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ અને જૂનાગઢના ગીરના નેસમાં વસતી અનુસૂચિત જનજાતિય ભરવાડ સમુદાયનો જનજાતિય પરિચયનો સમાવેશ અહીં નીચે મુજબ કરેલો છે.

## ર. જનજાતિય પરિચય :

ભરવાડ સમાજની ઉત્પત્તિ અંગે પ્રાચીનકાળની પરંપરાગત દંતકથા પ્રમાણે ભરવાડ કે પશુપાલકોની ઉત્પત્તિ ભગવાન પશુપતિ અથવા શંકરમાંથી થયેલી ગણવામાં આવે છે. શંકરનું એક નામ ભરુ પણ છે. મહારાષ્ટ્રના ધનગર, સમાજમાં દંતકથા પ્રચલિત છે કે ભગવાન શંકરે સૃષ્ટિના નવસર્જનકાળે પશુઓને ઉત્પન્ન કર્યા અને પશુનું પાલન કરવા પશુપાલકોને પ્રગટ કર્યા. ગુજરાતના પશુપાલકો ભરવાડ, રબારી પણ શંકરને પોતાના આદિપુરુષ માને છે.

ભરવાડ પશુપાલક જાતિ છે. અર્થાત્ તેનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને દૂધ વહેંચવાનો ધંધો કરે છે.[ર]

મોહન–જો–ડેરોના અવશેષોમાં પશુપતિની સુંદર મૂર્તિ મળે છે. એ બતાવે છે કે આર્યો પહેલાનાં અહીંના વતની પશુપતિની પૂજા કરતા. પશુનું રૂડી રીતે પાલન કરતાં. પશુપતિ રીઝવવાને પોઠીયાને એટલે કે બળદને રૂડી રીતે પાળતા અને તેમની ખાસ કૃપા મેળવવા ગાયને નંદીના લગ્ન કરી તેનો ઉત્સવ ઉજવતા હતા. આજ પણ લીલ પરણાવવાની પ્રથા હિંદુ ધર્મમાં નજરે પડે છે. આર્યોએ આ પશુપાલક જાતિનું નામ આપ્યું. ભરવાડ (આપ્ટેજીના

સંસ્કૃત હિંદી કોષમાં ભર એટલે પોષણ કરનાર. ધારણ કરનાર એવો અર્થ થાય છે. અને वार એટલે સમુદાય) પશુને પોષનાર, ધારણ કરનાર અને દેનાર સમુદાયને આર્યો ભરવાડ તરીકે સંબોધતા હતા. સમય જતાં ર નો અપભ્રંશ થઈ તે ભરવાડ તરીકે ઓળખાયો. (ભરવાર = ભરવાડ)

**૩. ભરવાડ :**

હાથમાં ડાંગ લઈ ઘેટાં બકરાનાં ટોળાને હંકારતા ટોળામાંથી આઘા પાછા થતાં ઘેટાંઓને લલકારતા તથા ડાંગ વડે તેમને એક બાજુ કરી વારતા એવા સીમ સીમાડાઓની વાટ ઉપરથી પસાર થતાં ભરવાડને કોણે નહીં જોયા હોય ? અથવા વહેલી સવારમાં ઊનના દોરડાવાળી કાવડમાં એકબાજુ દૂધના બોઘડા ટાંગી નજીકના શહેરોની હોટલોમાં દૂધ વેચવા જતાં ભરવાડો કોણે નહી જોયા હોય ! જો કે ઘણાએ તેઓને જોયા તો હશે પરંતુ તેમના જીવન વિશે બહુ થોડા જાણતા હશે.

ઘાસચારાને માટે તેઓ પોતાના ઘેટાં–બકરાં લઈ એક સ્થળેથી બીજે સ્થળે જંગલો અને ડુંગરોમાં ભટકે છે બે–ચાર દિવસ એક જગ્યાએ પડાવ નાખે છે. વરસાદથી બચવા ગધેડા યા ઊંટનું 'લગરુ' લઈ, એકાદ જગ્યાએ ચારેક લાકડા ખોડી તે ઉપર લગરું ઉધું નાંખી, એકાદ છત્રી કે છાપરા જેવું તૈયાર કરે છે. તેના ઉપર એકાદ પછીયું યા પછેડી નાંખે છે. પડખે માટીના ઢેફાનો ચૂલો કરી જરૂર પૂરતા રોટલા રાંધે છે અને જમતી વખતે હાથમાં રોટલો લઈ બીજે હાથે બકરી વગેરેના આંચળ દોહી દૂધની સીધી શેડ પોતાના મોઢામાં ઝીલે છે. આમ, દૂધ રોટલા ખાઈ પોતાના ગાંડરા સાથે જંગલમાં ભટકી જીવન વિતાવે

છે. રાત્રે પોતાના ગાંડરાને એકાદ ઝાડ નીચે ઉભા રાખે છે. અને પોતે અર્ધ જાગતા રહી તેની ચોકી કરે છે. બે–ચાર દિવસ ત્યાં પોતાના ગાડરાં ચરાવી બીજે સ્થળે પોતાના ઉંચાળા ભરે છે. માલસામાન લઈ જવા માટે એકાદ બે ગધેડા કે ઊંટ પણ રાખે છે. કેટલાક ભરવાડ તો બારેમાસ આ રીતે ભટકતું જીવન ગાળે છે. પણ તેઓની સંખ્યા જૂજ છે. મોટાભાગના તો માત્ર ચોમાસામાં જ લીલા જંગલો અને ડુંગરોમાં પોતાના ગાડરાં લઈ ભટકે છે. બાકીના સમયે કોઈ ગામડામાં પોતાના સ્થાયી રહેઠાંણે રહે છે.

*** વેપારી – ખેડૂત અને ભટકતા ભરવાડ :**

આ ભરવાડો મુખ્યત્વે ઊન વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. આ ઉપરાંત પોતાના ગાંડરાનું દૂધ નજીકના શહેર યા ગામની હોટલોવાળાને વેચી બીજી થોડી આવક કરે છે. પ્રસંગોપાત તે પોતાના ઘેટાં બકરાં વેચી નાણાં ઉભા કરે છે.

બધા ભરવાડો કેવળ ઘેટાં–બકરાં રાખતા હતા. કેટલાક આ સિવાય ગાય ભેંસ વગેરે પ્રમાણમાં રાખે છે અને તેનું ઘી–દૂધ વેંચે છે પરંતુ આવા ભરવાડોની સંખ્યા ઓછી છે તેવા મુખ્યત્વે શહેર નજીકના ગામોમાં વસે છે અને તે ગામોમાં વહેલી સવારે દૂધ પહોંચાડી શકાય તે પ્રમાણે દૂધ દોહવાનો સમય રાખે છે. રેલગાડીની સગવડ ન હોય અને ત્રણેક કલાકનો જવાનો રસ્તો હોય તો તેવો રાત્રે ૨ વાગ્યે ઉઠીને પણ માલ દોહવાનું રાખે છે. જો રેલગાડીની સગવડ હોય અને તે પણ વહેલી જતી હોય તો તેને અનુકૂળ રહી માલ દોહવાનું રાખે છે. આવા શહેરોમાં તેઓ દૂધના ઘડા ભરી ભરીને જાય છે. કેટલાક વિસ્તારો દૂધ વેચવા માટે પુરુષો કરતાં સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં જતી હોય છે

તે અભણ હોવા છતાં દૂધની લેવડ–દેવડનાં હિસાબ સારી રીતે મોઢે રાખે છે. તેમનું દૈનિક જીવન પણ દૂધ વેચવા જવાના સમયને અનુકૂળ રહી ઘડાય છે. પુરુષ વર્ગ મુખ્યત્વે માલ ચારવા જવાની પ્રવૃત્તિમાં જ રોકાય રહે છે.

આમ, મોટો માલ (ગાય, ભેંસ) રાખનાર ભરવાડ વર્ગ પણ છે તેમાંની આર્થિક સ્થિતિ નાનો માલ (ગાડરાં) રાખનાર કરતાં કેટલેક અંશે વધુ સારી છે પરંતુ મોટો માલ રાખનાર ભરવાડની સંખ્યા જૂજ છે. મોટાભાગના તો ગાડરાં રાખનાર જ હોય છે અને તેઓની વિશેષ વસ્તી હાલારમાં છે.

મોટો માલ રાખનાર ભરવાડ વર્ગ વધુ સ્થાય જીવનગાળે છે. જયારે નાનો માલ રાખનારનું જીવન વધુ ભટકતું હોય છે. જો કે ગામડાંઓમાં તેઓના ઘરબાર હોય છે ત્યાં તે વસે છે પણ અમુક સમયે તે બહાર ભટકે છે અને તેઓ ચોમાસામાં જંગલો–ડુંગરો તરફ વળે છે, બાકીના સમય દરમ્યાન તેઓ સીમ–સીમાડે ચરાવે છે અને સાંજે ઘરે આવે છે. મધ્ય સૌરાષ્ટ્ર તરફના તથા બીજા કેટલાક વિસ્તારોમાં ઘણાખરા ભરવાડો હોળી ઉપર એટલે કે ફાગણ માસ દરમ્યાન કપાસનાં વાવેતર વાળા મૂલકમાં પોતાનો માલ ચરાવવા જાય છે તેમાં મુખ્યત્વે તો ભાલ વગેરે પ્રદેશમાં જાય છે તેને વાંઢે ગયા કહેવામાં આવે છે. જામનગરની આસપાસના વિભાગમાં વસતા કેટલાક ભરવાડો દિવાળીથી જેઠ સુધી જૂનાગઢ પાસેના વિભાગમાં પોતાના માલ સાથે ભટકે છે અને જયાં ત્યાં પડાવ નાંખી પડી રહે છે.

ફાગણ અને ભાદરવા માસમાં એમ વર્ષ દરમ્યાન તેઓ ઘેટાંનું ઊન કાતરે છે. અને તે વેચી નાણાં ઉભા કરે છે આ દિવસોમાં તેઓ બજારમાં કયાંય

ઊન વેચવા જતા નથી પણ ઊનના વેપારી અથવા દલાલો તેમને ત્યાં અગાઉથી આવી ભાવ ઠેરાવી એડવાન્સ પૈસા આપી જાય છે અને ઊન કાતરવાના દિવસે ભરવાડને  ત્યાં હાજર થાય છે. ભરવાડ તેમની રૂબરૂમાં ઉન કાપી આપે છે. આ રીતે તેનો ઉનનો વેપાર ચાલે છે.

આ જાતિ મુખ્યત્વે ઠાંગો અને ભાદરકાંઠાથી સરધારી ધાર સુધીમાં વિશેષ જોવા મળે છે. જો કે તેઓ સૌરાષ્ટ્રભરમાં ફેલાયેલા છે. પરંતુ સૌરાષ્ટ્ર કરતાં ગુજરાતમાં તેઓની વસ્તી વિશેષ જોવા મળે છે.

*** વંશ અને જાતિ :**

આ લોકો મૂળે કયા વંશના છે અથવા કયાંથી આવ્યા તે અંગે કોઈ ખાસ ઈતિહાસ મળતો નથી. પરંતુ તે અંગે કેટલીક દંતકથાઓ છે પરંતુ તેમાંથી તદ્દન નકકર સત્ય મળી શકતું નથી. કેટલાક પોતાને જાદવ કૂળના વંશજ કહેવડાવી ગર્વ અનુભવે છે.

ભરવાડ જાતિમાં મોટાભાઈ અને નાનાભાઈ એમ બે વર્ગ છે. તેઓની રહેણી કરણી, રીતરિવાજ, ધંધો વગેરે બધું લગભગ સરખા છે. પરંતુ તેઓમાં એકબીજા સાથે લગ્નવ્યવહાર જોડી શકાતો નથી. વળી આ બન્ને વર્ગમાં બ્રાહ્મણ, બારોટ જુદા જુદા હોય છે. બારોટ તેમની વંશાવલી રાખે છે અને ગોહિલવાડ જિલ્લા તરફ નાનાભાઈ ભરવાડ વધુ છે અને હાલારમાં અને જૂનાગઢ જિલ્લામાં મોટાભાઈ ભરવાડની વસ્તી વધુ જોવા મળે છે.

એમ માનવામાં આવે છે કે મોટાભાઈવાળા ભરવાડ બનાસકાંઠામાં આવેલ 'જાડાવડા નામના સ્થાનેકેથી આવ્યા છે. તેમના મૂળ ગોર આજે પણ ત્યાં વસે છે અને દર વર્ષ અહીં આવી આ લોકો પાસેથી પોતાના હકનો કર

ઉઘરાવે છે. ઝાલાવાડ બાજુ કેટલાક ભરવાડોનાં બારોટો મારવાડમાંથી પણ આવે છે.[3]

*** શાખ અને અટક :**

સામાન્ય રીતે આ લોકોમાં ઝાંપડા, ટોળીઆ, ગમારા, ડાભી, સુસરા, કટોડી, ટારીઆ, મેવાડા, હાડ, કઈડા વગેરે અટક હોય છે. આ ઉપરાંત રજપૂત શાખ જેવી કે પરમાર, સોલંકી, ચાવડા, ગોહીલ, રાઠોડ, જાદવ વગેરે જોવા મળે છે.

આ જાતિમાં પુરુષ વર્ગમાં અમરા, પાલો, અરજણ, જેહો, કાનો, ગોવિંદ રાઘવ વગેરે જેવા નામો પાડવામાં આવે અને સ્ત્રીઓમાં રતન, પાંચી, રાજી, અમરી વગેરે નામ પાડવામાં આવે છે.

**મધ્ય–ઉત્તર ગુજરાત, પૂર્વે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભરવાડોમાં પ્રચલિત શાખો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ગમારા | ૭. | બાબુતાર | ૧૩. | પાંસા |
| ૨. | બાંભવા | ૮. | રબા | ૧૪. | ટોહ |
| ૩. | રાતડિયા | ૯. | ગોલેતરા | ૧૫. | ખરેળિયા |
| ૪. | ચાવડિયા | ૧૦. | સુસરા | ૧૬. | ખરગર |
| ૫. | બતાડા | ૧૧. | ચિરોળિયા | ૧૭. | વકાતર |
| ૬. | ઢાંક | ૧૨. | લાંમકા | ૧૮. | ખાટરિયા |
| ૧૯. | સિસોદિયા | ૩૬. | ગળિયા | ૫૩. | માંટિયા |
| ૨૦. | ઝાપડા | ૩૭. | કાટોડિયા | ૫૪. | ધરાંજીયા |
| ૨૧. | શિયાળ | ૩૮. | ગાળિયા | ૫૫. | સોરિયા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨. | હાડગરડા | ૩૯. | સાનિયા | ૫૬. | ઠુંગા |
| ૨૩. | ભૂંડિયા | ૪૦. | ખીંટ | ૫૭. | દોરાળા |
| ૨૪. | ડાંગર | ૪૧. | ફાંગલિયા | ૫૮. | બઉ |
| ૨૫. | વાંચિયા | ૪૨. | માંગુડા | ૫૯. | ગોહિલ |
| ૨૬. | કલોડ૪૩. | લાકડિયા | | ૬૦. | પડહારિયા |
| ૨૭. | ખોડા | ૪૪. | વેહરા | ૬૧. | ચાટકા |
| ૨૮. | સરસૈયા | ૪૫. | બોહરિયા | ૬૨. | ઝુંઝા |
| ૨૯. | લેલા | ૪૬. | ઘાઘલકા | ૬૩. | કરીર |
| ૩૦. | ટોટા | ૪૭. | આજરા | ૬૪. | ઘોડાચડ |
| ૩૧. | નસાતર | ૪૮. | મુધવા | ૬૫. | ચૌહાણ |
| ૩૨. | ખેર | ૪૯. | જોગહવા | ૬૬. | વાઢેલ |
| ૩૩. | ગોદડ | ૫૦. | લાંબરિયા | ૬૭. | ગોરાત |
| ૩૪. | ડાભી | ૫૧. | રાંણગા | ૬૮. | ત્રાડ |
| ૩૫. | કટારિયા | ૫૨. | જાદવ | ૬૯. | જોખવા |
| | | | | ૭૦. | બળાઈકા |

આમ, કુલ ૭૦ શાખા છે.

*** કામ એક, કોમ એક અને નામ અનેક :**

સમગ્ર વિશ્વના પશુપાલકો એક છે. એમનું કામ પશુપાલનનું છે. એટલે પશુપાલક કોમ છે. પશુપાલનનો આરંભ ઘેટાં ઉછેરથી થયો એટલે કોમના નામ સાથે પણ ઘેંટાની સંજ્ઞા એક અથવા બીજા સ્વરૂપે જોવામાં આવે છે. યુરોપમાં ઘેટાંને 'Sheep' (શીપ) કહે છે તે ઉપરથી શીપનો જાળવનાર પાળનાર 'શેફર્ડ' નામ પામ્યો. પશુનું પાલન કરનાર, પોષણ કરનારને સંસ્કૃતમાં 'ભર' કહે છે.

તે પરથી ભરનો સમૂહ 'ભરવાડ' કહેવાયો. બિહારમાં ઘેટાંને ભેડ કહે છે તે પરથી ભેડવાર સૌરાષ્ટ્રમાં પશુસમૂહને ભર કહે છે એટલે ભરવાડ સંજ્ઞા પામ્યો. મહારાષ્ટ્રમાં ભરાડ અને મધ્યપ્રદેશમાં ભરૂડ કે ભારુડ તરીકે પણ એ જ પશુપાલક પરિચય પામ્યો. પશુના ટોળાને ધણ કહે છે. ધણને કેળવનાર કે કરનાર ધણકર જે અપભ્રંશમાં ધનગર તરીકે સમગ્ર મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં સ્થાન પામ્યો. બકરાના ટોળાને અને ઘણી વખત બકરાં, ઘેટાંના સમૂહને વાઘ કહે છે તે પરથી વાઘેલ—બાઘેલ, વાઘેલા જેવું નામ ઉત્તરપ્રદેશમાં વિશેષ પાડવામાં આવેલ છે. કેટલાક પ્રદેશમાં ગાડર પરથી ગાડરિયા, ગ્વાલ, ગડેરી, ગદ્દી એવા નામ પણ આપવામાં આવેલ છે. મૈસુરની કન્નડ ભાષામાં ઘેટાંને 'કુરી' કહે છે. તે પરથી એને પાળનાર કુરુબાર અને એને જ મદ્રાસમાં અનુસ્વાર ચડાવી કુટુંબ કહે છે. રેવડ એટલે ઘેટાનું ટોળું 'વ' નો અપ્રભંશ 'બ' ઘણી જગ્યાએ ઉચ્ચારાય છે. એટલે રેબડ, ઘેટાંના વૃંદને ચરાવનાર રેબાડી તરીકે ઓળખાયો અને એનો અપભ્રંશ રબાડી કે રબારી થયો. બંગાળમાં હલધરને હિમાચલમાં ગદ્દી તરીકે પણ એ જ લોકો ઓળખાય છે.[૪]

*** પશુપાલકોના સમાન ગોત્રો :**

આહીર – ભરવાડ અને રબારી – મેર વગેરે પશુપાલક વૈશ્યોએ એક વર્ણમાં રહીને ક્ષત્રિયો – સ્થાનિક પ્રજા સાથે કેવો સમન્વય સાધેલો તથા સમાન ગોત્ર દ્વારા પરસ્પરની એકતા અને અનુબંધ કેવો ગોઠવેલો છે તે એક સ્વતંત્ર સંશોધન માંગી લે છે પણ અહીં તો આહીર– ભરવાડ અને મેર – રબારી સમાજના કેટલાક ગોત્રની એકતા બતાવી પ્રાચીન કાળની વર્ણ વ્યવસ્થા અને સમન્વય કર્યાનો ઝાંખો ઉલ્લેખ નીચેના કોઠા દ્વારા જોઈશું.

## કોષ્ટક – ૧ પશુપાલકોના ગોત્રો

| ક્રમ | આહીરના ગોત્રો | ભરવાડના ગોત્રો | મિહિર (મેર)ના ગોત્રો | રબારીના ગોત્રો |
|---|---|---|---|---|
| ૧. | જાદવ | જાદવ | જાડેજા | – |
| ૨. | સિંધવ | સિંધવ | – | – |
| ૩. | કારેઠા/થા | કારેઠા/થા | – | – |
| ૪. | ગોહેલ | ગોહેલ | ગોહેલ | ગોહેલ |
| ૫. | રાઠોડ | રાઠોડ | – | – |
| ૬. | પરમાર | પરમાર | પરમાર | – |
| ૭. | મકવાણા | મકવાણા | મકવાણા | મકવાણા |
| ૮. | ચાવડા | ચાવડા | – | ચાવડા |
| ૯. | વાળા | વાળા | વાળા | – |
| ૧૦. | વાઢેર | વાઢેર | વાઢેર | – |
| ૧૧. | મારૂ | મારૂ | – | – |
| ૧૨. | ડાંગર | ડાંગર | – | – |
| ૧૩. | બાબરિયા | બાબરિયા કે બાબરા | – | – |
| ૧૪. | – | સોલંકી | સોલંકી | સોલંકી |
| ૧૫. | – | વાઘેલા | વાઘેલા | – |
| ૧૬. | – | ચૌહાણ | ચૌહાણ | – |
| ૧૭ | – | – | હુણ | હુણ |
| ૧૮. | શિયાર | શિયાર | – | – |
| ૧૯. | ધ્રાંગા | ધ્રાંગિયા | – | – |
| ૨૦. | બઉ | બઉ | | |

આ જોતા આહીર – ભરવાડના લગભગ દશ મૂળ ગોત્રો અને છ શાખાઓ એક સરખા થાય છે. જેમાં યદુ અને નંદવંશના સંગમ જેવી જાદવ, સિંધવ, કારેથા, બઉ, રાઠોડ, જેવા મૂળ ગોત્રો આહીર – ભરવાડના એક છે. જયારે એક જ સ્વરૂપે મેર – રબારીમાં મૂળ ગોત્રો નથી દેખાતા પણ રજપૂત યુગ પછીના સમાન ગોત્રો આવે છે એ બાબત સ્પષ્ટ કરે છે કે પ્રાચીનકાળથી 'આભીર' પ્રજાનું આયર – ભરવાડ અવિચ્છિજા અંગ છે જયારે રબારી, મેર વગેરેનું જૂથ પાછળથી આવેલ હશે અને ભારતીયકરણની પ્રક્રિયા અપનાવી ગોપ વેશ્ય સાથે ભળી ગયા હશે.

બોમ્બે ગેઝેટીયરમાં જણાવવામાં આવેલ છે કે મનુસ્મૃતિ બ્રાહ્મણ પિતા અને અંબસ્ટ માતાથી થયેલ સંતાનને આભીર ગણે છે. (અપભ્રંશ) બ્રહ્મપુરાણ ક્ષત્રિય પિતા અને વૈશ્ય માતાથી થયેલ સંતાનને આભીર ગણે છે. આભીર, રજપૂત, ચુડાસમા, જાડેજા પણ છે. તે ક્ષત્રિય યાદવ – આભીર પરિવાર છે. ગુજરાતના અને સૌરાષ્ટ્રના ભરવાડના મૂળ ગોત્રો ક્ષત્રિય પિતા અને વૈશ્ય માતાના છે. કેટલીક શાખાઓ વૈશ્ય માતા પિતાની અને વૈશ્યપિતા અને આદિમ જાતિની માતાની પણ હશે ઉપરાંત પ્રવૃતિ–પ્રદેશવાર પણ શાખા કે અટકો પણ જોવા મળે છે.[૫]

*** ભરવાડોમાં રજપૂત ગોત્ર અને શાખા :**

ગુજરાતમાં સીમાડો આજે જે રીતે કંડારાયો છે તેવો પ્રાચીનકાળમાં કંડારાયેલો નહોતો. જુદા જુદા રાજાઓના વિજય પરાજય પ્રમાણે સરહદો બદલાતી રહેતી. કોઈવાર તે કેવળ ભીલ જાતિ વઢિયાર કે ગુર્જરના પ્રદેશો પૂરતી સંકુચિત રહેતી તો કયારેક સિધ્ધરાજ જયસિંહના ચક્રવર્તીપણા નીચે

દક્ષિણમાં દમણ, ગોવા, ઉત્તરે, ઈડરગઢ પર, પશ્ચિમે સોમનાથ, દ્વારકા, ઘોઘા, વિધ્ય, ઉજ્જૈન, અવન્તી અને માળવા – મેવાડના છેડાઓ સુધી વિસ્તરતી હતી. ભરવાડ આભીરોનો સમાજ મુખ્યત્વે આબુ, ભિલ્લ, માલ, વઢિયાર, ચુંવાળ, પાટણ, બનાસ અને પંચનંદના પ્રદેશ તેમજ મારવાડ અને મેવાડની સીમા પર રહેતો હોવાથી એ પ્રદેશ પર જેમની સત્તા ચાલતી તેવા ચાવડા, સોલંકી, પરમાર, ચૌહાણ અને સિંધથી આવેલ મકવાણા રાજવંશ સાથેના સંબંધથી એમના મૂળ ગોત્રો અને કેટલીક વખત કુળ શાખ પણ વિકસ્યા.

કેટલાક ગોત્રોની વિગતો નીચે મુજબ કરેલ છે.

૧. **મકવાણા :** કર્ણદેવના વખતમાં સિંધમાંથી મકવાણા આવ્યા સિધ્ધરાજના સમયમાં માંગુ ઝાલો એટલે કે માંગુ મકવાણો ખૂબ જ ખડતલ, સાહસિક અને શકિતશાળી હતો તેના વંશજો માંગુડી શાખથી ઓળખાયા. માંગુ મકવાણો યવનો સામે લડતા લડતા મરાયોહતો. આ સિવાયની ૧૧ શાખો વ્યવસાય કે પ્રદેશ પ્રમાણે છે.

૨. **ચૌહાણ :** ચૌહાણ સાથે ગોપાલક – ભરવાડોને ઘણો ગાઢ સંબંધ અને પરસ્પરના વિશ્વાસ હોય તેમ લાગે છે. નકુલના રાજવી બલિરાજ જેણે મુંજને હરાવી મૂળરાજને મદદ કરી હતી તેની આભીર ભરવાડ પત્નીના કુળની શાખ 'બલિકા' કે 'બલાઈકા' તરીકે ઓળખાય છે એ જ નકુલના ચૌહાણ મહેન્દ્રનો ગોપાલક વૈશ્યવંશ મહેંદ્ર કા એટલે કે 'મેંદરકા' તરીકે ઓળખાયો. એ જ રીતે નાગભટ્ટના સામંત ચંદરાજ ચૌહાણની વૈશ્ય ગોપાલ પત્નીથી 'ચંદુકા' કે 'ચાંડૂકા' શાખ ઉદ્ભવી અને અજમેર

વસાવનાર અજયદેવ ચૌહાણથી થયેલ ગોપકન્યાના વંશજો 'અજરા' કે 'આજરા' કહેવાયા. આમ, ચૌહાણની છ–સાત શાખોમાંથી ચાર પુરુષપ્રધાન અને બે પ્રદેશ પ્રધાન છે.

(૩) **સોલંકી :** સોલંકી – આહીર રાજવીઓ વચ્ચે કાયમ વિગ્રહ ચાલતો હોવાથી સૌરાષ્ટ્ર અને જૂનાગઢ કચ્છના આહીરોએ સોલંકીઓ સાથે લોહીના સંબંધો બાંધ્યા નથી પણ ભીમ બાણાવાળી ચૌહાણનો ભાણેજ થતો હોવાથી અને મહંમદ ગઝનીના આક્રમણ વખતથી રઝળપટ્ટી વખતે ભરવાડના બઉકુળની 'બઉલા' લગ્નથી જોડાઈ ભીમદેવકા શાખનો આરંભ કર્યો બાકીની ત્રણ પ્રદેશવાર મળી કુલ ચાર શાખો છે.

(૪) **વાઘેલા :** સોલંકી વંશના જે કૂળો વ્યાઘ્રપદીમાં રહ્યા તે વાઘેલા કહેવાયા. આવી રીતે વાઘેલા ગણાતો એક પાધરો વંશ સાટિયા રહેતો તેથી તેની શાખ સાટિયા થઈ.

(૫) **વાઢેલ :** રાઠોડ વંશના ઓખામંડળમાં ગયેલ રજપૂતોએ કુટિલ રાજનીતિથી ઓખાના બે કુળોને લડાવી વાઢી નાખ્યા માટે એ લોકો 'વાઢેલ' કહેવાયા. તેમની પણ એક જ પાધરી શાખ છે.

*** એકસો અઢાર શાખ :**

આ રીતે જોતા રાઠોડ – ૧૨, મકવાણા – ૧૨, વાઘેલા – ૧, સિસોદીયા–૧, વાઢેલ–૧, ચૌહાણ–૬, સોલંકી–૪, ચાવડા–૭, પરમાર–૨૧, જાદવ–૧૫, સિંધવ–૧૬, ગોહિલ–૯ અને કારેથાની–૧૩ મળી કુલ ભરવાડ સમાજના ૧૩ ગોત્રની ૧૧૮ શાખ થાય છે.

*** ચલ કે ચળ શાખા :**

ભરવાડોની કેટલીક શાખ આ સ્થળેથી આ સમૂહમાં આવેલા છે તે બતાવે છે કે વતન પરની શાખાઓ સ્થળાંતર પ્રમાણે બદલાતી હોય છે માટે એવી શાખાઓ 'ચલ' કે 'ચળ' શાખાઓ કહેવાય.

**કોષ્ટક–૨ વતન કે સ્થળ પરથી પડેલ શાખા**

| ક્રમ | સ્થળ | શાખ | ગોત્ર |
|---|---|---|---|
| ૧. | મેવાડ | મેવાળા | રાઠોડ |
| ૨. | ખરડે | ખરેડિયા | રાઠોડ |
| ૩. | મીરોકા | મિરોકીયા | કારેથા |
| ૪. | લાકડિયા | લાકડિયા | મકવાણા |
| ૫. | જીલડી | જીલડિયા | પરમાર |
| ૬. | હરણી | હરણીઆ | જાદવ |
| ૭. | ખરગ | ખરગીઆ | ગોહેલ |
| ૮. | વરાડ | વરાડિયા | જાદવ |
| ૯. | વાંસ | વાંસીઆ | સિંધવ |
| ૧૦. | મરૂ | મારૂ | ચૌહાણ |
| ૧૧. | બાબરા | બાબરીઆ | ગોહિલ |
| ૧૨. | ધોળકા | ધોળકીઆ | વાઘેલા |
| ૧૩. | બજુડ | બજુડિયા | વાઘેલા |
| ૧૪. | શિયાણી | શિયાણીઆ | વાઘેલા |
| ૧૫. | હડાળા | હડાળીયા | વાઘેલા |
| ૧૬. | બુધેલ | બુધેલીયા | અલગોત્ર |
| ૧૭. | રાજસ્થાનની 'બાંભુવા' નદી | બાંભવા | પરમાર |

*** 'અચળ' કે 'અચલ' શાખા :**

દેવદેવીઓ અને મૂળપુરુષો પરથી પડેલ શાખો મોટેભાગે ઓછી બદલાય છે માટે તે 'અચળ' શાખ ગણાય છે. નીચેની કેટલીક દેવીના અને પુરુષના નામ પરથી પડેલ.

**કોષ્ટક—૩**

**દેવીઓ(માતા) ના નામ પરથી પડેલ**

| **ક્રમ** | **કૂળદેવી** | **શાખ** | **ગોત્ર/મૂળવંશ** |
|---|---|---|---|
| ૧. | ઝાંપ | ઝાંપડા | સિંધવ |
| ૨. | ચામુંડ | ચામુંડિયા<br>ચામડિયા | પરમાર<br>પરમાર |
| ૩. | આવડ | આવડિયા | મકવાણા |
| ૪. | બળાઈ | બળાઈકા | મકવાણા |
| ૫. | ફાંગ | ફાંગલિયા | મકવાણા |
| ૬. | બુટ | બુટીઆ | સિંધવ |
| ૭. | અડુ | અડુકા | મકવાણા |

**કોષ્ટક—૪**

**મૂળ પુરુષના નામ પરથી પડેલ શાખ**

| **ક્રમ** | **મૂળ પુરુષના** | **શાખ** | **ગોત્ર** |
|---|---|---|---|
| ૧. | જશરાજ | જશરાજ | ચાવડા |
| ૨.<br>૩. | ભીમદેવ<br>વહર | ભીમદેવકા<br>વહરકા | ચાવડા<br>રાઠોડ |
| ૪. | દૂધો | દુધીઆ | પરમાર |

| ક્રમ | મૂળ પુરુષના | શાખ | ગોત્ર |
|---|---|---|---|
| ૫. | પાંચો | પાંચીઆ | રાઠોડ |
| ૬. | ચંદુક | ચાંડુકા | સિંધવ |
| ૭. | ધાધલદેવ | ધાધલકા | ચાવડા |
| ૮. | બલિરાજ | બલિકા | ચૌહાણ |
| ૯. | રાણા | રાંણગા | ચાવડા |
| ૧૦. | ફુલો | ફુલાણી | પરમાર [૬] |

*** નાનાભાઈ – મોટાભાઈ ભરવાડ :**

ભરવાડોમાં નાનાભાઈ – મોટાભાઈ એવી બે શાખ છે. આ બે ભાગલા પડયા એનો સ્પષ્ટ ખ્યાલ કોઈ આપી શકતું નથી. ગુજરાતના ભરવાડોમાં જ નહીં. બીજા પ્રાંતોમાં પણ જુદાં જુદાં કારણે એક જ ભાંડુર જેવી ગણાતી કોમમાં નાના અને મોટા એવા બે ભાગ પડી ગયા છે એ પ્રક્રિયાને સમજાવવા ઉદા. આપવા માટે એક કુટુંબના બે ભાઈ જુદા પડે છે. એમ દષ્ટાંત મુકવામાં આવે છે ત્યાં સમગ્ર સમાજ એ કુટુંબને જુદાં પાડનારા પરિવારના જૂથ એકમાંથી અલગ પડતા હોવાથી નાનાભાઈ તરીકે ગણાય છે. સુધારકવૃત્તિ, ચોખ્ખાઈ, કપડાં–લતા કે પહેરવેશના ફેરફારો, વ્યવસાય કે બીજા કારણો એ નાનું જૂથ જુદું પડયું તે નાનાભાઈ કહેવાયા અને જેનાથી જુદું પડયું તેને મોટાભાઈ ગણી મીઠો સંબંધ જાળવી રાખ્યો હોય એ બનવા જોગ છે.

દંતકથાનાઆધારે બારોટો કહે છે કે કૃષ્ણ ભગવાન ગોવાળ સાથે ગાય વાછરુ ચરાવતા હતા ને બ્રહ્માજી એ ચોરીને વાછરુ સાથે જે ગોવાળોને ગુફામાં ઢાંકી દીધા તે મોટાભાઈ અને એની જગ્યાએ કૃષ્ણ ભગવાને યોગવિદ્યાથીની જે બનાવ્યા તે નાના ભાઈ.

આમ, બ્રહ્મા અને વિષ્ણુથી પ્રગટ થયેલા અથવા દેહ અને વિદ્યાથી પ્રગટ થયેલા પુત્રને ભાઈ ગણાય અને ભાઈ – ભાઈના સંતાન વચ્ચે દીકારા–દીકરીનો વ્યવહાર ન કરાય.[૭]

## ૨.૩ ભૌતિક સંસ્કૃતિ :

લોકોના કે કોઈ એક જૂથના સામાજિક વારસાને સુચવવા માટે સંસ્કૃતિ શબ્દનો ઉપયોગ થાય છે. સંસ્કૃતિ એ માનવ સમાજની પેદાશ છે. વ્યકિતની પરિસ્થિતિ સાથેની આંતરક્રિયામાંથી તે જન્મે છે. માનવસમાજ પર સંસ્કૃતિની ઘેરી અસર છે. માનવ સમાજ અને સંસ્કૃતિ ગાઢ રીતે સંકળાયેલા છે અને એકબીજાના પૂરક છે. મેલિનોવસ્કી જણાવે છે કે "સંસ્કૃતિ એ માનવસર્જિત રચના છે અને તે સાધન છે જે દ્વારા માનવી પોતાની સાધ્ય વસ્તુઓ મેળવે છે. દુનિયાની જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ છે તે બધી જ માનવસર્જિત છે.[૮] સંસ્કૃતિ માનવ જગતને પ્રાણી જગતથી અલગ પાડતું તત્વ છે. સંસ્કૃતિનો ઉદ્ભવ માનવ સમાજ જેટલો જ જૂનો છે. "સંસ્કૃતિ શબ્દ સંસાર શબ્દ પરથી ઉતરી આવ્યો છે. સંસ્કૃતિ એટલે નૈતિક બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉન્નતિ એવો પણ અર્થ થાય છે. માનવશાસ્ત્રી માટે સંસ્કૃતિ એ શીખેલી વર્તણૂંક છે. જેના દ્વારા વ્યકિતનું વ્યકિતત્વ વિકસે છે. જયારે ઈતિહાસકારોની દષ્ટિએ દેશનો બૌદ્ધિક અને કલાત્મક વિકાસ એટલે જ સંસ્કૃતિ. સમાજના સહિયારા અર્થોવાળા પ્રતિકોનો સમુહચય એટલે સંસ્કૃતિ. આમ, સંસ્કૃતિ એટલે લાંબા સમય સુધી સમૂહમાં રહેતા લોકો સર્વમાન્ય વિચારણાની અને રહેણીકરણીની રીતે વિકસાવે છે તે બાબતો સમાજના સભ્ય તરીકે આપણી પાસે જે કાંઈ છે, આપણે જે કાંઈ કરીએ છીએ અને આપણે જે કાંઈ વિચારીએ છીએ તે જટીલ એકમને સંસ્કૃતિ કહી શકાય. માનવ વર્તનનો સમગ્ર જથ્થો એ સંસ્કૃતિ છે.

માનવશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિ એટલે સામાજિક માનવીએ કરેલા સમગ્ર સર્જનો તે સર્જન જન્મદત્ત નથી હોતા આનુવંશિક તત્વ દ્વારા વારસામાં મળતા નથી. પરંતુ જન્મબાદ સામાજિક જીવનમાં કરેલા માનવસર્જનો છે માનવશાસ્ત્રીઓ સામાજિક વારસામાં ત્રણ તત્વોનો સમાવેશ કરે છે. (૧) ભૌતિક સર્જન (૨) સંસ્થાકીય સર્જન (૩) બૌદ્ધિક સર્જન. સમાજશાસ્ત્રીઓ આ સામાજિક વારસાને બે વિભાગમાં વહેંચે છે. (૧) ભૌતિક સર્જન (૨) અભૌતિક સર્જન. ભૌતિક સર્જનના માનવસર્જિત બાબતો જેવી કે સાધનો, ફર્નિચર, વાહનવ્યવહાર સાધનો, મકાનો, નહેરો, ખેતરો, રસ્તાઓ, પુલો વગેરેનો સમાવેશ થાય છે. અભૌતિક સર્જનમાં ભાષા, વિચાર, રિવાજ, માન્યતા, ટેવ વગેરેનો સમાવેશ કરી શકાય.

ભરવાડોના સાંસ્કૃતિક જીવનના અભ્યાસ હેતુ તેની ભૌતિક સંસ્કૃતિને સમજવી અતિ આવશ્યક છે. જેનું વર્ણન નીચે લખેલ મુદ્દાઓમાં કરવામાં આવેલ છે.

### ૧. ગામની સંરચના અને તેની સ્વચ્છતા – સફાઈ :

આ અભ્યાસમાં લીધેલ ગામોની ભૌગોલિક પરિસ્થિતિમાં વિવિધ પ્રકારની પ્રાદેશિક ભિન્નતા જોવા મળે છે. જેમાં સપાટ મેદાનો, ટેકરીઓવાળો પ્રદેશ, જંગલોથી છવાયેલો ડુંગરાળ અને નદીનાળાંને કોતરોવાળો પ્રદેશ વગેરે પ્રાદેશિક ભિન્નતાને ગ્રામરચનામાં પણ વિવિધતા જોવા મળે છે.

આ અભ્યાસમાં પસંદ કરેલ ગામો ખાસ અલગ ન હોઈ સૌરાષ્ટ્રના બીજા અન્ય ગામોની જેમ જ તેના જેવા જ હોય છે. ભરવાડ જ્ઞાતિના વસવાટવાળાં બધા જ ગામોમાં મિશ્ર જ્ઞાતિના વસવાટવાળા જોવા મળે છે. એટલે કે સંપૂર્ણ

ભરવાડ જાતિ ધરાવતું એકપણ ગામ નથી કારણ કે અભ્યાસમાં લીધેલા ગામોમાં મોટાભાગે ખેતી અને તેની સાથે સંકળાયેલ વ્યવસાય તથા પશુપાલન તેમજ બીજા અન્ય વ્યવસાય જેવા કે મોચીકામ, વાળંદ, બ્રાહ્મણિયું વગેરે વ્યવસાય કરતાં હોવાથી પટેલ, વાણિયા, બ્રાહ્મણ, મોચી, વાળંદ, હરિજન, દરબાર વગેરે જ્ઞાતિઓ વસવાટ કરે છે. આમ, ગામમાં જુદી જુદી જાતિઓ રહેતી હોવાથી મોટાભાગે જાતિ પ્રમાણે અલગ અલગ ફળિયાઓ જોવા મળે છે. એક જ ફળિયામાં આઠ–દસ ઘર અલગ–અલગ બાંધેલા હોય છે તથા ફળિયાઓના નામ પણ મુખ્યત્વે જાતિના નામ ઉપરથી જેમ કે પટેલ, બ્રાહ્મણ, દરબારગઢ, કોળીવાસ, હરિજન, ભરવાડ ફળિયું વગેરે નામવાળા ફળિયાં જોવા મળે છે.

આ ઉપરાંત નેસમાં અલગ–અલગ જ્ઞાતિઓના બદલે માત્ર ભરવાડ જ્ઞાતિ જ હોવાથી છૂટા આઠ–દસ ઝૂમખાવાળા ફળિયામાં ભરવાડોનાં ઘર જોવા મળે છે.

આ ગામોમાં ભરવાડ સામાજિક પ્રસંગ હોય તો પાંચ દસ રૂપિયા ચાંદલા પેટે આપે અને સામાજિક વ્યવહાર ટકાવી રાખે છે. બધા જ ફળિયામાં એકતા જોવા મળે છે અને દરેક વ્યકિતને પોતાના ગામ માટે ગૌરવ હોય છે. આ અમારુ ગામ "અમે આ ગામના છીએ" આ ભાવના તેઓમાં પડેલી છે. તેમ છતાં કેટલીક વખત અંદરોઅંદર ઝઘડા ઉભા થાય છે ત્યારે ગામના આગેવાનો જાતિપંચ દ્વારા સમાધાન કરે છે. કયારેક કોર્ટ કચેરીનો આશરો લઈ ન્યાય મેળવે છે અને આ અભ્યાસમાં લીધેલા ગામોની સ્વચ્છતા સફાઈ જે તે ગામના ગ્રામપંચાયત દ્વારા નિમાયેલા સફાઈ કામદાર દ્વારા કરાવવામાં આવે છે. સામાજિક વિધિઓમાં

હવે બ્રાહ્મણોનું સ્થાન મુખ્ય જોવા મળે છે. એટલે લગ્ન અને મૃત્યુ બાદની વિધિઓમાં બ્રાહ્મણને બોલાવી વિધિ કરાવવામાં આવે છે.

જયારે નેસમાં સ્વચ્છતા સફાઈ માટે  સફાઈ કામદારના બદલે ભરવાડ સ્ત્રીઓ પોતપોતાના ઘર પાસે વાડાઓ વાળી ચોળી સાફ કરી સ્વચ્છતા જાળવે છે.

અભ્યાસમાં લીધેલા ગામોની વચ્ચે ચોરો તથા મંદિર આવેલું હોય છે.જેમાં મંદિરની આસપાસ બ્રાહ્મણોના ઘર આવેલા હોય છે. ગામના એક છેડે સ્કૂલ તથા ગ્રામ પંચાયત ભવન આવેલું હોય છે. ગામની મધ્યમાં પોસ્ટ ઓફીસ તથા સરકારી દવાખાનું હોય છે. તથા જયારે નેસમાં તે બક્ષીપંચ ભરવાડના ગામોની જેમ ચોરો, મંદિર, દવાખાનું કે સ્કૂલ જેવું જોવા મળતું નથી માટે તેમને તેના ઉપયોગ માટે તાલુકા મથકે જવું પડતું હોય છે. અથવા ઉના તાલુકાના આજુબાજુના સુવિધાવાળા ગામે જવું પડતું હોય છે.

આમ, ગામને ભરવાડ સ્ત્રીઓનો પણ સામાજિક, ધાર્મિક પ્રસંગે સારો સહકાર મળે છે. ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓ અન્ય જ્ઞાતિ સાથે સામાજિક વ્યવહાર ટકાવી રાખવા  જે તે સામાજિક પ્રસંગે હાજરી આપે છે. હવે સ્ત્રીઓ જાગૃત થતાં ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણી જેવી રાજકીય પ્રવૃતિઓમાં ભાગ લેવા લાગી છે. ઉપરાંત પોતાનો મત આપી પોતે ગામના નાગરિક તરીકેની ફરજ પણ બજાવવા લાગી છે.

જયારે નેસમાં રાજકીય બાબતે જાગૃતિ બહુ જ ઓછી જોવા મળતા તેમાં ભરવાડ સ્ત્રી કે પુરુષ રાજકીય ચૂંટણીમાં ભાગ લેતા નથી ઉપરાંત મત આપવા

પણ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જતા નથી જયારે મત આપવા લોકસભા કે ધારાસભા જેવી ચૂંટણીમાં જતા હોય તેવા પુરુષો પણ બહુ ઓછા છે જયારે સ્ત્રીઓ તો જતી જ નથી.

### ૨. ઘર તથા ઘરનું નિર્માણ :

ભરવાડોના ફળિયામાં આઠ–દસથી માંડી પંદર–વીસ સુધી ઘરો હોય છે. જે છૂટાં–છૂટાં બાંધેલા જોવા મળે છે. અને ઘરને બનાવવામાં ભરવાડ સ્ત્રીઓ કુટુંબના સભ્યો કે મજૂરો સાથે પાયાના ખોદકામ તથા માલની લેવડ–દેવડમાં મદદ કરે છે. ત્યારબાદ કડિયા દીવાલ બનાવે છે. તે દિવાલ વધારે જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં પથ્થરની દીવાલ વધારે જોવા મળે છે. કારણ કે જૂનાગઢ જિલ્લામાં પથ્થરની ખાણ વધુ હોવાથી તેનો વપરાશ વધારે જોવા મળે છે. તથા ગીરમાં અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સ્થળાંતરના કારણે કાચા મકાનો જોવા મળે છે. જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ઈંટની દિવાલ વધારે જોવા મળે છે. તથા દિવાલમાં બારી–બારણાં બનાવવાનો કામ તે સુથારને સોંપે છે અને ભોંયતળિયામાં છાણ–માટીના લીંપણ કરે છે જે કામ સ્ત્રીઓ જ કરે છે તથા અમુક અર્ધ પાકાં મકાનમાં બંને જિલ્લામાં ભોંય તળિયે મોટાભાગે સીમેન્ટનું તળીયું જોવા મળે છે. જયારે ગીરમાં તો સ્ત્રીઓ જમીનને માટીથી લીંપે છે. અને છાપરું પણ દેશી નળીયાનું જોવા મળે છે. તથા જેઓની આર્થિક સ્થિતિ સારી હોય તેઓ ઘરની અંદર અને બહાર દિવાલમાં સિમેન્ટ અને રેતીથી અથવા ઈંટની દીવાલ કડિયા પાસે બનાવડાવે છે. આ

ઉપરાંત નાના–મોટા ઘર બનાવવાના કામમાં ભરવાડ સ્ત્રી–પુરુષો કડિયાને મદદ કરે છે.

આ ઉપરાંત ઘરની સાથે જ મોટાભાગે પશુને બાંધવાનો વાડો બન્ને જિલ્લામાં જોવા મળે છે.

આમ, બન્ને જિલ્લામાં પાકા મકાન કરતાં કાચા અને અર્ધ પાકા મકાન વધારે જોવા મળે છે.

અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોના મકાનનો પ્રકાર, મકાનનું ક્ષેત્રફળ, મકાનમાં દીવાલનો પ્રકાર, મકાનનું છાપરું, મકાનનું ભોંયતળીયું વગેરે દર્શાવતા કોષ્ટકો નીચે જોતા ખ્યાલ આવશે.

## ૨.૧ ઉત્તરદાતાઓના મકાનનો પ્રકાર :

ભરવાડોના મકાનના બાંધકામ ઉપર ભૌગોલિક પરિસ્થિતિની અસર થતી હોય છે. તેથી જૂનાગઢ જિલ્લામાં પાકા યા અર્ધપાકા મકાનોમાં પથ્થરનો ઉપયોગ કરે છે. કારણ કે જૂનાગઢ જિલ્લા બાજુ પથ્થરોની ખાણો વધુ છે. જયારે જામનગર જિલ્લામાં પાકા યા અર્ધપાકા મકાનોમાં અમુકને બાદ કરતા ઈંટોનો ઉપયોગ કરવામાં આવે છે. કારણે કે ત્યાં ઈંટોનો વપરાશ વધારે થાય છે. જયારે કાચા મકાનો માટીના બંને જિલ્લામાં બનેલા હોય છે. હવે તો ધાબાવાળ ા મકાનો પણ બનાવે છે. જો કે અભ્યાસ હેઠળ મકાનોનું સ્વરૂપ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૨.૧ મકાનનો પ્રકાર દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | કાચું મકાન | ૨૪ | ૩૭ | ૬૧ | ૩૪ | ૯૫ |
| | ટકા | ૨૪% | ૭૪% | ૪૦.૬૬% | ૨૨.૬૬% | ૩૧.૬૬% |
| ૨. | પાકું મકાન | ૧૫ | ૩ | ૧૮ | ૨૯ | ૪૭ |
| | ટકા | ૧૫% | ૬% | ૧૨% | ૧૯.૩૪% | ૧૫.૬૬% |
| ૩. | અર્ધપાકુ મકાન | ૬૧ | ૧૦ | ૭૧ | ૮૭ | ૧૫૮ |
| | ટકા | ૬૧% | ૨૦% | ૪૭.૩૪% | ૫૮% | ૫૨.૬૮% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |


મકાનનો પ્રકાર દર્શાવતું કોષ્ટક
ઓબીસી–જૂના.
એસટી
કુલ–જૂના
ઓબીસી–જામ.
ટકાવારી
80.00
70.00
60.00
50.00
40.00
30.00
20.00
10.00
0.00
24.00
74.00
40.66
22.66
31.66
15.00
6.00
12.00
19.34
15.66
61.00
20.00
47.34
58.00
52.68
કાચુ મકાન
પાકુ મકાન
અર્ધ પાકુ મકાન

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાંથી કાચું મકાન ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૨૪ (૨૪%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડોની સંખ્યા ૩૭ (૭૪%) છે. જયારે પાકુ મકાન ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૧૫ (૧૫%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડોની સંખ્યા ૩(૬%) છે તથા અર્ધ પાકુ મકાન ધરાવતા બક્ષીપંચ ભરવાડોની સંખ્યા ૬૧ (૬૧%) છે અને અનુસૂચિત જનજાતિય ભરવાડોની સંખ્યા ૧૦ (૨૦%) છે.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના ૧૫૦ કુટુંબોમાંથી કાચુ મકાન ધરાવતા કુટુંબોની સંખ્યા ૩૪ (૨૨.૬૬%) અને પાકુ મકાન ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૯ (૧૯.૩૪%)  તથા અર્ધ પાકુ મકાન ધરાવતા કુટુંબોની સંખ્યા ૮૭ (૫૮%) જોવા મળે છે.

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબ લીધા છે. જેની ટકાવારી જોતા સ્પષ્ટ થાય છે કે જેમાં સૌથી વધુ અર્ધ પાકુ મકાન ધરાવતા ૬૧% કુટુંબ જોવા મળે છે તથા ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબો લીધા છે. તેમાં સૌથી વધુ કાચું મકાન ધરાવતા ૭૪% કુટુંબ જોવા મળે છે.

આમ, જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો વચ્ચે તુલના કરતાં સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ બક્ષીપંચ ભરવાડોમાં અર્ધ પાકા મકાન જોવા મળે છે. આ ઉપરાંત જેના મકાનો

કાચા છે તેનું કારણ એ છે કે તેની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે તે પાકા મકાન ન બનાવી શકતા તે કાં તો અર્ધ પાકા યા કાચા મકાન બનાવે છે. જયારે ગીરમાં વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડોનો જંગલમાં વસવાટ હોવાથી તેને વરસાદની સીઝનમાં ત્યાં રહેવું શકય ન બનતા તેને વારંવાર સ્થળાંતર કરવું પડે છે. જેથી તે કાચા મકાન બનાવે છે જે તેનું કારણ છે.

આ ઉપરાંત અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાંથી જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોનાં કુટુંબો લીધા છે જેની ટકાવારી જોતા અહીં સ્પષ્ટ થાય છે કે જેમાં આ સૌથી વધુ ૫૮% કુટુંબ અર્ધ પાકા મકાન ધરાવે છે. જેમાં દીવાલમાં ઈંટ અને તળીયામાં મોટાભાગે સિમેન્ટનું જોવા મળે છે.

જયારે એ તેનું પાછળનું કારણ તપાસતા એ જાણવા મળે છે કે અહીં કુટુંબોની સભ્ય સંખ્યા વધુ અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ હોવાથી આ જિલ્લાના ભરવાડ લોકો પાકા મકાન કરતાં કાચા અને અર્ધ પાકા મકાનોમાં રહે છે અને જે ઉત્તરદાતાઓ પાકા મકાન ધરાવે છે તેનું પ્રમાણ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૫% છે. જામનગર જિલ્લામાં ૧૯% જોવા મળે છે. તેનું કારણ એ છે કે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો જૂનાગઢ જિલ્લાના ભરવાડો કરતાં થોડા આર્થિક સધ્ધર અને સ્થિર વસવાટના કારણે પાકા મકાનો ધરાવે છે.

## ૨.૨ ઉત્તરદાતાઓના મકાનનું ક્ષેત્રફળ

પ્રસ્તુત અભ્યાસમાં પશુપાલક ભરવાડોના મકાનનું ક્ષેત્રફળ કેટલું છે તે અંગેની માહિતી મેળવવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે. આથી અહીં તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. ૨.૨ મકાનનું ક્ષેત્રફળ**

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૧૦૦ વાર | ૪૪ | ૪ | ૪૮ | ૬૨ | ૧૧૦ |
| | ટકા | ૪૪% | ૮% | ૩૨% | ૪૧.૩૪% | ૩૬.૬૬% |
| ૨. | ૨૦૦ વાર | ૫૦ | ૨૬ | ૭૬ | ૭૮ | ૧૫૪ |
| | ટકા | ૫૦% | ૫૨% | ૫૦.૬૬% | ૫૨% | ૫૧.૩૪% |
| ૩. | ૩૦૦ વાર | ૫ | ૧૮ | ૨૩ | ૧૦ | ૩૩ |
| | ટકા | ૫% | ૩૬% | ૧૫.૩૪% | ૬.૬૬% | ૧૧% |
| ૪. | ૪૦૦ વાર | ૧ | ૨ | ૩ | – | ૩ |
| | ટકા | ૧% | ૪% | ૨% | – | ૧% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાંથી ૧૦૦ વાર મકાનનું ક્ષેત્રફળ ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૪૪ (૪૪%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડ કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૫૦ (૫૦%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડોમાં સંખ્યા ૨૬ (૫૨%) છે. તથા ૩૦૦ વાર ધરાવતા મકાનોની સંખ્યા બક્ષીપંચ ભરવાડોમાં ૫(૫%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં સંખ્યા ૧૮ (૩૬%) જયારે ૪૦૦ વાર ધરાવતા મકાનની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૧ (૧%) અને અનુસૂચિત જનજાતિમાં સંખ્યા ૨(૪%) છે.

જયારે જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોમાંના ૧૫૦ કુટુંબોમાંથી ૧૦૦ વાર મકાનનું ક્ષેત્રફળ સંખ્યા ૬૨ (૪૧.૩૪%), ૨૦૦ વાર મકાન સંખ્યા ૭૮ (૫૨.૬૬%) તથા ૩૦૦ વાર મકાનનું ક્ષેત્રફળ ધરાવતી સંખ્યા ૧૦(૬.૬૬%) જયારે ૪૦૦ વાર મકાનનું ક્ષેત્રફળ ધરાવતી બક્ષીપંચ ભરવાડની સંખ્યા જામનગર જિલ્લામાં એકપણ જોવા મળતી નથી.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબો લીધા છે તેમાં ૨૦૦ વારનું મકાનનું ક્ષેત્રફળ હોઈ તેવા કુટુંબોની ટકાવારી જોતા ૫૦% છે. એટલે કે તેનું કારણ તપાસતા એ માલુમ પડે છે કે અહીં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોનો વ્યવસાય પશુપાલન હોવાથી તે પોતાના ઘરમાં રહેવાની સાથે પશુને બાંધવાનો વાડો રાખે છે જેને કારણે તેને રહેવા માટે તો ઓરડા બે

હોય પણ પશુના માટે તે વધુ વારના મકાન ધરાવે છે. જયારે તેની તુલનાએ ગીરના ૫૦ અનુસૂચિત જનજાતિના ભરવાડોના ઘરમાં ૨૦૦ વાર મકાનનું ક્ષેત્રફળ ૫૨% જોવા મળે છે. જે માટેનું કારણ એ છે કે અહીં જંગલ વિસ્તારોમાં સરકારી જમીન ભરવાડોને વસવાટ માટે આપેલ હોઈ છે તથા ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો પાસે બક્ષીપંચ ભરવાડો કરતાં પશુઓનું પ્રમાણ પણ વધારે હોવાથી તેને રાખવા માટે વધુ જમીનની જરૂર પડે છે. માટે તે રહેવા માટે ફકત મોટો એક ઓરડો જ બનાવે અને બાકીની જગ્યાનો ઉપયોગ પશુ રાખવા માટે કરે છે.

જયારે અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાંથી જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોના કુટુંબોમાં જૂનાગઢ જિલ્લાની તુલનારને સ્પષ્ટ થાય છે કે અહીં પણ સૌથી વધુ ૫૨% કુટુંબ ૨૦૦ વારનું મકાન ધરાવે છે. જેનું કારણ એ છે કે અહીં બક્ષીપંચ ભરવાડોમાં કુટુંબની સભ્ય સંખ્યા વધુ હોઈ અને સાથે પશુ ન બાંધવાનો વાડો હોવાથી તેને ૨૦૦ વાર મકાનની જમીન હોય છે.

## ૨.૩ ઉત્તરદાતાઓના મકાનમાં દીવાલનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના મકાનમાં દીવાલનો પ્રકાર અંગેની માહિતીનું વિશ્લેષણ અહીં નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૨.૩ મકાનમાં દીવાલનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | માટીની દીવાલ | ૧૯ | ૩૩ | ૫૨ | ૨૪ | ૭૬ |
| | ટકા | ૧૯% | ૬૬% | ૩૪.૬૬% | ૧૬% | ૨૫.૩૦% |
| ૨. | પથ્થરની દીવાલ | ૭૦ | ૧૩ | ૮૩ | ૪ | ૮૭ |
| | ટકા | ૭૦% | ૨૬% | ૫૫.૩૪% | ૨.૬૬% | ૨૯% |
| ૩. | ઈંટની દીવાલ | ૧૧ | – | ૧૧ | ૧૨૨ | ૧૩૩ |
| | ટકા | ૧૧% | – | ૭.૩૪% | ૮૧.૩૪% | ૪૪.૩૦% |
| ૪. | ઘાસની દીવાલ | – | ૪ | ૪ | – | ૪ |
| | ટકા | – | ૮% | ૨.૬૬% | – | ૧.૪% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાનાં કુલ ૧૫૦ કુટુંબોમાંથી માટીની દીવાલ ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૧૯ (૧૯%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડ કુટુંબોની સંખ્યા ૩૩ (૬૬%) છે. પથ્થરની દીવાલ ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૭૦ (૭૦%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડ કુટુંબોની સંખ્યા ૧૩ (૨૬%) છે. જયારે ઈંટની દીવાલ ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૧૧ (૧૧%) છે. અનુસુચિત જનજાતિમાં તે જોવા મળતી નથી  તથા ઘાસની દીવાલ બક્ષીપંચ ભરવાડોમાં જોવા ન મળતા તે ફકત અનુસૂચિત જનજાતિ ભરવાડોમાં કુટુંબોની સંખ્યા ૪ (૮%) છે.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના કુલ ૧૫૦ કુટુંબોમાંથી માટીની દીવાલ ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૪ (૧૬%) , પથ્થરની દીવાલ ધરાવતા કુટુંબોની સંખ્યા ૪ (૨.૬૬%), ઈંટની દીવાલ ધરાવતા કુટુંબોની સૌથી વધુ સંખ્યા ૧૨૨ (૧.૩૪%) જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબો માંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબ લીધા છે. તેમાં મકાનની દીવાલમાં માટી, પથ્થર અને ઈંટોની જોવા મળે છે. પરંતુ તેમાં બક્ષીપંચ ભરવાડોમાં એ બતાવે છે કે અહીં બીજા સમાજની થોડી અસરના લીધેથી અને જૂનાગઢ જિલ્લામાં પથ્થરની ખાણ હોવાથી દીવાલ પથ્થરની હોય તેની ટકાવારી ૭૦% જોવા મળે છે. આમાં ધીમે ધીમે પોતાના કાચા મકાનની જગ્યાએ અર્ધ પાકા મકાન બનાવવાની શરૂઆત થઈ ગઈ છે. અને જેની આર્થિક પરિસ્થિતિ

નબળી છે તે ૧૯% લોકો માટીની દીવાલ ધરાવે છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાં મોટાભાગે એટલે કે ઘાસ, માટીની દીવાલ જોવા મળે છે. જેનું કારણ તેનો જંગલમાં વસવાટ, સ્થળાંતર અને નબળી આર્થિક પરીસ્થિતિના કારણે મોટાભાગના ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોનાં મકાનમાં દીવાલ માટીની છે.

જયારે અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાંથી જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોના કુટુંબોમાં મકાનની દીવાલ માટી, પથ્થર અને ઈંટની જોવા મળે છે. જેમાં જૂનાગઢ જિલ્લાની તુલનાએ અહીં જામનગર જિલ્લામાં ઈંટોના ભઠ્ઠા હોવાથી ત્યાં ઈંટોનો વપરાશ વધુ જોવા મળે છે. જે તેનું એક કારણ છે. માટીની દીવાલ પણ ૧૬% જોવા મળે છે. જેનું પ્રમાણ ઓછું છે.

## ૨.૪ ઉત્તરદાતાઓના મકાનનું છાપરું દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલું સામાજિક પરિવર્તન અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના મકાનનું છાપરું કેવા પ્રકારનું છે. તે અંગેની માહિતી મેળવવામાં આવી છે તે અંગેન માહિતનું વિશ્લેષણ અહીં નીચેના કોષ્ટમાં કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૨.૪ મકાનનું છાપરું દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | વિલાયતી નળિયા | ૭૨ | ૧૫ | ૮૭ | ૯૭ | ૧૮૪ |
| | ટકા | ૭૨% | ૩૦% | ૫૮% | ૬૪.૬૬% | ૬૧.૩૩% |
| ૨. | દેશી નળિયા | ૧૩ | ૧૭ | ૩૦ | ૧૬ | ૪૬ |
| | ટકા | ૧૩% | ૩૪% | ૨૦% | ૧૦.૬૭% | ૧૫.૩૩% |
| ૩. | સ્લેબ | ૧૪ | ૩ | ૧૭ | ૩૦ | ૪૭ |
| | ટકા | ૧૪% | ૬% | ૧૧.૩૪% | ૨૦% | ૧૫.૬૬% |
| ૪. | પતરાં | ૧ | ૩ | ૪ | ૭ | ૧૧ |
| | ટકા | ૧% | ૬% | ૨.૬૬% | ૪.૬૭% | ૩.૬૮% |
| ૫. | ઘાસનું છાપરું | — | ૧૨ | ૧૨ | — | ૧૨ |
| | ટકા | — | ૨૪% | ૮% | — | ૪% |
| | કુલ | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લામાંના ૧૫૦ કુટુંબોમાંથી વિલાયતી નળિયા ધરાવતા બક્ષીપંચ ભરવાડ કુટુંબોની સંખ્યા ૭૨ (૭૨%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં ૧૫ (૩૦%) છે. જયારે દેશી નળિ યા ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડોમાં ૧૩ (૧૩%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં ૧૭ (૩૪%) છે. જયારે સ્લેબ ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડોમાં ૧૪ (૧૪%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડોમાં ૩ (૬%) છે તથા પતરાં ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૧(૧%) અને અનુસૂચિત જનજાતિમાં ૩ (૬%) છે. જયારે ઘાસનું છાપરું ધરાવતા કુટુંબો ફકત અનુસૂચિત જનજાતિમાં ૧૨ (૨૪%) છે. બક્ષીપંચ ભરવાડના ઘરોમાં જોવા મળતું નથી.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના ૧૫૦ કુટુંબોમાં વિલાયતી નળિયા ધરાવતા કુટુંબોની સંખ્યા ૯૭ (૬૪.૬૬%), દેશી નળિયા ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૬ (૧૦.૬૭%), સ્લેબ ધરાવતા કુટુંબોની સંખ્યા ૩૦ (૨૦%) તથા પતરાંનું છાપરું ધરાવતા કુટુંબોની સંખ્યા ૭ (૪.૬૭%) જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબ લીધા છે. તેમાં મકાનના છાપરાની ટકાવારી જોતા સ્પષ્ટ થાય છે કે મકાનમાં છાપરુ વિલાયતી – દેશી,

નળિયા, સ્લેબ, પતરાંનું જોવા મળે છે. પરંતુ અહીં બક્ષીપંચ ભરવાડોમાં વિલાયતી નળિયાનું પ્રમાણે વધુ ૭૨% જોવા મળે છે. કારણ કે પહેલા ભરવાડો મોટાભાગે દેશી નળિયનો વધારે ઉપયોગ કરતાં હતા પરંતુ શહેરી સંપર્કના કારણે તેઓના ઘરમાં છાપરામાં પણ ફેરફાર થયેલો જોવા મળે છે. માટે તે દેશી નળિયાના બદલે વિલાયતી નળિયાનો વપરાશ વધુ કરતાં જોવા મળે છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાં છાપરું વિલાયતી, દેશી પતરાં અને ઘાસનું જોવા મળે છે. જેમાં બક્ષીપંચ ભરવાડની તુલનાએ અહીં દેશી નળીયાની ટકાવારી ૩૪% અને ઘાસનું છાપરુ ૨૪% ધરાવે છે. જેનું કારણ એ છે કે તે જંગલમાં વસવાટ કરતાં હોવાથી તે ઘાસનો વપરાશ કરે છે જે ત્યાંથી મળી રહેતું હોય છે અને શહેરી સમાજની અસર ન હોવાથી તે દેશી નળિયાનો જ ઉપયોગ કરે છે.

જયારે અભ્યાસ હેઠળ ૩૦૦ કુટુંબમાંથી જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોનાં ૧૫૦ કુટુંબોમાં પણ મકાનનું છાપરું જોવા મળે છે. જેમાં ૬૪.૬૬% વિલાયતી નળીયા વધુ જોવા મળે છે. જે જૂનાગઢની તુલનાએ અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે તે પણ જૂનાગઢ જિલ્લાની જેમ જામનગરના બક્ષીપંચ ભરવાડોમાં પણ ઉદ્યોગીકરણ, શહેરીકરણની અસરના કારણે મકાનમાં દેશી, નળીયાના બદલે વિલાયતી નળિયા જોવા મળે છે. જયારે જૂનાગઢ જિલ્લામાં ૧૪% સ્લેબ જોવા મળે છે. જેની તુલનાએ જામનગર જિલ્લામાં ૨૦% બક્ષીપંચ ભરવાડો સ્લેબ ધરાવે છે. જેનું કારણ પણ ઉદ્યોગ અને શહેરીકરણની અસર છે.

## ૨.૫ ઉત્તરદાતાઓના મકાનનું ભોંયતળિયું દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના મકાનનું ભોંયતળિયું કેવા પ્રકારનું છે તે અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. ૨.૫ મકાનનું ભોંયતળિયું**

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | કાચું/ગાર | ૨૫ | ૪૭ | ૭૨ | ૪૬ | ૧૧૮ |
| | ટકા | ૨૫% | ૯૪% | ૪૮% | ૩૦.૩૬% | ૩૯.૩૩% |
| ૨. | લાદી | ૩૫ | ૩ | ૩૮ | ૫૨ | ૯૦ |
| | ટકા | ૩૫% | ૬% | ૨૫.૩૪% | ૩૪.૬૭% | ૩૦% |
| ૩. | સિમેન્ટનું તળિયું | ૪૦ | – | ૪૦ | ૫૨ | ૯૨ |
| | ટકા | ૪૦% | – | ૨૬.૬૬% | ૩૪.૬૭% | ૩૦.૬૭% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબો માંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાનાં ૧૫૦ કુટુંબોમાંથી કાચુ ભોંયતળિયું ધરાવતાં કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૨૫ (૨૫%) અને અનુસૂચિત જાનજાતિય ભરવાડમાં ૪૭ (૯૪%) છે. જયારે લાદી ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩૫ (૩૫%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૩ (૬%) છે તથા સિમેન્ટનું તળિયું ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૪૦ (૪૦%) છે.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના ૧૫૦ કુટુંબોમાં કાચુ ભોળતળિયું ધરાવતા કુટુંબોની સંખ્યા ૪૬ (૩૦.૩૬%), લાદી ધરાવતા કુટુંબોની સંખ્યા ૫૨ (૩૪.૬૭%) અને સિમેન્ટનું તળિયું ધરાવતા કુટુંબોની સંખ્યા ૫૨ (૩૪.૬૭%) જોવા મળે છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના ૧૦૦ કુટુંબો લીધા છે તેમાં મકાનનું ભોંયતળીયું કાચુ, લાદી અને સિમેન્ટના તળિયાવાળું જોવા મળે છે. જેમાં સૌથી વધુ ૪૦% સિમેન્ટનું તળિયું છે. જેનું કારણ એ છે કે તે ગમે તેવા પાકા મકાન હોય પણ તે મોટાભાગે સિમેન્ટનું તળીયું ધરાવતા હોય છે. કારણ કે તે પહેલા કાચા મકાન ધરાવતા તેને બદલે મકાન હવે અર્ધ પાકા મકાન હોવાના લીધે અને તેની આર્થિક પરિસ્થિતિના પ્રમાણમાં મોટાભાગે સિમેન્ટના તળિયાનો જ ઉપયોગ કરે છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાં તળિયું મોટાભાગે (૯૪%) ગીરનું જ જોવા મળે છે. જેનું કારણ પણ નબળી આર્થિક પરિસ્થિતિ છે.

જયારે અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબમાંથી જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોના કુટુંબોમાં પણ જૂનાગઢ જિલ્લાથી વધુ તફાવત ન જોવા મળતા ત્યાં પણ ૩૪.૬૭% સિમેન્ટનું જ તળીયું ધરાવે છે.

આમ, ઉપરોક્ત બાબતો દ્વારા જાણવા મળે છે કે ભરવાડોના ઘરનું નિર્માણ થયા બાદ તેના મકાનની વાસ્તુપૂજન માટે તે બ્રાહ્મણને બોલાવે છે.

ઘર તેના મોટાભાગે બે કે ત્રણ ઓરડાવાળા જોવા મળે છે. અથવા નાના ઘરોમાં મોટો એક ઓરડો અને ઘરના ફળિયામાં એક છેડે અલગ રસોડું હોય છે. ઉપરાંત ઘરના સામેના ભાગમાં ઢોરને બાંધવા માટે વાડો હોય છે તેને 'એક ઢાળિયું' કહે છે અને ત્યાં જ પશુને ઘાસચારો તથા પાણી આપવામાં આવે છે.

ઘરમાં તે સાથે ફળિયામાં એક કિનારે કપડા ધોવા, વાસણ ધોવા પથ્થર રાખેલો હોય છે. ઘરમાં અલગ જાજરૂ માટેની વ્યવસ્થા ન કરતાં તે ઘરની પાછળ ના ભાગે વાડો હોય ત્યાં જાય છે. અથવા ગામના છેવાડે ખુલ્લા મેદાનમાં જાય છે. પરંતુ વર્તમાન સમયમાં સંપન્ન અને શિક્ષિત ઘરોમાં જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં હવે શહેરી સંપર્કના કારણે બાથરૂમ અને સંડાસની સગવડ જોવા મળે છે જયારે નેસમાં હજુ તે જોવા મળતું નથી. તેથી અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં હજુ ઘરની વ્યવસ્થામાં ફેરફાર બહુ જોવા મળતી નથી.

અભ્યાસ હેઠળનાં પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં ઘરના ઓરડાની સંખ્યા અને પશુનો વાડો દર્શાવાતું કોષ્ટક નીચે મુજબ છે.

## ૨.૬ ઉત્તરદાતાઓના ઘરના ઓરડાની સંખ્યા દર્શાવતું

પ્રસ્તુત અભ્યાસમાં પશુપાલક ભરવાડ જાતિના મહિલાઓમાં સામાજિક પરિવર્તન અંગેના ઉત્તરદાતાઓના ઘરમાં ઓરડાની સંખ્યા કેટલી છે તે અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

### કોષ્ટક નં. ૨.૬ ઘરના ઓરડાની સંખ્યા

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૧ રૂમ | ૪૧ | ૧૫ | ૫૬ | ૪૯ | ૧૦૫ |
| | ટકા | ૪૧% | ૩૦% | ૩૭.૩૩% | ૩૨.૬૬% | ૩૫% |
| ૨. | ૨ રૂમ | ૪૬ | ૩૩ | ૭૯ | ૮૪ | ૧૬૩ |
| | ટકા | ૪૬% | ૬૬% | ૫૨.૬૬% | ૫૬% | ૫૪.૩૩% |
| ૩. | ૩ રૂમ | ૧૨ | ૨ | ૧૪ | ૧૭ | ૩૧ |
| | ટકા | ૧૨% | ૪% | ૯.૩૩% | ૧૧.૩૪% | ૧૦.૩૩% |
| ૪. | ૪ રૂમ | – | – | – | – | – |
| | ટકા | – | – | – | – | – |
| ૫. | ૫ રૂમ | ૧ | – | ૧ | – | ૧ |
| | ટકા | ૧% | – | ૦.૬૮% | – | ૦.૩૪% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના ૧૫૦ કુટુંબોમાંથી ૧ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૪૧ (૪૧%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧૫ (૩૦%) જોવા મળે છે જયારે ૨ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૪૬ (૪૬%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૩૩ (૬૬%) છે તથા ૩ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડોમાં ૧૨ (૧૨%) છે જયારે ૪ રૂમની સંખ્યા જૂનાગઢ જિલ્લામાં જોવા મળતી નથી તથા ૫ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબોમાં ફકત બક્ષીપંચ ભરવાડમાં ૧ (૧%) જ કુટુંબ છે.

જયારે જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોમાંના ૧૫૦ કુટુંબોમાં ૧ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા ૪૯ (૩૨.૬૬%), ૨ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબો ૮૪ (૫૬%) અને ૩ રૂમની સંખ્યા ધરાવતા કુટુંબો ૧૭ (૧૧.૩૪%) છે તથા ૪ અને ૫ રૂમની સંખ્યા ધરાવતા એકપણ ઘર જામનગર જિલ્લામાં જોવા મળતા નથી.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબો માંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંથી ૧૦૦ કુટુંબોમાં સૌથી વધુ ૪૬% કુટુંબ ૨ રૂમ (ઓરડા) ધરાવે છે. જયારે ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાંથી પણ સૌથી વધુ ૨ રૂમ (ઓરડા) ૬૬% ધરાવે છે. અને જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોમાં પણ ૫૬% ૨ રૂમ

(ઓરડા) જોવા મળે છે. અહીં અભ્યાસ દ્વારા એ સ્પષ્ટ જોઈ શકાય છે કે ભરવાડોનાં મકાન નાના હોવા છતાં તેઓ મકાનને જુદા જુદા રૂમમાં વહેંચી નાખે છે અને કુટુંબના સભ્યો અંદરો–અંદર રહેવાની વ્યવસ્થા ગોઠવી લેતા હોય છે. મકાનમાં મોટાભાગે ઓસરીની વ્યવસ્થા જોવા મળે છે. અભ્યાસમાં લીધેલ બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિ ભરવાડ કુટુંબોમાં સરેરાશ એક કુટુંબમાં પાંચથી સાત વ્યકિતઓ છે. તેઓને ખૂબ જ ભૌતિક સંકડાશમાં રહી દિવસો પસાર કરવા પડે છે. આવા સાંકડા ઘરોમાં ભોજન બનાવવું, કરવું, સૂવું અને સાથે પશુપાલન હોવાથી તેને બાંધવાનું વગેરેમાં તેને ખૂબ જ મુશ્કેલી પડે છે જે આ બાબત બક્ષીપંચ અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સરખી જોવા મળે છે. ઉનાળામાં તો કેટલાક લોકો ઘરની બહાર ખુલ્લામાં પણ સૂઈ રહે છે જે અભ્યાસ દરમયાન જાણવા મળ્યું છે.

## ૨.૭ પશુનો વાડો ધરાવતું કોષ્ટક :

પ્રસ્તુત અભ્યાસ પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમા સામાજિક પરિવર્તન અંગેના ઉત્તરદાતાઓ પશુનો વાડો પોતાના ઘર સાથે રાખે છે કે અલગ જગ્યાએ તે અંગેની માહિતી મેળવવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે. આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૨.૭ ભરવાડ ઉત્તરદાતાઓમાં પશુનો વાડો દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | પોતાના ઘર સાથે | ૪૪ | ૪૮ | ૯૨ | ૪૬ | ૧૩૮ |
| | ટકા | ૫૫.૭૦% | ૧૦૦% | ૭૨.૪૫% | ૫૫.૪૩% | ૬૫.૭૧% |
| ૨. | અલગ વાડો | ૩૫ | – | ૩૫ | ૩૭ | ૭૨ |
| | ટકા | ૪૪.૩૦% | – | ૨૭.૫૫% | ૪૪.૫૭% | ૩૪.૨૯% |
| | કુલ સંખ્યા | ૭૯ | ૪૮ | ૧૨૭ | ૮૩ | ૨૧૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોનાં ૧૦૦ કુટુંબોમાંથી ૭૯ કુટુંબો જયારે ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાંથી ૪૮ કુટુંબો છે અને જામનગર જિલ્લાના ૧૫૦ બક્ષીપંચ ભરવાડોમાંથી ૮૩ કુટુંબ પશુપાલકો છે. જેમાં દરેકની અભ્યાસ દ્વારા માહિતી સ્પષ્ટ થાય છે કે દરેક પોતે પોતાના ઘરની સાથે પશુને બાંધવાનો વાડો બનાવે છે. જેમાં કુલ ૨૧૦ પશુપાલકોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડના ૫૫.૭૦% લોકો અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડના ૫૫.૪૩% લોકો પોતાના ઘર સાથે જ વાડો બનાવી પશુ રાખે છે. કારણ કે તે વસવાટ માટે એકાદ બે ઓરડા બનાવી બાકીના ફળિયાનો ઉપયોગ પોતાના પશુને બાંધવા માટે કરે છે જયારે ગીરમાં તો અલગ બાંધવાનો સવાલ નથી. કારણ કે ત્યાં છુટાછવાયા વિસ્તારોમાં ચાર પાંચ ઝૂમખામાં ઘર બાંધીને રહેતા હોઈ છે અને તેના ફળિયા એટલા વિશાળ હોઈ છે કે તેને અલગ વાડો પશુ માટે બનાવવાની જરૂર જ પડતી નથી.

**– ઘરની સ્વચ્છતા અને સફાઈ :**

ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીઓ વહેલી સવારે ૬ વાગે ઉઠી દેશી અને કાચા મકાન હોય તો ખજુરાની અને પાકાં મકાન હોય તો અન્ય સાવરણી વડે ઘરને વાળી–ચોળીને સાફ કરે છે. સિમેન્ટના તળીયાવાળા મકાનમાં રોજ સાવરણીથી વાળી પાણીથી પોતા કરે છે અને કાચા મકાન હોય તો અઠવાડીયે એક દિવસ જમીનને માટી અને છાંણથી લીપે છે. વર્ષમાં વાર–તહેવાર જેવા કે દીવાળી, દશેરા, જન્માષ્ટમી તથા લગ્નપ્રસંગો વગેરે તહેવારોમાં અચુક સાફ–સફાઈ, ગાર, ગેરુ તથા ઘરમાં ચુનો છંટાવે છે. કેટલાક પાકા મકાન હોય તો મકાન તથા બારી–બારણાને કલરકામ કરાવે છે અને તેઓ બારણા ઉપર તૈયાર દુકાનમાંથી

લાવેલ ઉનના, મોતીના તોરણ અને મોતીના ટોડલા રાખી શોભા કરે છે. ઘરની અંદર કાંધીમાં વાસણો રાખે છે. તેમાં તાંબા, પિત્તળ અને કાંસા તથા એલ્યુમીનીયમના વાસણો ગોઠવે છે. આ કાંધી લાકડાના પાટીયા ઉપર ક્રમવાર ગોઠવેલી હોય છે. તથા સાઈડમાં પટારો, કબાટ, ટંક વગેરે ઘર–વખરી ગોઠવેલી હોય છે. રસોડામાં માટીના ચુલા વધુ જોવા મળે છે.

બળતણ લેવા સ્ત્રીઓ મોટાભાગે ઘર બહાર જાય છે. તથા અમુકને બાદ કરતાં પશુ પાલનના કામ સિવાય પુરુષ બીજા ઘરના કામ ઓછા કરતાં સ્ત્રીઓ જ ઘર તથા ઘર બહારના કામ કરતી જોવા મળે છે.

અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબોમાં જે ઘરવખરીનાં સાધનો જોવા મળતા હતા તે નીચે મુજબ છે.

*** ઘરવખરીના સાધનો :**

ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં રસોઈ બનાવવા ખાવા પીવા તથા અન્ય જરૂરી કામ માટે એલ્યુમીનીયમ, પિત્તળ, સ્ટીલ, માટીના વગેરે વાસણોનો ઉપયોગ તેઓ કરે છે.

## ૨.૮ રસોઈના વાસણો દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસમાં પશુપાલક ભરવાડ જ્ઞાતિમાં રસોડાના વાસણોમાં પહેલાનાં સમયમાં માટી, તાંબા, પિત્તળ, કાસું જેવા વાસણો વાપરતા હતાં જેમાં હવે પરીવર્તનના ફળસ્વરૂપે વર્તમાન સમયમાં તાંબા, પિત્તળ, કાસાં ઉપરાંત સ્ટીલ એલ્યુમીનીયમ, પ્લાસ્ટીક અને કાચનો વાસણોને પણ ઉપયોગ કરે છે. જે આપણે નીચેના કોષ્ટકમાં જોઈશું.

## કોષ્ટક નં. ૨.૮ રસોઈના વાસણો દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | સ્ટીલના વાસણોની | ૫૯૨૬ | ૩૪૨૦ | ૯૩૪૬ | ૫૦૮૬ | ૧૪૪૩૨ |
| | ટકા | ૮૨.૨૫% | ૭૮.૫૦% | ૮૦.૮૩% | ૭૪.૩૦% | ૭૮.૪૦% |
| ૨. | પિત્તળના વાસણો | ૩૩૮ | ૨૫૬ | ૫૯૪ | ૩૮૭ | ૯૮૧ |
| | ટકા | ૪.૬૯% | ૫.૮૮% | ૫.૧૪% | ૫.૬૬% | ૫.૩૨% |
| ૩. | એલ્યુ. ના વાસણો | ૪૪૫ | ૨૨૫ | ૬૭૦ | ૬૯૦ | ૧૩૬૦ |
| | ટકા | ૬.૧૮% | ૫.૧૬% | ૫.૭૯% | ૧૦.૦૮% | ૭.૩૮% |
| ૪. | તાંબા/કાંસાના વાસણો | ૨૩૬ | ૨૯૮ | ૫૩૪ | ૨૯૬ | ૮૩૦ |
| | ટકા | ૩.૨૮% | ૬.૮૩% | ૪.૬૨% | ૪.૩૨% | ૪.૫૦% |
| ૫. | પ્લાસ્ટીકના વાસણો | ૮૨ | ૨૮ | ૧૧૦ | ૧૪૫ | ૨૫૫ |
| | ટકા | ૧.૧૪% | ૦.૬૫% | ૦.૯૬% | ૨.૧૩% | ૧.૩૮% |
| ૬. | કાચના વાસણો | ૭૮ | ૫૦ | ૧૨૮ | ૫૯ | ૧૮૭ |
| | ટકા | ૧.૦૮% | ૧.૧૫% | ૧.૧૦% | ૦.૮૬% | ૧.૦૧% |
| ૭. | અન્ય વાસણો | ૧૦૦ | ૮૦ | ૧૮૦ | ૧૮૨ | ૩૬૨ |
| | ટકા | ૧.૩૮% | ૧.૮૩% | ૧.૫૬% | ૨.૬૪% | ૨.૦૧ |
| | કુલ સંખ્યા | ૭૨૦૫ | ૪૩૫૭ | ૧૧૫૬૨ | ૬૮૪૫ | ૧૮૪૦૭ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |


રસોઈના વાસણો દર્શાવતું કોષ્ટક
ઓબીસી–જૂના.
એસટી
કુલ–જૂના.
ઓબીસી–ગ્રામ.
કુલ ટકાવારી
સ્ટીલના વાસણો
પિત્તળના વાસણો
એલ્યુમિનિયમના વાસણો
તાંબા/કાંસાના વાસણો
પ્લાસ્ટીકના વાસણો
કાચના વાસણો
અન્ય વાસણો
82.25
78.50
80.83
74.30
78.40
4.69
5.88
5.14
5.66
5.32
6.18
5.16
5.79
10.08
7.38
3.28
6.83
4.62
4.32
4.50
1.14
0.65
0.96
2.13
1.38
1.08
1.15
1.10
0.86
1.01
1.38
1.83
1.56
2.64
2.01
0.00
10.00
20.00
30.00
40.00
50.00
60.00
70.00
80.00
90.00

ઉપરોકત કોષ્ટ પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ તથા ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ઘરોમાં વાસણોમાં પણ પરિવર્તન આવતાં સ્ટીલના વાસણોની સંખ્યાના ટકા ૭૮.૪૦% જે સૌથી વધુ જોવા મળે છે. ત્યાર બાદ ૫.૩૨% પિત્તળના વાસણોની સંખ્યાની ટકાવારી જૂનાગઢ–જામનગર જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અનુ.જનજાતિના ભરવાડોમાં જોવા મળે છે. જયારે બંને જિલ્લામાં સૌથી ઓછો વપરાશ કાચ અને પ્લાસ્ટીકના વાસણોમાં જોવા મળે છે.

## ૨.૯ રસોઈના સાધનો દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસમાં પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના અભ્યાસમાં જેમ ઘરવખરીના સાધનોમાં પરિવર્તન આવ્યું છે. તેમ તેના રસોઈના સાધનોમાં પણ પરિવર્તન આવ્યું છે. આમ, અહીં તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૨.૯ ભરવાડ ઉત્તરદાતાઓમાં રસોઈના સાધનો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | માટીનો ચૂલો | ૭૨ | ૪૮ | ૧૨૦ | ૯૭ | ૨૧૭ |
| | ટકા | ૭૨% | ૯૬% | ૮૦% | ૬૪.૬૬% | ૭૨.૩૩% |
| ૨. | સિમેન્ટનો ચૂલો | ૨૧ | – | ૨૧ | ૨૯ | ૫૦ |
| | ટકા | ૨૧% | – | ૧૪% | ૧૯.૩૪% | ૧૬.૬૬% |
| ૩. | પ્રાઈમસ | ૫ | – | ૫ | ૨૨ | ૨૭ |
| | ટકા | ૫% | – | ૩.૩૪% | ૧૪.૬૬% | ૯% |
| ૪. | ગેસનો ચૂલો | ૨ | ૨ | ૪ | ૨ | ૬ |
| | ટકા | ૨% | ૪% | ૨.૬૬% | ૧.૩૪% | ૨.૦૧% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ભરવાડોના મોટાભાગના ઘરોમાં જૂનાગઢ–જામનગર જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ઘરોમાં રસોઈ બનાવવા માટે માટીના ચૂલાનો ૭૨.૩૩% વપરાશ જોવા મળે છે. બાકી હવે થોડાંક પરિવર્તનના કારણે જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં હવે સિમેન્ટના ચૂલાનો પણ ૧૬.૬૬% વપરાશ જોવા મળે છે.

ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે તપાસસાં લીધેલ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોની તુલનાએ ૧૦૦ માંથી ૭૨% લોકો માટીનો ચૂલો વાપરે છે તે સાથે હવે તે સિમેન્ટના ચુલા તથા પ્રાઈમસ પણ અમુક વાપરવા લાગ્યા છે. પરંતુ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોની તુલનાએ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં પ્રાઈમસોનો વપરાશ ઓછો જોવા મળે છે. જેનું કારણ એ બતાવે છે કે એક તો પ્રાઈમસમાં દાઝી જવાની બીક લાગે છે એન બીજુ કે તે પશુપાલક હોવાથી પશુઓના છાણનો (બળતણ તરીકે) ઉપયોગ તે માટી–સિમેન્ટ ચૂલા વાપરવામાં કરે છે.

જયારે ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ ઘરોમાંથી ૪૮ ઘર માટીના ચૂલાનો વપરાશ કરે છે જે જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડની તુલનાએ તેનો રસોઈના સાધનોમાં વપરાશ વધુ જોવા મળે છે. જેનું કારણ તપાસતા એ જાણવા મળ્યું છે કે જંગલ વિસ્તારમાંથી ચૂલા

માટેનું બળતણ (લાકડાં) સહેલાઈથી મળી રહેતું હોવાથી તે માટીના ચૂલાનો વપરાશ વધુ કરે છે.

આ ઉપરાંત ગેસના ચુલાનો વપરાશ બંને જિલ્લાના ભરવાડોમાં ફકત ૨.૦૧% જ જોવા મળે છે. જેનું પ્રમાણ બહુ જ ઓછું છે જેનું કારણ બંને જિલ્લાના ભરવાડો બતાવે છે કે તે પ્રાયમસની જેમ દાઝી જવાની બીકે મોટાભાગે માટીના તથા સિમેન્ટના ચૂલાનો જ ઉપયોગ કરતાં ગેસના ચૂલાનો વપરાશ ઓછો જોવા મળે છે.

## ૨.૧૦ ઉતરદાતાના ઘરનું રાચરચીલું

વર્તમાન સમયમાં છેલ્લા દસ વર્ષમાં સામાજિક ક્ષેત્રે આવી રહેલું ઝડપી પરિવર્તન તેમજ અનેકવિધ ભૌતિક સાધનોનાં ઉત્પાદનમાં થયેલો વધારો તથા તેનાથી કૌટુંબિક ક્ષેત્રે ભૌતિક સાધનોની સવલતો વધારી છે. આમ, પ્રસ્તુત અભ્યાસમાં ભરવાડ સમુદાયમાં પણ આની અસર જોવા મળતી હોય તેવું નીચેના કોષ્ટક દ્વારા જોઈ શકાય છે.

## કોષ્ટક નં. ૨.૧૦ ઘરનું રાચરચીલું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ખાટલા (સં.) | ૩૨૮ | ૨૮૯ | ૬૧૭ | ૪૬૭ | ૧૦૮૪ |
| | ટકા | ૩૩.૧૬% | ૫૫.૮૯% | ૪૦.૯૬% | ૩૨.૫૨% | ૩૬.૮૪% |
| ૨. | સેટી/પલંગ | ૫૨ | ૮ | ૬૦ | ૬૭ | ૧૨૭ |
| | ટકા | ૫.૨૫% | ૧.૫૫% | ૩.૯૮% | ૪.૬૬% | ૪.૩૧% |
| ૩. | ખરુશી | ૧૦૦ | ૧૪ | ૧૧૪ | ૧૫૧ | ૨૬૫ |
| | ટકા | ૧૦.૧૧% | ૨.૭૧% | ૭.૫૬% | ૧૦.૫૧% | ૯% |
| ૪. | ટેલિફોન | ૮૧ | ૩૧ | ૧૧૨ | ૧૧૪ | ૨૨૬ |
| | ટકા | ૮.૧૯% | ૫.૯૯% | ૭.૪૩% | ૭.૯૩% | ૭.૬૮% |
| ૫. | ઘડિયાળ | ૧૫૭ | ૬૭ | ૨૨૪ | ૨૪૩ | ૪૬૭ |
| | ટકા | ૧૫.૮૮% | ૧૨.૯૬% | ૧૪.૮૭% | ૧૬.૯૨% | ૧૫.૮૭% |
| ૬. | ફ્રીઝ | ૩ | ૧ | ૪ | ૭ | ૧૧ |
| | ટકા | ૦.૩૦% | ૦.૧૯% | ૦.૨૬% | ૦.૪૮% | ૦.૩૭% |
| ૭. | ટી.વી. | ૫૭ | ૪ | ૬૧ | ૫૬ | ૧૧૭ |
| | ટકા | ૫.૭૬% | ૦.૭૭% | ૪.૦૫% | ૦.૮૯% | ૩.૯૭% |
| ૮. | કબાટ/પટારા | ૧૩૧ | ૮૭ | ૨૧૮ | ૨૦૯ | ૪૨૭ |
| | ટકા | ૧૩.૨૪% | ૧૬.૮૩% | ૧૪.૪૭% | ૧૪.૫૫% | ૧૪.૫૧% |

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૯. | સાઈકલ | ૪૯ | ૪ | ૫૩ | ૭૭ | ૧૩૦ |
| | ટકા | ૪.૯૫% | ૦.૭૭% | ૩.૫૧% | ૫.૩૬% | ૪.૪૧% |
| ૧૦. | મોટર સાઈકલ | ૩૦ | ૮ | ૩૮ | ૩૩ | ૭૧ |
| | ટકા | ૩.૦૫% | ૧.૫૬% | ૨.૫૨% | ૫.૨૯% | ૨.૪૧% |
| ૧૧. | રિક્ષા | ૧ | ૧ | ૨ | ૧૧ | ૧૩ |
| | ટકા | ૦.૧૦% | ૦.૧૯% | ૦.૧૫% | ૦.૭૬% | ૦.૪૪% |
| ૧૨. | અન્ય | – | ૩ | ૩ | ૧૪ | ૪ |
| | ટકા | – | ૦.૫૯% | ૦.૨૪% | ૦.૧૩% | ૦.૧૯% |
| | કુલ સંખ્યા | ૯૮૯ | ૫૧૭ | ૧૫૦૬ | ૧૪૩૬ | ૨૯૪૨ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુટુંબોમાં હવે પહેલાં કરતા ઘરવખરીના વપરાશમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જેમ કે ઉત્તરદાતાઓના ઘરમાં રાચરચીલામાં લોખંડના ખાટલા ટેલિફોન, ઘડિયાળ, ફ્રીઝ, ટી.વી., મોટર સાઈકલ જેવા સાધનોના વપરાશ હવે વધુ જોવા મળે છે. તેમાં પણ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડો કરતા ઘરના રાચરચીલામાં પરિવર્તન આવતા તે પરિવર્તનની દષ્ટિએ જૂનાગઢ જિલ્લા કરતા આગળ જોવા મળે છે.

જયારે જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ગીરના આદિવાસી ભરવાડો કરતા ઘરના રાચરચીલામાં આધુનિકરણની અસર વધુ જોવા મળે છે.

આમ, ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે કે કુલ ૩૦૦ કુટુંબોમાં ઘરના રાચરચીલામાં હવે પરિવર્તન આવતા તથા ઘરના રાચરચીલામાં વધુ જોવા મળતી વસ્તુઓમાં સૌથી વધુ ખાટલા ૩૬.૮૪% ત્યારબાદ દીવાલ અને કાંડા ઘડીયાળ થઈને ૧૫.૮૭% અને લોખંડના કબાટ અને પટારાનું પ્રમાણ ૧૪.૫૧% જોવા મળે છે. આ ઉપરાંત જયાં ટી.વી., ખુરશી, મોબાઈલ ફોન, સાઈકલ જેવા સાધનો જોવા જ ન મળતાં હતા તેને બદલે હવે બંને જિલ્લાના ભરવાડોમાં થઈને ટી.વી. ૩.૯૭%, ખુરશી ૯%, મોબાઈલ ૭.૬૮% અને સાઈકલ ૪.૪૧% જોવા મળે છે. આથી આના દ્વારા જાણવા મળે છે કે ભરવાડોના ઘરોનાં રાચરચીલામાં હવે આધુનિકરણની અસર જોવા મળે છે.

*** શારીરિક સ્વચ્છતા અને સાજશૃંગાર :**

ભરવાડ જ્ઞાતિમાં દરેક વ્યકિત રોજ ન નહાતા બે–ત્રણ દિવસે નહાય છે અને જે વ્યકિત રોજ ધાર્મિક પ્રવૃત્તિ કરતી હોય એટલે કે રોજ પૂજા–પાઠ કરતી હોય તે રોજ નહાય છે. જો કે હવે તેઓમાં થોડુંક શિક્ષણનું પ્રમાણ જોવા મળતા તેવો રોજ હવે નહાવા લાગ્યા છે અને સવારે ઉઠી દાંત સાફ કરવા માટે બાવળના દાંતણ તરીકે ઉપયોગ કરે છે. તો કેટલાક શિક્ષિત વ્યકિત હવે દાંત સાફ કરવા માટે બ્રશનો પણ ઉપયોગ કરવા લાગ્યા છે.

પીવા, ન્હાવા તથા અન્ય કાર્ય માટે  જરૂરી પાણી સાર્વજનિક નળ, વાવ, કૂવા તથા ડંકીમાંથી સ્ત્રીઓ રોજ ભરી લાવે છે. નહાવા માટે દરેક ઘરમાં બાથરૂમની સગવડ હોતી નથી. ઘરના આંગણામાં બેસી નહાય છે. સ્ત્રીઓ વહેલી સવારે નહાય છે તે નહાવા માટે સાબુનો ઓછો ઉપયોગ કરે છે. પણ જે શિક્ષિત હોઈ તે લોકો સાબુનો વધુ ઉપયોગ કરે છે. કયારેક કપડા ધોવાના સાબુનો પણ નહાવા માટે ઉપયોગ કરે છે. ઘણા સ્ત્રી–પુરુષો લગભગ બે–ત્રણ દિવસે કપડા બદલે છે. કપડા ધોવા તેઓ સાબુનો ઉપયોગ કરે છે. સ્ત્રીઓ એક અઠવાડિયે વાળ ધુએ છે તથા પુરુષો ચાર પાંચ દિવસે ધુએ છે. વાળ ધોવા માટે માટી, અરીઠા કે સાબુનો ઉપયોગ કરે છે. પરંતુ હવે શિક્ષિત લોકો શેમ્પુથી પણ વાળ ધુએ છે. સ્ત્રીઓ અને પુરુષો વાળ ધોયા બાદ તેના સુકાઈ ગયા પછી કોપરેલ કે અન્ય બજારમાં મળતું તેલ માથામાં નાખે છે.

મોટી ઉંમરના સ્ત્રી–પુરુષો મોંએ લગાડવાના ફેસ પાવડરનો ઉપયોગ રોજ કરતાં નથી. ઉત્સવ કે તહેવારોમાં કરે છે. જો કે હવે શિક્ષિત લોકો અભ્યાસ કરતાં વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ તેનો ઉપયોગ કરે છે.

## ૨.૯ પોશાક :

ભરવાડ પુરુષો તેના પોશાક ઉપરથી ઓળખાય આવે છે. કેડિયું, ચોરણી અને માથે આખી લાલ યા લાલ છેડાવાળી પાઘડી એ એનો કાયમનો જ પોશાક છે. તેમના આ કેડિયા અને ચોરણી થોડા લાંબા હોવાથી અને હાથે તથા પગે થોડાં ઉપર ચઢાવેલા હોવાથી તે ભાગ પર ઘણી કરચલીઓ પડેલી હોય છે. વળી, તેઓ પાઘડી પણ વ્યવસ્થિત રીતે ન બાંધતા જેમ તેમ ''હાબડ થુબડ'' (અસ્તવ્યવસ્ત) રીતે બાંધે છે. તેમના આ પોશાકમાં ચાંચવાળા (અર્થાત્ જૂના ઓખાઈ ઢબના) નાની–નાની ફુદડી જડેલા જોડા અનેરી ભાત પાડે છે તેનું ચામડું કડક લાકડા જેવું હોઈ કાદવ–કીચડમાં પણ એવા જ રહે છે. અને રસ્તાની સડકો ઉપર 'ખસડક', 'ખસડક' અવાજ કરે છે. વળી, અધુરામાં પૂરી તેના હાથમાં ડાંગ તેઓ રસ્તા ઉપર પછાડીને લહેરથી ચાલતા હોય છે. તેમના જોડાથી થતાં 'ખસડક', 'ખસડક' અવાજ સાથે તેમનો ડાંગનો અવાજ તાલ મિલાવતો જણાય છે.

જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડ પુરુષોના પોશાકમાં બહુ વધુ તફાવત જોવા મળતો નથી. જો કે હવે બંને જિલ્લાના શિક્ષિત ભરવાડો કેડિયું અને ચોરણીને બદલે પેન્ટ અને બુશર્ટ પહેરતા થયા છે. અને બાકી જૂનાગઢ જિલ્લાના ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડ પુરુષો ચોરણી કરચલી વગરની અને ઉપર કેડિયુંના બદલે લાંબા કુર્તા જેવા સફેદ કલરના ઝભ્ભા અમુક પહેરે છે જે જૂનાગઢ અને જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડ પુરુષોના પોશાકથી અલગ પડે છે.

**– સ્ત્રીઓનો પોશાક :**

ભરવાડની જેમ ભરવાડણ પણ બીજી માલધારી સ્ત્રીઓથી જલ્દી ઓળખાઈ આવતી હોય છે. ઉન વહેંચવાનો મુખ્ય ધંધો હોઈ ઉનના કપડા હોઈ એ તો સ્વાભાવિક છે. જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ મોટી ઉંમરની મોટાભાગે કાળી ધાબળી, ઘાઘરાને બદલે કમરે જીમીની જેમ વીંટાળે છે તેમાં લાલ રંગની ઉનના સુતરના વણાટની ડીઝાઈન પણ હોય છે. આ કપડાંને 'ધુંસી' કહેવામાં આવે છે. કમરથી ઉપરનાં ભાગે કસવાળું કાપડું પહેરે છે. જો કે તે સુતરાઉ હોય છે. અને માથે ઓઢણામાં ઉનના ધાબળા જ ઓઢે છે. જયારે પરણિત સ્ત્રીઓ ઉનની ધાબળીનાં બદલે ઓઢણામાં રંગબેરંગી ચુંદડી અને કમરે કાળા રંગની જીમી વીંટાળે છે તથા કુંવારી કન્યાઓ લાલ યા લીલા રંગની ચુંદડી અને ચણીયા તથા કરમજી રંગની ચુંદડી જેવી ઓઢણી પહેરે છે.

જયારે જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ જામનગર જિલ્લાની સ્ત્રીઓની જેમ કમરે કાળા રંગેની ધાબળી જીમીની જેમ વીંટાળે છે અને તેઓ લાલ યા મરૂન રંગની ઓઢણમાં ઉનની ધાબળી ઓઢે છે તથા બદન પર કસવાળું કાપડું પહેરે છે.

આ ઉપરાંત ગીરની અનુસૂચિત જનજાતિય ભરવાડ સ્ત્રીઓમાં વિધવા સ્ત્રીઓ કમરે કાળુ કાપડું જીમીની જેમ વીંટે છે અને સફેદ કલરની સુતરાઉ ઓઢણું ઓઢે છે તથા મોટી ઉંમરની સ્ત્રીઓ કાળું કાપડું અને કાળા રંગેની ઉનની ધાબળી ઓઢે છે યા રંગબેરંગી કલરની ચુંદડી મોટાભાગે ઓઢે છે તથા કુંવારી કન્યાઓ કલરે કલરની ચણિયાચોળી પહેરે છે.

*** ભરવાડોના અલંકારો / આભૂષણો :**



**ભરવાડ સ્ત્રી**
**(અલંકાર પહેરેલી)**

**આભૂષણ :**

ભરવાડ સ્ત્રીઓના સાજશૃંગારમાં આભૂષણનું વિશિષ્ટ સ્થાન છે. તેઓ ખૂબ જ સૌંદર્યપ્રેમી હોય છે. આ ઘરેણાં શરીરની સુંદરતાને વધારતા ભરવાડ સ્ત્રીઓ પર દિપી ઉઠતા હોય છે. ગળામાં ચગદાવાળા પારાનો સોનાનો હાર, કાનમાં ચાંદીની પાંદળીયું, વેઢલાં અને આકોટા લટકતા હોય છે. અને નાકમાં નથ પહેરે છે. તેમના પગ ચાંદીના કાંબી અને કડલાથી સજાયેલા છે અને હાથમાં ચાંદીના અરઢીયા હોય છે. સૌથી ધ્યાન ખેંચે એવું તે તેમના ડાબા હાથમાં પહેરેલું હાથી દાંતનું બલોયું હોય છે. તે ત્રણેક આંગળ પહોળું હોય છે. અને લગભગ

સોરઠ વિભાગ સિવાય બધે જ તે પહેરવાની પ્રથા છે. જો કે કુંવારી કન્યાઓ તે પહેરતી નથી. પરણ્યા પછી જ તે પહેરવામાં આવે છે. ઘરેણામાં આ ઉપરાંત આંગળીઓમાં ચાંદીના કરડા પહેરવામાં આવે છે. નાની બાળાઓને હાથમાં બંગડી અને પગમાં ચાંદીની ઝાંઝરીઓ પહેરાવવામાં આવે છે. અને નાના બાળકોને પગમાં ચાંદીના તોડાં–કડલાં પહેરાવવામાં આવે છે. આમ આ સ્ત્રીઓના આભૂષણમાં બક્ષીપંચ અને જનજાતિના ભરવાડોમાં સમાનતા જોવા મળે છે.

*** પુરુષોના આભૂષણ :**

ભરવાડ સ્ત્રીઓની જેમ પુરુષો પણ ઘરેણાંના શોખીન છે. આ ભરવાડોના કાંડામાં ચાંદીના કડા સદા ચમકતા હોય છે અને તેને લીધે તે બીજા માલધારીઓથી સદા અલગ ઓળખાઈ આવે છે. ડોકમાં ચાંદીનો કાંઠલો અને ચાંદીની માળાઓ પણ કેટલાય ભરવાડો પહેરે છે. તેમના કાનમાં સોનાના લોળિયા લટકતા હોય છે તથા કાનના ઉપરના ભાગમાં સોનાના 'ફૂલ' પહેરે છે. કેટલાક સારી સ્થિતિના ભરવાડો કમરે ચાંદીના કંદોરા પણ પહેરે છે. ભરવાડ સ્ત્રીઓની જેમ બક્ષીપંચ અને અનુસૂચિત જનજાતિના ભરવાડોના બંને જિલ્લાના પુરુષોમાં આભૂષણોમાં સમાનતા જોવા મળે છે.

**– અલંકારો :**

આદિકાળથી અલંકારોએ માનવના જીવનમાં દેખા દીધી હોવાના ઐતિહાસિક પુરાવાઓ છે. છ હજાર વર્ષ જૂના મિસરના પિરામિડોમાં રાજાના દેહને શણગારતા અલંકારો સારી એવી સંખ્યામાં પ્રાપ્ત થયેલા છે. મોહે–જો–દડો

અને હડપ્પામાં સોના, ચાંદીના અનેક અલંકારો પ્રાપ્ત થયા છે. સ્ત્રીના અંગ ઉપર અલંકારોનું આભૂષણ જોવા મળે છે. વિશેષતઃ સ્ત્રીના શરીર ઉપર એના અંગ ઉપાંગોને શોભાવતા નાના મોટા, ચિત્ર–વિચિત્ર અનેક જાતના અલંકારો લગભગ દુનિયા આખીની પ્રજાઓમાં જોવા મળે છે. આ અલંકારોના સર્જનનું મુળ કારણ કયું હશે તેના અનેક જાતના ઉત્તરો કલ્પી શકાય છે. શરીરને શોભાવવાની વૃત્તિ (Instinct) મુખ્ય હશે કે કેમ એ સૌથી વિરાટ પ્રશ્ન છે. આયુર્વેદનો ચિકિત્સક ઈતિહાસ અલંકાર વિશે એક નવીન રજૂઆત કરે છે. તેમના મત મુજબ કાન અને નાક વીંધાવવાથી ર્આક રોગ થતાં નથી. નથ સાધુ જેવી ધાર્મિક પરંપરા કાનનો કામવાસના સાથે સંબંધ કલ્પે છે. સારી રીતે કાન ફાડી નાખવાથી વાસના કાબુમાં રહેતી હોવાની માન્યતા પણ છે. સ્ત્રીઓ પગમાં વજનદાર અલંકારો પહેરે છે તેથી ગર્ભાશયનું કેન્દ્ર બરાબર રહે છે અને તેથી કસુવાવડનો ભય ઓછો થાય છે. કેડ ઉપર બાંધવામાં આવતી ભેટ કે કંદોરો પેટના રોગને કાબુમાં રાખે છે આ અને આના જેવા બીજા કારણોને લઈ અલંકારોનો બહોળો પ્રચાર થયો હોઈ તેમ એક વર્ગ માને છે.

માણસોને સુંદર થવાની ઈચ્છા છે અને તેમાંથી જ અલંકારોનું આવવું તથા જીવમાંથી શિવ બનવાની મહેચ્છા પણ જન્મેલી છે.

દેશ–વિદેશની લગભગ દરેક પ્રજામાં પોતપોતાની રુચિ અનુસાર ભિન્ન ભિન્ન આકાર પ્રકારના અલંકારો જોવા મળે છે. ભારત જેવા એક દેશમાં પણ રાજસ્થાની, ગુજરાતી, મરાઠી જેવી પ્રજાઓમાં એકબીજાથી જુદા અલંકારોનું વૈવિધ્ય છે. ગુજરાતની ભિન્ન–ભિન્ન વસ્ત્રોની રંગ, પસંદગી અને

પહેરવાની ઢબની માફક અલંકારોમાં પણ જુદા જુદા આકાર પ્રકાર અને નામ જોવા મળે છે. પ્રમાણમાં કંઈક વિશેષ ગ્રામજીવન વીતાવતી ભરવાડ જેવી એક કોમના માત્ર સ્ત્રીના જ અલંકારોની ચર્ચા અહીં કરીએ તો ભરવાડ સ્ત્રીમાં મસ્તક, ગળુ, હાથ અને પગ જેવા અંગોના અલંકારો મુખ્ય જોવા મળે છે. મસ્તકમાં સેંથા ઉપર નાખવાની ડોડી, કાનમાં પહેરી તેની સાંકળી વાળમાં નાંખવામાં આવે છે તે પોખાની, કાનમાં પહેરવાના અલંકારોમાં પાંદડી, ઠોળિયાં, લવીંગિયા, સાપવું, અકોટાં, વેડલી, વાળી, વીંછીઆ વગેરે નાકમાં પહેરવાની ચુંક, નથ વગેરે ગળામાં પહેરવાના અલંકારોમાં કંઠી, સાંકળી, મોહન માળા, હોમડોડીયા, હાંસડી, વાળો અથવા પારો તથા માદળીયા વગેરે છે. હાથના અલંકારોમાં કડું, કોણી, ડોડીયા, (બાજુબંધ), બલોયા, વગેરે કાંડા ઉપર પહેરવાના છે. આંગળીએ પહેરવામાં આંટી, વીંટી, ઘોડો, કણસ, આભલું વગેરે છે. પગમાં પહેરવાના તોડો, કડલા, કડલી, કાંબી તથા પગના અંગુંઠા–આંગળીમાં અંગુઠીઓ વગેરે છે.[૯]



૧
૨
૩
૪
૫
૬
૭
૮
૯
ॐ
૧૦
૧૧
૧૨
૧૩
૧૪
૧૫
૧૬
૧૭
૧૮
૧૯

(૧) માથાની ડોડી, (૨) કાનમાં પહેરી વાળમાં ભરાવવાની સાંકળી વાળી પાંદડી, (૩) પાંદડી (૪) લવીંગીયા, (૫) કંઠી, (૬) ચૂંક (૭) વેડલી, (૮) મોહનમાળા (૯) હોમડોડીયા (૧૦) પારો, (૧૧) કડું, (૧૨) બલોયા, (૧૩) કડલા (પગનાં) (૧૪) કાંબી, (૧૫) તોડા (૧૬) અંગૂઠીયા (૧૭) વીંટી, (૧૮) આભલું , (૧૯) ઘોડો વીંટી.

આમ, આ ઉપરોકત આભૂષણોની સોનીને ત્યાં જઈને પસંદગી અને ખરીદી ભરવાડ સ્ત્રીઓ પોતે જ કરે છે.

**– ખોરાક :**

ભરવાડ લોકોનો મુખ્ય ખોરાક બાજરો, ઘઉં, જુવારના રોટલા, રોટલી અને શાક છે. જેને બનાવવાનું કાર્ય સ્ત્રીઓ જ કરે છે. તેઓ દિવસમાં ત્રણવાર જમે છે. સવારે ૭ થી ૯ વાગ્યા સુધીમાં જે ભોજન કરે છે તેને શિરામણ કહે છે. જેમાં મુખ્યત્વે રોટલા અને દહીંની તીખારી યા દૂધ હોય છે. બપોરનું ભોજન સવારે ૧૧ થી બપોરના ૧–૩૦ વાગ્યા સુધીમાં કરે છે. જેને બપોરા કહે છે. આ સમયે તેઓ રોટલા શાક, છાશ, ડુંગળી જમે છે. સાંજનું ભોજન રાત્રે ૭ થી ૯ સુધીમાં કરે છે. જેને તેઓ વાળું કહે છે. તેમાં મુખ્યત્વે રોટલા, દૂધ, ખીચડી, કઢી યા ઘેંસ હોય છે. દાળ–ભાત રોજ ન બનાવતા કોઈ દિવસ જ બનાવે છે. જેને ત્યાં ગાય–ભેંસ યા ઘેટા બકરાનું દૂધ ઘરનું હોય તો તેઓ રોટલા સાથે દૂધ વધુ પ્રમાણમાં લે છે.

તેઓ વાર–તહેવાર તથા ઉત્સવમાં આ પ્રમાણેનું ભોજન બનાવે છે. જેને બે રીતે બનાવવાની વિધિ પ્રમાણે વહેંચી શકાય છે. (૧) પાકું ભોજન (૨) કાચું ભોજન.

## ૧. પાકું ભોજન :

અગ્નિ દ્વારા પકવવામાં આવેલું ભોજન પાકું ભોજન કહેવાય છે જેને બનાવવાની વિધિ અનુસાર ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

**શેકેલી વસ્તુઓ :** ખાદ્ય પદાર્થોને તાવડી કે કડાઈમાં રાખી તેને અગ્નિ ઉપર રાખીને શેકવામાં આવે છે. ઘઉંની રોટલી, પાપડ.

**બાફેલી વસ્તુઓ :** જે ખાદ્ય પદાર્થોને પાણીની અંદર રાખીને કે સાથે રાખીને પાણીની વરાળ દ્વારા બાફવામાં આવે તેને બાફેલું ભોજન કહે છે. જેમાં દાળ, ભાત, ખીચડી, શાક.

**તળેલી વસ્તુઓ :** અગ્નિ ઉપર કડાઈમાં તેલ રાખી તે ખૂબ ગરમ થઈ જાય એ પછી ખાદ્યપદાર્થને તેમાં પાકી જાય ત્યાં સુધી તળવામાં આવે તેને તળેલું ભોજન કહેવાય. પૂરી, ભજિયા, વગેરે.

**કાચું ભોજન :** કેટલાક ખાદ્યપદાર્થોને કાચા જ ખાવામાં આવે છે જેમ કે બધા પ્રકારના ફળ, ટમેટા, કોબીજ, ગાજર વગેરે.

ભરવાડોનું ભોજન તથા તે બનાવવાની વિધિનું વિસ્તૃત વર્ણન નીચે આપવામાં આવેલું છે.

**રોટલા :** બાજરાના લોટમાં પાણી નાખી તેને ખૂબ મસળવામાં આવે છે. આમ, લોટ બાંધ્યા પછી, તેને હાથથી ઘડી, ચુલા ઉપર તાવડીમાં તે ચડે ત્યાં સુધી શેકવામાં આવે છે.

**રોટલી :** રોટલી ઘઉંના લોટમાં પાણી નાખી તેને બાંધવામાં આવે છે. તેના લૂવા કરી, વણ્યા બાદ તાવડીમાં ચડે ત્યાં સુધી શેકવામાં આવે છે. એ પછી તેને ઘી ચોપડી એક ઉપર એક રાખવામાં આવે છે.

**થેપલા :** તેને રોટલીની જેમ જ બનાવવામાં આવે છે પણ તેનો લોટ થોડો કઠણ બાંધવામાં આવે છે, તે વણ્યા બાદ ઘી કે શેકતી વખતે બન્ને બાજુ લગાવવામાં આવે છે.

**પુરી :** લોટ બાંધવામાં થોડું તેલનું મોણ નાખવામાં આવે છે. તથા તેને રોટલીકે થેપલા કરતાં નાની વણવામાં આવે છે. ત્યારબાદ તેલ કડાઈમાં મુકી તેને તળવામાં આવે છે.

**શાક :** કોઈપણ શાક બનાવવા માટે તેને સુધારી, તેલમાં રાઈ કે જીરૂ નાખી વઘારવામાં આવે છે એ પછી મરચું, મીઠું, મસાલો કરવામાં આવે છે. અમુક શાકને માત્ર તેલમાં જ તો અમુકને પાણી નાખી ચડાવવામાં આવે છે.

**દાળ :** કોઈપણ દાળને ધોઈ તેને ચુલા પર ચડાવવામાં આવે છે ત્યારબાદ કોથમીર, લીલા મરચા, લીમડો, મીઠું વગેરે નાખી તેલથી તેને વઘારવામાં આવે છે.

**ભાત :** ઓખાને ધોઈ, તેનાથી ડબલ પાણી નાખી તે ચડી જાય ત્યાં સુધી ચુલા પર પકાવવામાં આવે છે.

**ખીચડી :** ચોખા હોય તેનાથી અડધી તુવેર કે મગની દાળ ભેળવી તેને ધોઈ તેનાથી ડબલ પાણી નાખી તથા મીઠુ, હળદર ભેળવી, ચુલા પર તેને પકાવવામાં આવે છે.

**લાપસી :** આ માટે ઘઉંનો ખૂબ જાડો લોટ પીસાવે છે એ પછી લોટને ચાળી જે જાડો ભાગ રહે તેની લાપસી બનાવે છે. લોટના પ્રમાણમાં પાણી તથા થોડો ગોળ નાખે છે, ચડી ગયા પછી ભોજન સમયે તેને છૂટી પાડી, તેમાં ઘી તથા ખાંડ ઉપરથી નાખવામાં આવે છે.

**ખીર :** ચોખામાં પાણી અને દુધ નાખી, ચુલા પર તેને ચડાવે છે. ચડી ગયા બાદ તેમાં ખાંડ નાંખી ફરી થોડીવાર ચુલા પર રાખે છે. ભાતમાં ચોખાનો દાણો છૂટો હોય છે. જયારે ખીરમાં ચોખા કરતાં દૂધ વધુ નાખવાથી તે ઘણી નરમ હોય છે. તેમાં એલચી, જાયફળ વગેરે નાખે છે.

**ભજિયા :** ચણાના લોટમાં પાણી અને મીઠું નાખી તેનો ઘાણો બનાવવામાં આવે છે એ પછી બટેટા, મરચા, ડુંગળી, કેળા વગેરે જે શાકના ભજિયા બનાવવા હોય તેને ગોળ સુધારી તેનો એક એક ટૂકડો તે ઘોળમાં હાથથી બોળી તેલમાં તે ચડી જાય ત્યાં સુધી તળીને કાઢી લેવામાં આવે છે.

આ ઉપરાંત તેઓ અન્ય જ્ઞાતિઓના સંપર્કને કારણે તેઓ વિવિધ મીઠાઈઓ તથા વિવિધ ફરસાણ પણ બનાવે છે.

*** નશાકારક પદાર્થમાં ચા :**

આ ચા બનાવવાનું કાર્ય સ્ત્રી અને પુરુષ બંને કરે છે. પરંતુ મોટાભાગે સ્ત્રી કાર્ય કરે છે. જેમાં ચા કરવા માટે, દુધ, ખાંડ, પાણી તથા ચા નાખી ઉકાળવામાં આવે છે.

*** ભાષા :**

આ લોકોની ભાષા તો ગુજરાતી જ છે. પણ બાર ગાઉએ બોલી બદલાયની જેમ થોડા થોડા શબ્દોમાં ફેર હોય છે. જેમ કે 'કેમ છે ?' ના બદલે 'કહેમ છે ?' 'કયા જાવું છે ?' ના બદલે 'ચ્યાવ જાઉં છે ?' જેવી બોલી બોલે છે. આમ, તેઓ ગામડામાં વસતા હોવાથી તેઓની બોલી અશુધ્ધ અને ગામઠી ઢ બની હોય એ સ્વાભાવિક છે.

## સંદર્ભસૂચિ


૧. પારુલબેન જોશી : "સૌરાષ્ટ્રના આહીરો", ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૧૯૯૮, પે. નં. ૩

૨. જયંતિલાલ મલકાણ : "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ–૧", સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ, અમદાવાદ ૧૯૫૭, પા.નં. ૫૧ થી ૫૬

૩. દેસાઈ ર. બ. : "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ–૧", પછાત વર્ગ બોર્ડ, રાજકોટ ૧૯૫૮.

૪. જયંતિલાલ મલકાણ : "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ–૧", સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ, અમદાવાદ ૧૯૫૭, પા.નં. ૬૦

૫. ગેઝેટિયર ઓફ બોમ્બે પ્રેસીડન્સી : વોલ્યુમ–૯, ભાગ–૨,

૬. જ. મ. મલકાણ : "ભરવાડોની વસ્તી અને વૈવિધ્ય" ભાગ–૪, અમદાવાદ. ૧૯૭૩

૭. ભરવાડ ઓઘાભાઈ : રૂબરૂ મુલાકાત. કાલાવડ ૨૭/૦૯/૨૦૦૯

૮. રાયજાદા રાજેન્દ્રસિંહ : "ભરવાડોના અલંકારો" ભરત–કંડાર વિશેષાંક.

૯. પારુલબેન જોશી : "સૌરાષ્ટ્રના આહીરો", ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૧૯૯૮, પે. નં. ૬૦, ૬૧

# -:: ફોટો સેશન ::-











## પ્રકરણ–૩

# સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની ભૂમિકા


૩.૧ પ્રસ્તાવના

૩.૨ સ્ત્રીઓનો દરજ્જો

૩.૩ સામાજિક ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા

૧. કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા

૨. જ્ઞાતિમાં સ્ત્રીની ભૂમિકા

૩. આંતરજ્ઞાતિય

૩.૪ આર્થિક વ્યવસાયક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા

૩.૫ ધાર્મિકક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા

૩.૬ શિક્ષણમાં સ્ત્રીની ભૂમિકા

૩.૭ રાજકીયક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા

– સંદર્ભસૂચિ

## પ્રકરણ–૩

# સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની ભૂમિકા

### ૩.૧ પ્રસ્તાવના :

સમાજના પ્રત્યેક સભ્યને એના સમૂહ અને સમાજમાં સ્થાન મળે છે. સમાજ માનવીનો અવ્યવસ્થિત કે આકસ્મિક જમાવ નથી. પરંતુ સમાજ માનવીનો બનેલો વ્યવસ્થિત સમૂહ છે એનું વિશિષ્ટ સામાજિક માળખું હોય છે અને તે પોતાના સામાજિક કાર્યો કરે છે. સામાજિક માળખામાં વ્યકિતને જે સ્થાન મળે છે તેને સામાજિક દરજ્જો કહે છે.

''સમાજમાં વ્યકિતનો કોઈને કોઈ દરજ્જો હોય છે. 'દરજ્જો' ને અંગ્રેજીમાં 'Status' કહેવામાં આવે છે. 'દરજ્જો' શબ્દ લોકોની બોલચાલની ભાષામાં પણ પ્રચલિત છે. સમાજશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે વ્યકિતનો દરજ્જો એટલે સમાજમાં વ્યકિતને મળતા હકકો અને અધિકારો. આમ, દરજ્જો વ્યકિતના હકકો અને અધિકારો સૂચવે છે. સમાજમાં કેટલીક વ્યકિતઓને અને સમૂહો વધુ હકકો–અધિકારો મળે છે. જયારે કેટલીક વ્યકિતઓ સમૂહને ઓછા હકકો–અધિકાર મળે છે. જેઓ વધુ હકકો–અધિકારો ભોગવે છે તેઓ ઊંચા દરજ્જા વાળા ગણાય છે અને જેઓ ઓછા હકકો–અધિકારો ભોગવે છે તેઓ નીચે દરજ્જાના ગણાય છે. આમ, 'ઊંચો' કે 'નીચો' એ રીતે દરજ્જાનું મૂલ્યાંકન થાય છે.'' [૧]

દરજ્જાની સાથે ભૂમિકાનો ખ્યાલ સંકળાયેલો છે એટલે કે વ્યકિત જે ભૂમિકા ભજવે છે તેને આધારે તેનો દરજ્જો નકકી થાય છે. ભૂમિકા એટલે વ્યકિતએ બજાવવાની ફરજ. આમ, દરજ્જો અને ભૂમિકા બંને એકબીજાના પૂરક છે. પ્રસ્તુત અભ્યાસમાં ભરવાડ

જ્ઞાતિની સ્ત્રીઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરેમાં ભૂમિકા સંદર્ભે સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવાનું નકકી કરેલ છે.

## ૩.૨ સ્ત્રીઓનો દરજ્જો :

કોઈપણ દેશની સમાજવ્યવસ્થાના પ્રગતિનો માપદંડ છે. વિકાસની માત્રાને ચકાસવી હોય તો તે સમાજવ્યવસ્થાના મૂળભૂત ઘટકોને તપાસવા પડે છે. મૂળભૂત ઘટકો દ્વારા સમાજવ્યવસ્થા ને ચાલકબળ મળે છે. કોઈપણ સમાજવ્યવસ્થાને ચાલુ રહેવું હોય કે શાશ્વત રહેવું હોય તો સમાજવ્યવસ્થાની કાર્યાત્મક આવશ્યકતાને પૂર્ણ કરવી પડે. દરેક સમાજવ્યવસ્થાની પોતાની કાર્યાત્મક આવશ્યકતાઓ છે તથા તેને પૂર્ણ કરવા માટેની સંસ્થાઓ પણ કાર્યરત છે. સમાજ વ્યવસ્થાની મૂળભૂત જરૂરિયાત નવા જીવો પૂરા પાડવાની છે. જયારે સમાજવ્યવવસ્થામાં જૂના જીવો પૂરા પાડવાની છે. જયારે સમાજ વ્યવસ્થામાં જૂના સભ્યો વિદાય લેતા તેમના સ્થાને નવીન સભ્યો ઉમેરાય તો જ તે વ્યવસ્થા નિરંતર ચાલુ રહે છે. સમાજ વ્યવસ્થાની આ ગતિશીલતાને સતત ગતિશીલ રાખવા માટે મુખ્યત્વે બે સંસ્થાઓ કાર્યરત છે. જેમાં પહેલી કુટુંબ સંસ્થા અને બીજી લગ્ન સંસ્થા.

લગ્ન દ્વારા કુટુંબનું નિર્માણ થાય છે અને કુટુંબ સમાજને નવીન સભ્યો આપે છે. આમ, કુટુંબ સંસ્થાને સમાજનું મૂળ ઘટક તત્વ ગણાવી શકાય. કુટુંબ સંસ્થામાં પણ બે વ્યકિતઓ મૂળ ચાલકબળ બને છે. એક સ્ત્રી અને એક પુરુષ. સ્ત્રી અને પુરુષ દ્વારા સમાજનું નિર્માણ થાય છે. સમાજમાં સ્ત્રી–પુરુષ બન્નેની જરૂરિયાત હોવા છતાં તેમના સ્થાનમાં અસમાનતા જોવા મળે છે. સ્થાન એ તેની સાથે સંકલિત ભૂમિકાનો નિર્દેશ કરે છે. સ્ત્રીનું સ્થાન કે દરજ્જો એ તેની ભૂમિકાનો નિર્દેશ કરે છે. દરજ્જો એ સમાજજીવનના વિવિધ તબક્કાઓ દરમ્યાન વિવિધ ક્ષેત્રો જેવા કે કુટુંબ, લગ્ન, મિલ્કત, શિક્ષણ, ધર્મ

વગેરેમાં સ્ત્રીના હકકો સૂચવે છે. સ્ત્રીની ભૂમિકા તેની ફરજોનો નિર્દેશ કરે છે. સમાજ જીવનનો વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રી કે ફરજો બજાવે છે તે ફરજો તેની ભૂમિકા છે તે સ્ત્રીની દષ્ટિએ પોતાનો દરજ્જો બને છે. સ્ત્રી જયારે તેના હકકો ભોગવે છે ત્યારે વાસ્તવમાં તે પોતાની ભૂમિકા ભજવે છે.

અહીં, આ પ્રસ્તુત  પ્રકરણમાં ભરવાડ સ્ત્રી સમાજ, કુટુંબ, સંસ્કૃતિ, ધર્મ, આર્થિક, શિક્ષણ અને રાજકીય ક્ષેત્રે કેવી ભૂમિકા ભજવે તેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

## ૩.૩ સામાજિકક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા :

કોઈપણ સંશોધનમાં તે સંશોધન સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓની સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો ખૂબ જ આવશ્યક હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક ક્ષેત્રે સામાજિક જીવનમાં સ્ત્રીઓની ભૂમિકા સમજવા માટે સમાજના વિભિન્ન ભાગ ક્રમશઃ કુટુંબ, જ્ઞાતિ તથા આંતરજ્ઞાતિય સંબંધોમાં સ્ત્રીઓનું મહત્વ કેવું છે તે જાણવું જરૂરી બને છે. તેથી પ્રસ્તુત અભ્યાસમાં ભરવાડ ઉત્તરદાતાઓની જાતિ, ઉંમરના આધારે ઉત્તર દાતાઓનું વર્ગીકરણ, કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ વગેરે પાસાઓ વિશે વિગતે તપાસ કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

## ૩.૩ સામાજિક ક્ષેત્રે :

### ૩.૧ ભરવાડ ઉત્તરદાતાની જાતિ :

'પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન' અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓની જાતિ અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ અહીં નીચેના કોષ્ટકમાં કરવામાં આવ્યું છે.

### કોષ્ટક નં. ૩.૧ ભરવાડ ઉત્તરદાતાની જાતિ દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | સ્ત્રી | ૨૪૨ | ૧૨૭ | ૩૬૯ | ૩૭૭ | ૭૪૬ |
| | ટકા | ૪૯.૮૦% | ૪૩.૦૫% | ૪૭.૨૫% | ૪૭.૪૮% | ૪૭.૩૬% |
| ૨. | પુરુષ | ૨૪૪ | ૧૬૮ | ૪૧૨ | ૪૧૭ | ૮૨૯ |
| | ટકા | ૫૦.૨૦% | ૫૬.૯૫% | ૫૨.૭૫% | ૫૨.૫૨% | ૫૨.૬૪% |
| | કુલ સંખ્યા | ૪૮૬ | ૨૯૫ | ૭૮૧ | ૭૯૪ | ૧૫૭૫ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૧૫૭૫ (૧૦૦%) ઉત્તરદાતાઓમાંથી કુલ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૭૪૬ (૪૭.૩૬%) છે જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૨૪૨ (૪૯.૮૦%) છે અને અનુસૂચિત જનજાતિના ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૧૨૭ (૪૩.૦૫%) છે.જયારે કુલ પુરુષ ઉત્તરદાતાની સંખ્યા ૮૨૯ (૫૨.૬૪%) છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં બક્ષીપંચ ભરવાડ પુરુષ ઉત્તરદાતાની સંખ્યા ૨૪૪ (૫૦.૨૦%) છે અને અનુસૂચિત જનજાતિના ભરવાડ પુરુષ ઉત્તરદાતાની સંખ્યા ૧૬૮ (૫૬.૯૫%) છે. જયારે કુલ સર્વેક્ષિત ૩૦૦ કુટુંબોના ૧૫૭૫ (૧૦૦%) ઉત્તરદાતાઓમાંથી જામનગર જિલ્લામાં બક્ષીપંચ ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૩૭૭ (૪૭.૪૮%) છે અને બક્ષીપંચ ભરવાડ પુરુષ ઉત્તરદાતાની સંખ્યા ૪૧૭ (૫૨.૫૨%) છે.

આમ, ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ૩૦૦ કુટુંબોમાંથી કુલ ઉત્તરદાતાની જાતિ ૧૫૭૫ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના થઈ પસંદ કરેલ ૧૫૦ કુટુંબોમાં અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ૭૮૧ માંથી ૩૬૯ (૪૭.૨૫%) સ્ત્રી અને ૪૧૨ (૫૨.૭૫%) પુરુષ ઉત્તરદાતા ધરાવે છે. જયારે જામનગર જિલ્લાના પસંદ કરેલ ૧૫૦ બક્ષીપંચ ભરવાડોમાં ૭૯૪ ઉત્તરદાતાઓમાંથી ૩૭૭ (૪૭.૪૮%) સ્ત્રી અને ૪૧૭ (૫૨.૫૨%) પુરુષ ઉત્તરદાતા ધરાવે છે જે જામનગર જિલ્લાના ભરવાડોમાં જૂનાગઢ જિલ્લાના ભરવાડોની તુલનાએ સ્ત્રી ઉત્તરદાતાનું પ્રમાણ વધારે ધરાવે છે. તથા બંને જિલ્લામાં પણ સ્ત્રી ઉત્તરદાતા કરતાં પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ છે તેનું એ કારણ જાણવા

મળ્યું છે કે પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થા તથા સામાજિક, આર્થિક બાબતો પણ ભરવાડ પુરુષો સાથે વધુ સંકળાયેલ હોવાથી સ્ત્રી કરતાં પુરુષોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

## ૩.૨ ઉંમરના આધારે વર્ગીકરણ

કોઈપણ સંશોધનમાં તેમના ઉત્તરદાતાઓ કઈ વય ધરાવે છે તે સંશોધકે જાણવું ખૂબ જ મહત્વનું હોય છે. ઉંમરએ સમાજમાં સામાજિક પ્રતિષ્ઠા અને આદરભાવ સાથે સંકળાયેલ હોય છે. એક માન્યતા પ્રમાણે મોટી ઉંમરની વ્યકિતને સામાજિક પ્રતિષ્ઠા અથવા આદરભાવ સવિશેષ મળે છે. તેમજ તે સામાજિક અને વ્યવસાયિક અનુભવ વધુ ધરાવતી હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં ભરવાડ ઉત્તરદાતાઓએ ઉંમરના સંદર્ભમાં આપેલી માહિતીનું વર્ગીકરણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું.

## કોષ્ટક નં. ૩.૨ ભરવાડ સમાજના લોકોનું ઉંમરના આધારે વર્ગીકરણ દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | | | જૂનાગઢ જિલ્લા કુલ સંખ્યા | | | | જામનગર જિલ્લાની કુલ સંખ્યા | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઓબીસી | | એસટી | | ઓબીસી | | એસટી | | સ્ત્રી | પુરુષ | |
| | | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | | | |
| ૧. | ૦ થી ૧૫ | ૭૦ | ૬૨ | ૪૭ | ૬૫ | ૧૧૭ | ૧૨૭ | ૧૨૧ | ૧૪૧ | ૨૩૮ | ૨૬૮ | ૫૦૬ |
| | ટકા | ૨૮.૯૨% | ૨૫.૪૦% | ૩૭% | ૩૮.૬૯% | ૩૧.૭૦% | ૩૦.૮૩% | ૩૨.૦૯% | ૩૩.૮૧% | ૩૧.૯૦% | ૩૨.૩૨% | ૩૨.૧૨% |
| ૨. | ૧૬ થી ૩૦ | ૬૯ | ૬૯ | ૩૮ | ૫૬ | ૧૦૭ | ૧૨૫ | ૧૨૭ | ૧૨૮ | ૨૩૪ | ૨૫૩ | ૪૮૭ |
| | ટકા | ૨૮.૫૩% | ૨૮.૨૭% | ૨૯.૯૨% | ૩૩.૩૩% | ૨૮.૯૯% | ૩૦.૩૩% | ૩૩.૬૯% | ૩૦.૬૯% | ૩૧.૩૮% | ૩૦.૫૫% | ૩૦.૯૨% |
| ૩. | ૩૧ થી ૪૫ | ૫૩ | ૬૮ | ૨૬ | ૨૨ | ૭૯ | ૯૦ | ૬૮ | ૮૩ | ૧૪૭ | ૧૭૩ | ૩૨૦ |
| | ટકા | ૨૧.૯૦% | ૨૭.૮૬% | ૨૦.૪૭% | ૧૩.૦૯% | ૨૧.૪૦% | ૨૨.૮૪% | ૧૮.૦૫% | ૧૯.૯૦% | ૧૯.૭૦% | ૨૦.૮૬% | ૨૦.૩૧% |
| ૪. | ૪૬ થી ૬૦ | ૩૨ | ૩૨ | ૧૩ | ૨૧ | ૪૫ | ૫૩ | ૪૬ | ૪૬ | ૯૧ | ૯૯ | ૧૯૦ |
| | ટકા | ૧૩.૪૨% | ૧૩.૧૩% | ૧૦.૨૩% | ૧૨.૫૫% | ૧૨.૨૯% | ૧૨.૮૬% | ૧૨.૨૦% | ૧૧.૦૫% | ૧૨.૧૯% | ૧૧.૯૪% | ૧૨.૦૬% |
| ૫. | ૬૧ થી ઉપર | ૧૮ | ૧૩ | ૩ | ૪ | ૨૧ | ૧૭ | ૧૫ | ૧૯ | ૩૬ | ૩૬ | ૭૨ |
| | ટકા | ૭.૨૩% | ૫.૩૪% | ૨.૩૮% | ૨.૩૪% | ૫.૬૨% | ૩.૧૪% | ૩.૯૭% | ૪.૫૫% | ૪.૮૩% | ૪.૩૩% | ૪.૫૯% |
| | કુલ સંખ્યા | ૨૪૨ | ૨૪૪ | ૧૨૭ | ૧૬૮ | ૩૬૯ | ૪૧૨ | ૩૭૭ | ૪૧૭ | ૭૪૬ | ૮૨૯ | ૧૫૭૫ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના સર્વેક્ષણ ૩૦૦ કુટુંબોમાં કુલ કુટુંબોની સભ્ય સંખ્યા ૧૫૭૫ છે. જેમાં પ્રત્યેક ૧૦૦૦ પુરુષોએ એટલે કે જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સ્ત્રીઓ ૭૪૬ પ્રમાણ ધરાવે છે. જેનું કારણ આપણે જોયું કે બંને જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અુનસૂચિત જનજાતિના ભરવાડો એકબીજાની તુલનાએ સ્ત્રી કરતાં પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ ધરાવે છે. ઉપરાંત ૧૬ થી ૩૦ ની ઉંમર ધરાવતા સ્ત્રી–પુરુષોનું પ્રમાણ ૪૮૭ (૩૦.૯૨%) અને ૩૧ થી ૪૫ ની ઉંમર ધરાવતા સ્ત્રી–પુરુષોનું પ્રમાણ ૩૨૦ (૨૦.૩૧%) એટલે કે તરૂણ અને યુવાવસ્થા ધરાવતા સ્ત્રી–પુરુષનું પ્રમાણ વધારે જોવા મળે છે. જેમાં જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાના ભરવાડ સ્ત્રી–પુરુષોનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. ઉપરાંત જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાના ભરવાડો વધુ સામાજિક જવાબદારી ભોગવતા હોય તેવું આ અભ્યાસ દ્વારા અનુમાન કરી શકાય છે.

### ૩.૩.૧ કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા :

કુટુંબસંસ્થા સમાજની પાયાની સંસ્થા છે. માનવીની સંસ્કૃતિ અને સમાજ રચનાની તે પેદાશ છે. કુટુંબમાં સ્ત્રીઓની ભૂમિકાઓમાં માતા, પુત્રી, દીકરી, બહેન અને પત્ની વગેરેના સ્વરૂપમાં સ્ત્રી પોતાની ભૂમિકા શ્રેષ્ઠ ભજવે છે. પોતાના વિશિષ્ટ ગુણો વડે પરિવારમાં દરેકને સ્નેહ અને પ્રસન્નતા આપે છે. માતાના સ્વરૂપે તે પોતાના ઘરસંસારને, દીકરી રૂપે તે માતા–પિતાના પરિવારને, પત્ની રૂપે પતિના પરિવારને પ્રેમથી પ્રેરણા અને પ્રોત્સાહન પ્રદાન કરે છે.

## (૧) માતાના રૂપમાં ભૂમિકા :

ભરવાડ જાતિની સ્ત્રીઓમાં સ્ત્રીનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ જો કોઈ હોય તો તે ''માતા'' નું છે. મા એટલે તો વાત્સલ્યનું વહેતું ઝરણું. એક મા જ સમાજમાં મૃદુતા, મમતા અને મધુરતા આપી કુટુંબને ટકાવી રાખે છે. આથી ખલિલ જિબ્રાને કહ્યું છે કે –

''The most beautiful word on the lips of the Mankind is the Mother'' અર્થાત્ આ વિશાળ સૃષ્ટિમાં ઈશ્વર બધે ન પહોંચી શકે માટે ઈશ્વરે ''મા'' નું સર્જન કર્યું છે.

આમ, સ્ત્રી તેના જીવનમાં જુદા જુદા દરજ્જામાં પત્ની, પુત્રી, બહેન અને માતા બન્યા પછી એનું જીવન સ્થિર બની જાય છે. મા તો પરિવારનો પ્રાણ છે અને અન્નપૂર્ણા છે. દુનિયાનો છેડો ઘર અને ઘરનું હાર્દ એટલે મા. જયારે ભરવાડ જાતિમાં જ માતાનું સ્થાન પૂજનીય અને આદરણીય છે તેવું નહીં પરંતુ એટલે સુધી કહી શકાય છે કે ભગવાનના નામ આગળ પણ માતાનું જ નામ રહેતું. જેમ કે કૌશલ્યાનંદન રામ, દેવકીનંદન કૃષ્ણ, કુંતીપુત્ર અર્જુન વગેરે. માતાનું સ્થાન આગળ પડતું ઉચ્ચ જોવા મળે છે.

આમ, ભરવાડ જાતિમાં સ્ત્રી એક માતા તરીકે પોતાના દરેક બાળકો પ્રત્યે સમાન લાગણી ધરાવે છે. જેમ કે, બાળક નાનું હોય કે મોટુ, કાળું હોય કે ગોરું, જાડું કે દુબળું પણ મા તો દરેકને એક સમાન જ માનો પ્રેમ આપે છે અને પોતાની માતા તરીકેની ઉચ્ચત્તમ ભૂમિકા ભજવે છે.

## (૨) બહેનના રૂપમાં ભૂમિકા :

ભરવાડ સમાજમાં બહેનનાં રૂપમાં સ્ત્રીની ભૂમિકા જોઈએ તો તે કુટુંબની અંદર ઉચ્ચ, માનવતું અને ગૌરવવંતો દરજ્જો ધરાવે છે. બહેન તરીકે કુટુંબમાં મોટી બહેન હોય તો નાના–નાના, ભાઈ–બહેનનું ઘ્યાન રાખે છે અને ઘરનું કામકાજ કરે છે. આમ તે બહેનનાં રૂપમાં પોતાની ઉચ્ચત્તમ ભૂમિકા સ્ત્રી તરીકે ભજવે છે.

## (૩) પત્નીનાં રૂપમાં ભૂમિકા :

સ્ત્રીના દરેક રૂપનું આગવું મહત્વ છે. જયારે ખાસ કરીને પત્નીરૂપે તો બેજોડ છે. પતિ અને પરિવાર પ્રત્યેના પ્રેમને લીધે જ તો એક પત્ની પોતાના પતિ માટે "પ્રેરણાનું ઝરણું" બની રહે છે. આમ, સ્ત્રી જયારે મા–બાપની લાડકી દીકરી, પિયરીયાની માયા–મમતા છોડીને સાસરે આવે છે ત્યારે તેના જીવનની શરૂઆત એક અતિ મહત્વની ભૂમિકા પત્ની તરીકેની હોય છે. આથી સ્ત્રી પોતાના પિયરને છોડી સાસરે આવે છે જેને કારણે તેને ત્યાગમૂર્તિ પણ કહેવામાં આવે છે. કારણ કે સ્ત્રીને પરણ્યા પછી તો પરિવાર, પરિવારનું વાતાવરણ, શહેર, જૂના સંબંધો બધું જ બદલાઈ જાય છે. દીકરી મટીને વહુ બને છે. એટલે કે લોહીના સંબંધો ભૂલવા પડે છે અને લાગણીના સંબંધો વિકસાવવા પડે છે. દૂધમાં સાકરની જેમ બધા સાથે હળીમળીને રહેવાનું હોય છે.

આમ, ભરવાડ સમાજ પશુપાલક હોવાથી ભરવાડ સમાજની સ્ત્રીઓએ સાસરે આવે તે પહેલા તેને પશુપાલનનું કામ જેમ કે દૂધ દોહવાનું, દૂધમાંથી દહીં, છાશ અને માખણ બનાવવનું કામ શીખવું પડે છે. જેથી તે સાસરે આવ્યા

પછી તે કુટુંબમાં વહુ તરીકેની પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે છે. આમ, સ્ત્રી ઘર અને બાળકોને સંભાળવાની સાથે–સાથે આ સમાજમાં સ્ત્રી પતિને જીવનની દરેક સમસ્યાને ઉકેલવામાં સાથ આપે છે.

આમ, ભરવાડ સમાજમાં પતિ–પત્ની એકબીજાને સમજી તથા બંને સાથે મળીને જીવનના દરેક પ્રશ્નોની અને સમસ્યાઓની ચર્ચા કરે છે અને તેનો સાથે મળીને ઉકેલ લાવે છે.

## (૪) પુત્રીના રૂપમાં ભૂમિકા :

સ્ત્રી જીવનની સૌથી પાયાની ભૂમિકા એ દીકરીનું સ્વરૂપ છે. દીકરીના જન્મની સાથે જ એના જીવનચક્રની શરૂઆત થઈ જાય છે. દીકરી, બહેન, પત્ની અને માતા આમ એક પછી એક ભૂમિકા બદલાતી રહે છે.

પરિવારમાં સ્ત્રી ભલે વંશ માટે દીકરો માંગે પણ ખરેખર તો "ગોળ વિના મોળો કંસાર" એમ "દીકરી વિના સૂનો સંસાર" દીકરી તો કરૂણાની મૂર્તિ છે. દીકરો તો એની પત્ની આવે ત્યાં સુધી જ તમારો દીકરો છે જયારે દીકરી તો આખી જિંદગી સુધી તમારી દીકરી જ રહે છે. દીકરી લગ્ન કરીને સાસરે જાય તો પણ દીલથી મા–બાપની કેટલી ચિંતા કરતી રહે છે. આમ, દીકરીનું રૂપ એ તો સ્ત્રીના જીવનનું સૌથી નિર્દોષ સ્વરૂપ છે.

પહેલા તો ભરવાડ સમાજમાં દીકરીને રસોઈ કરવાનું, ઘરનાં બધા કામ કરવાના, નાનપણથી શીખવવામાં આવતા હતા. જેથી તેમાં શિક્ષણનું સ્તર નીચું રહેતું હતું અને નાની ઉંમરે લગ્નનો બોજ નાંખવામાં આવતો હતો. જો કે હવે બાળલગ્ન ઉપર પ્રતિબંધનો કાયદો આવતા તે બાળ લગ્નપ્રથા બંધ થઈ ગઈ

છે. જો કાંઈ ફરક હોય તો તે પણ બક્ષીપંચ ભરવાડમાંની સ્ત્રીઓમાં છે. એટલે કે શહેરીકરણ અને તેનાં સંપર્કના કારણે બક્ષીપંચ ભરવાડ સમાજની સ્ત્રીઓમાં દીકરીની હાલત સુધરી છે જયારે હજુ નેસમાં રહેતી અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજની દીકરીઓની હાલત સુધારવાની જરૂર છે. કારણ કે હજુ બાળલગ્નપ્રથા નહીં પરંતુ બાળસગાઈ જેવી પ્રથા હજુ ઓછાવત્તા અંશે જોવા મળે છે.

**– ભરવાડ સ્ત્રીઓની દિનચર્યા :**

ભરવાડ સ્ત્રીઓ સવારે ૬–૦૦ વાગ્યે ઉઠી દાંતણ વગેરે કરીને પશુને દાણા, કપાસ વગેરે ખવડાવે છે. ગાય યા ભેંસને દોહે છે એ પછી શિરામણ બનાવી પતિને આપે છે. ત્યારબાદ છાણ, વાસીદા કરે છે. બળતણ માટે છાણાં થાપે છે. ઘરની સાફ સફાઈ કરે છે, પાણી ભરે છે.ત્યારબાદ બાળકોને નવડાવી પોતે ન્હાય છે. ત્યારબાદ રસોઈનું કામકાજ બને ત્યાં સુધી વહેલું પતાવી જો ઘરમાં ઘંટી રાખી હોય તો દળવા બેસે છે. પછી ઉન થયું હોય તો કાંતવા બેસે છે યા છાશ વલોવવા વગેરેનું  કામકાજ કરે છે. પતિ તો સવારે શિરામણ કરી સાથે જ બપોરનું 'ભાતું' લઈ તે માલ ચરાવવા જંગલમાં જાય છે તો છેક સાંજે લગભગ સાડા છ સાત વાગે પાછા ફરે છે. તેથી સ્ત્રીઓ ગામમાં દૂધ આપવા જાય છે. લેવડ–દેવડના હિસાબો કરે છે અને જોઈતી ચીજવસ્તુ ખરીદે છે.

બપોરે પણ બપોરા કરી ઉન કાંતે છે, ઉનના હોય તો રજાઈ, ગોદડા વગેરે હાથે સીવે છે, સાંજે વાળી ૭ વાગ્યાની આસપાસ દૂધ દોહે છે, તો અમુક કુટુંબમાં પુરુષો પણ દોહી લે છે, ત્યારબાદ રસોઈ બનાવે છે અને જમી પરવારી રાતના નવ યા સાડા નવ વાગે સૂઈ જાય છે.

– **કૌટુંબિક જીવન :**

પ્રસ્તુત અભ્યાસમાં ભરવાડોનું કૌટુંબિક જીવન એંકદરે શાંતિમય હોય છે. જો કે કજીયા કંકાસના પ્રસંગો બનતા હોય છે અને પાછા આપમેળે શમી જાય છે. પિતાની હયાતી સુધી કુટુંબના બધા સભ્યો સંયુકત કુટુંબમાં રહે છે. પછી મોટાભાગે જુદા થાય છે. મુખ્ય માણસનું (પિતાનું) કુટુંબ ઉપર ઠીક વર્ચસ્વ હોય છે તેનો માન મરતબો જાળવવામાં આવતો હોય છે. તેમના સમાજમાં બીજી ગામડામાં વસતી અન્ય સમાજની સ્ત્રીઓ કરતાં ભરવાડ સ્ત્રીઓનો દરજ્જો કંઈક અંશે ઊંચો હોય છે તથા ભરવાડ સમાજની સ્ત્રીઓ કામકાજે ઘણી જબરી હોય છે.

પ્રસ્તુત અભયાસમાં ભરવાડ સમાજમાં જોવા મળતા કુટુંબનો પ્રકાર અને કુટુંબના કદ વિશેની માહિતીનું કોષ્ટક દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

## ૩.૩ ઉત્તરદાતાઓના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ગામોમાં પશુપાલક ભરવાડ લોકોનો પરંપરાગત વ્યવસાય મુખ્યત્વે પશુપાલનનો છે. આ વ્યવસાયિક પરિબળ કુટુંબનો પ્રકાર નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

ભારતીય કુટુંબવ્યવસ્થામાં પણ ધીમે–ધીમે પરિવર્તન થતું જાય છે.

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં કુટુંબના પ્રકાર અંગેની કાર્યકારી વિભાવના નક્કી કરવી ખૂબ જ આવશ્યક છે. સંયુકત કુટુંબ એટલે કે બે કે ત્રણ પેઢી સુધીના

પિતૃપક્ષના પુરુષ સંબંધીઓ તેમના આશ્રિતો સાથે રહે છે. તે જ રીતે વિભકત કુટુંબની વિભાવનામાં પતિ પત્ની અને તેમના અપરિણિત સંતાનોનો સમાવેશ થતો હોય છે. જે નીચે દર્શાવેલ કોષ્ટક ૫રથી સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક ૩.૩ કુટુંબનો પ્રકાર દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લાની સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | સંયુકત કુટુબ | ૫૦ | ૧૯ | ૬૯ | ૭૯ | ૧૪૮ |
| | ટકા | ૫૦% | ૩૮% | ૪૬% | ૫૨.૬૬% | ૪૯.૩૩% |
| ૨. | વિભકત કુટુંબ | ૫૦ | ૩૧ | ૮૧ | ૭૧ | ૧૫૨ |
| | ટકા | ૫૦% | ૬૨% | ૫૪% | ૪૭.૩૪% | ૫૦.૬૭% |
| | કુલ | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાંથી સંયુકત કુટુંબ ધરાવતા બક્ષીપંચ ભરવાડોની સંખ્યા ૫૦ (૫૦%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડોની સંખ્યા ૧૯ (૩૮%) છે.

જયારે વિભકત કુટુંબ ધરાવતા ભરવાડોની સંખ્યા ૫૦ (૫૦%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડોની સંખ્યા ૩૧ (૬૨%) છે. જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના કુલ ૧૫૦ કુટુંબના પ્રકારોમાં સંયુકત કુટુંબ ધરાવતા કુટુંબોની સંખ્યા ૭૯ (૫૨.૬૬%) અને વિભકત કુટુંબ ધરાવતા કુટુંબોની સંખ્યા ૭૧ (૪૭.૩૪%) છે.

આમ, ઉપરોકત અભ્યાસ દ્વારા માલુમ પડે છે કે કુલ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડના ૧૦૦ કુટુંબોમાં સંયુકત અને વિભકત કુટુંબનું પ્રમાણ સરખું જોવા મળે છે. જયારે તેની તુલનાએ ગીરના ૫૦ કુટુંબોમાં સંયુકત કુટુંબ કરતાં ૩૧ (૬૨%) વિભકત કુટુંબ વધારે જોવા મળે છે. જે બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડની તુલનાએ ગીરમાં અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં વિભકત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે જેનું કારણ એ જાણવા મળે છે કે કુટુંબમાં સભ્ય સંખ્યા વધુ હોવાથી લગ્ન થઈ ગયા બાદ રૂમની સંકડાશને કારણે એક જ રૂમ હોવાના કારણે ઘરના બધા સભ્યોએ સાથે રહેવું મુશ્કેલ પડતા પોતાના ઘરની બાજુમાં પુત્ર બીજુ ઘર બનાવી તે અલગ રહે છે જેથી તેમાં વિભકત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાના પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાંથી ૧૫૦ કુટુંબો પસંદ કરેલ છે જેમાં ૭૯ (૫૨.૬૬%) કુટુંબ

સંયુકત ધરાવે છે જે સૌથી વધુ છે જેનું કારણ અભ્યાસ દ્વારા એ જાણવા મળે છે કે તેમાં જે કુટુંબ સંયુકત જોવા મળે છે તેઓ મુખ્યત્વે પશુપાલક હોવાથી તેઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાના કારણે અને તેઓનું કુટુંબ પણ તે વ્યવસાય ઉપર નિર્ભર હોવાથી તેના કુટુંબ માટે સંયુકત કુટુંબ એ જ યોગ્ય વાતાવરણ બની રહે છે કારણ કે પશુપાલન વ્યવસાયમાં વધારે લોકોના શ્રમની એટલે કે પશુને બહાર ચરાવવા જવા પશુના વાડાને સાફ રાખવા, દૂધ વેંચવા જવા બીજા ઘરના અન્ય કામની જવાબદારી કુટુંબના સભ્યોએ બજાવવા માટે વધુ સભ્યોની જરૂર પડે છે. આથી સંયુકત કુટુંબ હોવું જરૂરી છે એવું આ અભ્યાસ દ્વારા જાણવા મળેલ છે.

## ૩.૧૫ ઉતરદાતાઓનું કુટુંબનું કદ દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તનમાં કુટુંબનું કદ એ ભરવાડ સમાજની વ્યવસાયિક સ્થિતિ દર્શાવવામાં ભાગ ભજવે છે. કુટુંબના કદનો આધાર, શિક્ષણ, વ્યવસાય વગેરે બાબતો પર રહેલો છે. પ્રસ્તુત અભ્યાસમાં કુટુંબના કદ અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

## કોષ્ટક નં. ૩.૪ કુટુંબનું કદ દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૧ થી ૩ સભ્યો | ૧૯ | ૨ | ૨૧ | ૨૭ | ૪૮ |
| | ટકા | ૧૮.૬૪% | ૪.૧૬% | ૧૪% | ૧૮% | ૧૬% |
| ૨. | ૪ થી ૬ સભ્યો | ૬૮ | ૩૨ | ૧૦૦ | ૯૧ | ૧૯૧ |
| | ટકા | ૬૬.૬૬% | ૬૬.૬૬% | ૬૬.૬૬% | ૬૦.૬૬% | ૬૩.૬૬% |
| ૩. | ૭ થી ૯ સભ્યો | ૧૨ | ૧૨ | ૨૪ | ૩૦ | ૫૪ |
| | ટકા | ૧૧.૭૬% | ૨૫% | ૧૬% | ૨૦% | ૧૮% |
| ૪. | ૧૦ થી ૧૨ સભ્યો | ૩ | ૨ | ૫ | ૨ | ૭ |
| | ટકા | ૨.૯૪% | ૪.૧૮% | ૩.૩૪% | ૧.૩૪% | ૨.૩૪% |
| | કુલ સંખ્યા | ૧૦૨ | ૪૮ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ૩૦૦ કુલ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લામાંના કુલ ૧૫૦ કુટુંબોમાંથી ૧ થી ૩ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૧૯ (૧૮.૬૪%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૨ (૪.૧૬%) છે. તથા ૪ થી ૬ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૬૮ (૬૬.૬૬%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડોમાં ૩૨ (૬૬.૬૬%) છે. તેમજ ૭ થી ૯ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૧૨ (૧૧.૭૬%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૧૨ (૨૫%) છે તથા ૧૦ થી ૧૨ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩ (૨.૯૪%) અને ગીરના અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૨ (૪.૧૮%) છે.

જયારે જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોમાં કુલ ૧૫૦ કુટુંબોમાં ૧ થી ૩ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૭ (૧૮%), ૪ થી ૬ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ૯૧ (૬૦.૬૬%), ૭ થી ૯ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ૩૦ (૨૦%) અને ૧૦ થી ૧૨ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ૨ (૧.૩૪%) જોવા મળે છે.

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં કુલ ૩૦૦ કુટુંબોમાં કુટુંબનું કદ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડના પસંદ કરેલ ૧૦૦ કુટુંબોમાં મધ્યમ કદના ૪ થી ૬ સભ્યો ધરાવતા કુટુંબ ૬૮ (૬૬.૬૬%), ગીરમાં પસંદ કરેલ અનુસૂચિત જનજાતિના ભરવાડોના ૫૦ કુટુંબોમાંથી ૩૨ (૬૬.૬૬%) અને જામનગર જિલ્લાના પસંદ કરેલ બક્ષીપંચ ભરવાડના ૧૫૦

કુટુંબોમાંથી ૯૧(૬૦.૬૬%) કુટુંબો મધ્યમ કદના જોવા મળે છે કે એટલે કે એકબીજાની તુલના કરતાં સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડો અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોના કુટુંબોમાં સરેરાશ સભ્ય સંખ્યા ઘટતી જાય છે એટલે કે કુટુંબમાં ૭ થી ૯ સભ્યો ધરાવતા હતા તેને બદલે હવે ૪ થી ૬ સભ્યોવાળા કુટુંબોનું પ્રમાણ વધતુ જાય છે. કારણ કે આપણે જોયું કે એક તો ઘરમાં ઓરડાની સંખ્યા એકાદ–બે હોવાથી વધુ સભ્યો હોય તો સંકડાશના કારણે ઘરમાં રહેવામાં મુશ્કેલી પડે છે જેના કારણે કુટુંબનું કદ નાનું થતું જાય છે.

**– ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીની ભૂમિકા :**

પ્રત્યેક જ્ઞાતિમાં દરેક વ્યકિતનો દરજ્જો ચઢ–ઉતરતા ક્રમમાં નિર્ણાયક ભૂમિકા ભજવતો હોય છે તેમ ભરવાડ જ્ઞાતિમાં પણ સ્ત્રીના દરજજા પાછળનું કારણ એક એ પણ જોવા મળે છે. જેમ કે ગામડામાં મોટાભાગની લેવડ–દેવડ અને દૂધ ઘીનું વેચાણ બહેનો કરતી હોય છે. શહેરના સંપર્કમાં પણ તે હવે આવતી થઈ છે એમનામાં કોઠાસૂઝ અને ભણતર કરતાંય ગણતર સારી રીતે પાંગર્યું છે. ભરવારણો સ્વભાવે વિનયી, વિવેકી તથા માયાળુ છે.

આ સિવાય કરકસર કરીને ઘર ચલાવવું, નીરણ–ખાણનો બગાડ ન થવા દેવો, ઘર–ઘરવખરી જેવી ચીજો ચીવટથી સાચવવી, તેવી કોઠાસુઝ જોવા મળે છે.

ગાયના વાછરડા, બકરીના લવારા, ગાડરડાં વગેરેની સારસંભાળ, ખેતીની મજૂરી કરવી, છાણાં થાપવા – વેચવા, ઉન કાંતવી કે કાલા ફોલવાથી માંડીને ઝીણા ઝીણા કામોએ એમને ધીરજ અને ઘડતર આપ્યા હોય છે.

આમ, આવા વિનય, ચોકસાઈ, વાત્સલ્ય અને ધીરજ જેવા આવશ્યક ગુણો ભરવાડ સમાજની જ્ઞાતિમાં પુરુષો કરતાં સ્ત્રીઓમાં સવિશેષ કેળવેલ હોવાથી તેઓ સ્ત્રીઓ સારી ભૂમિકા ભજવતી જોવા મળે છે અને તેને આધારે તો સામાજિક કાર્યમાં સ્ત્રી કુટુંબ અને જ્ઞાતિમાં કેવી અને કઈ રીતે ભૂમિકા ભજવે છે તેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

**– કુટુંબ :**

આપણે આગળ કુટુંબમાં સ્ત્રીની માતા, પત્ની, પુત્રી અને બહેનના રૂપમાં ભૂમિકા જોઈ જયારે અહીં ભરવાડ જ્ઞાતિના કુટુંબમાં ભરવાડ જ્ઞાતિની એક સ્ત્રી તરીકેની ભૂમિકા કઈ રીતે ભજવે છે તે જોઈએ તો પશુપાલક ભરવાડ જ્ઞાતિના જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ અને ગીરનાં અનુસૂચિત જનજાતિના ભરવાડોની સ્ત્રીઓની કુટુંબમાં સ્પષ્ટ ભૂમિકા જોવા મળે છે કે સ્ત્રીના કાર્યોમાં ઘરની તમામ જવાબદારી જોવા મળે છે. બાળકોનું સામાજિકરણ કરવું, પુત્રી પાસે ઘરકામ લેવું, મહેમાનોનું સ્વાગત કરવું વગેરેમાં પોતાની ફરજો બજાવે છે.

આ ઉપરાંત પશુપાલક ભરવાડ જ્ઞાતિમાં બાળકોના સામાજિકરણની જવાબદારી પશુપાલનના વ્યવસાયને નજર સમક્ષ રાખીને જોઈએ તો પુરુષો તે વ્યવસાયમાં રચ્યા પચ્યા રહેતા હોય છે તેને લીધે આ જવાબદારી સ્ત્રીની બની જાય છે. આથી આમ, કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા ઉપરોકત બાબતના આધારે જોવા મળતા ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીનું સ્થાન મહત્વનું હોય છે.

**– જ્ઞાતિ :**

ભરવાડ જ્ઞાતિમાં જ્ઞાતિપંચ હોય તેના આધારે જ્ઞાતિના કેટલાક નિયમો હોય છે તેના આધારે તેના નિયમોનું પાલન ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓ એ કરવું પડતું હોય છે.

ભરવાડ જ્ઞાતિની જૂનાગઢ અને જામનગર જિલ્લાની બક્ષીપંચ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સ્ત્રીઓ બીજા સમાજની સ્ત્રીઓ કરતાં પછાત છે. શહેરી સમાજની તુલનાએ તથા બીજી અન્ય જ્ઞાતિની તુલનાએ આ ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીઓને જ્ઞાતિપંચમાં કે રાજકીય ક્ષેત્રમાં પણ સ્થાન મળ્યું નથી, નિર્ણય લેવામાં સંપૂર્ણ સ્વતંત્રતા ધરાવતી નથી પરંતુ તે પોતાની જ્ઞાતિ કે પંચાયતક્ષેત્રે પોતાનો મત આપી શકે છે. આમ, અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે આ ભરવાડ જ્ઞાતિમાં જ્ઞાતિપંચ કે જાહેર જીવનના ક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓમાં જ્ઞાતિપંચ કે જાહેર જીવનનાં ક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓમાં પહેલા કરતાં જાગૃતિનું પ્રમાણ જોવા મળતા તે હવે મતદાન, ચૂંટણીમાં સભ્યપદની ભૂમિકા વગેરે બાબતો દ્વારા તે જ્ઞાતિ અને પંચાયત જેવા ક્ષેત્રે પોતાની ભૂમિકા યોગ્ય ભજવવા લાગી છે.

આ ઉપરાંત ભરવાડ જ્ઞાતિ હિન્દુ ધર્મ પાળતી હોવાથી તે હિંદુ ધર્મના ઉત્સવ, તહેવારો કે લગ્નપ્રસંગોમાં તે જ્ઞાતિ, ગામ કુટુંબમાં મદદરૂપ થઈ પોતાની ભૂમિકા તે વ્યવસ્થિત ભજવે છે તે જોતા સ્પષ્ટ થાય છે કે ભરવાડ સ્ત્રીઓ વ્યવહારુ કુશળતા ધરાવે છે.

**– આંતરજ્ઞાતિય :**

આંતરજ્ઞાતિય સાથે ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓ કેવો સંબંધ ધરાવે છે અને તેમાં કઈ રીતે આંતરજ્ઞાતિય સંબંધ જાળવી રાખવા કેવી ભૂમિકા ભજવે છે. જેમ કે એક જ્ઞાતિના સભ્યોની બીજી જ્ઞાતિના સભ્યો સાથે પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓમાં ઓળખાણ અને મેળ–જોલ વધારે જોવા મળે છે જેવી કે આહીર, મેર, રબારી વગેરે જ્ઞાતિઓ સાથે તેઓને ભલે બેટી વ્યવહાર નથી. પરંતુ રોટી વ્યવહાર તો છે. આમ, આ કારણે તેના બાળકો અન્ય જ્ઞાતિના બાળકો સાથે રમે છે. એકબીજાના ઘરે જાય છે જેને કારણે પણ અલગ અલગ જ્ઞાતિઓની સ્ત્રીઓનો સંબંધ પુરુષો કરતાં વધારે ઘનિષ્ઠ હોવાથી તે આંતરજ્ઞાતિય સાથે પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે છે.

આમ, ઉપરોકત આપણે રેખાચિત્રમાં જોયું કે ભરવાડોથી નીચી જ્ઞાતિના લોકો તેમને ત્યાં બનાવેલું ભોજન પાણી લે છે, પરંતુ ભરવાડો નીચી જ્ઞાતિઓ દ્વારા બનાવેલું ભોજન ગ્રહણ કરી શકતા નથી. જયારે સમકક્ષ જ્ઞાતિ ભરવાડોને ત્યાં ભોજન કરી શકે છે તથા ભરવાડો તેમને ત્યાં ભોજન કરી શકે છે.[૨]

## ૩.૪ આર્થિક વ્યવસાયક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા :

સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જા વિષયક સમિતિના અહેવાલમાં નોંધ્યા અનુસાર સ્ત્રીઓનો આર્થિક દરજ્જો આર્થિક પ્રવૃતિઓમાં સ્ત્રીઓના હક્કો, ભૂમિકાઓ તેમજ સહભાગીપણા માટેની તકો ઉપર અવલંબે છે. પુરુષની સરખામણીમાં સમાજમાં તેના વ્યવસાયને આર્થિક પ્રવૃતિને અપાતું મહત્વ એ સ્ત્રીનો આર્થિક વ્યવસાયિક દરજ્જો છે.

### – શ્રમ વિભાજન :

કોઈપણ સમાજમાં સ્ત્રીઓ તથા પુરુષોના કાર્યોમાં વિભાજન જોવા મળે છે. કેટલાક કાર્યો સ્ત્રીઓ જ કરતી હોય છે. તો કેટલાક કાર્યો પુરુષો જ કરતાં હોય છે. એનો અર્થ એ થયો કે પ્રચલિત ખ્યાલ મુજબ ''શ્રમવિભાજન'' શબ્દનો વિચાર કેવળ વ્યવસાયિક વહેંચણી કે આર્થિક કાર્યોની વહેંચણી એવો મર્યાદિત અર્થ નથી. પરંતુ બાળ ઉછેરથી માંડીને અણુબોમ્બના ઉત્પાદન સુધીના બધા જ સામાજિક કાર્યોની વહેંચણીનો શબ્દમાં સમાવેશ થાય છે.[૩]

## કોષ્ટક નં. ૩.૫ સ્ત્રી–પુરુષનું કાર્યવિભાજન

| ક્રમ | સ્ત્રી અને પુરુષોના કાર્યો | જૂનાગઢ જિલ્લો | | જામનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ |
| ૧. | **ઘરનું કાર્ય** | હા | – | હા | – |
| | – રસોઈ કરવી | હા | – | હા | – |
| | – પાણી ભરવું | હા | હા | હા | – |
| | – ઘરની સાફસફાઈ કરવી | હા | – | હા | – |
| | – બાળકોને નવડાવવા, | હા | – | હા | – |
| | ખવડાવવું તેની દેખભાળ રાખવી | હા | – | હા | – |
| ૨. | **પશુપાલનનું કાર્ય** | | | | |
| | – દુધ દોહવાનું કામ | હા | હા | હા | હા |
| | – દુધમાંથી દહીં, છાશ બનાવવાનું | હા | – | હા | – |
| | – ગાય, ભેંસને ઘાસ આપવું | – | હા | હા | હા |
| | – નવડાવવું, નીણ ચારો નાખવો | – | હા | હા | હા |
| | – પશુને રાખવાના સ્થાનની સફાઈ | હા | – | હા | હા |
| | – પશુને ચરાવવા લઈ જવાનું | – | હા | – | હા |
| | – દૂધ વેચવા જવાનું | – | હા | હા | હા |
| ૩. | **ખેતી મજુરી કે ખેતી અન્ય કાર્ય** | | | | |
| | – જમીનની તૈયારી, ખેડાણ | – | હા | – | હા |
| | – વાવણી, ખાતર નાખવું | – | હા | – | હા |
| | – નીંદામણ કરવાનું | હા | હા | હા | હા |
| | – કપાસ વીણવાનું | હા | હા | હા | હા |
| | – મગફળીમાંથી દાણા વીણવાનું | – | – | હા | – |
| | – દવા છાંટવી, સિંચાઈ કરવાનું | – | હા | – | હા |
| | – ચાર માટે ઘાસ કાપવું | હા | – | હા | – |

ઉપરોકત શ્રમ વિભાજનના કોષ્ટકમાં આપણે જોયું કે સ્ત્રી ઘરકામ ઉપરાંત પશુપાલનને લગતા ઘરકાર્ય જેવા કે દૂધ દોહવાનું, નીણચારો નાખવો વગેરે કામ કરતી ભૂમિકા ભજવે છે. જયારે ભરવાડ જ્ઞાતિની બન્ને જિલ્લામાં ઘરકામ ઉપરાંત ખેતમજૂરી કે અન્ય આર્થિક કાર્ય કરતી અને બીજી માત્ર ઘર અને પશુપાલનનું કાર્ય કરતી એટલે કે ખેતમજૂરી કે અન્ય વ્યવસાયિક કાર્ય ન કરતી સ્ત્રી ઉત્તરદાતા પાસેથી મેળવેલ માહિતીનું વર્ગીકરણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**ખેતમજૂરી કે અન્ય આર્થિક કામ કરતી અને ખેતમજૂરી કે અન્ય આર્થિક કામ ન કરવા જતી માત્ર ઘરે ગૃહ અને પશુપાલને લગતા કાર્ય કરતી સ્ત્રી ઉત્તરદાતાનું કોષ્ટક**

**કોષ્ટક નં. ૩.૬ કામ કરતી અને કામ ન કરતી**

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | જુનાગઢ જિલ્લાની કુલ બક્ષીપંચ અનુ.જનજાતિ ભરવાડની સંખ્યા | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ.જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ખેતમજૂરી કે અન્ય કામ કરતી/(કામ કરવા જતી) | ૭૨ | – | ૭૨ | ૮૨ | ૧૫૪ |
| | ટકા | ૩૦.૬૩% | – | ૧૯.૭૮% | ૨૨.૪૧% | ૨૧.૧૫% |
| ૨. | ખેતમજૂરી કે અન્ય કામ ન કરનાર | ૧૬૩ | ૧૨૭ | ૨૯૦ | ૨૮૪ | ૫૭૪ |
| | ટકા | ૬૯.૩૪% | ૧૦૦% | ૮૦.૨૨% | ૭૭.૫૯% | ૭૮.૮૫% |
| | કુલ સંખ્યા | ૨૩૫ | ૧૨૭ | ૩૬૨ | ૩૬૬ | ૭૨૮ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ સર્વેક્ષિત ૩૦૦ કુટુંબોના ઉત્તરદાતાની સંખ્યા કુલ ૧૫૭૫ છે. જેમાં સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૭૨૮ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં વ્યવસાય તરીકે ખેતમજૂરી, કડીયાકામ કે બીજાના ઘરે ઘરકામ જેવા વ્યવસાય માટે બક્ષીપંચ ભરવાડ જાતિની સ્ત્રીઓ જાય છે. જેઓની કુલ સંખ્યા ૭૨ (૩૦.૬૩%) છે. જયારે ખેત મજૂરી કે અન્ય કામ કરવા ન જતી સ્ત્રીઓ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૬૩ (૬૯.૩૪%) અને ગીરની અનુસૂચિત જનજાતિ ભરવાડો સ્ત્રીઓમાં ૧૨૭ (૧૦૦%) છે.

જયારે જામનગર જિલ્લામાં બક્ષીપંચ ભરવાડની કુલ સંખ્યા ૮૨ (૨૨.૪૧%) સ્ત્રી ઉત્તરદાતા કામ કરવા એટલે કે ખેતમજૂરી, મીલોમાં મગફળીના દાણા વીણવા જેવા કાર્ય કરતી ભૂમિકા ભજવી આર્થિક મદદ કરે છે. કારણ કે જામનગર જિલ્લામાં આર્થિક કરે છે તે પશુપાલનનો વ્યવસાય ઓછો થતાં સ્ત્રીઓ નવરાશના સમયે ઘરમાં આર્થિક મદદ માટે કામ કરવા જાય છે તથા કામ ન કરતી એટલે કે માત્ર ઘરનું જ કાર્ય કરે છે તે ખેતમજૂરી કે અન્ય વ્યવસાયિક કાર્ય કરવા ન જતી બક્ષીપંચ ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૨૮૪ (૭૭.૫૯%) છે.

આમ, ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ કુલ ૩૦૦ કુટુંબોમાં કુલ ૭૨૮ સ્ત્રી ઉત્તરદાતામાંથી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૨૩૫ સ્ત્રી ઉત્તરદાતા જોવા મળે છે. જે ગીરની ૫૦ કુટુંબોમાંથી ૧૨૭ સ્ત્રી ઉત્તરદાતાની તુલનાએ આર્થિક પ્રવૃત્તિમાં આગળ પડતી બેવડી ભૂમિકા ભજવતી જોવા મળે છે જે જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૭૨ છે જે ઘરકામની સાથે સાથે નવરાશના સમયે ખેતમજૂરીને લગતા કાર્યમાં પણ થાય

છે. જયારે ગીરની અનુસૂચિત જનજાતિની ભરવાડ સ્ત્રીઓ જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓની તુલનાએ ઘરકામ જ ઘરે રહી કરે છે. કારણ કે તેનો મોટાભાગનો વ્યવસાય પશુપાલન હોવાથી અને પશુઓની સંખ્યા પણ વધારે હોવાના કારણે તે ઘર, પશુ અને બાળકોના કામમાંથી તેને ઘરબહાર કામે જવાનો સમય જ નથી મળતો માટે તે ઘરકામ જ કરે છે.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ કુલ ૭૨૮ સ્ત્રી ઉત્તરદાતામાંથી જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ ૩૬૬ છે. જેમાં ૮૨ સ્ત્રીઓ ખેતમજૂરીનાં કામ જેવા કે ખેતીમાં નીંદવા, કપાસ વીણવા, મગફળીનાં દાણા વીણવા ઉપરાંત ખેતમજૂરી સિવાય કડિયાકામ, દૂધ વહેંચવા જવાના કામ સ્ત્રીઓ કરે છે. જેની સાથો સાથ તે ઘરમાં પણ કામ કરતી જોવા મળે છે. તે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ પતિને આર્થિક મદદ વધુ કરે છે.

## ૩.૫ ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીની ભૂમિકા :

ધર્મ એ તો અઢી શબ્દનો બનેલો છે છતાં તેનું મહત્વ આંકીએ તેટલું ઓછું છે ધર્મ એ માનવીનો આદર્શ સાથી છે કોઈ આસ્તિક માનવધર્મનો સહર્ષ સ્વેચ્છાએ સ્વીકાર કરે છે. તો વળી નાસ્તિક માનવીને ધર્મનો સ્વીકાર કરવાની સંજોગો અનુસાર ફરજ પૂરી પાડે છે.

ધર્મ માનવીને તેની ફરજ પ્રત્યેની સભાનતા શીખવે છે. ધર્મ કંઈ નહીં તો માનવીને ખરા અર્થમાં માનવ બનવાનું તો શીખવે જ છે.

ધર્મ એ સંસ્કૃતિનું પાસુ છે અને સામાજિક પરિવર્તન સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે. ધર્મ માનવીને જીવવાનું પ્રેરકબળ પૂરુ પાડનાર સ્ત્રોત છે. ધર્મ દ્વારા મુશ્કેલીના સમયે માણસ રસ્તો શોધી શકે છે. ધર્મનું રહસ્ય ગૂઢ છે. ઈશ્વર એક જ હોવા છતાં માણસે ધર્મના વિવિધ પંથ પાડેલા છે. "હિંદુને મન વિવિધ ધર્મો એક જ લક્ષ્યને પહોંચવા મથતા, વિવિધ કક્ષા અને સંજોગોવાળા સ્ત્રી–પુરુષોને આગળ વધવાના માર્ગો માત્ર છે. દરેક ધર્મ માનવીને ભૌતિક કક્ષામાંથી ઈશ્વર સ્વરૂપમાં ઉત્ક્રાંતિ પામવા માટે છે. એક ઈશ્વર એ જ બધા ધર્મોનું પ્રેરકબળ છે.[૪]

ધાર્મિક જીવનમાં સ્ત્રીઓનું મહત્વ ઘણું જોવા મળે છે. ભરવાડોમાં દેવતાઓની સાથે સાથે અનેક દેવીઓની પણ પૂજા કરવામાં આવે છે. જે સ્ત્રીઓની દરજ્જાના સંદર્ભે વિષયમાં સૂચન કરે છે.

વિભિન્ન ધાર્મિક જેવી કે સત્યનારાયણની કથા, સંતાનની લગ્નવિધિ, પૂજા, શ્રાદ્ધ વગેરે પ્રસંગોની પૂજામાં માત્ર પુરુષને જ ન બેસાડતા, પતિ–પત્ની બંનેને સાથે બેસાડવામાં આવે છે. પત્નીની ગેરહાજરીમાં માત્ર પતિ દ્વારા કરવામાં આવેલી પૂજા અધૂરી માનવામાં આવે છે. આમ, સ્ત્રીઓનું મહત્વ જોવા મળે છે. આ ઉપરાંત અનેક વ્રત, ઉપવાસ, સ્ત્રીઓ જ વધારે કરે છે. તહેવારોમાં પણ રસોઈથી લઈ પૂજા વિધિમાં મોટાભાગે સ્ત્રીઓ જ પોતાની ભૂમિકા ભજવતી હોય છે.

ભરવાડ સમુદાયમાં હિંદુ ધર્મી ઉત્સવોનું ખૂબ જ મહત્વ હોય છે અને લગભગ બધા જ તહેવારો તેઓ પોતાની શકિત અનુસાર ઉજવવા પોતાની દરેક તહેવારમાં સ્ત્રીઓ નવા વર્ષથી લઈને દિવાળી સુધીના ઉત્સવમાં જે તે ભોજન બનાવવામાં પોતાની  ભૂમિકા ભજવે છે.

તેઓ મુખ્ય વાર–તહેવાર તથા ઉત્સવમાં આ પ્રમાણેનું ભોજન બનાવે છે.

| | **તહેવાર** | **કરવામાં આવતું ભોજન** |
|---|---|---|
| ૧. | મહાશિવરાત્રી | ઉપવાસ, બટેટા, શક્કરિયાનું ફરાળ વગેરે |
| ૨. | ભીમઅગિયારસ | ઉપર મુજબ ઉપવાસ |
| ૩. | જન્માષ્ટમી | ઉપવાસ, બટેટાનું ફરાળ |
| ૪. | ભાઈબીજ | લાપસી, શાક, રોટલી, પૂરી |
| ૫. | હોળી–ધૂળેટીહોળીનાં દર્શન કરી લીધાં પછી એકટાણું કરે છે. બહેનો તેમાં લાપસી બનાવે છે. | |

આમ, ઉપરોક્ત તહેવારોનું ભરવાડ જ્ઞાતિમાં મહત્વ જોવા મળે છે. આ ઉપરાંત આ જ્ઞાતિ હિન્દુ તહેવારોની જેમ બાકીના નવું વર્ષ, દેવદિવાળી, પોચીપૂનમ, મકરસંક્રાંતિ, સાતમ, રક્ષાબંધન વગેરે જેવા તહેવારો ઉજવે છે.

ભરવાડ સ્ત્રીઓ ધાર્મિક ઉત્સવોમાં ભાગ લે છે જેમ કે,

**(૧) અષાઢી બીજ :**

આ તહેવાર ભરવાડોનો મોટો ઉત્સવ માનવામાં આવે છે. જેમાં સ્ત્રીઓ ઉપવાસ કરે છે અને ફળાહરમાં તેઓ શક્કરિયાનો શીરો, બટેટાનું શાક બનાવે છે અને એક ટાણું કરે, તે લોકો સાંજે બીજનાં દર્શન કરીને જમે છે.

**(૨) હોળી :**

ભરવાડ જ્ઞાતિના લોકો આ તહેવારમાં પશુપાલક હોય તેના ઘરે ઘરે જઈ છાણાં ઉઘરાવે છે અને બાકીને. ત્યાંથી ઘઉં, ચણા જેવી ચીજવસ્તુ માંગી

લાવે છે. સાંજે બધા એકઠા થઈ ચોકમાં ખાડો કરી તેમાં માટલામાં ચણા–ઘઉં અને પાણી નાંખી ખાડામાં રાખી દે છે અને તેની ઉપર છાણાં ગોઠવી દે છે. તે હોળીનાં દર્શન કર્યા પછી જ આ જ્ઞાતિમાં સ્ત્રીઓ એકટાણું કરે છે.

## (૩) ભીમ અગિયારસ :

આ તહેવારનું પણ ભરવાડ જ્ઞાતિમાં મહત્વ જોવા મળે છે. જેમાં નવી પરણેલી વહુ અને દીકરીને અગિયારસ કરવા પિયર તેડી લાવે છે તે દિવસે મોટાભાગે ઉપવાસ કરે છે.

## (૪) જન્માષ્ટમી :

ભરવાડ જ્ઞાતિ પોતાને કૃષ્ણના વંશ જ હોવાનું માનવાને કારણે તે આ તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. ગામમાં મંદિરના પ્રાંગણમાં રાસ રમે છે, ભજન, કિર્તન કરે છે. આ ધાર્મિક કાર્યમાં સ્ત્રીઓ પણ હોંશથી સહભાગી થાય છે.

## * ઉત્સવો અને તહેવારોની ઉજવણી :

ભરવાડ જ્ઞાતિ જેવી રીતે અન્ય જ્ઞાતિનાં સંપર્કના કારણે બધા જ હિન્દુ તહેવારો ઉજવે છે તેમજ ઉત્સવોમાં નવરાત્રી જેવા તહેવારોમાં રાસ, રાસડા ગરબા રમે છે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

## (૧) રાસ–ગરબા :

ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રી–પુરુષો રાસ–ગરબાના શોખીન હોય છે. લગભગ બંને વર્ગ સાથે મળીને રમતા હોય છે. આ જ્ઞાતિમાં 'હિંચ' અને 'હૂડો' રાસ વખણાય છે.

ગરબા શબ્દની ઉત્પત્તિ ગર્ભદીપમાંથી થઈ છે. 'ગર્ભદીપ' માંથી 'ગર્ભો' અને પછી ગરબો થયો. ગર્ભ એટલે ઘડો. આમ, ગરબો તે માતા આદ્યશકિતનું પ્રતિક છે.

નવરાત્રીના નવ દિવસ ગામડાઓમાં ચોક, ગરબાંથી ગુંજી ઉઠે છે. નોરતામાં માતાજીની સ્થાપના કરી આરાધના કરે છે.

આમ, પઢાર, કોળી, ભરવાડને પોતાના રાસ–નૃત્યની વિશેષતાઓ છે. આપણે જોયું તેમ ભરવાડોમાં 'હીંચ' અને 'હૂડો' લોકનૃત્ય જાણીતા છે. જેમાં ગુજરાતનો તરણેતરનો મેળો હોય કે વાડજનો મેળો હોય કે અન્ય વાર–તહેવાર હોય ત્યાં ભરવાડ સ્ત્રી–પુરુષો નાચતા ગાતા જોવા મળે છે.[૫]

**– દાંડિયારાસ નૃત્ય સાથે ગવાતા લોકગીત :**

ગરબા કરતાં સમયે નવરાત્રીમાં જે ગીતો ગાવવામાં આવે તે નીચે મુજબ છે.

**<u>ગીત – ૧</u>**

વા વાયાને વાદળ ઉમટયાં
ગોકુળમાં ટહુકયા મોર, મળવા આવો
સુંદર વર શામળીયા
તમે રમવા તે ના આવો શા માટે,
નહીં આવો તો નંદજીની આણ, મળવા આવો....
તમે ગોકુળમાં ગૌધન ચારતા,
તમે છોરે સદાના ચોર, મળવા આવો...

વા વાયાને વાદળ ઉમટયાં

તમે કાળી તે કામળી ઓઢતાં,

તમે ભરવાડના ભાણેજ, મળવાં આવો...

તમે વ્રજમાં તે વાંસળી વાંજતા

તમે ગોપીઓના ચિત્તના ચોર મળવા...

વા વાયાને વાદળ ઉમટયાં

ઉપરોકત કૃષ્ણભકિતના ગીતમાં ભરવાડ સ્ત્રીના નારી હૃદયની અભિવ્યકિત થાય છે. તે શ્રીકૃષ્ણને પોતાની સાથે રાસ રમવા બોલાવે છે ને કહે છે કે તમે અમારી સાથે રાસ રમવા આવો નાહતો તમને નંદની આણ છે તેમજ તમે તો ભરવાડના ભાણેજ પણ છે. તો મળવા આવો. આમ, અનેક પ્રકારની ગોપીઓની કૃષ્ણભકિત વ્યકત થાય છે.

## <u>ગીત – ૨</u>

કાનુડે કવરાવ્યાં ગોકુળિયામાં, કાનુડે કવરાવ્યાં...

સૂતેલા બાળ મારે વાલે જગાડયા

એ રમતાંને રોવરોવ્યા ગોકુળિયામાં...

સીકેથી માટ મારે વાલે ઉતારિયા

એ ખાધા થોડે ખવરાવ્યાં, ગોકુળિયામાં...

ખીલેથી વાછરું વાલાજીએ છોડયાં

એ અણધાવ્યા ને ધવરાવ્યા ગોકુળિયામાં...

ઉપરોકત ગીતમાં શ્રીકૃષ્ણની બાળલીલાનું વર્ણન જોવા મળે છે. નટખટ કાનુડાને ગોવાળો સાથે રમવું હોય એટલે ગોપીઓના નાના છોકરા સૂઈ ગયા હોય તો તેને જગાડી દે છે ને કયારેક કાનુડો ન રમે તો તેના વિના ગોવાળિયા રડવા લાગે છે. જે અહીં કૃષ્ણભકિત વ્યકત થાય છે.

**– મેળાઓ :**

આ જ્ઞાતિનો ચોક્કસ મેળો એવો તરણેતરનો મેળો જ પ્રખ્યાત છે. એટલું જ નહિ ૨૬મી જાન્યુઆરીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ગુજરાતના ટેબલમાં તરણેતરમાં ગોપાલકોનું છત્રીનું નૃત્ય, રાસલીલાનું નૃત્ય કે હૂડાનું લોકનૃત્ય હોય છે. માટે તરણેતરનો મેળો આ જ્ઞાતિ માટેનો પ્રખ્યાત છે અને જૂનાગઢના ભવનાથ પર શિવરાત્રીનો મેળો જેમાં જાય છે અને ભરપૂર આનંદ મેળવે છે. જેની વિગતોની ચર્ચા નીચે મુજબ છે.

*** ઉત્સવ મેળો :**

**– મહાશિવરાત્રીનો મેળો :**

જૂનાગઢ શહેરમાં મહા વદ ચૌદસે મહાશિવરાત્રીનો મેળો ભરાય છે. જૂનાગઢ જિલ્લામાં ભરવાડોની વસ્તી વધુ વિશેષ છે. ગિરનારની તળેટી કે જયાં ભવનાથના મંદિર પાસે મેળો ભરાય છે ત્યાં પણ તેઓની વિશાળ જગ્યા છે. તેઓની બોર્ડીંગ પણ છે. આથી ગામેગામથી ભરવાડ યુવાનો, સ્ત્રી, પુરુષો, વૃદ્ધો, બાળકો આ મેળામાં આવે છે અને ઉત્સાહથી ભાગ લે છે. મેળો શિવરાત્રીના ત્રણ ચાર દિવસ પહેલા શરૂ થાય છે. આથી લોકો વહેલા આવી જાય છે. જયાં તેઓની જગ્યામાં રહેવા, જમવાની વ્યવસ્થા જ્ઞાતિ તરફથી કરવામાં આવી

હોય છે. ભોળા મહાદેવ ભવનાથના મંદિરમાં દર્શન કરે છે. મેળામાં અનેક ખાવા–પીવા તેમજ અનેક ચીજવસ્તુના સ્ટોલ્સ હોય છે. જેથી તેઓ પોતાના ગામમાં ન મળતી હોય તેવી ચીજ વસ્તુઓ ખરીદે છે. ટૂંકમાં જૂનાગઢ શહેરમાં મેળો ભરાતો હોવા છતાં તેનો લોકમેળો કહી શકાય. કારણ કે શહેરના લોકો ઉપરાંત દૂરના ગામેગામથી દરેક જ્ઞાતિના લોકો તેમાં ભાગ લેવા આવે છે. મેળામાં લગભગ આશરે દોઢથી બે અઢી લાખ જેટલું માણસ બહારથી આવે છે. જેમાં ભરવાડો પણ સામેલ થાય છે.

*** તરણેતરનો મેળો :**

સૌરાષ્ટ્રનો પાંચાળ પ્રદેશ પોતાની નોખી–અનોખી સંસ્કૃતિ પ્રકૃતિથી પંકાતો રહ્યો છે. મોટાભાગે કોળી ઉપરાંત રબારી, ભરવાડ, કાઠી દરબાર, દલિત, અન્ય પછાત જ્ઞાતિઓનો આ પ્રદેશ કહેવાય છે. ચોટીલા અને તેની આજુબાજુના આ પાંચાળ પ્રદેશની પ્રજા મોટાભાગે આર્થિક – સામાજિક – શૈક્ષણિક રીતે પછાત ગણાય છે લોકો અહીંના ભોળા ઉદાર છે.

ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યનું સંશોધન – સંપાદન કરી આ મૂલ્યવાન વારસાને અમરત્વ બક્ષનાર લોકસાહિત્યના ભીષ્મ પીતામહ એવા ઝવેરચંદ મેઘાણીની આ જન્મભૂમિ છે.

'તરણેતર અને તેનો મેળો' નામના લેખમાં રાજુલ દવેએ આ તરણેતર સ્થળ ગામ મેળા અને ત્રિનેતેશ્વર મહાદેવ વિશેની ઐતિહાસિક વિગતો નોંધી છે. તે અનુસાર અયોધ્યાના સૂર્યવંશી રાજ યુવાનાશ્વનિઃ સંતાન હોવાથી તેમણે ગુરુ વશિષ્ઠના સૂચનથી યજ્ઞ કર્યો. તેનાથી જે પુત્ર જન્મ્યો તે માંધાતા. આ માંધાતાએ તરણેતરનું મંદિર બંધાવ્યું હતું.

મહાદેવનું એક સ્વરૂપ ઘ્યાનસ્થ યોગીનું છે તપશ્ચર્યા કરી રહેલા મહાદેવને ચલિત કરવા માટે દેવતાઓએ કામદેવને મોકલ્યા. મહાદેવનું તપોભંગ થતાં તેઓ રોષે ભરાયા અને ત્રીજુ નેત્ર ખોલી કામદેવને ભસ્મ કરી નાખ્યો. તે સ્થળ એટલે ત્રિનેત્રેશ્વર – તરણેતર.

ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ વિશ્વપ્રસિદ્ધ એવો તરણેતરનો મેળો ભરાય છે. સમગ્ર ગુજરાત અને ભારતભરમાંથી તથા વિદેશમાંથી પણ કેટલાક લોકો આ મેળાની મજા માણવા ઉમટી પડે છે.

તરણેતરનો મેળો એ યુવાનીનો મેળો ગણાય છે. પાંચાળ પ્રદેશ અને તેની આજુબાજુના યુવક–યુવતિઓ પોતાના તળપદા પહેરવેશમાં આ મેળામાં મહાલતા જોઈ શકાય છે. જો કે હવે મેળો આધુનિકતાના રંગે રંગાયો છે. છતાં લોકગીત, દુહા, લોકનૃત્યો, સંસ્કૃતિ જોવા–જાણવા– માણવા માટેનો આ મેળો છે.

આ મેળાની શરૂઆત ૫૦ વર્ષ પહેલા થઈ હોવાનું મનાય છે. પાંચાળ ભૂમિની પ્રજા ગરીબ હોઈ, મનોરંજનના અન્ય કોઈ સાધનો ન હોઈ તરણેતરનો મેળો આ પ્રજાની હૃદયઉર્મિનું તથા આનંદ ઉલ્લાસની અભિવ્યકિતનું એકમાત્ર સાધન છે. ભાતીગળ વસ્ત્રો, ડાંગ, છત્રી વગેરેના શણગાર દિવસો સુધી ચાલે છે અને મેળાના ત્રણ દિવસ તેની આનંદપૂર્વક અભિવ્યકિત ચાલે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખુદ આ મેળાને માણવા માટે પધારે છે. તે આ મેળાને સરકાર તરફથી પ્રોત્સાહન કરે છે.

તરણેતરની વિશેષતા છે સામ–સામા દુહાઓ, આખી આખી રાત સુધી ચાલતી ભજન મંડળીઓ અને ભરવાડ જ્ઞાતિના યુવક–યુવતિઓ દ્વારા સામ–સામા લેવાતા 'હુડ' હુડાનું લોકનૃત્ય તરણેતરના મેળાની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે. જે અન્ય કયાંય જોવા મળતી નથી.

સમય સંજોગો બદલાતા તરણેતર મેળાને પણ હવે આધુનિકતાનો રંગ લાગ્યો છે. એટલે પરંપરાગત વસ્ત્રો ઓછા જોવા મળે છે છતાં ભાતીગળ છત્રી અને પાવા તથા ઢોલ આ મેળાની ખાસ ઓળખ આકર્ષણ રહ્યા છે.

આ બન્ને મેળા ઉપરાંત ભરવાડોના ગામે ગામ નાના–મોટા મેળા ભરાય છે. મેળા ભરવાના તિથિ અલગ હોય છે. જેમાં જે તે ગામના આજુબાજુના લોકો ભાગ લે છે.[૬]

## ૩.૬ શિક્ષણમાં સ્ત્રીની ભૂમિકા :

જૂનાગઢ જિલ્લામાં બક્ષીપંચ જ્ઞાતિમાં અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં તથા જામનગર જિલ્લાન બક્ષીપંચ ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ અલ્પ જોવા મળે છે. જે દર્શાવે છે કે ભરવાડોમાં સ્ત્રીઓના શૈક્ષણિક દરજ્જો નિમ્ન કક્ષાનો જોવા મળે છે. કારણ કે ભરવાડ જ્ઞાતિમાં લોકો છોકરાને ભણાવે છે. પરંતુ છોકરીઓને બહુ ઓછા ભણાવે છે. પરંતુ છોકરીઓને બહુ ઓછી ભણાવે છે. તેઓ કહે છે કે દીકરીને સાસરે વળાવવાની હોય તો તેની પાછળ ભણાવાનો ખર્ચ કરવા કરતાં તેને રોટલા ઘડતા આવડ, છાણ–વાસીદું કરતાં, ઢોર દોહતાં આવડે એટલે બસ ભયો... ભયો... આથી ભરવાડ સ્ત્રીઓ કહે છે કે અમે દીકરીઓને ભણાવતા નથી,

પરંતુ ગણાવીએ છીએ એટલા માટે તે સ્ત્રીઓ ગણતરની ભૂમિકા વ્યવસ્થિત રીતે ભજવી દીકરીને ઘરકામમાં હોંશિયાર બનાવે છે. આમ, ભરવાડ જ્ઞાતિમાં આવી વિચારસરણીને કારણે પશુપાલન અને ઘરના કાર્ય પૂરતું તેમનું જીવન સિમીત રહેતા તે શિક્ષણમાં પછાત રહે છે. આથી ભરવાડ સ્ત્રીઓ શિક્ષણક્ષેત્રે યોગ્ય ભૂમિકા ભજવી ન શકતા તેમનો દરજ્જો નિમ્નકક્ષાનો જોવા મળે છે.

## ૩.૭ રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા :

રાજકીયક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓનું મહત્વ ઓછું છે, રાજકારણ નામના શબ્દથી ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓ સાવ અજાણ હતી પરંતુ જયારે જ્ઞાતિના કે અન્ય જગ્યાએ સલાહ–સૂચનની જરૂર પડયે મોટી ઉંમરની સ્ત્રીઓ કોઈક બાબતમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી જોવા મળે છે હવે પહેલા કરતાં અત્યારે રાજકીય ક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓ થોડી જાગૃત થઈ છે જેથી તે મતદાનના સમયે ચૂંટણીમાં મત આપી પોતાની નાગરિક તરીકેની ભૂમિકા રાજકારણમાં ભજવવા લાગી છે. ઉપરાંત અમુક જગ્યાએ તો સ્ત્રીઓ પણ ચૂંટણીમાં ઉભી રહેવા લાગી છે.

*** જ્ઞાતિ :**

દુનિયાના સમાજોમાં કોઈને કોઈ પ્રકારની સમાજવ્યવસ્થા હોય છે. ભારતની સમાજવ્યવસ્થાનું માળખું જ્ઞાતિના આધારે રચાયેલું છે. જેમાં અહીં આપણે ભરવાડ જ્ઞાતિમાં જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીઓ રાજકીય ક્ષેત્રે કેવી ભૂમિકા ભજવે છે તે માટે જ્ઞાતિપંચ અને આધુનિક એવી ગ્રામ પંચાયતમાં તે નીચે મુજબ જોઈએ.

### (૧) જ્ઞાતિપંચ :

દરેક જ્ઞાતિના જ્ઞાતિપંચાયત દ્વારા પોતાની જ્ઞાતિમાં થતાં પ્રશ્નો, ઝઘડાઓના નિરાકરણ માટે જ્ઞાતિપંચ હોય છે તેમ પશુપાલક એવી ભરવાડ જ્ઞાતિમાં પણ જ્ઞાતિપંચ હોય છે જેના વડાને મુખી કે પ્રમુખ કહેવામાં આવે છે જે તેના દરેક ભરવાડોના ગામમાં હોય છે.

આ જ્ઞાતિપંચ દ્વારા વિવિધ ધાર્મિક તહેવારોના ઉત્સવોનું આયોજન, કૌટુંબિક ક્ષેત્રે ઉભી થતી સમસ્યાઓ જેવી કે પતિ–પત્નીના ઝઘડા, બે ભાઈઓ વચ્ચેના, પિતા–પુત્ર વગેરે વચ્ચેના ઝઘડાઓનું નિરાકરણ આ જ્ઞાતિનો વડો કરે છે. જેમાં વડા તરીકે સ્ત્રીઓએ ભૂમિકા ભજવવાની હોતી નથી. પરંતુ કયારેક અમુક વખતે તે ગામમાં કે જ્ઞાતિમાં કોઈ મોટી ઉંમરની પ્રૌઢ સ્ત્રી હોય તો તેની સલાહ લે છે અને દરેક વ્યકિત તે પ્રશ્નોના ઉકેલ માટે જ્ઞાતિપંચના વડાનું માન રાખી તેની સલાહને માને છે. પરંતુ તે કોર્ટનો આશરો તો લેતા નથી.

આ ઉપરાંત રાજકીય પ્રવાહોમાં પણ જ્ઞાતિપંચના વડાનું મહત્વ હોય છે. જેમ કે, ગ્રામ પંચાયતની ચૂંટણી, વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં પશુપાલક ભરવાડ જ્ઞાતિના બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં સ્ત્રી–પુરુષ બંને મતદાન આપવામાં વડા કહે તેમ કરતાં હોય છે. જયારે ગીરની જ અનુસૂચિત જનજાતિના ભરવાડ જ્ઞાતિમાં રાજકીય જાગૃતિ સ્ત્રી–હોય કે પુરુષ તેમાં બક્ષીપંચ ભરવાડો જેટલી જાગૃતિ જોવા મળતી નથી.

### (૨) આધુનિક ગ્રામ પંચાયત :

જ્ઞાતિ પંચાયતની જેમ પંચાયતરાજના ત્રણ માળખા જોવા મળે છે. જેમાં જૂનાગઢ અને જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલા અને ગીરની અનુસૂચિત જનજાતિ ભરવાડ મહિલાઓ (૧) ગ્રામ (૨) તાલુકા અને (૩) જિલ્લા પંચાયતમાં કેવી ભૂમિકા ભજવે છે તે જોઈએ.

### (૧) ગ્રામ પંચાયત :

અહીં અભ્યાસમાં લીધેલ ગામોમાં ભરવાડ જ્ઞાતિ માટેનું કોઈ અલગ એવું ગામ હોતું નથી. તે ગામની અન્ય જ્ઞાતિ સાથે મળીને રહે છે. જેમાં ગ્રામ પંચાયતમાં દરેક જ્ઞાતિના સ્ત્રી–પુરુષો ભાગ લેતા હોય છે. પરંતુ મારા આ અભ્યાસમાં ગ્રામ પંચાયતમાં ભરવાડ બક્ષીપંચ અને અનુસૂચિત જનજાતિના ભરવાડ સ્ત્રી બન્ને જિલ્લામાં ચુંટાયેલ જોવા મળતી નથી. કારણ કે ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીઓને ગામડામાં રાજકારણ વિશે બહુ જાણકારી જોવા મળતી નથી. ત્યારબાદ તાલુકામાં જોઈએ.

### (૨) તાલુકા પંચાયત :

આપણે ગ્રામકક્ષાએ જોયું તો બક્ષીપંચ ભરવાડ કે અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સ્ત્રીઓ ભાગ લેતી નથી જયારે તાલુકા કક્ષાએ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં કાલાવડ ગામમાં જ નગર પંચાયતના સભ્ય તરીકે ચુંટાયેલ અત્યારે જોવા મળેલ છે જે હાલ પણ નગર પંચાયતના સભ્ય છે જયારે બે–ત્રણ વરસ પહેલા કાલાવડ ગામમાં તાલુકા પંચાયતના સભ્ય તરીકે લાભુબેન ભરવાડ

ચુંટાયેલ હતા જે જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ જાતિની સ્ત્રીઓમાં રાજકીય ક્ષેત્રે જાગૃતિનું એક ઉદાહરણ છે જે પોતાની રાજકીય ભૂમિકા વ્યવસ્થિત ભજવતા જોવા મળતા હતા તેવું અભ્યાસ દ્વારા જાણવા મળેલ છે.

### (૩) જિલ્લા પંચાયત :

આ ઉપરાંત ગ્રામ પંચાયતની જેમ જિલ્લા પંચાયતના ક્ષેત્રે જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સ્ત્રીઓએ રાજકીય ભૂમિકા ભજવેલ નથી.

આમ, ચૂંટણીમાં ઉભી રહેતી નથી પરંતુ અત્યારે રાજકીય ક્ષેત્રે મતદાન કરી પોતાની મત આપવાની ભૂમિકા બંને જિલ્લાની સ્ત્રીઓ ભજવે છે.

## –:: સંદર્ભસૂચિ ::–


૧. શાહ એ. જી. અને દવે જે. કે. : ''સમાજ–સ્ત્રી'', અનડા સાહિત્ય પ્રકાશન – અમદાવાદ, ૧૯૯૫–૯૬, પા.નં. ૬૧.

૨. ડૉ. જોશી પારૂલબેન જે. : ''સૌરાષ્ટ્રના આહીરો'', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૧૯૯૮

૩. એજન – પા.નં. ૧૪૯

૪. સ્વામી વિવેકાનંદ : ''ભાષણો અને લેખો'', હિન્દુ ધર્મ વિશે નિબંધ, આવૃત્તિ. જૂલાઈ ૪, ૧૯૦૭, રામકૃષ્ણ મિશન પ્રકાશન, રાજકોટ. પા.નં. ૨૦

૫. શ્રી પરમાર જયમલ્લ : ''આપણી લોકસંસ્કૃતિ'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ. ૧૯૭૬.

૬. ડૉ. હસુતાબેન સેદાણી : ''ગુજરાતની લોકસંસ્કૃતિ'', ગુજરાત રાજય, અમદાવાદ. ૨૦૦૧

**પ્રકરણ–૪**

# સામાજિક - સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ સ્ત્રીઓની સ્થિતિ

૪.૩ જીવનચક્રમાં સ્ત્રીઓની સ્થિતિ

૪.૩.૧ સામાજિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ

૪.૩.૨. કુટુંબ

૪.૩.૩ લગ્ન

૪.૩.૪ જ્ઞાતિ

૪.૪ આર્થિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ

૪.૫ ધાર્મિક માન્યતાઓ તથા ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ

૪.૬ શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ

૪.૭ રાજકીયક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ

– સંદર્ભસૂચિ

## પ્રકરણ–૪

# સામાજિક – સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ

### ૪.૧ પ્રસ્તાવના :

આજના યુગમાં સ્ત્રીની ભૂમિકામાં થયેલો વધારો તેના દરજ્જાને કેટલે અંશે અસર પહોંચાડે છે તે જાણવા માટે સમાજમાં સ્ત્રીનાં સ્થાનને જાણવું જરૂરી છે. સ્ત્રીનો દરજ્જો સમાજની પ્રગતિને ચકાસવા માટેનો એક માપદંડ છે. ભારતમાં તો પુરુષની તુલનાએ સ્ત્રીનું સ્થાન નીચું રહ્યું છે. ઈતિહાસના જુદા જુદા તબક્કે સ્ત્રીનો દરજ્જો સતત બદલાતો રહ્યો છે. આમ, સ્ત્રીની સ્થિતિમાં પણ પરિવર્તન આવે છે.

જવાહરલાલ નહેરુના શબ્દોમાં કહીએ તો "કોઈપણ સમાજની પ્રગતિની પારાશીશી એ સમાજમાં સ્ત્રીનું સ્થાન કેવું છે તેના પર છે."

ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન સ્ત્રીના દરજ્જા અને ભૂમિકાનો નિર્દેશ કરે છે. સમાજનાં વિભિન્ન ક્ષેત્રો જેવા કે કુટુંબ, લગ્ન, શિક્ષણ, મિલકત, ધર્મ વગેરેમાં સ્ત્રીના હકકો અને ફરજો તેનું સ્થાન નિર્દેશ કરે છે. સ્ત્રીનું સ્થાન મુખ્યત્વે બે રીતે આલેખી શકાય કુટુંબમાં અને કુટુંબની બહાર.[૧]

અહીં માત્ર પશુપાલક ભરવાડ સ્ત્રીઓના સંદર્ભમાં વિચારવામાં આવે તો પશુપાલક ભરવાડ સ્ત્રીઓની સ્થિતિમાં ફેરફારો થયા છે એ બાબતની સંશોધક પાસે કોઈ ચોકકસ અને આધારભૂત માહિતી નથી. આમ છતાં અહીં કેટલીક પ્રાથમિક અને ગૌણ માહિતીનાં આધારે સ્ત્રીઓની સ્થિતિમાં કાળક્રમે કેવા કેવા બદલાવ આવ્યા છે તે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોઈપણ સમાજને પુર્ણતઃ સમજવા સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ જાણવી અત્યંત જરૂરી છે. આથી પ્રસ્તુત પ્રકરણમાં પશુપાલક ભરવાડ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી છે.

## ૪.૨ સ્ત્રીઓની સ્થિતિ :

કોઈપણ સમાજને સમજવા માટે તેના બન્ને પાસા અંગે જાણકારી મેળવવી જરૂરી છે. સમાજની કુલ વસ્તીનો લગભગ અર્ધો ભાગ સ્ત્રી વસ્તીનો છે. સમાજમાં સ્ત્રી અને તેના સ્થાન વિશે સતત ચર્ચાઓ થતી રહે છે. સમાજમાં દરેક તબક્કે સતત તેના દરજ્જામાં પરિવર્તન આવતું રહ્યું છે. વિશ્વના મોટાભાગનાં દેશોમાં પુરુષપ્રધાન સમાજ જ જોવા મળે છે. સ્ત્રીનું સ્થાન આ સમાજમાં પુરુષ કરતાં દ્વિતિય કક્ષાનું માનવામાં આવે છે. માનવજીવનનાં તમામ વ્યવહાર ક્ષેત્રોમાં સ્ત્રી–પુરુષ વચ્ચે અગણિત લક્ષ્મણ રેખાઓ દોરાયેલી જોવા મળે છે. ધર્મ, નીતિ, શાસ્ત્રો અને અનાદિકાળથી પ્રસ્થાપિત રૂઢિ, રીત–રસમો અને રિવાજો દ્વારા અંકિત થયેલી આવી લક્ષ્મણરેખાઓ સ્ત્રીના સમગ્ર જીવનને આ વિશાળ સમાજમાં મર્યાદિત વર્તુળો વચ્ચે જકડી રાખે છે.

અહીં ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર એકમના જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ તથા જૂનાગઢ જિલ્લામાં આવેલ ગીર અભ્યારણ્ય કે જે એશિયન સિંહના નિવાસસ્થાનના રૂપમાં પ્રખ્યાત છે. આ સિંહોના સાનિધ્યમાં ગીર જંગલમાં નેસ બનાવી નિવાસ કરતી રબારી, ચારણ અને ભરવાડ પશુપાલક જનજાતિ છે તેમાં આપણે ભરવાડ પશુપાલક અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓના સંદર્ભમાં વાત કરવામાં આવે છે. ભરવાડ સ્ત્રીઓનું હૃદય ખરા અર્થમાં વિશાળ હોય છે. તેઓ સશક્ત, બળવાન છે. તે ઉદાર, ગંભીર અને માયાળુ છે પરિવાર પ્રેમી તથા આતિથ્ય ભાવનામાં વધુ આગળ હોય છે. તેમના માટે "માલ" એ જીવનનું એક અંગ છે. માલ : શબ્દનો અર્થ "સૌરાષ્ટ્રમાં પશુઓ" એવો થાય છે.

મોટાભાગે આ સમાજમાં પુરુષોએ માલ ચરાવવાનું અને સ્ત્રીઓએ ઘી, દૂધ અને માખણ વલોવવાનું કામ કરવાનું રહે છે. ભરવાડ સ્ત્રીઓમા શિક્ષણનું પ્રમાણ અન્ય સમાજની સ્ત્રીઓની તુલનાએ નહ્ીવત છે.

આમ, આ અભ્યાસો દર્શાવે છે કે ભરવાડ સમાજમાં સ્ત્રી–જન્મ હંમેશા આવકાર્ય રહ્યો છે. દીકરો હોય કે દીકરી બંનેને આ સમાજમાં સરખા ઉત્સાહથી વધાવવામાં આવે છે. અહીં દીકરાને દૂધ અને દીકરીને છાશ જેવા તદ્દન વાહીયાત રિવાજો જોવા મળતા નથી. દીકરી જન્મે તો નિસાસા ને દીકરો જન્મે તો પોતાશા જેવી પ્રચલિત પરંપરાઓનું પ્રાબલ્ય આ સમાજોમાં જોવા મળતું નથી. કારણ કે ભરવાડ સમાજમાં દીકરી હોય તો દીકરો વળે (એટલે કે તો દીકરાના લગ્ન થાય) એવી પ્રથા છે. તેમજ ભરવાડ સમાજમાં ભલે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહ્લીવત હોય પણ અહીં સ્ત્રીઓને સાપનો ભારો માનવાને બદલે તુલસીનો કયારો માનવામાં આવે છે.

આમ, છતાં જયારે વિકસિત સમાજની સ્ત્રીઓ તરફ દષ્ટિપાત કરીએ ત્યારે જણાય છે કે ભરવાડ સ્ત્રીઓમાં શિક્ષણનું અલ્પ પ્રમાણ, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા વગેરે બાબતો જોવા મળે છે. મતલબ કે ભરવાડ સમાજની સ્ત્રીઓ આજે ૨૧મી સદીમાં અને વિજ્ઞાનના યુગમાં પણ અન્ય સમાજની સ્ત્રીઓની હરોળમાં આવી શકી નથી. આજે પણ આ સ્ત્રીઓ ખૂબ પછાત જોવા મળે છે.

આજે વર્તમાન સમયમાં જયારે સ્ત્રીઓ ખૂબ જ પ્રગતિ કરી ગઈ છે. અનેકવિધ ક્ષેત્રે પોતાનું ઉત્તમોતમ યોગદાન આપી રહી છે. તથા કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, શિક્ષણ, રાજકારણ, સમાજજીવન એમ અનેકવિધ ક્ષેત્રે સ્ત્રીઓ પોતાનો ફાળો આપી રહી છે. ત્યારે ભરવાડ સમાજની સ્ત્રીઓને જોતા લાગે છે કે આ સ્ત્રીઓએ હજુ ઘણું કરવાનું બાકી છે.

ભરવાડ સમાજની સ્ત્રીઓને અન્ય વિકસિત સમાજોની સ્ત્રીઓની હરોળમાં લાવવા સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કટીબદ્ધ થવાની જરૂરીયાત ઉભી થઈ છે. પરંતુ જેમ ૧૬૦૦ કિ.મી. ના વિરાટ સાગર કિનારાની આપણે ઉપેક્ષા કરીએ છીએ તેમ સમગ્ર

ભરવાડ સમાજની ઉપેક્ષા ખૂબ જૂના સમયથી થતી રહે છે. ત્યારે આ સમાજની સ્ત્રીઓને અન્ય વિકસિત સમાજની સ્ત્રીઓની હરોળમાં કેમ લાવવી તે મુંઝવતો પ્રશ્ન છે.

## (એ) ૪.૨.૧જીવનચક્રમાં સ્ત્રીઓની સ્થિતિ :

ભરવાડ જ્ઞાતિમાં જન્મથી મૃત્યુ સુધીના અનેક સંસ્કારોમાં ભરવાડ સમાજની સ્ત્રીઓનું મહત્વ ઘણું જોવા મળે છે. એટલે કે જીવનની પ્રત્યેક ઘટનામાં આનંદ અથવા શોક થાય છે. ત્યારે સંસ્કૃતિ પ્રમાણે વિવિધ વિધિ કરવામાં આવે છે જેને સંસ્કાર કહે છે. આથી આવા જીવનચક્રમાં સ્ત્રીઓની સ્થિતિનું વિસ્તૃત વર્ણન નીચે મુજબ છે.

**** જન્મ સંસ્કાર :**

### (૧) સ્ત્રીઓનો ઋતુકાળ

ભરવાડ સમાજમાં સ્ત્રીઓમાં માસિક ધર્મ પ્રસંગે કોઈ ખાસ આચારના નિયમો પાળવામાં આવતા નથી. જો કે કેટલીક સ્ત્રીઓ પાળે છે પણ તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

### (૨) ગર્ભાધાન :

સ્ત્રીને ગર્ભ રહ્યો તેની જાણ તેને માસિક બંધ રહેવાથી એકાદ બે માસ પછી ખબર પડે છે અથવા કેટલીક વખત સ્ત્રીને ચક્કર આવે, ઉલટી થાય વગેરે લક્ષણોથી પણ ખબર પડે છે કે તે ગર્ભવતી થઈ છે. જયારે સ્ત્રીને બાળક ન થતાં હોય તો તેઓ તેના ભગત પાસે જઈ બાધા રાખે છે. બધા જ ભગતનો આશરો ન લેતા હવે તો કેટલાક શિક્ષિત લોકો ડોકટરની સલાહ લે છે.

## (૩) સીમંતવિધિ :

જયારે પહેલીવાર ભરવાડોમાં પણ સ્ત્રી ગર્ભવતી થાય છે ત્યારે જે વિધિ કરે તેને સીમંતવિધિ કહે છે જે ગર્ભવથતી થતાં કરવામાં આવે છે જેને ખોળો ભરવાની વિધિ પણ કહે છે. જે સ્ત્રીના સાસરામાં કરવામાં આવે છે. આ વિધિ કરવા સ્ત્રીના માતા–પિતા તથા અન્ય સગા–સંબંધીઓ આવે છે ત્યારે માવતરના ઘરેથી આવેલ કપડા સ્ત્રીને પહેરાવી તેને કપાળમાં ચાંદલો કરે તેમજ તેના ખોળામાં નાળિયેર આપી લાલ યા લીલું કપડું તે પાથરે પછી તેના ઉપર સવા રૂપિયાને સોપારી મુકતા જાયને પગલા ભરાવે છે. આ વિધિ સ્ત્રીના હાથે નણંદ રાખડી બાંધે છે. આમ, સ્ત્રીના માતા–પિતા તેના કુટુંબના સભ્યોને કપડા કે રૂપિયા કંઈપણ ભેટ આપે છે. ત્યારબાદ સગા સંબંધીઓ પણ તેની શકિત મુજબ સ્ત્રીને ૨૦, ૨૫ કે તેની વધુ રૂપિયા આપે છે. ત્યારબાદ તેના સગાસંબંધીઓને જમાડવામાં આવે છે. આ વિધિ થયા બાદ સ્ત્રી પોતાના પિયર જો મોકલતા હોય તો મોકલે છે ને પછી સવા મહિને તેનું આણું વાળે છે. અને જો ન મોકલાતી હોય તો સુવાવડથયા પછી સવા મહિનો થઈ જતા તેને પિયર મોકલે છે. ટૂંકમાં આ પ્રસંગ સ્ત્રીનો જ છે જે તેનું સ્થાન દર્શાવે છે. આથી આ વિધિમાં સ્ત્રીનું સ્થાન મહત્વનું જોવા મળે છે.

સીમંતવિધિના સમય દરમ્યાન ભરવાડ સ્ત્રીઓ દ્વારા નીચે મુજબ ગીત ગાવામાં આવે છે.

## <u>સીમંતવિધિ વખતે ગવાતું ગીત</u>

ઓરડેથી ઉભા ધ્રણ વહુ સજે શણગાર

ત્યાં આવ્યા તેના સ્વામી ભરથાર

કેમ નથી બોલતા ઘરડાની નાર

આપણા તે ઘરમાં કોના–કોના રાજ

સસરાજીને જાત્રા કરવા મેલો સ્વામીનાથ

તો તમ સામે બોલુ ભરથાર આપણા...

આપણા તે ઘરમાં, સાસુજીના રાજ

સાસુજીને મંદિરે વળાવો તો બોલું ભરથાર આપણા...

આપણા તે ઘરમાં જેઠજીના રાજ

જેઠજીને ઓફિસે વળાવો તો બોલું... આપણા

**(ધ્રણ – જેનું સીમંત હોય તે સ્ત્રી)**

*** જન્મસંસ્કાર :**

આ જન્મસંસ્કારમાં પુરુષોની અપેક્ષાએ સ્ત્રીનું મહત્વ વધારે છે. કારણ કે સંતાનને જન્મ આપતી જન્મદાતા સ્ત્રી જ હોય છે અને પ્રસુતાની સંભાળ રાખનાર પણ સ્ત્રીઓ જ હોય છે. જો સંતાન પુત્રના જન્મને વધારે ખુશીથી મનાવવામાં આવે છે, પરંતુ પુત્રીના જન્મને પણ હર્ષથી સ્વીકારે છે. આથી અહીં જન્મ સંસ્કારમાં પણ સ્ત્રીનાં રૂપમાં સ્ત્રીનું પુત્રીનાં રૂપમાં મહત્વનું સ્થાન જોવા મળે છે.

## (૪) છઠ્ઠીની વિધિ :

છઠ્ઠીના દિવસે સૌ સગા–સ્નેહી ભેગા મળે છે. બાળકને નાની ખાટલી કે ઘોડિયામાં સુવડાવી ચાંદલો કરવામાં આવે છે. ઘરમાં ઘીનો દીવો કરવામાં આવે છે. સૌ સ્ત્રીઓ વારાફરતી આવી બાળકને દુઃખણા લઈ આર્શીવાદ આપે છે અને એકાદ કેડિયું, ઝભલું વગેરે આપે છે. કોઈ રોકડ રૂપિયા આપે છે. આ દિવસે કોઈને કાંઈ જમણ વગેરે આપવામાં આવતું નથી. આમ, આ વિધિ સ્ત્રીઓ દ્વારા જ કરવામાં આવતા તેમાં પણ સ્ત્રીનું મહત્વ જોવા મળે છે.

## (૫) નામકરણ :

બાળકનું છઠ્ઠીના દિવસે જ બાળકનું નામકરણ કરવામાં આવે છે જે પહેલા ખોળાના સંતાનનું નામકરણ કરવામાં આવે છે તે સમયે ફઈ તેનું નામ પાડે છે.

આ દિવસે બાળકને નવડાવી, નવાં કપડાં પહેરાવી, કપાળમાં ચાંદલો કરે છે. ગણેશ પાસે ઘીનો દીવો કરી, તેની પાસે પીપળાનું પાન લઈ તેમાં ફઈબા સાથિયો કરી, સાત સળિયા લઈ, બાજોઠ ઉપર બાળકને સુવડાવે અને તેની નીચે સવા રૂપિયા મુકે અને ગીત ગાય છે. આ વિધિમાં પણ ફઈબા (એટલે કે એક સ્ત્રી) દ્વારા નામકરણ થતું હોવાથી ભરવાડ સમાજમાં અહીં પણ સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

**<u>નામકરણ વખતે ગવાતું ગીત :</u>**

આન–પાન પીપળ પાન
છોકરા તારા ચાર કાન
ચેતના તારી માતા, વિજય તારો બાપ
છોકરા તારા ચાર નામ
બિલખા ગામમાં ફઈબા એ તે પાડયું અક્ષરા નામ (ચાર વાર)

## (૬) બાળમોવારા :

બાળક સવા વર્ષનું થાય એટલે બાળકનું મુંડન કરાવવામાં આવે છે. તથા કેટલીક જગ્યાએ માનતા રાખ્યા મુજબ વાળ વધાર્યા પછી બાળક ત્રણ કે પાંચ વર્ષનું થાય ત્યારે માતાના સ્થાને કે જઈ તેના વાળ ઉતારવામાં આવે છે. છોકરો હોય કે છોકરી બંનેનું મુંડન કરવામાં આવે છે તથા ફુઈબા વાળ ઝીલે, નૈવેધ ધરવામાં આવે છે અને ત્યાં સૌને જમણ આપવામાં આવે છે. છોકરાના વાળ ઉતાર્યા પછી માથા ઉપર તેની ફઈ કંકુથી ત્રિશુલ યા સાથિયો કરે છે આ સમયે બાળકના મામા તરફથી નવા કપડા આપવામાં આવે છે. આમ, અહીં પણ ફઈબા દ્વારા વાળ ઝીલવાની વિધિ થતી હોવાથી આ વિધિમાં પણ સ્ત્રીનું મહત્વ જોવા મળે છે.

## (II) સગાઈ અને લગ્ન સંસ્કાર :

ભરવાડોમાં સગાઈ અને લગ્ન પ્રસંગમાં માતા, બહેન, કાકી, મામી, ફઈ વગેરેનું પણ ઘણું મહત્વ જોવા મળે છે.

સગાઈ પોતાની શાખની અંદર જ થાય છે એટલે કે પેટા વિભાગની અંદર તથા અલગ અલગ શાખોમાંથી વર–કન્યા વચ્ચે લગ્ન થાય છે. કન્યાને જોવા માટે વર પક્ષના લોકો આવે છે. આ કામ માટે સગા સંબંધીઓ મધ્યસ્થીનું કામ કરે છે.

વર કન્યાની પસંદગી મુખ્યત્વે મા–બાપ જ કરે છે. તેમાં સગા–સ્નેહીઓ અગત્યનો ભાગ ભજવતા હોય છે. વર–કન્યાને છૂટ હોતી નથી. કન્યા વરથી

ત્રણેક વર્ષ નાની હોય છે. એક જ ગોત્રમાં લગ્ન થઈ શકતા નથી તેમજ ફઈ–મામાના દીકરા દિકરીઓ વચ્ચે સંબંધ જોડવામાં આવતા નથી. આ સિવાય સગાઈ તો નાનપણમાં થાય છે પણ લગ્ન પુખ્ત ઉંમરે જ કરવામાં આવે છે. સગાઈ ઉંમર કન્યાની ૧૦ થી ૧૫ અને વરની ૧૯ થી ૨૧ ની હોય છે.

## ૪.૧ ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની સગાઈવય દર્શાવતું કોષ્ટક :

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના અભ્યાસમાં સ્ત્રીની સગાઈવય દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.

### કોષ્ટક નં. ૪.૧ સ્ત્રીની સગાઈવય દશાવતું

| ક્રમ | સગાઈવય | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૦ થી ૫ | ૨૧ | ૩૮ | ૫૯ | ૩૦ | ૮૯ |
| | ટકા | ૧૨.૨૦% | ૪૫.૨૬% | ૨૩.૦૫% | ૧૧.૬૪% | ૧૭.૩૧% |
| ૨. | ૬ થી ૧૦ | ૨૨ | ૧૫ | ૩૭ | ૪૦ | ૧૭ |
| | ટકા | ૧૨.૭૯% | ૧૭.૮૫% | ૧૪.૪૫% | ૧૫.૫૦% | ૧૪.૯૮% |
| ૩. | ૧૧ થી ૧૫ | ૫૩ | ૧૫ | ૬૮ | ૮૫ | ૧૫૩ |
| | ટકા | ૩૦.૮૧% | ૧૭.૮૫% | ૨૬.૫૬% | ૩૨.૯૪% | ૨૯.૭૬% |
| ૪. | ૧૬ થી ૨૦ | ૬૬ | ૧૬ | ૮૨ | ૯૭ | ૧૭૯ |
| | ટકા | ૩૮.૩૭% | ૧૯.૦૪% | ૩૨.૦૪% | ૩૭.૫૯% | ૩૪.૮૨% |
| ૫. | ૨૧ થી વધુ | ૧૦ | – | ૧૦ | ૬ | ૧૬ |
| | ટકા | ૫.૮૩% | – | ૩.૯૦% | ૨.૩૩% | ૩.૧૩% |
| | કુલ | ૧૭૨ | ૮૪ | ૨૫૬ | ૨૫૮ | ૫૧૪ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબમાંથી સગાઈ થયેલ સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૫૧૪ (૧૦૦%) છે. જેમાં ૦ થી ૫ વર્ષની વયે સગાઈ થયેલ સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૨૧ (૧૨.૨૦%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૩૮ (૪૫.૨૬%) છે. ૬ થી ૧૦ વર્ષની સગાઈવય ધરાવતી સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૨૨ (૧૨.૭૯%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧૫ (૧૭.૮૫%) છે. તથા ૧૧ થી ૧૫ વર્ષની સગાઈવય ધરાવતી સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૫૩ (૩૦.૮૧%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧૫ (૧૭.૮૫%) છે. જયારે ૧૬ થી ૨૦ સગાઈવય ધરાવતી સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૬૬ (૩૮.૩૭%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧૬ (૧૯.૦૪%) છે જયારે ૨૧થી વધુ સગાઈવય ધરાવતી સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના માત્ર બક્ષીપંચ ભરવાડમાં જ ૧૦ (૫.૮૩%) છે.

જયારે જામનગર જિલ્લામાં કુલ ૫૧૪ (૧૦૦%) સગાઈ થયેલ સ્ત્રી ઉત્તરદાતામાંથી જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડમાં ૦ થી ૫ વર્ષની સગાઈવય ધરાવતી સંખ્યા ૩૦ (૧૧.૬૪%), ૬ થી ૧૦ વર્ષની સગાઈવય ધરાવતી સંખ્યા ૪૦ (૧૫.૫૦%), ૧૧ થી ૨૫ વર્ષની સગાઈવય ધરાવતી સંખ્યા ૮૫ (૩૨.૯૪%) અને ૧૬ થી ૨૦ વષની સગાઈવય ધરાવતી સંખ્યા ૯૭ (૩૭.૫૯%) અને જયારે ૨૧ થી વધુ સગાઈવય ધરાવતી સંખ્યા માત્ર ૬(૨.૩૩%) જ છે.

આમ, ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૭૪૬ છે. જેમાં બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સગાઈ થયેલ સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૫૧૪ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના પસંદ કરેલ ૧૦૦

કુટુંબોમાંથી કુલ સંખ્યા ૧૭૨ સ્ત્રી ઉત્તરદાતાની સગાઈ થઈ ગયેલ જોવા મળે છે. જેમાં સૌથી વધુ ૧૬ થી ૨૦ વર્ષની ઉંમરે સગાઈ થયેલ સંખ્યા ૬૬ (૩૮.૩૭%) સ્ત્રીઓ છે. જેનું પ્રમાણ વધારે જોવા મળે છે. જયારે ૧૧ થી ૧૫ વર્ષની યુવતીઓની સગાઈ થયેલ સંખ્યા ૫૩ (૩૦.૮૧%) છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિની ભરવાડ સ્ત્રીઓમાં સગાઈ ૦ થી ૫ વર્ષની હોય ત્યારે કરી દેવામાં આવેલ છે. જેની અહીં સંખ્યા ૩૮ (૪૫.૨૬%) છે. તેઓ કહે છે કે પહેલા પેટે ચાંદલા કરવાના રિવાજના આધારે અહીં આ લોકોની આટલી નાની ઉંમરે સગાઈ થઈ ગયેલ જોવા મળે છે જે તેનું એક કારણ બતાવે છે.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ કુલ સ્ત્રી ઉત્તરદાતાની સગાઈ થયેલ સંખ્યા ૫૧૪ માંથી જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં તે સંખ્યા ૨૫૮ છે. જેમાં સૌથી વધુ સગાઈ થયેલ સ્ત્રી ઉત્તરદાતાની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની થઈ હોય તેની સંખ્યા ૯૭ (૩૭.૫૯%) જોવા મળે છે. જે જૂનાગઢ જિલ્લા કરતાં સગાઈની વયમાં વધારો થયો હોય તેવું દર્શાવે છે તેમજ તેના આધારે એ પણ જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજની તુલનાએ જામનગર જિલ્લાનો બક્ષીપંચ ભરવાડ સમાજ વધુ જાગૃત થતો જાય છે. એવું આ અભ્યાસ દ્વારા અનુમાન કરી શકાય છે.

**સગાઈની વિધિ :**

ઉપર આપણે જોયું તેમ વરપક્ષને ત્યાંથી બે–ચાર જણા કન્યા પક્ષવાળાને ત્યાં સાકરનો પડો, બંગડીઓ તથા ચુંદડી લઈને જાય છે. ઘરેણાંનો તો રિવાજ હોતો નથી. જયારે કેટલી જગ્યાએ જ્ઞાતિના નિયમ મુજબ રૂપિયા રોકડા અને થોડા ઘરેણાં વગેરે લઈ જવામાં આવે છે. છોકરો સાથે આવતો નથી. કન્યાપક્ષને ત્યાં સૌ ભેગા થાય છે ને સાથે બ્રાહ્મણ પાસે વિધિ કરાવે છે. સગાઈ વિવિધ પ્રસંગે કન્યાને લાકડાના પાટલા ઉપર કે બાજોઠ ઉપર બેસાડી વરની માતા, બહેન કે ભાભી તેને ચુંદડી ઓઢાડે છે. શકિત મુજબ

ઘરેણાં આપે છે. સગાઈની ખુશાલીમાં સૌને ગોળધાણા વહેંચવામાં આવે છે. તથા ૧૦૦ થી ૫૦૦ રૂપિયા કન્યાના મા–બાપને વરપક્ષ તરફથી આપવામાં આવે છે. જૂનાગઢ બાજુ ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે. આમ, સગાઈ નકકી થયા પછી લગ્ન આવે ત્યાં સુધીના ગાળામાં વર–કન્યાને ખાસ મળવા દેવામાં આવતા નથી.

**લગ્નની વય :**

ભરવાડ સમાજની યુવતીઓમાં સગાઈ તો નાનપણમાં થાય છે પણ લગ્ન પુખ્ત ઉંમરે જ કરવામાં આવે છે. જેમાં મોટાભાગે કન્યાને ૧૪ થી ૧૮ વર્ષ લગ્ન કરી દેવામાં આવતા જેમાં કાયદાથી પુખ્તવય ૧૮ વર્ષ પછી લગ્ન હવે યુવતીઓના કરવામાં આવે છે.

## કોષ્ટક નં. ૪.૨ ભરવાડ સ્ત્રી ઉત્તરદાતાની લગ્નવય દશાવતું

| ક્રમ | લગ્નવય | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૦ થી ૫ | ૨ | – | ૨ | ૧ | ૩ |
| | ટકા | ૧.૨૮% | – | ૦.૮૮% | ૦.૪૪% | ૦.૬૬% |
| ૨. | ૬ થી ૧૦ | ૧ | ૧ | ૨ | ૩ | ૫ |
| | ટકા | ૦.૬૪% | ૧.૪૪% | ૦.૮૮% | ૧.૩૩% | ૧.૧૧% |
| ૩. | ૧૧ થી ૧૫ | ૧૬ | ૮ | ૨૪ | ૩૧ | ૫૫ |
| | ટકા | ૧૦.૨૫% | ૧૧.૫૯% | ૧૦.૬૬% | ૧૩.૮૩% | ૧૨.૨૪% |
| ૪. | ૧૬ થી ૨૦ | ૯૪ | ૪૯ | ૧૪૩ | ૧૫૦ | ૨૯૩ |
| | ટકા | ૬૦.૨૫% | ૭૧.૦૧% | ૬૩.૫૮% | ૬૬.૯૬% | ૬૫.૨૫% |
| ૫. | ૨૧ થી વધુ | ૪૩ | ૧૧ | ૫૪ | ૩૯ | ૯૩ |
| | ટકા | ૨૭.૫૮% | ૧૫.૯૬% | ૨૪% | ૧૭.૪૪% | ૨૦.૭૪% |
| | કુલ | ૧૫૬ | ૬૯ | ૨૨૫ | ૨૨૪ | ૪૪૯ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી લગ્ન થયેલ સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૪૪૯ (૧૦૦%) છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં ૦ થી ૫ વર્ષની લગ્નવય ધરાવતી બક્ષીપંચ ભરવાડ સ્ત્રીની સંખ્યા ૨ (૧.૨૮%) છે. તથા ૬ થી ૧૦ વર્ષની લગ્નવય ધરાવતી બક્ષીપંચ ભરવાડમાં સંખ્યા ૧ (૦.૬૪%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧ (૧.૪૪%) સ્ત્રી ઉત્તરદાતા જોવા મળે છે. જયારે ૧૧ થી ૧૫ વર્ષની સ્ત્રી લગ્નવય ધરાવતી બક્ષીપંચ ભરવાડ સંખ્યા ૧૬ (૧૦.૨૫%) અને અનુસૂચિત જનજાતિય સ્ત્રી ભરવાડ સંખ્યા ૮ (૧૧.૫૯%) છે. તથા ૧૬ થી ૨૦ વર્ષની સ્ત્રી લગ્નવય ધરાવતી સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૯૪ (૬૦.૨૫%) અને અનુસૂચિત જનજાતિય ભરવાડમાં ૪૯ (૭૧.૦૧%) છે. જયારે ૨૧ થી વધુ વર્ષની સ્ત્રી લગ્નવય ધરાવતી સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૪૩ (૨૭.૫૯%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં ૧૧ (૧૫.૯૬%) છે.

જયારે જામનગર જિલ્લામાં કુલ ૪૪૯ (૧૦૦%) લગ્ન થયેલ સ્ત્રી ઉત્તરદાતામાંથી જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડમાં સંખ્યા ૦ થી ૫ વર્ષની સ્ત્રી ૧ (૦.૪૪%), ૬ થી ૧૦ વર્ષની લગ્નવય ધરાવતી સ્ત્રી સંખ્યા ૩(૧.૩૩%), ૧૧ થી ૧૫ વર્ષની લગ્નવય ધરાવતી સ્ત્રી સંખ્યા ૩૧ (૧૩.૮૩%) અને ૧૬ થી ૨૦ વર્ષની લગ્નવય ધરાવતી સ્ત્રી સંખ્યા ૧૫૦ (૬૬.૯૬%) તથા ૨૧ વર્ષથી વધુ લગ્નવય ધરાવતી સ્ત્રી સંખ્યા ૩૯ (૧૭.૪૪%) જોવા મળે છે.

આમ, ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૭૪૬ છે. જેમાં બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજમાં લગ્ન થયેલ સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૪૪૯ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં લગ્ન થયેલ સ્ત્રી ઉત્તરદાતાની કુલ સંખ્યા ૧૫૬ છે. તેમાં સૌથી વધારે લગ્ન થઈ ગયેલ સ્ત્રી

ઉત્તરદાતાની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની છે જેની સંખ્યા ૯૪ (૬૦.૨૫%) જોવા મળે છે. જે દર્શાવે છે કે પહેલા સ્ત્રીઓમાં રજસ્વલામાં આવતા તેનાં એકાદ બે વર્ષમાં એટલે કે ૧૬ તથા ૧૭ વર્ષની ઉંમર થાય ત્યાં લગ્ન કરી દેવામાં આવતા હતા તેમજ આ ઉંમર પણ તેના માટે વધારે કહેવાતી પરંતુ હવે સરકારના પુખ્તવયના કાયદાથી નકકી કરેલ ઉંમર સ્ત્રીઓ માટે ૧૮ વર્ષ છે તેનો ભંગ ભાગ્યે જ કરે છે. ઉપરાંત હવે વધુ ઉંમર થાય પછી પણ સ્ત્રીના લગ્નો કરવા લાગ્યા છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજમાં જોતા એ ખ્યાલ સ્પષ્ટ થાય છે કે તે સમાજમાં પણ હવે સગાઈવય કરતાં લગ્નવયમાં જાગૃતિ આવતા તે સગાઈ નાનપણમાં કરે છે. પરંતુ લગ્ન સ્ત્રીના ૧૮ વર્ષની થાય ત્યારે જ કરવા લાગ્યા છે. જે ભરવાડ સમાજનાં લગ્નવય બાબતે જૂનાગઢ જિલ્લામાં જાગૃતિ આવેલ બતાવેલ છે.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લામાં પણ સગાઈવયની જેમ લગ્નવયમાં પણ જાગૃતિ હોવાના કારણે સ્ત્રીઓના લગ્ન ૧૮ વર્ષ પછી જ કરે છે. સાથે સાથે તે જણાવે છે કે હાલ શિક્ષણ, શહેરી સમાજના સંપર્ક તથા સંચાર માધ્યમમાં ટીવી જેવા સાધનોની અસરના કારણે પણ અહીં સ્ત્રીઓની લગ્નવય ઊંચી ગઈ હોય તેવું જોવા મળે છે.

*** લગ્નવિધિ :**

આ સમાજમાં સામાન્ય રીતે આ ભરવાડ સમુદાયમાં કન્યાપક્ષની અનુકૂળતા એ મહા વૈશાખ માસ દરમ્યાન લગ્ન ગોઠવવામાં આવે છે. લગ્નતિથીથી દસ–બાર દિવસ અગાઉ બ્રાહ્મણ પાસે મુર્હૂત જોઈ કન્યાપક્ષને ત્યાં લગ્ન લખવામાં આવે છે.

આ પછી મકાન ગારના હોય તો ગારથી લીંપીને સુંદર સ્વચ્છ બનાવે છે. જેમનાં પાકા મકાનો છે તેઓ ચૂનો યા કલર કરી બારી–બારણાને રંગરોગાન વગેરે કરાવે છે.

*** સાંજી**

લગ્ન લખાય અને વધાવાય એ દિવસથી બંને પક્ષને ત્યાં લગ્નની જોરશોરથી તૈયારીઓ થવા લાગે છે. બંનેના ઘરે રોજ રાત્રે સ્ત્રીઓ એકત્ર થઈ લગ્નપ્રસંગના ગીતો ગાય છે. જેને સાંજી કહેવામાં આવે છે. આમ, આ પ્રસંગે ગીતો પણ સ્ત્રીઓ જ ગાતી હોવાથી અહીં પણ સ્ત્રીનું મહત્વ વધુ જોવા મળે છે.

**<u>સાંજીનું ગીત</u>**

ઝાડે–ઝાડે પક્ષી,જનાવર બોલે,
દિપકભાઈ નીંદરા કેમ આવે,
દાદા પરબતભાઈના રાજમાં,
દિપકભાઈ નીંદરા કેમ આવે.

(આ જ રીતે મામા, કાકા, માસા વગેરે માટે ગાવું.)

**– મંડપારોપણ :**

ત્યારબાદ લગ્ન અગાઉ સામાન્ય રીતે બે–ત્રણ દિવસ પહેલા બંને પક્ષને ત્યાં મુર્હૂત જોઈ બ્રાહ્મણ આવી માણેકસ્તંભ રોપે છે. માંડવો નાંખવામાં આવે છે. તેમજ ગણેશની સ્થાપના કરી પૂજા કરવામાં આવે છે. વરકન્યાને મીંઢોળ બાંધવામાં આવે છે. કેટલીક જગ્યાએ સાતેક કન્યાઓના ખોળા ભરવામાં આવે છે. ઉકરડી ખોળવાની વિધિ થાય છે.

**– પીઠી લગાવવાની વિધિ :**

વર–કન્યાને સૌ સૌને ત્યાં પીઠી લગાડવામાં આવે છે બંને પક્ષને ત્યાં રાત્રે સૌ સ્ત્રીઓ ભેગી મળી પ્રાસંગિક ગીતો ગાય છે. બંને પક્ષને ત્યાં માંડવો નંખાયા પછી સૌ સગા સ્નેહીઓને એકાદ બે ટંક ભોજન પણ આપવામાં આવે છે.

પીઠી લગાડવા માટે વર–કન્યાને પાટલા ઉપર બેસાડી પીઠી–હળદર તેલ અથવા ઘીનું મિશ્રણ લઈ તૈયાર કરવામાં આવે છે એ તૈયાર કરેલી પીઠીને લઈ ભાભી, બેન તથા ફઈ વર–કન્યાને લગાડે છે. પીઠી પહેલા પગેથી લગાડવામાં આવે છે. પછી આખા શરીરે લગાડે છે. અને ગીતો ગાય છે. આમ, આ પીઠી ચોળવાની વિધિ પણ કાકી, મામી, ફઈબા વગેરે (સ્ત્રીઓ) દ્વારા કરવામાં આવતી હોવાથી આ વિધિમાં પણ સ્ત્રીનું મહત્વ જોવા મળે છે.

**<u>પીઠીનું ગીત</u>**

પીઠી ચોરે પીઠી રે...
વીરની માતા મુખડા રે ચોરે રે.
વીરની માતા પીઠી ચોરો પીઠી રે.
વીરની ભાભી હાથ–પગ ચોરે રે.
વીરની ભાભી પીઠી ચોરી પીઠી રે.

(આ જ રીતે મામી, ફૂઈ...)

**– ફૂલેકું :**

જાન રવાના થતાં પહેલા આગલે દિવસે વરરાજાને શણગારી તેને ઘોડા ઉપર બેસાડી ધામધૂમથી ફૂલેકું કાઢવામાં આવે છે. આ અગાઉ સૌ સગા–

સ્નહેઓને ખજૂર યા ગોળની લાણી કરવામાં આવે છે. જયારે બાજુમાં રહેતા સગા કે પાડોશીઓ તેમના ઘર પાસેથી ફૂલેકું નીકળે ત્યારે વરરાજાને દુઃખણાં લઈ આશીર્વાદ આપે છે તથા શકિત અનુસાર રોકડા આપે છે. તેને 'પસ' કહેવામાં આવે છે.

<u>**ફૂલેકાનું ગીત**</u>

વીરા શકન જોઈ જોઈ ઘોડે ચડજો
શકનીયા છે જોષીડાનો બેટો
લગ્નીયો લઈ લઈ સામો મડીયો
શકનીયો છે કસુંબીનો બેટો
ચુંદડીયો લઈ લઈ સામો મડીયો...

**– ગોતીડો :**

વર પક્ષ અને કન્યા પક્ષ બંનેને ત્યાં માંડવાના દિવસે પરણનાર વ્યકિતનાં ભાઈ–ભાભી તથા અન્ય સંબંધી સ્ત્રીઓ વાજતે–ગાજતે કુંભારને ત્યાં જઈ નવું માટલું – નાળીયેરને લઈ માંડવે આવી માટલું ઉતરાવવાનું કહે છે તેને 'ગોતીડો' ઉતરાવવો' વિધિ કહે છે. ત્યારબાદ ગોતીડો જેણે લીધો હોય તેને ગોતીડો ઉતરાવી, દસ રૂપિયા આપે છે આ રિવાજ જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં વધુ જોવા મળે છે. જયારે ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં આવું કશું જોવા મળતું નથી. જયારે જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડની સ્ત્રીઓ જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ કરતાં પહેરે–ઓઢે વધારે શોખીન હોય છે.

આ ઉપરાંત જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં આ ગોતીડાની સાથે–સાથે સ્ત્રીઓ કુંભારના ઘરે જાય ત્યારે ત્યાં તેના (કુંભારના) ચાકળાને કંકુ–ચોખા ચડાવી ચાંદલો કરી તેને વધાવવાનો રિવાજ જોવા મળે છે. જે જૂનાગઢ જિલ્લાના ભરવાડોમાં જોવા મળતો નથી. આમ, આ ગોતીડો ઉપાડવામાં પણ ભાઈ સાથે ભાભી (એટલે સ્ત્રીની) અને ચાકળાને વધાવવાની વિધિમાં સ્ત્રીઓની જરૂર પડતી હોવાથી આ વિધિમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

*** મામેરા :–**

માંડવાના દિવસે વર–કન્યા પક્ષને ત્યાં મામેરા ભરાય છે. જે પરણનારના માના પક્ષ તરફથી હોય છે. જે બધા ભરવાડ સમાજમાં જોવા મળે છે. જેમાં મામા પોતાના ભાણેજ તથા બહેન માટે ચીજવસ્તુઓ લાવે છે જેમાં મુખ્યત્વે કપડા, વાસણ અને ઘરેણાં જેવી ચીજો લાવે છે જેમાં બહેન ભાઈને ચાંદલો કરી તેને લાવેલ વસ્તુને માનથી સ્વીકારે છે. આમાં સ્ત્રીનું સ્થાન તેમજ મહત્વ વધુ જોવા મળે છે.

આમ, જાન જવાના દિવસે વરરાજા નવા–કપડાં પહેરી તૈયાર થઈ જાય એટલે બ્રાહ્મણ પાસે ગામમાંથી જાન રવાના થતાં પહેલા બળદગાડા શણગારવામાં આવતા હવે તેના બદલે મોટર (ગાડી) ને શણગારી તેમાં વરરાજાને બેસાડી તેનું પૈડું સીંચવામાં આવે છે. તથા વરરાજાની ગાડી પાસે શ્રીફળ વધારવામાં આવે છે. જાનમાં શકિત અનુસાર પંદરથી પચ્ચીસ માણસો લઈ જવામાં આવે છે. તથા હવે સ્ત્રીઓ પણ જાનમાં જવા લાગી છે. પહેલા તો લગ્નના બે–ત્રણ દિવસ પહેલા જાન જતી અને રોકાતી હતી જેમાં હવે સવારે જઈ સાંજે પાછી વળી જાય છે.

*** વરરાજાનો પોશાક :**

જાનમાં જાય ત્યારે વરરાજાનો પોશાક બક્ષીપંચ ભરવાડ અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં થોડો ઘણો જ તફાવત જોવા મળતો હોય છે. જેમ કે અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સફેદ સુરવાળ, ચોરણી તથા માથે મોટી પાઘડી અને કમરે ભેટ તથા તલવાર રાખે છે જયારે બક્ષીપંચ ભરવાડોમાં સૂરવાળ, ચોરણી તથા માથે ભરત ભરેલી બંડી અને કલરવાળો સાફો તેમજ કમરે ભેટ તથા તલવાર લટકતી જોવા મળે છે. જયારે કેટલાક હવે શિક્ષિત ભરવાડો પેન્ટ, શર્ટ કે શૂટ પણ પહેરે છે અને ડોકમાં હાર સોનાનો પહેરે છે.

*** જાન પ્રસ્થાન :**

આમ, વરરાજા તૈયાર થઈ જાય એટલે જાનમાં નકકી કરેલ માણસોને લઈ કન્યાના ગામ તરફ જવા રવાના થાય છે. સ્ત્રીઓ જાનમાં ગીત ગાતી જાય છે. આમ, વાજતે ગાજતે જાન કન્યાના ગામ તરફ રવાના થાય છે.

*** સામૈયું :–**

ત્યારબાદ સૌપ્રથમ કન્યાના ગામે જાન પહોંચતા ગામના ઝાંપે ઉભી રહે છે ત્યાં તેમનું ધામધૂમથી સ્વાગત કરવામાં આવે છે. જેમાં પછી કન્યાની નાની બેન તથા કોઈ કુંવારી કન્યાને માથે પાણી ભરેલ ઘડો તથા નાળિયેર મુકવામાં આવે છે જેને "સામૈયું" કહેવામાં આવે છે જેમાં સૌ સ્ત્રીઓ પ્રાસંગિક ગીતો ગાય છે, ઢોલ નગારા વાગતા હોય છે, પાદરે આવી કન્યાના ઘડા ઉપરનું નાળિયેર વરપક્ષ તરફથી લઈ લેવામાં આવે છે અને તે બદલ બીજુ નાળિયેર મુકવામાં આવે છે તથા પાણી ભરેલ ઘડામાં થોડા પૈસા નાખવામાં આવે છે. આ

રીતે સામૈયું કરવામાં આવે છે. આ સામૈયું કન્યાની બહેન ઉપાડતી હોવાથી અહીં બહેનનાં રૂપમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

## <u>સામૈયાં વખતે ગવાતું ગીત</u>

ઊંચી મેડી ઉગમણે દરવાજે

તીયાં રમે મનીષાબેન કુંવારા

જઈને કરજો મયુરભાઈની સેવા

એના મનડાં માને તો પરણાવે

નહીંતર જમાઈ રે જો રે ને કુંવારા

આમ, ત્યારબાદ વરરાજાને અણવર સાથે કન્યાના માંડવે પાંદડું તોડવા લઈ જવામાં આવે છે. તે પોતાની તલવારથી તેને સ્પર્શે છે અને પાંદડું તોડી ચાલ્યા આવે છે. પછી વરરાજા તથા જાનને ધામધૂમથી ઉતારે લઈ જવામાં આવે છે. જો જાનને અલગ મકાનમાં ઉતારવાની સગવડ ન હોય તો સૌ સગા સંબંધીઓ તેમને ત્યાં બબ્બે ચાર–ચાર જણાને વહેંચી ઉતારાની સગવડ કરી આપે છે.

આ બધી વિધિ પત્યા પછી સૌ મહેમાનો થોડો ઘણો આરામ કરે છે. ત્યારબાદ સૌને જમવા લઈ જવામાં આવે છે.જેમાં લાડવા, ગાંઠીયા, પૂરી, શાક વગેરે જમાડવામાં આવે છે. વર તથા અણવરને ઉતારે જ જમાડવાની સગવડ કરી આપવામાં આવે છે.

પહેલા ભરવાડ સમાજમાં લગ્ન રાત્રે જ થતાં, હવે રાત્રે થતાની સાથે સવારે થાય છે જેમાં પહેલા બે–ત્રણ રાત રોકાતા તેને બદલે હવે સવારે ૭ થી ૮ વાગ્યા સુધીમાં પહોંચી સાંજે ૩ થી ૪ વાગ્યા સુધીમાં પાછા વળી પણ જાય છે.

*** અણવર :–**

વર–કન્યાની સેવા–ચાકરી કરવા માટે અણવર હોય છે. જેમાં પહેલા સમગ્ર ભરવાડ સમાજમાં બાળલગ્નો થતાં હોવાથી તેનું ઘ્યાન રાખવ માટે અણવર હતા જે અત્યારે પણ પુખ્ત ઉંમરે લગ્ન થાય તો પણ જોવા મળે છે. જેમાં વરરાજાના અણવર તરીકે જૂનાગઢ જિલ્લામાં ભરવાડોમાં વરરાજાના મામા જ હોય છે જયારે જામનગર જિલ્લાના ભરવાડોમાં વરરાજાના અણવર મોટાભાગે તેના બનેવી હોય છે. તો કેટલાકમાં મામા પણ જોવા મળે છે. જયારે કન્યાના અણવર તરીકે તેની ભાભી કે ફઈબા અણવર બને છે. જે એક સ્ત્રી હોવાથી અહીં પણ ભરવાડ સમાજમાં અણવર તરીકે પણ સ્ત્રીનું સ્થાન મહત્વનું જોવા મળે છે.

*** કન્યાનો પોશાક :–**

કન્યાનો પોશાક કાપડુ, ઘાઘરો, ચુંદડી, ઘરચોળું અને પાનેતર પહેરાવે છે તેમજ સોના–ચાંદીના ઘરેણાંથી શણગારવામાં આવે છે.

તોરણે આવ્યા પછી સાસુ જમાઈના માથેથી ચાર પીંડીયા ફેરવી ચારે દિશામાં ફેંકી, જમાઈના કપાળે કંકુ ચોખાનો ચાંદલો કરી પોંખે છે અને ત્યાર પછી વરરાજાને માંડવા નીચે લાવી બેસાડવામાં આવે છે. જમાઈને પોંખવાની વિધિ પણ સાસુ દ્વારા કરવામાં આવતા આ વિધિમાં પણ સ્ત્રીનું મહત્વ જોવા મળે છે.

*** લગ્નવિધિ :–**

વરરાજા માંડવામાં પરણવા આવે છે ત્યારબાદ વર પરણવા જાય ત્યારે ગવાતું ગીત

**લગ્ન પ્રસંગનું ગીત**

કોયલ બેઠી આંબલિયાની ડાળ
મારો મોરલિયો બેઠો રે ગઢને કાંગરે માણારાજ
હોંશીલા વીરા તમે કોયલને ઉઠાડો આપણા દેશ
કોયલ માંગે ચુંદડીની જોડ
મારો મોરલિયો માંગે રે લાખની લાડલી માણારાજ
કોયલ બેઠી...

માંડવામાં આજુબાજુ સૌ સગા–વ્હાલા બેસે છે. સ્ત્રીઓ લગ્નપ્રસંગના ગીતો ગાય છે.

**લગ્નગીત**

સોનાના છે સળીયાને રૂપાની છે પાટ
તેમાં બેસી હિંચકે દિપકભાઈ
સામા ઉભા રમીલા વહુ જોયા કરે
જઈ દાદાને અરજ કરે
દાદા મોરા મુંજને પરણાવો
પરબતભાઈના કુંવર છે સારા ને
એસ.એસ.સી. પાસને બી.એ. પાસ ભણેલા
સોનાના છે સળીયાને રૂપાની છે પાટ...

આ પ્રસંગે બ્રાહ્મણ હાજર રહે છે. માંડવા નીચે વર આવ્યા પછી કન્યાને લાવવામાં આવે છે અને પછી વર–કન્યાને બાજોઠ પર ગોદડું રાખી તેના પર બેસાડવામાં આવે છે. અને માંડવા નીચે વરની સામે તેને ઘુંમટો કઢાવીને બેસાડવામાં આવે છે. તથા વરને આ સમય દરમ્યાન મૌન પાડવાનું હોય છે. જે બધા ભરવાડ સમાજમાં આ વિધિ થતી હોય છે. પ્રથમ માયરા થાય છે અર્થાત્ ફેરા ફરે છે તેને માયરા કહે છે. પછી વર–કન્યાનો હસ્તમેળાપ કરવામાં આવે છે, વર–કન્યા એકબીજાની વિંટી બદલાવે છે. કેટલીક જગ્યાએ વર તરફથી આઠ આના અથવા રૂપિયો કન્યાને ભેટ આપવામાં આવે છે. બ્રાહ્મણ આ સંસ્કૃતમાં શ્લોક બોલે છે.

આ પછી ચોરીની વિધિ થાય છે. ત્યાં બ્રાહ્મણ હોમ–હવન કરી તેમાં ઘી, જવ, તલ વગેરે હોમે છે. તથા વર–કન્યાને ફેરા ફેરવે છે. ત્યારે ચોરી ફેરા સમયે વર–પક્ષની કેટલીક સ્ત્રીઓ ગીત ગાય છે કે,

**<u>ગીત</u>**

જેવા ભરી સભાના રાજા,
એવા દિપકભાઈના દાદા રે...
દિપકભાઈ શુભ ચોઘડીએ ફેરા ફરજો.

(કાકા, મામા વગેરે માટે ગવાતું)

પ્રથમ ત્રણે ફેરા દરમ્યાન વર આગળ રાખવામાં આવે છે અને ચોથે ફેરે કન્યાને આગળ રાખવામાં આવે છે. ત્યારબાદ કન્યા–પક્ષવાળા વર પક્ષની મશ્કરી કરતાં ફટાણાં ગાઈ છે.

## <u>ફટાણાનું ગીત</u>

મારા નવલાં રે વેવાઈ તમે સંભાળજો
હું તો કરું છું મારા દલડાની વાત
જાનૈયા સહુ સાંભળજો... (૨)
તમે રૂડું ઘરચોળું લઈ આવ્યા નવી ફેશનનું
તમે મોરજલીમાં કર્યો અતિ લોભ
જાનૈયા સહુ સાંભળજો... (૨)
તમે રૂડું પોલકુ લઈ આવ્યા નવી ફેશનનું
તમે કાપડામાં કર્યો અતિ લોભ
જાનૈયા સહુ સાંભળો...
અમે કન્યા લઈ આવ્યા નવી ફેશનની
પણ તમે મુરતિયામાં કર્યો અતિ લોભ
જાનૈયા સહુ સાંભળો... (૨)

ફેરા ફર્યા બાદ કંસાર ખવડાવવાની વિધિ થાય છે. જેમાં વર કન્યાને અને કન્યા વરને સામ–સામે ચાર વખત કોળિયા આપે છે. આ રીતે લગ્નની વિધિ પૂરી થાય છે. આ પછી દહેજ ચુકવાય છે. સગાઈ વખતે નકકી કર્યા મુજબના ૧૦૦/– થી ૫૦૦/– રૂપિયા વર–પક્ષ તરફથી કન્યા પક્ષને આપવામાં આવે છે. કન્યાના માવતર તરફથી કન્યાને કન્યા દાનમાં નવા વસ્ત્રો, ચીજવસ્તુ વગેરે આપવામાં આવે છે.

આ ભરવાડ સમાજમાં લગ્નની વિધિમાં અમુક અંશે જ થોડો ઘણો તફાવત જોવા મળતા બીજી બધી વિધિમાં સમગ્ર ભરવાડ સમાજમાં તફાવત જોવા મળતો નથી. આમ, અન્ય સમાજની જેમ હાથગરણાંનો રિવાજ હોય છે અને સૌ પોતપોતાની શકિત મુજબ આપતે છે.

*** જાનની વિદાય :–**

લગ્નવિધિ પૂરી થયા બાદ જાનને જમાડયા પછી સારુ મુર્હૂત જોઈ વાજતે ગાજતે કન્યાને અને જાનને વિદાય આપવામાં આવે છે.

**<u>દીકરીને વળાવતી વખતનું ગીત</u>**

કે પરણ્યા પછી પ્યારાં લાડી
ચડી બેહો ગાડીએ
ઘડીક ઉભલા રિયો તો, મારા દાદા પાંહે સીખ રે,
ઢોલીડા ધડૂકયાં લાડી, ચડી બેહો ગાડીએ,
ઘડીક ઉભલાં રિયો તો તમારા માતા પાંહે સીખ રે.
હવે કેવી સીખ રે લાડી, હવે કેવા બોલ રે...
પરણ્યાં પછી પ્યારાં લાડી...

આમ, વિદાય સમયે કન્યાના માતા–પિતા, ભાઈ–બહેનો તથા નજીકના સગાસંબંધીઓને દીકરી સાસરે જવાથી, દુઃખી થઈ જવાથી તેને રડતા–રડતા વિદાય આપે છે.

ઘરે પહોંચ્યા પછી વરઘોડિયાને વરની મા પોંખે છે તથા સ્વાગત કરે છે. સાસરે કન્યાએ સૌ વડીલોની લાજ કાઢવાની હોય છે. પ્રથમ તો દિયર–ભોજાઈ કોઈને પણ મોઢું બતાવવામાં આવતું નથી. લાજ મુકાવવા માટે અમુક નકકી કરેલ (બે યા ત્રણ) રૂપિયા આપવામાં આવે છે.[૨]

*** વારણું :–**

લગ્ન થયા પછી દસેક દિવસ બાદ કન્યાપક્ષ તરફથી કન્યાને પિયરમાં તેડી લાવવામાં આવે છે. જેમાં દસ–બાર જણ કન્યાને તેડવા જાય છે. એટલે કન્યાને તેડી આવે તે વિધિને વારણું કહે છે.

કન્યાને આણું જયારે વળાવવામાં આવે છે ત્યારે કન્યાના માવતર તરફથી કન્યાને શક્તિ અનુસાર એકાદ જોડ કપડું આપવામાં આવે છે.

## ૪.૩ મહિલાઓમાં લગ્ન થયેલ ગામનું અંતર દર્શાવતું કોષ્ટક :

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના લગ્ન થયેલ ગામનું અંતર અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચે મુજબ છે.

### કોષ્ટક નં. ૪.૩ મહિલાઓમાં લગ્ન થયેલ ગામનું અંતર દશાવતું

| ક્રમ | લગ્ન થયેલ ગામનું અંતર | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ૦ ગામમાં જ (સંખ્યા) | – | – | – | ૧ | ૧ |
| | ટકા | – | – | – | ૦.૬૬% | ૦.૩૩% |
| ૨. | ૧–૨૦ કિ.મી. | ૨૯ | ૮ | ૩૭ | ૪૩ | ૮૦ |
| | ટકા | ૨૯% | ૧૬% | ૨૪.૬૬% | ૨૬.૬૬% | ૨૬.૬૬% |
| ૩. | ૨૧–૪૦ કિ.મી. | ૩૫ | ૨૦ | ૫૫ | ૫૭ | ૧૧૨ |
| | ટકા | ૩૫% | ૪૦% | ૩૬.૬૬% | ૩૮% | ૩૭.૩૩% |
| ૪. | ૪૧–૬૦ કિ.મી. | ૨૯ | ૧૬ | ૪૫ | ૩૯ | ૮૪ |
| | ટકા | ૨૯% | ૩૨% | ૩૦% | ૨૬% | ૨૮% |
| ૫. | ૬૧–૮૦ કિ.મી. | ૭ | ૬ | ૧૩ | ૧૦ | ૨૩ |
| | ટકા | ૭% | ૧૨% | ૮.૬૮% | ૮.૬૮% | ૭.૬૮% |
| | કુલ સંખ્યા | ૧૦૦ | ૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી ગામમાં જ લગ્ન થયેલ જૂનાગઢ જિલ્લામાં એકપણ સંખ્યા નહીં. જયારે જૂનાગઢ જિલ્લામાં ૧–૨૦ કિ.મી.ના અંતરે લગ્ન થયેલ સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૨૯ (૨૯%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૮ (૧૬%) છે. જયારે સૌથી વધુ ૨૧–૪૦ કિ.મી. ના અંતરે લગ્ન થયેલ સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩૫ (૩૫%) અને અનુસૂચિત જનજાતિના ૨૦ (૪૦%) છે. તથા ૪૧–૬૦ કિ.મી. ના અંતરે લગ્ન થયેલ સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૨૯ (૨૯%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૧૬ (૩૨%) છે તથા સૌથી ઓછા ૬૧ થી ૮૦ કિ.મી. ના અંતરે થયેલ લગ્ન ધરાવતા ભરવાડની સંખ્યા બક્ષીપંચમાં ૭ (૭%) અને અનુસૂચિત જનજાતિમાં ૬ (૧૨%) છે.

જયારે જામનગર જિલ્લાના ૧૫૦ કુટુંબોમાંથી બક્ષીપંચ ભરવાડની ગામમાં જ લગ્ન થયેલની સંખ્યા ૧ (૦.૬૬%) છે. જયારે ૧–૨૦ કિ.મી. ના અંતરે થયેલ લગ્નની સંખ્યા ૪૩ (૨૬.૬૬%), ૨૧ થી ૪૦ કિ.મી. ના અંતરે થયેલ લગ્ન ધરાવતા કુટુંબોની સંખ્યા ૫૭ (૩૮%), ૪૧–૬૦ કિ.મી. ના અંતરે થયેલ લગ્ન થયેલ કુટુંબ સંખ્યા ૩૯ (૨૬%) અને ૬૧–૮૦ કિ.મી. ના અંતર લગ્ન થયેલ કુટુંબની સંખ્યા ૧૦ (૮.૬૮%) છે.

ઉપરોક્ત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૧ થી ૨૦ કિ.મી. ના અંતરે મહિલાઓના લગ્ન થયેલ ગામનું અંતર ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૯ અને ૨૧–૪૦ કિ.મી. ના અંતરે થયેલ કુટુંબની

સંખ્યા ૩૫ છે જે દર્શાવે છે કે પહેલા પોતાના ગામની આસપાસ ૨૦ કિ.મી. સુધીમાં જ લગ્ન કરતાં પરંતુ હવે પોતાના ગામથી લગ્ન થયેલ ગામના અંતરમાં વધારો થતો જાય છે જે દર્શાવે છે કે પહેલા પોતાના ગામથી લગ્ન થયેલ ગામના અંતરમાં વધારો થતો જાય છે. જે દર્શાવે છે કે પહેલા પોતાના નકકી કરેલ પરગણીમાં જ લગ્ન કરવાનો નિયમ હતો જેમાં હવે તેવું જોવા મળતું નથી જયારે તેની તુલનાએ ગીરમાં વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજમાં ૫૦ કુટુંબોમાં પણ ૨૧–૪૦ કિ.મી. ના અંતરે લગ્ન થયેલ કુટુંબની સંખ્યા ૨૦ છે. જે વધારે જોવા મળે છે તે એ બાબત દર્શાવે છે કે તે પોતાના જિલ્લામાં જ લગ્ન કરે છે. એટલે કે જૂનાગઢ જિલ્લામાં જ લગ્ન કરવાનું કોઈ ચોકકસ કારણ નથી પરંતુ બંને ત્યાં સુધી દૂર ન જતા પોતાની આસપાસના અંતરમાં વસાવટ કરતાં સગા–વ્હાલામાં જ સગપણ કરે છે. જેથી આમાં વધુ કિ.મી. ના અંતરે લગ્ન થયેલ કુટુંબોમાં વધારો થયેલ જોવા મળતો નથી.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાના પસંદ કરેલ બક્ષીપંચ ભરવાડના ૧૫૦ કુટુંબોમાં મહિલાઓના લગ્ન થયેલ ગામનું અંતર ૨૧ થી ૪૦ કિ.મી. છે. જેની સંખ્યા ૫૭ (૩૮%) છે. જે તેનું કારણ દર્શાવે છે. કે હવે નજીકના અંતર હવે દિવસે–દિવસે વધતું જાય છે.

*** લગ્નપ્રથા :–**

ભરવાડ સમાજમાં લગ્ન અંગે કેટલીક પ્રથાઓ ધ્યાન ખેંચે તેવી છે. જે નીચે પ્રમાણે છે.

**(૧) દહેજપ્રથા :**

ભરવાડ સમાજમાં લગ્નપ્રથામાંની એક પ્રથા દહેજપ્રથા પહેલા હતી જ નહીં તેને બદલે હવે તેમાં જોવા મળે છે અને જે પહેલા ભરવાડ સમાજમાં દહેજપ્રથા અમુક વિસ્તારમાં જોવા મળતી હતી તેને બદલે તે હવે બીજા સમાજની દેખાદેખીથી આ દહેજપ્રથા બંને જિલ્લાના ભરવાડોમાં જોવા મળે છે.

**(૨) વધૂ ધન લગ્ન :**

ઉપરોકત લગ્નની વિધિ પ્રમાણે ભરવાડ સમાજમાં લગ્ન થાય છે જેમાં વધૂ ધનમાં જ્ઞાતિના નિયમ પ્રમાણે દીકરીના લગ્ન સમયે નકકી કરેલ નિયમ મુજબ વર પક્ષવાળાને ૧૦૦/– તથા ૫૦૦/– રૂા. જેવી અમુક રકમ આપવાની હોય છે. હવે આ સમસ્યા ઓછી જોવા મળે છે.

**(૩) સાટા લગ્ન :**

આ જ્ઞાતિમાં આ લગ્ન જોવા મળે છે જેમાં એક પક્ષની કન્યા બીજા પક્ષના પુરુષ સાથે અને બીજા પક્ષની કન્યા પહેલા પક્ષના પુરુષ સાથે લગ્ન કરે છે. આ પ્રથા ભરવાડ સમાજમાં હજુ પણ જોવા મળે છે. જેને સામસામા લગ્ન પણ કહે છે. આ પ્રથા જોતા ખ્યાલ આવે છે કે ભરવાડ સમાજમાં સ્ત્રીનું મહત્વ વધુ જોવા મળે છે. કારણ કે દીકરી હોય તો દીકરાના સામા–સામા લગ્ન થાય છે.

**(૪) બાળલગ્નો :**

આ જ્ઞાતિમાં પહેલા બાળલગ્નોનું પ્રમાણ વિશેષ હતું અને ચાર–પાંચ વર્ષની ઉંમરે લગ્ન કરવામાં આવતા, હાલમાં આ પ્રથા કાયદો આવતા બંધ થઈ

ગઈ છે. વળી, પહેલાના સમયમાં તો પેટમાં બાળક હોય ત્યારે ચાંદલા કરવામાં આવતા હતા આજે બાળલગ્ન રહ્યા નથી પણ બાળ સગપણો કરવામાં આવે છે.

### (૫) પલાયન લગ્ન અને ગાંધર્વ લગ્ન :

આ સમાજમાં કોઈની કુંવારી દીકરીઓ ઉપાડી જઈ લગ્ન કરવાની પ્રથા સમાજ માન્ય નથી ઉપરાંત આ લોકોમાં ગાંધર્વ કે પ્રેમલગ્નો જેવી પ્રથા પણ જોવા મળતી નથી.

### (૬) દિયરવટું :

પતિના મૃત્યુ પછી વિધવા બાઈને ફરજિયાત વૈધવ્ય પાળવાનું હોતું નથી. પરંતુ જો દિયર કુંવારો હોય તો તેની સાથે પહેલા ફરજિયાતપણે દિયરવટું કરવામાં આવતું. આજે પણ દિયરવટું થાય છે પણ તે મરજીયાત છે. બાઈની મરજી ન હોય તો થતાં નથી. આથી કહી શકાય છે કે પહેલા કરતાં અત્યારે સ્ત્રીની મરજીને માન આપતા હવે તેનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

### (૭) સાળીવટું :

પત્નીનાં મૃત્યુ પછી પતિ પોતાની સાળી સાથે લગ્ન કરી શકે છે. તેનામાં સાળી સાથે લગ્ન કરવાનું કારણ તે લોકો જણાવે છે કે પહેલી પત્નીના બાળકો હોય તો તેને તે સરખી રીતે સાચવી શકે છે.

### (૮) વિધવા પુર્નઃલગ્ન :

વિધવા બાઈને પોતાના વડીલો કોઈ લાયક વિધૂર સાથે ઘરઘરણું કરી આપે છે. કેટલાક ભાગોમાં ઘરઘણામાં પુષ્કળ પૈસા આપવા પડે છે. જયારે બીજા કેટલાક વિસ્તારમાં ખાસ બહુ પૈસા લેવામાં આવતા નથી.

## (૯) છૂટાછેડા :

આ સમાજમાં પતિ–પત્ની વચ્ચે અણબનાવ થતાં છૂટાછેડા કરવાની છૂટ હોય છે. પરંતુ આવા ખાસ બનાવો મારા અભ્યાસ ક્ષેત્રના વિસ્તારોમાં જોવા મળતા નથી.

આમ, લગ્નપ્રથામાં ભરવાડ સમાજમાં સ્ત્રીનું મહત્વનું સ્થાન હોય છે.

## * મૃત્યુ :–

આ ભરવાડ સમાજમાં નાના બાળકના મૃતદેહને દાટવામાં આવે યછે. તથા મોટાના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. મૃત્યુ થવાનું છે એમ જણાતા કેટલાંક સારા કુટુંબોમાં મરનારની પાસે ધાર્મિક ગ્રંથોનું વાચન થાય છે. પરંતુ સામાન્ય રીતે આવા પ્રસંગે ભગવાનનું નામ લેવામાં આવે છે. કેટલીક જગ્યાએ મરનારના મોઢામાં તુલસીનું પાન યા ગંગાજળ મુખમાં રૂપદાન અર્થે ચાર આની કે આઠ આની મુકવામાં આવે છે. સૌ સગા–સ્નેહીઓને મૃત્યુની જાણ કરવામાં આવે છે. તથા મૃતદેહને બહાર કાઢી તેને ગરમ પાણીએ નવડાવી તેના કપાળે કંકુનો ચાંદલો કરવામાં આવે છે. પછી નનામી તૈયાર કરી તેમાં તેને સુવડાવવામાં આવે છે. મરનાર જો નાનું હોય તો તેના ઉપર લીલું અને વૃદ્ધ હોય તો સફેદ કફન ઓઢાડવામાં આવે છે. તથા નનામીને ચાર ખૂણે ચાર નાળિયેર ટાંગી સ્મશાને લઈ જવામાં આવે છે. સ્ત્રીઓ મોં વાળે છે અને ઝાંપા સુધી મૃતદેહને વળાવા જાય છે. મૃતદેહને લઈ જતાં રામ નામનો સૌ જાપ લેતા જાય છે. સ્મશાને જતા ગામના ગોંદરે નનામીને થોડીવારઉતારી તેને ચારે ખુણે લટકાવવામાં આવેલ નાળિયેર ચારે ખાંધીયા લઈ દૂર ઘા કરી ફોડી નાખે છે અને પછી સ્મશાને જાય છે.

ચિતા તૈયાર કર્યા પછી તેની આજુબાજુ ચાર વાર મૃતદેહને ફેરવી તે ઉપર તેનું ઉત્તર દિશામાં માથું રાખી તેના જમણા પગેથી મરનારનો વારસ અથવા કોઈ સ્નેહીજન આગ ચાંપે છે. મૃતદેહ બળી રહ્યા પછી સૌ નાહી ધોઈ ઘરે આવે છે.

ત્યાર પછી સૌ પોતપોતાને ત્યાંથી રોટલા, શાક રાંધી લાવી મરનારના ઘરે આવી સૌ સાથે બેસી જમે છે. આ દિવસે મરનારને ત્યાં પણ રસોઈ રાંધવામાં આવે છે. ત્રીજે દિવસે સ્મશાને જઈ ટાઢી ઠારી મરનારના ફૂલ વીણવામાં આવે છે. અને અનુકૂળતાએ તે જૂનાગઢ પાસેના દામોદર કુંડમાં પધરાવવામાં આવે છે. અને બારમે દિવસે બ્રાહ્મણઆવી સરામણું કરાવે છે. મરનાર પાછળ તેના વંશજ નદીએ જઈ વાણંદ પાસે વાળ ઉતરાવે છે અને દાઢી મૂછો મુંડાવે છે. જો મરનાર જુવાન હોય તો પાંચ છ મહિના સુધી શોક પાળવામાં આવે છે. તે દરમ્યાન મિષ્ટાન્ન કરવામાં આવતા નથી તથા સારા વસ્ત્રો વગેરે પહેરવામાં આવતા નથી.

આ ભરવાડ સમાજમાં મરનાર પાછળ પહેલા ભાદરવા માસની પાંચમે મરનારની "રખ" પાળવામાં આવે છે. તે દિવસે દાન કરવામાં આવે છે. બેન દિકરીઓને કપડા આપવામાં આવે છે. બ્રાહ્મણને સીધુ તથા કાંસાની વાટકી અને વાંસની સુંડલી આપવામાં આવે છે. સૌ સગા–વ્હાલાઓને જમાડવામાં આવે છે.[૩]

આમ, મૃત્યુની વિધિમાં મરનાર પાછળ દાન પણ બહેન–દિકરીઓને આપવામાં આવતા જે અહીં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ દર્શાવે છે.

## (બી) સામાજિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ :

આ જ્ઞાતિમાં સમાજ જીવનમાં જેમ કે કુટુંબ, જ્ઞાતિ, લગ્નક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ કેવી છે તે નીચેના મુદ્દા પરથી જોઈ શકાય.

### (૧) કુટુંબમાં સ્ત્રીની સ્થિતિ :

કુટુંબ સામાજિક જીવનનો મૂળભૂત પાયો છે. કુટુંબ એ કાયમી સંગઠન છે. કોઈ એવો સમાજ જોવા મળ્યો નથી કે જેમાં એક યા બીજા પ્રકારનું કુટુંબ પ્રવર્તતુ ન હોય. મનુષ્યના જીવનની શરૂઆત કુટુંબથી થાય છે. મનુષ્યના વ્યકિતત્વના ઘડતરની મહત્વની કામગીરી કુટુંબ જ કરે છે. કુટુંબમાં વ્યકિતનો ઉછેર થાય છે. જુદી જુદી સુષુપ્ત શકિતઓને પ્રગટ થવાની અને વિકસાવવાની તકો પણ કુટુંબમાંથી જ મળે છે અને સમાજને આદર્શ નાગરિક મળે એની તાલીમ પણ કુટુંબથી જ શરૂ થતી હોય છે. કુટુંબ એ વ્યકિતના જન્મકાળથી તેમના શેષ જીવન સુધીમાં અનેક કાર્યો કરતું હોવાથી તે માનવ સમાજ માટે આવશ્યક અને અનિવાર્ય ઘટક છે.

કુટુંબ એ સામાજિક ઘટના તરીકે સાર્વત્રિક હોવા છતાં સંસ્કૃતિની વિવિધતા અને ભિન્નતાના કારણે કુટુંબ વિશ્વના પ્રત્યેક સમાજમાં ભિન્ન—ભિન્ન હોય છે. આમ, દેશકાળ અને સંજોગો પ્રમાણે તેના સ્વરૂપમાં ફેરફાર થાય છે. આજે પણ જગતમાં કુટુંબના અનેક પ્રકારો અસ્તિત્વ ધરાવતા જોવા મળે છે.

અન્ય સમાજોની જેમ ભરવાડ સમાજમાં પણ કુટુંબનું સ્પષ્ટ રૂપ જોવા મળે છે. કુટુંબમાં સામાજિક સંબંધની સાથે સાથે આર્થિક સંબંધ પણ જોવા મળે

છે. અર્થાત્ અર્થઉપાર્જનનું કાર્ય કરતી સ્ત્રી–પુરુષો પોતાની સાથે સાથે પોતાના અવિવાહીત, વિવાહીત બાળકો તથા વૃદ્ધ માતા–પિતાનું ભરણપોષણ વગેરેનું નિયંત્રણ પણ કરે છે. આથી કુટુંબ એ સમાજનો મહત્વપૂર્ણ એકમ છે.

આમ, સામાજિક જીવનના ભાગરૂપે કુટુંબમા ભરવાડ સ્ત્રીઓની સ્થિતિ માતા, પત્ની, બહેન અને પુત્રી વગેરેના રૂપમાં અલગ–અલગ હોય છે. જેમ કે, માતાની સ્થિતિ તે કુટુંબમાં પરિવારના સભ્યોની દેખરેખ રાખે છે. ઉપરાંત માતા તરીકે પોતાના સંતાનોને સલાહ–સૂચન આપે છે અને સંતાનો પણ તેનું માન જાળવે છે. આ રીતે તેની માતાના રૂપમાં સ્ત્રીઓની સ્થિતિ ઉચ્ચ જોવા મળે છે.

બહેનના રૂપમાં પણ જો સ્ત્રી ભાઈથી મોટી ઉંમરના હોય તો ભાઈ બહેનનું માન જાળવે છે.

પુત્રીના રૂપમાં સ્ત્રીઓની સ્થિતિ સારી છે. પુત્રીને કુટુંબમાં ઈજ્જત અને આબરૂ ગણવામાં આવે છે. તે ઉપરાંત ભરવાડ સમાજમાં સ્ત્રી જન્મ હંમેશા આવકાર્ય  રહ્યો છે. એટલે પુત્રીની સ્થિતિ કુટુંબમાં સારી જોવા મળે છે. આ ઉપરાંત

પત્નીના રૂપમાં કુટુંબમાં સ્ત્રીઓની સ્થિતિ સારી જોવા મળે છે. કારણ કે તે રસોઈ બનાવે, ઘરની સારસંભાળ રાખે છે. ઉપરાંત પત્નીને કામમાં નવરાશના સમયે આર્થિક મદદ પણ કરે છે. મહત્વપૂર્ણ બાબતમાં પતિને સલાહ પણ આપે છે. આ રીતે પત્નીની સ્થિતિ કુટુંબમાં મહત્વપૂર્ણ જોવા મળે છે.

## (૨) સ્ત્રીનો કૌટુંબિક સંબંધ :

કુટુંબ સામાજિક જીવનનો મૂળભૂત પાયો છે તેમ કુટુંબના દૈનિક જીવનમાં તેમના સભ્યો વચ્ચે એક સામાજિક, આર્થિક સહકારની ભાવના હોય છે. સામાન્ય રીતે પિતા કુટુંબનો પ્રમુખ હોય છે, જે કુટુંબના વિભિન્ન સભ્યોની જરૂરીયાત જેવી કે ભોજન, કપડા, રહેઠાંણ વગેરે તથા અન્ય જરૂરિયાતોની પૂર્તિ કરે છે. બધા ઉપર નિયંત્રણ રાખે છે. જે કુટુંબમાં માતા વિધવા હોય અને બાળકો પૂર્ણ વયસ્ક ન થયા હોય તો, પ્રમુખની ભૂમિકા માતા અદા કરે છે. તથા કુટુંબના સભ્યો વચ્ચેનો સંબંધ દ્વારા જાણવા મળશે જે નીચે મુજબ છે.

### (૧) પતિ–પત્ની :

પતિ–પત્ની વચ્ચેના સંબંધોનું વિશેષ મહત્વ જોવા મળે છે. કારણ કે પતિ–પત્ની એ કુટુંબના આધાર સ્તંભ છે. એટલું જ નહિ. પતિ – પત્નીના સંબંધો સ્નેહભર્યો, સમજદારીપૂર્વકના હોય છે તેમાં પતિ સંતાનના સગાઈ સંબંધી બાબતોના સંદર્ભમાં પત્ની સાથે ચર્ચા કરે છે. તથા પશુપાલક ભરવાડ કુટુંબમાં પતિ–પત્નીની સ્પષ્ટ ભૂમિકા જોવા મળે છે જેમાં પતિ એ કુટુંબના સભ્યોનું ભરણ–પોષણ કરવાનું અને પત્નીએ ઘરના તમામ કાર્યોમાં પોતાની ભૂમિકા ભજવવાની હોય છે. આમ, આ દ્વારા સ્ત્રીનો દરજ્જો પતિ–પત્ની વચ્ચે સંબંધ દ્વારા જાણવા મળે છે કે સ્ત્રીનું ભરવાડ કુટુંબમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

### (૨) માતા–પુત્ર :

માતા પોતાના પુત્રને નાનપણમાં ખૂબ પ્રેમથી ઉછેરે છે. તથા ભરવાડ સમાજ પશુપાલક હોવાથી પશુપાલનના વ્યવસાયમાં પિતા

રોકાયેલ હોવાથી તેના કારણે કુટુંબના ઘડતરની જવાબદારી માતાની બની જતા એક સ્ત્રી અને માતા તરીકેની પુત્રનું ઘડતર કરવાની જવાબદારી તેના ઉપર આવી જતાં બાળક તોફાન કે જીદ કરે તો ઠપકો પણ આપે છે અને ત્યારબાદ તે જ પુત્ર મોટો થતાં માતાને આદર આપે છે.

**(૩) માતા–પુત્રી :**

માતા પુત્રની સાથે સાથે પુત્રીને પણ ખૂબ વ્હાલ કરે છે. નાનપણથી જ પુત્રીને ૮–૯ વર્ષની થાય એટલે ઘરની સફાઈ, રસોઈ બનાવવાનું વગેરે નાના–મોટા કામ શીખવે છે. મોટી થતાં તેની સાથે તે એક બહેનપણી જેવો વ્યવહાર કરે છે. આમ, કુટુંબમાં માતાનો સંતાનો સાથે લાગણીભર્યો સંબંધને કારણે તથા સંતાનો માતાને આદર આપતા હોવાથી અહીં આ સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

**(૪) બહેન–બહેન :**

તે બંને એકબીજાને ખૂબ પ્રેમ કરે છે, સાથે રમે છે, ઝઘડે છે. ફરી પાછા સાથે રમવા લાગે છે. મોટી થતાં બંને એક બહેનપણીની જેમ રહે છે અને જે બહેન મોટી હોય તે સાથે સાથે કયારેક માતાના મૃત્યુ પછી તેની કમી દેખાવવા દેતી નથી. આમ, બહેનોના રૂપમાં આ સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

(૫) **ભાઈ–બહેન :**

નાનપણમાં ભાઈ–બહેન સાથે રમે છે, ઝઘડે છે તથા જો મોટી બહેન હોય તો તે નાના ભાઈની સાર–સંભાળ કરે છે તેને નવડાવે, રમાડે, કયારેક તોફાન કરે તો મારે પણ છે. અથવા ઠપકો આપે છે. આમ, તેમની વચ્ચે સ્નેહભર્યા સંબંધ હોય છે. અહીં પણ ભાઈથી બહેન મોટી હોય તો તેને આદર આપતા કુટુંબમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

(૬) **સાસુ–વહુ :**

આ બંને વચ્ચે સ્નેહભર્યા સંબંધો હોય છે અને સાસુ વહુને કોઈ કામ ના આવડે તો પ્રેમથી શીખવે છે, અને વહુ સાસુ જે કામ બતાવે તે બધું કામ કરે છે. કયારેક કોઈ નાની–મોટી બાબતે ઝઘડો પણ થઈ જાય છે. અને પાછા હળીમળીને સાથે રહેવા પણ લાગે છે. આમ, સાસુ દ્વારા મા જેવો પ્રેમ અને લાગણી મળવાના કારણે તેના સંબંધો સ્નેહપૂર્ણ જોવા મળે છે. અને વહુ પાસે સાસુને માન આપતાં અહીં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે.

(૭) **દેરાણી–જેઠાણી :**

દેરાણી–જેઠાણીનો સંબંધ કેટલાક ઘરોમાં બે બહેનો જેવો હોય છે. દેરાણી જેઠાણીને પોતાની મોટી બહેનની જેમ આદર કરે છે, તેમની વાત માને છે અને જેઠાણી જરૂર પડે ત્યારે સલાહ આપે છે બંને

એકબીજાના બાળકોની અરસ–પરસ દેખરેખ પણ રાખે છે. અહીં પણ એકબીજા પ્રત્યેના લાગણીભર્યા સંબંધોના લીધે ભરવાડ સમાજમાં સ્ત્રીનું સ્થાન દેરાણી જેઠાણીના રૂપમાં મહત્વનું જોવા મળે છે.

### (૮) દિયર–ભાભી :

દિયર–ભાભી વચ્ચેનો સંબંધ કેટલાક કુટુંબોમાં ભાઈ–બહેન જેવો જોવા મળે છે. જેમાં ભાભી દિયરનું નાના ભાઈની જેમ ઘ્યાન રાખે છે અને કયારેક દિયર નાનો હોય તો પુત્રની જેમ વ્હાલ કરે છે. આમ, દિયર ભાભીને માન આપતા અહીં આ સમાજમાં સ્ત્રીનું સ્થાન મહતવનું જોવા મળે છે.

### (૯) નણંદ–ભોજાઈ :

નણંદ–ભોજાઈનો સંબંધ બહેન જેવો હોય છે જો બંને સરખી ઉંમરની હોય તો સહેલીની જેમ રહે છે અને જો નણંદ નાની હોય તો તેને પુત્રીની જેમ ગણે છે. તેના વાળ ઓળવાનું, તેલ નાખવાનું વગેરે કામ કરી આપે છે.

### (૧૦) પરિહાર સંબંધ :

આ સમાજમાં બે અમુક વ્યકિતઓ વચ્ચે મર્યાદાનો સંબંધ હોય છે. તેને પરિહાર સંબંધ કહે છે. આ સમાજમાં સ્ત્રી પોતાના જેઠ, સસરા અને પતિના કાકા, મામા, દાદાની સાથે પરિહાર સંબંધ રાખે છે તે કયાંય પણ જઈ રહી હોય અને રસ્તામાં તેના જેઠ કે સસરા આવતા હોય તો તે સ્ત્રી માથે ઓઢી લે છે તથા લાજ કાઢે છે.

## (૧૧) પરિહાસ સંબંધ :

પરિહાસ સંબંધ, પરિહારથી વિરોધી છે જેમાં બે વ્યકિત એક બીજાની મજાક–મશ્કરી, સ્પર્શ પણ કરી લે છે તેને પરિહાસ કહે છે. જેમાં દિયર–ભાભી, સાળી–બનેવી, નણંદ–ભોજાઈ વગેરે વચ્ચે જોવા મળે છે. છતાં પણ તેઓ મર્યાદામાં રહે છે.

આમ, ઉપરોકત બાબત દ્વારા સ્ત્રીનો કુટુંબના સભ્યો વચ્ચે ખૂબ સારો સંબંધ જોવા મળે છે.

## (સી) લગ્નક્ષેત્રે સ્ત્રીની સ્થિતિ :

હિન્દુ લગ્ન એક ધાર્મિક અને પવિત્ર સંસ્કાર છે અને તે સંસ્કારની સાથે સાથે અનેક પરંપરાગત ખ્યાલો, વિચાર તેમજ પ્રથા જોડાયેલી છે. હિંદુ લગ્ન એક તરફ ધર્મ સાથે અને બીજી તરફ જ્ઞાતિપ્રથા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે.

આમ, લગ્ન એ માનવ સમાજની મહત્વપૂર્ણ સંસ્થા છે. મનુષ્યની કેટલીક આવશ્યકતાઓને સંતોષવા માટે જ લગ્ન સંસ્થાનો ઉદ્ભવ થયો છે. તેમાં કુટુંબ અને લગ્ન સંસ્થા પરસ્પર એક સિકકાની બે બાજુની જેમ જોડાયેલી સંસ્થાઓ છે. તથા વૈદિક યુગમાં લગ્ન એક સામાજિક કાર્ય ગણાતું હતું. વ્યકિતગત સંબંધો નહીં પરંતુ લગ્નના મુખ્ય હેતુઓ ધર્મ પ્રજા અને રતિ કેન્દ્ર સ્થાને રહેતા હતા. લગ્નનો મુખ્ય હેતુ ધાર્મિક ફરજો અદા કરવાનું અને વંશ ચાલુ રાખવાનું ગણાતો હતો.

ભરવાડ સમાજ પિતૃપ્રધાન પરિવાર તથા એક જ લગ્નમાં માને છે. પરંતુ ભરવાડ સમાજમાં બાળસગાઈ, બાળલગ્નો અને દિયરવટુ જેવી પરંપરાગત રીતે બાળ

લગ્નો યા તો ઘોડિયા લગ્નનો સ્ત્રીઓ ભોગ બનતી આવી છે. પહેલા તો સગર્ભા સ્ત્રીઓ પરસ્પર પેટે ચાંદલા કરી સગાઈ કરી નાંખતા. હાલ તે નહ્રીવત જોવા મળે છે. પણ બાળ સગાઈ તો હજુ કેટલાક પંથકમાં થાય છે. એકવાર જો કન્યાની સગાઈ થઈ એટલે તે શ્વસુર પક્ષની મિલ્કત મનાય છે. પછી કન્યા પક્ષનું કાંઈ ન ચાલે. તે સગાઈ તોડી ન શકે. સગાઈ કરી એ પરણ્યા બરાબર જ મનાય છે. તેમાં ૧૫ યા ૧૬ વર્ષે યુવતીના લગ્ન કરી દેવામાં આવતા હતા.

આમ, સ્ત્રીના લગ્ન મા–બાપ નકકી કરે છે. એક જ ગોત્ર લગ્ન નથી થતાં તેમાં ફૈ–મામાના દિકરા–દીકરી પણ પરણતા નથી. આમ, લગ્ન અન્ય હિંદુ જ્ઞાતિઓના રીતિ રિવાજ મુજબ જ થતાં હોય છે. જે આપણે લગ્નની વિધિમાં જોયું.

ઉપરાંત આ ભરવાડ સમાજની સ્ત્રીઓનું સ્થાન લગ્નક્ષેત્રની વિધિમાં એક મહત્વપૂર્ણ જોવા મળે છે.

આમ, લગ્નક્ષેત્રે હાલની ભરવાડ સ્ત્રીઓની સ્થિતિ કેવી જોવા મળે છે. તે વૈવાહિક દરજ્જાના કોષ્ટકમાં નીચે મુજબ જોઈશું.

## ૪.૪ ભરવાડ મહિલાઓમાં વૈવાહિક દરજ્જો દર્શાવતું

ભરવાડ જાતિની મહિલાઓમાં લગ્નજીવનને સ્પર્શતા પ્રવાહો, પ્રશ્નો અને સામાજિક વાસ્તવિકતા અંગેનું નિરૂપણ જોવા મળે છે. અહીં ભરવાડ સ્ત્રીઓનો પરણિત, અપરણિત, વિધવા વગેરે સાથે સંકળાયેલ સ્ત્રીઓની સામાજિક સ્થિતિ દર્શાવવામનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ કોષ્ટકમાં જોવા મળે છે.

# કોષ્ટક નં. ૪.૪ વૈવાહિક દરજ્જો દર્શાવતું

| ક્રમ | વૈવાહિક દરજ્જો | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | પરણિત | ૧૩૬ | ૬૫ | ૨૦૧ | ૧૯૯ | ૪૦૦ |
| | ટકા | ૫૬.૧૯% | ૫૧.૧૮% | ૫૪.૪૭% | ૫૨.૭૮% | ૫૩.૬૧% |
| ૨. | અપરણિત | ૮૮ | ૫૮ | ૧૪૬ | ૧૫૧ | ૨૯૭ |
| | ટકા | ૩૬.૩૬% | ૪૫.૬૬% | ૩૯.૫૬% | ૪૦.૦૫% | ૩૯.૮૧% |
| ૩. | વિધવા | ૧૮ | ૪ | ૨૨ | ૨૭ | ૪૯ |
| | ટકા | ૭.૪૫% | ૩.૧૬% | ૫.૯૭% | ૭.૧૭% | ૬.૫૮% |
| ૪. | છૂટાછેડા | – | – | – | – | – |
| | ટકા | – | – | – | – | – |
| | કુલ સંખ્યા | ૨૪૨ | ૧૨૭ | ૩૬૯ | ૩૭૭ | ૭૪૬ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૭૪૬ (૧૦૦%) સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા છે. જેમાં પરણિત સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૩૬ (૫૬.૧૯%) છે અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૬૫ (૫૧.૧૮%) છે. જયારે અપરણિત સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૮૮ (૩૬.૩૬%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૫૮ (૪૫.૬૬%) છે. તથા વિધવા સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૮ (૭.૪૫%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં ૪ (૩.૧૬%) છે.

જયારે જામનગર જિલ્લામાં કુલ ૭૪૬ (૧૦૦%) સ્ત્રી ઉત્તરદાતામાંથી બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓમાં પરણિતની સંખ્યા ૧૯૯ (૫૨.૭૮%), અપરણિત સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૧૫૦ (૪૦.૦૫%) અને વિધવા સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૨૭ (૭.૧૭%) જોવા મળે છે.

આમ, આપણે ઉપરોકત વૈવાહિક દરજ્જાના આધારે લગ્નક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓની સ્થિતિ જોઈએ તો પરિણીત ભરવાડ સ્ત્રીઓ પતિ બેકાર હોય, બિમાર હોય કે કમાતો ન હોય તો પણ તે બધું જ સહન કરીને કારમી તંગીમાં પણ પોતે મજૂરી કે ગમે તે કામ કરીને પરિવારના સભ્યોનું પેટ ભરવાનું કામ કરે છે. આમ, સામાન્ય દેખાતી સ્ત્રીમાં પણ ઘણી વખત અસામાન્ય શકિત ભરી હોય છે. જેની સમય આવે ત્યારે જ ખબર પડે.

પોતાના માટે જીવવું એટલે શું ? એ ઘણે ભાગે તે સ્ત્રીઓને યાદ જ નથી રહેતું કુટુંબની પ્રત્યેક વ્યકિતની સગવડ સાચવવાની એની જવાબદારી હોય એમ એ તૂટી પડીને પણ પોતાની જવાબદારી અદા કરે છે. આમ, પરણિત સ્ત્રીઓ દરેક સ્થિતિમાં બેવડી ભૂમિકા ભજવી પોતાની ફરજ બજાવે છે.

બીજુ કે ભરવાડ સ્ત્રીઓના મોટાભાગે નાની ઉંમરે સગાઈ તથા લગ્ન થઈ ગયેલ હોય છે અને ન થઈ હોય તો સ્ત્રીનું સામાજિકરણ એવા વાતાવરણમાં થયું હોય છે કે કુટુંબના સર્વ સભ્યો અને સમાજના લોકો અપરણિત સ્ત્રી પ્રત્યે શંકા, ઉપેક્ષાનું વર્તન દાખવે છે કે સ્ત્રી શા માટે અપરણિત છે તે જિજ્ઞાસાનો વિષય બની જાય છે માટે સ્ત્રીઓ ઈચ્છા હોવા છતાં અપરણિત રહેતી નથી કારણ કે નારીજીવનનું મહત્વનં લક્ષ્ય લગ્ન છે આથી અપરણિત જોવા મળતી નથી. અહીં અભ્યાસ હેઠળની અપરણિત સ્ત્રીઓ છે તે સગાઈ થઈ ગયેલ હોય છે. પરંતુ લગ્નવય હજુ ન થઈ હોવાને કારણે અપરણિત છે.

આ ઉપરાંત વિધવા સ્ત્રીઓ જે અભ્યાસમાં જોવા મળે છે તે મોટી ઉંમરની છે. તેમજ પતિ ઉંમરના કારણે યા બિમારીના કારણે મૃત્યુ પામ્યા છે તેમજ ભરવાડ સમાજમાં વિધવા સ્ત્રીઓને સારા–નરસા જેવા પ્રસંગે પણ માન આપવામાં આવે છે માટે ભરવાડ સમાજમાં વિધવા સ્ત્રીઓનો દરજ્જો મહત્વપૂર્ણ જોવા મળે છે.

આમ, લગ્નક્ષેત્રે અભ્યાસમાં લીધેલ જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુ. જનજાતિના ભરવાડ સમાજમાં સ્ત્રીઓ છૂટાછેડા લીધેલ હોય તેવું કોઈ કુટુંબ જોવા મળેલ નથી.

## (ડી) જ્ઞાતિમાં સ્ત્રીની સ્થિતિ :

જ્ઞાતિ ભારતીય સમાજની વિશિષ્ટ સામાજિક સંસ્થા છે. "જ્ઞાતિ તે સમયમાં વ્યકિત વ્યકિત વચ્ચેના, જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચેના, પારસ્પરિક સામાજિક આંતર સંબંધોને નકકી કરનાર, તેનું નિયમન કરનાર, તેમજ તેને ટકાવી રાખનાર મહત્વનું પરિબળ છે. જ્ઞાતિ પોતાની વિશિષ્ટ લાક્ષણિકતાઓને લીધે ભારતીય સમાજને અન્ય સમાજોથી ભિન્ન પાડે છે.[૪]

ભારતમાં વસવાટ કરનાર માનવી હિંદુ હોય કે મુસ્લીમ, શીખ હોઈ કે ઈસાઈ પણ તે દરેકે કોઈને કોઈ રીતે જ્ઞાતિના અટપટા માળખામાં કયાંકને કયાંક કોટિક્રમમાં સ્થાન પ્રાપ્ત કરેલું જ હોય છે. જ્ઞાતિવ્યવસ્થા ભારતના બધા જ વસાહતી ઓને અને ખાસ કરીને હિન્દુઓના સર્વ પાસાઓને સ્પર્શે છે.

*"Caste has it's marks and signs and symbols and symbolical acts as well as it's laws customs constant exhibition."*[૫]

*** શ્રીનિવાસની જ્ઞાતિની વ્યાખ્યા :**

"જ્ઞાતિએ વંશપરંપરાગત આંતરલગ્નની પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસતું જૂથ છે. જ્ઞાતિને પરંપરાગત ધંધો હોય અને જ્ઞાતિના સ્થાનિક કોટિક્રમમાં તેનું સ્થાન નિશ્ચિત હોય છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું નિયમન શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે થાય છે અને સામાન્ય રીતે એકી સાથે બેસીને ભોજન કરવાનો વ્યવહાર જ્ઞાતિની અંદર જ વિશેષ હોય છે."[૬]

*** ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીની સ્થિતિ :**

ભરવાડ જ્ઞાતિમાં જોઈએ તો ભરવાડ પુરુષ કરતાં સ્ત્રીમાં બુદ્ધિ ચાતુર્યની કક્ષા વધારે જોવા મળે છે. છતાં ભરવાડ સમુદાયમા સ્ત્રીનું સ્થાન પહેલા મીલ્કત તૂલ્ય હતું. જેમાં હવે પરિવર્તન જોવા મળે છે. આ માટે ભરવાડનો રૂઢિચુસ્ત સમાજ જવાબદાર હતો. નારી તરીકેની તેની અનેક યાતનાઓ અસહ્ય છે. હજુ પણ અમુક જગ્યાએ જુનવાણી રૂઢિઓમાંથી તેને અનેકવાર પસાર થવું પડે છે.

"દીકરી ને ગાય દોરે ત્યાં જાય" તે કહેવત મુજબ તેનું જીવન જોઈએ તો પહેલાનાં સમયમાં સ્વતંત્ર નહોતું. પળે–પળે સામાજિક રૂઢિઓ તેને બાંધીને ઘસડતી જ રહી છે અને જીવનભર તે આ રીતે ઢસડાતી રહે છે. ભરવાડ સમાજમાં બાળસગાઈ, બાળલગ્નો અને દિયરવટું જોવા મળતા હતા. પરંપરાગત રીતે બાળલગ્નો યા તો ઘોડિયા લગ્નનો સ્ત્રીઓ ભોગ બનતી આવી છે. અગાઉ તો સગર્ભા સ્ત્રીઓ પરસ્પર પેટે ચાંદલા કરી એકને પુત્ર અને બીજીને પુત્રી આવે તો સગાઈ બંધાઈ જતી હાલ સગર્ભા સગાઈ–જીવન નહિવત છે પણ બાળ સગાઈ તો કેટલાક પંથકમાં થાય જ છે. એકવાર સગાઈ થઈ એટલે સ્ત્રી તે શ્વસુર પક્ષની મીલ્કત ગણાય છે. કન્યાપક્ષનું કાંઈ ન ચાલે. તે સગાઈ તોડી ન શકે. સગાઈ કરીએ પરણ્યા બરાબર જ મનાય છે. લગ્નવિધિ પૂર્વે બાળપણમાં સામા પક્ષે બાળક મરી જાય તો પણ બાળકી તો સામાપક્ષની મીલ્કત જ ગણાય તેને છૂટાછેડા ન આપે. બહુ દબાણ કરે તો શ્વસુર પક્ષ તેના કુટુંબમાં દિયરવટું કરાવે યા કન્યા પાસેથી છૂટી કરવાના લખણાં કરતાં નાણાં પડાવતા હતા. જો બાળ સગાઈ પછી બાળ લગ્ન થયા ન હોય તો પણ બાળકીને છૂટી ન કરે. તેના શ્વસુર પક્ષ જો બાળસગાઈમાં પણ પૈસા છોડતો ન હોય તો બાળલગ્ન પછી તો વધારે નાણાં માંગે યા તો તેનો દિયર ઉંમરમાં ઘણો નાનો યા ૧ વર્ષનો બાળક હોય તો પણ તે સાથે પરણાવે અથવા જો દિયર પુખ્તવયનો હોય અને પરણિત હોય તો પણ દિયરવટું વળાવે, તેની દેરાણીની 'શોકય' તરીકે તેની જીંદગી ગાળવી પડતી હતી અને દિયરવટાની ના પાડે તો કન્યા પક્ષ પાસેથી મોં માંગ્યા નાણાં પડાવી લખણાં કરી (અર્થાત પૈસા આપી) છૂટી કરતા અને આવા ભરવાડ સમાજમાં ઘુસી ગયેલ બાળલગ્નો, આણા દિયરવટાનું દૂષણ જોવા મળતું હતું જે

પહેલા પ્રમાણમાં વધુ હતું તે હવે ઓછું થયું છે. આ ઉપરાંત અમુક જગ્યાએ ભરવાડ સમાજમાં ગરીબાઈને કારણે ઓછા ખર્ચે લગ્ન પતાવવા માટે ઘરમાં એકાદ પુખ્તવયની વ્યકિતના લગ્ન થાય ત્યારે કુટુંબના નાના–મોટા છોકરા છોકરીને તે સમયે વળાવી દે છે અને મોટા ખર્ચે તે દ્વારા ટાળે છે. આમ સમુહ બાળલગ્નો કુટુંબના એકાદ લગ્ન સમયે યોજવાની પ્રથા હજુ અમુક વિસ્તારોમાં ચાલુ છે.[૭]

આ ઉપરાંત ભરવાડ જ્ઞાતિમાં જ્ઞાતિપંચ હોય તેમાં સ્ત્રીએ તેમાં સભ્ય બની તેની ભૂમિકા ભજવતી નથી પરંતુ જ્ઞાતિપંચમાં કયારેક મોટી ઉંમરની સ્ત્રી હોય તો તેની સલાહ માંગવામાં આવે છે.

આમ, ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીની સ્થિતિમાં પહેલા કરતાં હવે સુધારો થયો છે.

*** આર્થિક જીવન :**

આ ભરવાડ સમાજ આર્થિક દષ્ટિએ ઘણો પાછળ છે. સામાન્ય રીતે જોઈએ તો જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો જે ઘેટાં–બકરા પણ ગાય–ભેંસની સાથે રાખે છે તેઓના કુટુંબમાં ઓછામાં ઓછા દસથી પંદર અને વધુમાં વધુ દોઢસોથી બસો ગાડરાં હોય છે. પરંતુ એકંદરે સરેરાશ તો વીસ– ત્રીસ ગાડરાં–બકરાં સૌ પાસે હોય છે. પરંતુ જયારે ચોમાસા દરમ્યાન ગાડરાંમાં રોગચાળો ફેલાતા એક સાથે ઘણાં પશુ મરી જતાં આ લોકોને આર્થિક રીતે ઘણો જ ફટકો વાગે છે. તેમાં કેટલીકવાર તેઓની પરિસ્થિતિ કંગાળ પણ બની જાય છે.

આમ, જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડો જે ઘેટાં–બકરાં રાખે છે તે ઘેટાંનું ઊન વર્ષમાં ઓગષ્ટ અને જાન્યુઆરી એમ બે વાર ઉતારે છે અને દરેક ગાડરે દર વખતે સરેરાશ પોણોશેર ઉન ઉતરતું હોય છે. સારા ગાડરનું વધારે ઉન ઉતરે છે. એટલે કે તેને સો ગાડરે લગભગ ૨૦ કિલો (૧ મણ) નાં ૩૦૦ થી ૪૦૦ રૂપિયા સુધી ઉપજે છે. એટલે કે તેમને એક કિલોના ૩૦ થી ૪૦ રૂપિયા સુધીનો ભાવ મળે છે. આમ, દરેકને દર છ માસે સરેરાશ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા આવક ઉનમાંથી થાય છે. આમ, દરેકને દર છ માસે સરેરાશ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા આવક ઉનમાંથી થાય છે.

આ ઉપરાંત થોડી ઘણી આવક તેમને દૂધ વેચવામાંથી પણ થાય છે. જેમાં દૂધનો ભાવ ૧ લી. ના ૩૦ રૂપિયા તથા ૩૫ રૂપિયા મળે છે અને ઘેટાં બકરાંનાં દૂધનો ૧૨, ૧૫ રૂપિયા લિ. ના મળે છે. જે બંને જિલ્લાના ભરવાડોને દૂધની આવક થાય છે. જયારે ઉનની આવક ફકત જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોને જ થાય છે.

આ ઉપરાંત ભરવાડને આપણે પશુપાલક તરીકે ઓળખીએ છીએ. જેમાં ઘેટાંને '**Sheep**' (શીપ) કહે છે ત્યારે તેના ઉપરથી શીપનો જાળવનાર, પાળનાર 'શેફર્ડ' પણ નામ મળ્યું છે. એટલે આ ઉપરથી કહી શકાય કે ભરવાડો મોટાભાગે ઘેટાં પાળતા હશે. આ અભ્યાસના પસંદ કરેલ વિસ્તારોમાં જોઈએ તો મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો મુખ્યત્વે ઘેટાં–બકરાં, ગાય અને ભેંસ જેવા પશુઓને પાળે છે. જેમાં ઘેટાં–બકરાં પાળતા પશુઓની સંખ્યા એક કુટુંબ દીઠ ૨૫–૩૦ જેટલી જોવા મળે છે. જયારે તેની તુલનાએ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં તો માત્ર પાંચ–

છ ઘરોમાં બકરાં જોવા મળેલ જેની સંખ્યા પણ એક કુટુંબ દીઠ માત્ર બે–ત્રણ હોય છે ત્યારે તે ઉપરાંત બીજા પશુમાં ગાય, ભેંસનું પ્રમાણ વધારે જોવા મળે છે જયારે તેની તુલનાએ જોઈએ તો ગીરમાં અનુસૂચિત જનજાતિના ભરવાડ જંગલ વિસ્તારમાં વસવાટ કરતાં હોવાથી જંગલી પશુઓના કારણે ઘેટાં–બકરાં રાખવા શકય ન હોવાથી તે મોટાભાગે ગાય–ભેંસ વધારે પાળે છે જેની કુટુંબ દીઠ સંખ્યા ૮–૧૦ જેટલી હોય છે.

આમ, આ પશુઓનું ભરવાડ સમાજનાં જીવનમાં ખૂબ જ મહત્વ જોવા મળે છે. કારણ કે ગાય, ભેંસ જે પાળતા હોય છે તેનું દૂધ તે ભોજનમાં પણ ઉપયોગ કરે છે. સાથે–સાથે તે દૂધમાંથી છાશ બનાવી તે દૂધ, છાશ વહેંચીને પોતાનું આર્થિક જીવન ચલાવે છે. આથી કહી શકાય કે ભરવાડ સમાજના આર્થિક જીવનમાં પશુઓનું સ્થાન અનેરું હોય છે.

આમ, પશુપાલક હોવાથી આ ભરવાડ સમાજે પોતાનું સંયુકત કુટુંબ આ પશુપાલનના વ્યવસાયમાંથી નભાવવાનું હોય છે. પરંતુ અન્ય જીવનની જરૂરીયાતો તે વસાવી શકતા નથી. કપડું પણ સ્ત્રીઓ મોટાભાગે ઉનનું જ બનાવી લે છે. એટલે તે ખર્ચ પણ ઓછો રહે છે. ઘીનું પ્રમાણ ઓછું હોય છે પણ દૂધ, છાશ વગેરે તે ઘરના હોઈ તે પાછળ ખર્ચ કરવાનું રહેતું નથી. આ માટે તેમને થોડું ઘણું કપડા માટેનું ખર્ચ તથા અન્ય સામાજિક ખર્ચ તેમને કરવાના રહે છે. મોટાભાગે તો જેમ તેમ કરી તે ખર્ચને પહોંચી વળે છે. જો તેમને જીવનધોરણ ઊંચું લાવવું હોય તો આજે તે તેમને આર્થિક રીતે પોષય એમ નથી બીજી તરફ આ સમાજને શૈક્ષણિક ખર્ચ પોષય એમ નથી તથા આ પ્રજા શૈક્ષણિક દષ્ટિએ પણ ઘણી પાછળ છે.[૮]

આ સમાજ આર્થિક જીવનમાં પશુપાલનનાં વ્યવસાય ઉપરાંત બીજા કયા કયા વ્યવસાય કરે છે તેમજ તે વ્યવસાયમાં મહિલાઓનું કેવું સ્થાન જોવા મળે છે તે નીચે મુજબ જોઈશું.

**વ્યવસાય :**

**(૧) પશુપાલન :**

ભરવાડોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે પરંતુ વર્તમાન સમયમાં તે માત્ર પશુપાલન જ નહીં કરતાં તેને પૂરક ખેતી, ખેતમજુરી યા ધંધા પણ કરે છે તેઓ ગાય, ભેંસ, ઘેટાં–બકરાં રાખે છે. ગાયને તે પવિત્ર માને છે. ભેંસને તેઓ વધુ દૂધ આપતા તેના માટે પાળે છે. ઉપરાંત ઘેટાં–બકરાં પાળે છે તેના દ્વારા ઘેટાંનું ઊન કાંતી તેનાથી આવક મેળવે છે. ગાય ભેંસને દૂધ દોહવાનું કામ પુરુષને સાથે–સાથે સ્ત્રીઓ પણ કરે છે. તેમજ સ્ત્રીઓ દૂધ વેંચવા જવાનું તેમજ પશુને નીર–ચારણ નાંખવાનું કામ કરાવે છે તથા આ પશુપાલનનાં વ્યવસાયમાં સ્ત્રીઓ પુરુષની સાથે મદદ કરતાં અહીં આર્થિકક્ષેત્રે સ્ત્રીનું મહત્વ આ વ્યવસાયમાં જોવા મળે છે.

**(૨) ખેતી :**

ભરવાડમાં મુખ્ય વ્યવસાય પશુપાલન સાથે પૂરક વ્યવસાય ખેતી પણ કરે છે એટલે આ જ્ઞાતિના લોકો ખેતીક્ષેત્રે મોસમ પ્રમાણે પાક લે છે જેમાં શિયાળુ એટલે કે જાન્યુઆરીથી માર્ચ, જૂનથી ચોમાસુ પાક લે છે જેમાં અનેક પાકોનો સમાવેશ થાય છે જે બીજાની ખેતી મોસમમાં વાવવા રાખી ખેતી કરે છે.

આથી આ વ્યવસાયમાં પણ હવે ભરવાડ સ્ત્રીઓ પુરુષને મદદરૂપ થાય છે જેમ કે પાકને વાવવા, ઘરે લાવવા, કપાસ ઉતારવામાં મદદરૂપ થાય છે તેથી અહીં પણ સ્ત્રીનું વિશેષ મહત્વ જોવા મળે છે.

**(૩) ખેતી મજૂરી :**

જેમ ભરવાડો પશુપાલન ઉપરાંત ખેતી કરે છે તેમ કયારેક બીજાનાં ખેતરોમાં છૂટક–છૂટક ખેતમજૂરી કરવા પણ જાય છે. એટલે કે અહીં પુરુષોની સાથે સ્ત્રીઓ પણ ખેતમજુરીના કપાસ વીણવા, નીંદામણ કરવા, મગફળીના દાણા વીણવા, કાલા ફોલવા જેવા કામે જાય છે. તેમાં તેને એક દિવસના ૧૦૦ તથા ૧૫૦ રૂપિયા મળતા હોય છે. જે તે રોજ ન જતાં નવરાશના સમયે મહિને ૮–૧૦ દિવસ તો માંડ જતા હોય છે જેનાથી તે આર્થિક આવક મેળવે છે. આ ઘરને આર્થિક આવક અપાવવામાં આ રીતે સ્ત્રી મદદરૂપ થતાં તેનું અહીં આર્થિક ક્ષેત્રે મહત્વ વિશેષ જોવા મળે છે.

**(૪) નોકરી :**

ભરવાડોમાં નોકરી કરવાનું તો ત્યાં રહ્યું પશુપાલન સિવાય બીજો વ્યવસાય જ નહીં કરતાં પરંતુ હવે તેમાં પરિવર્તન આવતા જે શિક્ષિત છે તે સરકારી બિન સરકારી નોકરી કરે છે. જે ભરવાડ પુરુષો જ કરે છે જયારે ભરવાડ સ્ત્રીઓ કોઈ નોકરી કરતી જોવા મળતી નથી.

**(૫) ધંધો :**

ધંધામાં જોઈએ તો પહેલાં તો ભરવાડો પશુપાલન વ્યવસાય જ કરતાં હતાં પરંતુ હવે વર્તમાન સમયમાં ધંધો પણ કરવા લાગ્યા છે જેમ કે નાની રીક્ષા

મોટી છકડો રીક્ષા ચલાવવાનો, દૂધની ડેરી, ચાની હોટલ, પાન–બીડીની દુકાન જેવા ધંધા કરી પોતાનું ગુજરાત ચલાવે છે જે વ્યવસાયમાં ભરવાડ પુરુષો જ ભાગ ભજવે છે. સ્ત્રીઓ નહીં.

## (૧) આર્થિકક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ :

આર્થિકક્ષેત્રે જોઈએ તો વર્ષોથી સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં કોઈના કોઈ રૂપે પોતાનું યોગદાન આપે છે. જેમ કે શિકારી અવસ્થામાં સ્ત્રીઓ શિકાર કરવા ન જઈ શકે તો ઘરમાં અનેક આર્થિક ધંધા જેવા કે વાંસની ચીજો બનાવી, અનાજ જમા કરવા જેવા કાર્ય સ્ત્રીઓ કરતી હતી.[૯]

કોઈપણ સમાજનો સર્વાંગ વિકાસ ત્યારે સંભવ છે જયારે તેમાં મહિલા ઓની બરાબર ભાગીદારી હોય. ભારતીય સમાજમાં મહિલાઓની લગભગ અડધી આબાદી છે.

રાજા રામમોહન રોયના સ્ત્રી સુધાર આંદોલનથી લઈ વર્તમાનકાળ સુધી ભારતીય મહિલાઓની સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. પોતાના જોરે મહિલાઓ પોતાની સ્થિતિ સુધારે છે અને સમાજમાં પોતાની પહેચાન બનાવી છે.[૧૦]

પશુપાલક ભરવાડ સમાજના વયવસાયનું માળખું પણ સ્ત્રીઓની સારી સ્થિતિ માટેનું એક કારણ છે. જેમ કે ગ્રામીણ અર્થવ્યવસ્થા પશુ તથા કૃષિ પર આધારીત છે. તથા કૃષિક્ષેત્રમાં મહિલાઓ સહભાગી છે. પશુપાલન વ્યવસાયમાં ભરવાડ સ્ત્રીઓ પશુઓની દેખભાળ તથા સવારે વહેલા ઉઠી ગાયને દોહે છે, પાણી ભરે, બાળકોને નવડાવવા, રસોઈ કરવી, ખેતીના કામમાં પતિને મદદ કરે છે. તેમજ મજૂરીએ પણ સ્ત્રીઓ આર્થિક મદદ કરવા જાય છે.

આથી વર્તમાન સમયમાં ઘણા વ્યવસાયોના માળખાએ પ્રકારના જોવા મળે છે કે જયાં પુરુષ જેવી અને જેટલી સ્ત્રીની આવશ્યકતા રહેતી નથી. જયારે ભરવાડોના વ્યવસાયનું માળખું એ પ્રકારનું જોવા મળે છે કે જયાં પુરુષો જેટલી અને જેવી જ સ્ત્રીની આવશ્યકતા રહે છે અહીં પુરુષો મોટાભાગે "માલ" ને ચરાવવાનું કામ કરે છે જયારે ગાય , ભેંસને દોહવી એના દૂધ, દહીં અને માખણને વલોવવા જેવા કામ સ્ત્રીઓએ કરવાના રહે છે. આમ, અહીં સમાન રીતે કાર્યની વહેંચણી જોવા મળે છે. આથી ભરવાડ સ્ત્રીઓનું સ્થાન માન અને મહત્વ પુરુષો જેટલું જ જળવાઈ રહ્યું છે. જો કે આ સમાજમાં સ્ત્રીઓની આર્થિક ક્ષેત્રે સ્થિતિ સારી છે.

આમ, આર્થિક વ્યવસ્થામાં સ્ત્રીના સ્થાનની સાથે–સાથે આ અભ્યાસમાં લીધેલ સૌરાષ્ટ્ર એકમના જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડો તથા જૂનાગઢ જિલ્લામાં ગીરના નેશ વિસ્તારમાં વસવાટ કરતાં અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં આર્થિક વ્યવસ્થા એટલે કે પશુધન વ્યવસાયમાં પશુપાલન, ખેતી, મજુરી, ધંધો તથા વિભિન્ન સ્તોત્રમાંથી થતી વાર્ષિક આવક, સંપત્તિ, વાર્ષિક ખર્ચ જેવા કોષ્ટકો દ્વારા માહિતીનું વર્ગીકરણ કરેલ છે જે નીચે મુજબ છે.

## ૪.૫ પશુધન દર્શાવતું કોષ્ટક :

પશુપાલક ભરવાડ જાતિમાં પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના પશુપાલકો પાસે પશુધનમાં કયાં–કયાં પશુઓની સંખ્યા કેટલી છે તે અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આથી તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં છે.

## કોષ્ટક નં. ૪.૫ પશુધન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | પશુધન | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ગાય | ૨૬૫ | ૨૭૨ | ૫૩૭ | ૧૮૪ | ૭૨૧ |
| | ટકા | ૪૧.૭૩% | ૧૯% | ૨૫.૯૯% | ૫.૨૨% | ૧૨.૮૯% |
| ૨. | ભેંસ | ૧૮૧ | ૮૩૪ | ૧૦૧૫ | ૮૮ | ૧૧૦૩ |
| | ટકા | ૨૮.૫૦% | ૫૮.૨૮% | ૪૯.૧૨% | ૨.૪૯% | ૧૯.૭૩% |
| ૩. | બળદ | – | – | – | ૧૪ | ૧૪ |
| | ટકા | – | – | – | ૦.૩૯% | ૦.૨૫% |
| ૪. | ઘેટાં–બકરા | ૧૦૯ | – | ૧૦૯ | ૩૧૮૯ | ૩૨૯૮ |
| | ટકા | ૧૭.૧૮% | – | ૫.૨૭% | ૯૦.૪૯% | ૫૮.૯૯% |
| ૫. | અન્ય | ૮૦ | ૩૨૫ | ૪૦૫ | ૪૯ | ૪૫૪ |
| | ટકા | ૧૨.૫૯% | ૨૨.૭૨% | ૧૯.૬૨× | ૧.૪૧% | ૮.૧૪% |
| | કુલ | ૬૩૫ | ૧૪૩૧ | ૨૦૬૬ | ૩૫૨૪ | ૫૫૯૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ ૩૦૦ કુટુંબોમાં પશુઓની કુલ સંખ્યા ૫૫૯૦ (૧૦૦%) છે. જેમાં દૂધ વધુ આપતા પશુઓની વધારે સંખ્યા જૂનાગઢ જિલ્લામાં ભેંસની છે. જેની બક્ષીપંચ ભરવાડમાં સંખ્યા ૧૮૧ (૨૮.૫૦%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૮૩૪ (૫૮.૨૮%) છે. ગાયની સંખ્યા બક્ષીપચ ભરવાડમાં ૨૬૫ (૪૧.૭૩%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં ૨૭૨ (૧૯%) છે. જયારે ઘેટા–બકરાં અનુસૂચિત જનજાતિમાં જોવા મળતા નથી. કારણ કે ગીરના જંગલમાં હિંસક પશુઓના બીકે ઘેટાં–બકરાં જોવા મળતા નથી જયારે જૂનાગઢનાં બક્ષીપંચ ભરવાડમાં તે સંખ્યા ૧૦૯ (૧૭.૧૮%) છે. જયારે અન્ય જેવા કે ગાય–ભેંસના બચ્ચાંની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૮૦ (૧૨.૫૯%) અને અનુસૂચિત જનજાતિમાં ૩૨૫ (૨૨.૭૨%) છે.

જયારે જામનગર જિલ્લામાં કુલ ૫૫૯૦ (૧૦૦%) છે. પશુધની સંખ્યામાં બક્ષીપંચ ભરવાડમાં ગાયની સંખ્યા ૧૮૪ (૫.૨૨%), ભેંસની સંખ્યા ૮૮ (૨.૪૯%), સૌથી વધુ ઘેટાં–બકરાંની સંખ્યા ૩૧૮૯ (૯૦.૪૯%) તેમજ અન્ય પશુધનની સંખ્યા ૪૯ (૧.૪૧%) છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં પશુધનની કુલ સંખ્યા ૫૫૯૦ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના પસંદ કરેલ બક્ષીપંચ ભરવાડો ૧૦૦ કુટુંબોમાં જોવા મળતા પશુ ગાય, ભેંસ અને ઘેટાં–બકરા તથા અન્ય પશુઓના બચ્ચા વગેરેનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધારે જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાાં ગાયની સંખ્યા ૨૬૫ છે અને ભેંસની સંખ્યા ૧૮૧ છે. જે સૌથી વધારે જોવા

મળે છે. કારણ કે તેનો મોટાભાગનો વ્યવસાય પશુપાલન હોવાથી તેનું કુટુંબ તેના ઉપર નિર્ભર હોય છે માટે દૂધ માટે આ પશુને પાળે છે અને તેનું દૂધ વેંચી પોતાના કુટુંબ માટે આવક મેળવે છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સૌથી વધારે સંખ્યા ભેંસની ૨૭૨ જોવા મળે છે. જે અહીં પશુધનમાં ફેરફાર દર્શાવે છે. કારણ કે તે વધારે દૂધ માટે ભેંસને પાળે છે અને તેનો ૯૦% વ્યવસાય પશુપાલન જ હોવાથી ભેંસનું દૂધ વેંચી તે પોતાના કુટુંબને ચલાવે છે અને તે જંગલમાં વસવાટ કરતાં હોવાથી ત્યાં જંગલી પશુઓ ઘેટાં–બકરાં જેવા પશુને ફાડી ખાય છે તેથી તેને પાળતા નથી.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોમાં પશુધન તરીકે ગાય ભેંસ અને ઘેટાં–બકરાં પાળતા પશુઓ જોવા મળે છે. જયારે ગાયને તે પશુપાલક હોવાથી દૂધ માટે તેમજ તેનાં છાણાનાં ઉપયોગ છાણિયા ખાતર તરીકે તથા તેના મોટાભાગના ઘરો અર્ધ પાકા અને કાચા મકાન હોય તેથી ઘરમાં લીંપણ માટે પણ તે પશુઓને પાળે છે અને સાથે–સાથે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લામાં ઘેટાં – બકરાં પાળતા કુટુંબોની સંખ્યા વધારે જોવા મળે છે. જેમાં તે ઘેટાંનું ઉન કાંપી અને તેની વહેંચીને પણ તેની આવક મેળવે છે. જે આ બાબત જૂનાગઢ જિલ્લા કરતાં જામનગર જિલ્લામાં તફાવત દર્શાવે છે.

## ૪.૬ પશુધન દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસમાં પુશપાલક ભરવાડોના આગળ જોયું તેમ કેટલું પશુધન છે ? અને તેનાં આધારે અહીં કેટલું પશુધન દૂધ આપે છે અને કેટલું દૂધ આપતું નથી તે અંગેની માહિતી મેળવવામાં અહીં આવી છે જે માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

### કોષ્ટક નં. ૪.૬ પશુધન દર્શાવતું

| ક્રમ | પશુધન | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | દૂધ આપતા પશુ | ૩૩૯ | ૭૯૨ | ૧૧૩૧ | ૧૬૯૫ | ૨૮૨૬ |
| | ટકા | ૫૩.૩૮% | ૫૫.૩૫% | ૫૪.૭૪% | ૪૮.૧૦% | ૫૦.૫૫% |
| ૨. | દૂધ ન આપતા પશુ | ૨૯૬ | ૬૩૯ | ૯૩૫ | ૧૮૨૯ | ૨૭૬૪ |
| | ટકા | ૪૬.૬૨% | ૪૪.૬૫% | ૪૫.૨૬% | ૫૧.૯૦% | ૪૯.૪૫% |
| | કુલ સંખ્યા | ૬૩૫ | ૧૪૩૧ | ૨૦૬૬ | ૩૫૨૪ | ૫૫૯૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે પસંદ કરેલ ૩૦૦ કુટુંબોમાં પશુઓની કુલ સંખ્યા ૫૫૯૦ (૧૦૦%) છે. તેમાં જૂનાગઢ જિલ્લામાં દૂધ આપતા પશુઓની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩૩૯ (૫૩.૩૮%) અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં ૭૯૨ (૫૫.૩૫%) છે. જયારે પશુઓના નાના બચ્ચા ઉપરાંત વસૂકી ગયેલ હોય તેવા દૂધ ન આપતા પશુઓની સંખ્યા બક્ષીપંચ ભરવાડોમાં ૨૯૬ (૪૬.૬૨%) અને અનુ.જનજાતિના ભરવાડમાં ૬૩૯ (૪૪.૬૫%) છે.

જયારે જામનગર જિલ્લામાં બક્ષીપંચ ભરવાડોમાં કુલ ૫૫૯૦ (૧૦૦%) માંથી દૂધ આપતા પશુ ૧૬૯૫ (૪૮.૧૦%) અને દૂધ ન આપતા પશુઓની સંખ્યા ૧૮૨૯ (૫૧.૯૦%) છે.

ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાં પશુધનની કુલ સંખ્યા ૫૫૯૦ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં તેમાંથી દૂધ આપતા હોય તેવા પશુઓની સંખ્યા ૩૩૯ (૫૩.૩૮%) છે. જેના આધારે તે પશુપાલક હોવાથી પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવે છે જેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં દૂધ આપતા પશુઓની સંખ્યા સૌથી વધારે ૭૯૨ (૫૫.૩૫%) જોવા મળે છે. જયારે દૂધ ન આપતા પશુઓનો જૂનાગઢ જિલ્લામાં ઉપયોગ તેના છાણનો રાસાયણિક ખાતર તરીકે કરે છે.

જયારે અભ્યાસ માટે પસંદ કરેલ જૂનાગઢ જિલ્લાના ભરવાડોના ૧૫૦ કુટુંબોમાં કુલ સંખ્યા ૨૦૬૬ દૂધ આપતા અને દૂધ ન આપતા પશુઓની છે તેની તુલનાએ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડના ૧૫૦ કુટુંબોમાં તેની સંખ્યા ૩૫૨૪ છે જે વધારે જોવા

મળે છે તેમાં અડધો અડધ એટલે કે ૧૬૯૫ (૪૮.૧૦%) પશુઓ દૂધ આપે છે જે જૂનાગઢ જિલ્લાની તુલનાએ વધુ છે જે જોતા સ્પષ્ટ થાય છે કે અહીં ભરવાડો પશુપાલક એટલે કે પશુઓને પાળતા વધુ જોવા મળે છે અને તેના આધારે તેનો વ્યવસાય પશુપાલનને લગતા વધારે જોવા મળે છે.

*** ખેતીના સાધનો :**

ભરવાડો મોટાભાગે પશુપાલક છે એટલે તેનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે અને ગૌણ વ્યવસાયમાં ખેતી છે એટલે કે જે ભરવાડો ખેતી કરે છે તેઓ પોતાના જમીન નહીં પરંતુ ખેડૂતની જમીન ચોમાસા પૂરતી વાવવા રાખે છે તેથી અમુક કુટુંબોમાં ખેતીના સાધનો જોવા મળે છે. જે આપણે નીચેના કોષ્ટકમાં જોઈશું.

## ૪.૭ ખેતીના સાધનો દર્શાતવું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસમાં પશુપાલક ભરવાડોમાં કેટલાક પશુપાલનની સાથે થોડાં–ઘણાં ભરવાડો અડધા ભાગે ખેતી કરવા જાય છે. તેમજ ખેતમજૂરીએ જતાં હોઈ ત્યારે તેના સાધનો તેની પાસે હોય છે. આમ, ખેતીના સાધનો અંગેની માહિતી મેળવી તે અંગેનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કર્યું છે.

## કોષ્ટક નં. ૪.૭ ખેતીના સાધનો

| ક્રમ | ખેતીના સાધનો | જૂનાગઢ જિલ્લા સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | હળ | ૫ | – | ૫ | ૫ | ૧૦ |
| | ટકા | ૧.૮૭% | – | ૧.૮૭% | ૩.૦૩% | ૨.૩૨% |
| ૨. | સાતી | ૫ | – | ૫ | ૫ | ૧૦ |
| | ટકા | ૧.૮૭% | – | ૧.૮૭% | ૩.૦૩% | ૨.૩૨% |
| ૩. | નાના ઓજારો | ૨૫૦ | – | ૨૫૦ | ૧૪૧ | ૩૯૧ |
| | ટકા | ૯૩.૯૮% | – | ૯૩.૯૮% | ૮૫.૪૫% | ૯૦.૭૧% |
| ૪. | ગાડુ | ૫ | – | ૫ | ૯ | ૧૪ |
| | ટકા | ૧.૮૭% | – | ૧.૮૭% | ૫.૪૬% | ૩.૨૪% |
| ૫. | કૂવો | ૧ | – | ૧ | ૫ | ૬ |
| | ટકા | ૦.૪૧% | – | ૦.૪૧% | ૩.૦૩% | ૧.૪૧% |
| | કુલ | ૨૬૬ | – | ૨૬૬ | ૧૬૫ | ૪૩૧ |
| | ટકા | ૧૦૦% | – | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાંથી કુલ ખેતીના સાધનોની સંખ્યા ૨૬૬ (૧૦૦%) છે. જેમાં ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ કુટુંબોમાં ખેતીનાં ઓજારો જોવા મળેલ નથી. ફકત બક્ષીપંચ ભરવાડોમાં જ ખેતીનાં ઓજારો છે. જેમાં હળની સંખ્યા ૫(૧.૮૭%), સાતી ૫ (૧.૮૭%) અને નાના ઓજારોની સંખ્યા ૨૫૦ (૯૩.૯૮%) તથા ગાડુ ધરાવતા કુટુંબોની સંખ્યા ૫ (૧.૮૭%) અને ભાડે વાવવા રાખેલ જમીનમાં કૂવો ધરાવતી જમીન ૧ (૦.૪૧%) છે.

મોટાભાગે બક્ષીપંચ ભરવાડોમાં મજૂરીએ જતાં હોવાથી ખેતીના નાના ઓજારોની સંખ્યા સૌથી વધુ છે.

જયારે જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાંના કુલ ૧૫૦ કુટુંબોમાંથી કુલ ૧૬૫ (૧૦૦%) કુટુંબો ખેતીના સાધનો ધરાવે છે. જેમાં હળની સંખ્યા ૫ (૩.૦૩%) સાતીની સંખ્યા ૫ (૩.૦૩%) અને નાના ઓજારો ૧૪૧ (૮૫.૪૫%), ગાડુ ધરાવતાની સંખ્યા ૯ (૫.૪૬%) અને કૂવાની સંખ્યા ૫ (૩.૦૩%) જોવા મળે છે.

ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલ ૩૦૦ કુટુંબોમાં ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો ખેતી કે તેની સાથે સંકળાયેલ કોઈ વ્યવસાય ન કરતાં તેની પાસે ખેતીને લગતા સાધનો જોવા મળતા નથી. જયારે તેની તુલનાએ જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ખેતીના નાના–મોટા સાધનો જોવા મળે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં મોટા સાધનો કરતાં નાના ઓજારોમાં દાંતરડુ જોવા મળે છે જે ખેતીમાં નીંદવા માટે ખેતમજૂરીએ જતા લોકોને ઉપયોગી હોય છે. જયારે

તેની તુલનાએ જામનગર જિલ્લામાં ઓછા ખેતીના સાધનો જોવા મળે છે. કારણ કે તે ખેતમજૂરીએ નીંદવા માટે દાંતરડાનો ઉપયોગ કરે છે. પરંતુ તે સિવાય તે ખેતમજુરીમાં દાણા વીણવાં, કપાસ વીણવાં જેવા કામે વધુ જતાં હોવાથી તેને તેવા સાધનોની ઓછી જરૂર પડે છે.

**(૧) હળ :**

હળ લોખંડનું બનેલું હોય છે તેમાં બળદ જોડીને જમીનનું ખેડાણ કરવામાં આવે છે. હળ લાકડાનું પણ બનેલું હોય છે. જે ૧૦૦ થી વધુ ખૂણો બનાવતું વળેલું હોય છે. વચ્ચે એક લાબું લાકડું હોય છે. જેમાં બળદ જોડવાની એક લાકડી રહે છે. જે લાકડું જમીનને ખેડે છે. તેના નીચેના ભાગમાં લોખંડની પટ્ટી જોડાયેલી રહે છે. આ હળથી જમીન ખેડવામાં આવે છે.

**(૨) સાતી :**

સાતી ૪ ફૂટ લાંબી તથા લગભગ પ ઈંચ ગોળાકાર લોખંડના પાઈપની બનેલી હોય છે. જેમાં ૯ થી ૧૦ છેદ હોય છે. આ છેદમાં કરિયું (કરબ) પાટલી, વાવણિયું વગેરે જરૂરીયાત મુજબ જોડી શકાય છે. સાતીની વચ્ચેથી ૬–૬ ઈંચ દૂર બંને તરફ બે લાંબી તથા પાતળી લોખંડને પાઈપ જોડાયેલા હોય છે જેને બળદ જોડવાની લાકડીની સાથે જોડવામાં આવે છે તેની સાથે કરિયું જોડીને ચલાવવાથી જમીનનું ઘાસ વગેરે ઉખડી જાય છે. પાટલી જોડીને ચલાવવાથી ચાસ પડે છે તથા વાવણીથી વાવણી કરી શકાય છે.

## (૩) નાના ઓજારો :

(I) **દાતરડું :** તે લોખંડનું બીજના ચંદ્રમાં જેવા આકારવાળું રહે છે. તેને પકડવા માટે તેની સાથે લાકડાનો દાંડો જોડાયેલ રહે છે. તેનાથી ઘાસ કાપવામાં આવે છે.

(II) **ત્રિકમ :** તે લોખંડનું બનેલું હોય છે. તેમાં કોદાળીની જેમ બંને તરફ પહોળી અણી કે થોડી લાકડાના દાંડા તરફ વળેલી હોય છે. જેનાથી ઊંડાણપૂર્વક જમીનને ખોદી શકાય છે.

(III) **કુહાડી :** તે લોખંડની હોય છે. તે આગળથી પહોળી કે જેમાં ધાર હોય છે અને પાછળથી થોડી સાંકડી કે જેમાં છેદ હોય છે. તેની સાથે લાકડાનો દાંડો જોડાયેલ રહે છે. લાકડા કાપવા કે પથ્થર કાપવાના ઉપયોગમાં આવે છે.[૧૧]

આમ, ઉપરોકત સાધનોનો ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે.

## ૪.૮ સંપત્તિના પ્રકાર–કિંમત દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓની સંપતિ કયા કયાં પ્રકારની છે અને કેટલી કિંમતની છે તે અંગેની માહિતી મેળવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આથી અહીં તે અંગેની માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. ૪.૮ સંપત્તિના પ્રકાર – કિંમત દર્શાવતું

| ક્રમ | વિગત | જૂનાગઢ જિલ્લા કિંમત | | કુલ જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુસૂચિત જનજાતિ ભરવાડ | | | |
| ૧. | વાસણોની કિંમત | ૧૨૫૩૯૫ | ૭૮૭૭૮ | ૨૦૪૧૭૩ | ૧૫૫૫૮૦ | ૩૫૯૭૫૩ |
| | ટકા | ૦.૪૫% | ૦.૧૯% | ૦.૩૦% | ૦.૩૩% | ૦.૩૬% |
| ૨. | ઘરવખરી સાધનોની કિંમત | ૨૫૬૮૧૧૦ | ૧૩૨૩૨૧૫ | ૩૮૯૧૩૨૫ | ૩૮૨૨૦૬૦ | ૭૭૧૩૩૮૫ |
| | ટકા | ૯.૩૫% | ૩.૨૮% | ૫.૭૪% | ૮.૨૦% | ૭.૮૩% |
| ૩. | ખેતીના સાધનોની કિંમત | ૧૪૩૩૧૫ | – | ૧૪૩૩૧૫ | ૩૩૦૦૧૦ | ૪૭૩૩૨૫ |
| | ટકા | ૦.૦૫% | – | ૦.૨૧% | ૦.૭૦% | ૦.૪૮% |
| ૪. | ઘરની કિંમત | ૧૫૧૮૫૦૦૦ | ૧૩૧૪૦૦૦૦ | ૨૮૩૨૫૦૦૦ | ૨૯૬૦૭૦૦૦ | ૫૭૯૩૨૦૦૦ |
| | ટકા | ૫૫.૩૦% | ૩૨.૬૪% | ૪૧.૮૦% | ૬૩.૫૨% | ૫૮.૮૪% |
| ૫. | પશુઓની કિંમત | ૩૯૪૦૭૦૦ | ૨૨૦૪૬૦૦૦ | ૨૫૯૮૬૭૦૦ | ૪૨૧૨૦૫૦ | ૩૦૧૯૮૭૫૦ |
| | ટકા | ૧૪.૩૫% | ૫૪.૭૧% | ૩૮.૩૫% | ૯.૦૩% | ૩૦.૬૭% |
| ૬. | ઘરેણાંની કિંમત | ૫૪૯૪૦૦૦ | ૩૭૦૩૮૦૦ | ૯૧૯૭૮૦૦ | ૮૪૭૭૧૦૦ | ૧૭૬૪૯૦૦ |
| | ટકા | ૨૦.૫% | ૯.૧૮% | ૧૩.૬૦% | ૧૮.૨૨% | ૧.૮૨% |
| | કુલ કિંમત | ૨૭૪૫૬૫૨૦ | ૪૦૨૯૧૭૯૩ | ૬૭૭૪૮૩૧૩ | ૪૬૬૦૩૮૦૦ | ૯૮૪૪૨૧૧૩ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોમાંથી જૂનાગઢ જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાં વાસણોની સંપત્તિની કિંમતમાં ટકા બક્ષીપંચ ભરવાડમાં ૦.૪૫% અને અનુસૂચિત જનજાતિના ભરવાડમાં ૦.૧૯%, ઘરવખરીના સાધનોની સંપત્તિની કિંમતનાં ટકા ૯.૩૫% બક્ષીપંચ ભરવાડમાં અને ૩.૨૮% અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં જોવા મળે છે. જયારે ખેતીના સાધનોની કિંમતના ટકા ૦.૦૫% બક્ષીપંચ ભરવાડમાં જોવા મળે છે. જયારે ઘરની કિંમતના ટકા ૫૫.૩૦% બક્ષીપંચ અને ૩૨.૬૪% અનુસૂચિત જનજાતિના ભરવાડમાં, પશુઓની કિંમતના ટકા ૧૪.૩૫% અને ૫૪.૭૧% અનુસૂચિત જનજાતિના ભરવાડમાં તથા ઘરેણાંની કિંમતના ટકા ૨૦.૦૫% બક્ષીપંચ અને ૯.૧૮% અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં જોવા મળે છે.

જયારે અભ્યાસ હેઠળના જામનગર જિલ્લાના કુલ ૧૫૦ કુટુંબોમાં બક્ષીપંચ ભરવાડમાં વાસણોની સંપત્તિની કિંમતના ટકા ૦.૩૩%, ઘરવખરીના સાધનોની સંપત્તિના ૮.૨૦% ખેતીના સાધનોની સંપત્તિના ૦.૭૦%, ઘરની સંપત્તિના ૬૩.૫૨%, પશુઓની સંપત્તિના ૯.૦૩% અને ઘરેણાંની કિંમતના ટકા ૧૮.૨૨% સંપત્તિ જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે. અભ્યાસ હેઠળના પસંદ કરેલ ૩૦૦ કુટુંબોમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં સંપત્તિની કિંમતનો મોટો ભાગ ઘરની કિંમતમાં ૫૫.૩૦% રોકાયેલ જોવા મળે છે. કારણ કે તેની આર્થિક પરિસ્થિતિ મધ્યમ પ્રકારની હોવાથી તેની સંપત્તિ બીજામાં રોકાણ ઓછી થયેલ હોય છે. જયારે તેની તુલનાએ ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સંપત્તિનો મોટો ભાગ પશુઓ પાછળ ૫૪.૭૧% રોકાયેલ છે. કારણ કે ગીરના ૯૦% ભરવાડોનો વ્યવસાય પશુપાલન હોવાથી તે પોતાની સંપત્તિનો મોટો ભાગ તેની પાછળ રોકે છે.

જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લામાં પણ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોની જેમ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો મોટાભાગે ઘર પાછળ પોતાની સંપત્તિ રોકે છે જે ૬૩.૫૨% છે. કારણકે વધુ પશુ હોય તો તેને રાખવા માટે મોટા ફળિયાની જરૂર પડતી હોવાથી તેવા ઘર જોવા મળે છે.

## ૪.૯ વિભિન્ન સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

પશુપાલક ભરવાડની પ્રસ્તુત અભ્યાસમાં વિભિન્ન સ્ત્રોતમાંથી થતી આવક એટલે કે આવક એ વ્યકિતનો વ્યવહાર, સમાજિક, આર્થિક, મોભો, વર્ગ અને દરજ્જો તેમજ વ્યકિતની જીવનશૈલી નક્કી કરનારા પરિબળોમાં એક અગત્યનું નિર્ણાયક પરિબળ છે. આવક એ વ્યકિતના સામાજિક શૈક્ષણિક, ધાર્મિક અને ભૌતિક જીવન પર અસર કરે છે. આથી અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓએ આવક અનુસંગે આપેલ માહિતીને નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

## કોષ્ટક નં. ૪.૯ વિભિન્ન સ્તોત્રમાંથી થતી વાર્ષિક આવક દર્શાવતું

| ક્રમ | વાર્ષિક આવક | જૂના. જિલ્લાના ભરવાડોની વાર્ષિક આવક (રૂા.) | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | ખેતી | ૨૪૫૫૦૦ | – | ૨૪૫૫૦૦ | ૭૭૫૫૦૦ | ૧૦૨૧૦૦૦ |
| | ટકા | ૨.૯૬% | – | ૧.૧૮% | ૫.૭૦% | ૨.૯૭% |
| ૨. | પશુપાલન | ૫૫૦૫૧૦૦ | ૧૧૬૬૫૦૦૦ | ૧૭૧૭૦૧૦૦ | ૭૩૩૯૨૦૦ | ૨૪૫૦૯૩૦૦ |
| | ટકા | ૬૬.૪૫% | ૯૩.૫૬% | ૮૨.૭૪% | ૫૪.૦૧% | ૭૧.૩૭% |
| ૩. | ખેતમજુરી | ૧૬૬૧૮૦૦ | ૮૩૬૦૦ | ૧૭૪૫૪૦૦ | ૧૭૯૪૪૬૦ | ૩૫૩૯૮૬૦ |
| | ટકા | ૨૦.૦૬% | ૦.૬૭% | ૮.૪૨% | ૧૩.૨૦% | ૧૦.૩૦% |
| ૪. | સરકારી નોકરી | ૩૬૦૦૦ | ૪૦૩૨૦૦ | ૪૩૯૨૦૦ | ૬૭૦૮૦૦ | ૧૧૭૦૦૦૦ |
| | ટકા | ૦.૪૩% | ૩.૨૩% | ૨.૧૧% | ૪.૯૩% | ૩.૨૩ |
| ૫. | ધંધો | ૫૮૮૮૦૦ | ૩૧૬૦૦૦ | ૯૦૪૮૦૦ | ૨૫૦૦૨૦૦ | ૩૪૦૫૦૦૦ |
| | ટકા | ૭.૧૦% | ૨.૫૪% | ૪.૩૬% | ૧૮.૩૯% | ૯.૯૧% |
| ૬. | અન્ય મજૂરી | ૨૪૬૨૦૦ | – | ૨૪૬૨૦૦ | ૫૦૮૦૦૦ | ૭૫૪૨૦૦ |
| | ટકા | ૩% | – | ૧.૧૯% | ૩.૭૭% | ૨.૨૨% |
| | કુલ રૂા. | ૮૨૮૩૪૦૦ | ૧૨૪૬૭૮૦૦ | ૨૦૭૫૧૨૦૦ | ૧૩૫૮૮૧૬૦ | ૩૪૩૩૯૩૬૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબોની વિભિન્ન સ્ત્રોતોમાંથી થતી કેટલા રૂપિયામાં વાર્ષિક આવકની ટકાવારી છે તે આપણે જૂનાગઢ જિલ્લામાંના ૧૫૦ કુટુંબોમાં જોઈએ તો ખેતીમાંથી થતી વાર્ષિક આવકની રૂપિયાના ૨.૯૬% બક્ષીપંચ ભરવાડોમાં જોવા મળે છે. ત્યારબાદ પશુપાલનની આવકમાંથી રૂપિયાના ૬૬.૪૫% બક્ષીપંચ અને ૯૩.૫૬% અનુસૂચિત જનજાતિના ભરવાડ, જયારે ખેતમજૂરીમાંથી મેળવતા આવકની રૂપિયાના ૨૦.૦૬% બક્ષીપંચ અને ૦.૬૭% જ અનુસૂચિત જનજીતના ભરવાડ ધરાવે છે સરકારી નોકરીમાંથી મેળવતા આવકની રૂપિયાના ૦.૪૩% બક્ષીપંચ અને ૩.૨૩% અનુસુચિત જનજાતિના ભરવાડ અને ધંધામાંથી થતી આવકની રૂપિયાના ૭.૧૦% બક્ષીપંચ અને ૨.૫૪% અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા અન્ય મજૂરી દ્વારા મેળવતા વાર્ષિક આવકની રૂપિયાના ૩% બક્ષીપંચ ભરવાડો મેળવે છે.

જયારે અભ્યાસ હેઠળના જામનગર જિલ્લાના કુલ ૧૫૦ બક્ષીપંચ ભરવાડ કુટુંબોમાં વિભિન્ન સ્ત્રોતોમાંથી થતી આવકની રૂપિયામાં ટકાવારી જોઈએ તો ખેતીમાંથી થતી આવકનાં ૫.૭૦% પશુપાલનની આવકમાંથી ૫૪.૦૧% ખેતમજૂરી દ્વારા આવકમાંથી ૧૩.૨૦% સરકારી નોકરીમાંથી થતી આવકના ૪.૯૩% ધંધામાંથી થતી આવકના ૧૮.૩૯% તથા અન્ય મજૂરી દ્વારા થતી આવકમાંથી ૩.૭૭% રૂપિયાની વાર્ષિક આવક મેળવે છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોમાં જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં વિભિન્ન સ્ત્રોતમાંથી થતી આવકનો ૬૬.૪૫% ભાગ પશુપાલનના વ્યવસાયમાંથી મેળવે છે કે જે આવકના અન્ય સાધનોની

તુલનાએ વધારે છે. ત્યાર પછી ૨૦.૦૬% ખેતમજૂરીથી મેળવે છે. જેમાં ખેતીના નાના મોટા કામ જેવા કે નીંદવા, કપાસ વીણવા વગેરે કામ દ્વારા તે આવક મેળવે છે. જયારે તેની તુલનાએ ગીરમાં વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડોની વિભિન્ન સ્ત્રોતોમાંથી થતી આવકનો ૯૩.૫૬% ભાગ તે પણ પશુપાલનના વ્યવસાયમાંથી મેળવે છે.

આમ, આ ઉપરાંત તેની તુલનાએ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો પણ પશુપાલક હોવાથી તેની આવકનો ૫૪.૦૧% ભાગ પશુપાલનમાંથી મેળવે છે. જયારે જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લામાં ભરવાડો પશુપાલન સાથે સાથે ખેત મજૂરી અને બીજા નાના–મોટા દૂધની ડેરી, ચાની હોટલ તથા એક ગામથી બીજા ગામ રીક્ષા કે મોટર સાઈકલ દ્વારા દૂધ વેચવા જવાના વગેરે ધંધા દ્વારા તે ૧૮.૩૯% આવક ધંધામાંથી મેળવે છે. જેમાં તે કામ મોટાભાગે પુરુષો જ કરે છે.

આ ઉપરાંત બંને જિલ્લામાં સરેરાશ કુટુંબમાં છ થી સાત વ્યકિત હોય ત્યારે તેની કુટુંબ દીઠ માસિક આવક આશરે ૩૦૦ થી ૪૦૦ જેટલી જ હોય ત્યારે આ મોંઘવારીમાં ખર્ચને પહોંચી શકવું મુશ્કેલ છે જે આપણે ખર્ચ વિગત જોતા સ્પષ્ટ ખ્યાલ આવશે.

## ૪.૧૦ વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક :

પ્રસ્તુત અભ્યાસમાં 'પશુપાલક ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ છે. સામાજિક, પરિવર્તન અંગેના અભ્યાસમાં આપણે જોયું કે આવક એ વ્યકિતનો વ્યવહારુ, સામાજિક, આર્થિક મોભો દર્શાવે છે. તે જ રીતે ભરવાડોના જીવન પર સામાજિક, શૈક્ષણિક, ભૌતિક, આર્થિક જીવનની અસર થતાં ખર્ચમાં પણ તેની અસર જોવા મળે છે. આથી અભ્યાસ હેઠળના અનુસંગે ઉત્તરદાતાઓએ વાર્ષિક ખર્ચ અનુસંગે આપેલી માહિતીને નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

# કોષ્ટક નં. ૪.૧૦ વાર્ષિક ખર્ચ દર્શાવતું

| ક્રમ | વાર્ષિક ખર્ચ | જૂના. જિલ્લાના ભરવાડોની વાર્ષિક ખર્ચ (રૂા.) | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ ખર્ચ | કુલ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | કપડા | ૨૨૩૦૦૦ | ૧૮૪૫૦૦ | ૪૦૭૫૦૦ | ૪૦૧૨૦૦ | ૮૦૮૭૦૦ |
| | ટકા | ૬.૦૭% | ૪.૮૯% | ૫.૮૭% | ૬.૨૪% | ૫.૮૩% |
| ૨. | બીડી/તમાકુ | ૨૫૮૦૦૦ | ૨૨૮૭૦૦ | ૪૮૬૭૦૦ | ૩૫૮૦૯૦ | ૮૪૪૭૯૦ |
| | ટકા | ૭.૦૩% | ૬.૦૬% | ૬.૫૪% | ૫.૫૭% | ૬.૦૯% |
| ૩. | સૌંદર્ય–પ્રસાધન | ૭૯૦૦ | ૯૦૦ | ૮૮૦૦ | ૯૨૦૦ | ૧૮૦૦૦ |
| | ટકા | ૦.૨૧% | ૦.૦૨% | ૦.૧૧% | ૦.૧૪% | ૦.૧૨% |
| ૪. | સ્વાસ્થ્ય | ૭૭૦૦૦ | ૪૩૫૦૦ | ૧૨૦૫૦૦ | ૧૩૦૧૦૦ | ૨૫૦૬૦૦ |
| | ટકા | ૨.૦૯% | ૧.૧૫% | ૧.૬૨% | ૨.૦૨% | ૧.૮૦% |
| ૫. | સામાજિક–ધાર્મિક પાછળ ખર્ચ | ૧૧૮૫૫૦ | ૭૨૦૦૦ | ૧૯૦૫૫૦ | ૨૦૪૮૯૦ | ૩૯૫૪૪૦ |
| | ટકા | ૩.૨૩% | ૧.૯૧% | ૨.૫૬% | ૩.૧૯% | ૨.૮૫% |
| ૬. | શૈક્ષણિક | ૪૬૧૫૦ | ૭૨૦૦ | ૫૩૩૫૦ | ૪૪૬૦૦ | ૯૭૯૫૦ |
| | ટકા | ૧.૨૫% | ૦.૧૯% | ૦.૩૭% | ૦.૬૯% | ૦.૭૦% |
| ૭. | સરકારી ટેક્સ | ૨૬૨૫૦ | ૧૧૨૦૦ | ૩૭૪૫૦ | ૪૧૪૦૦ | ૭૮૮૫૦ |
| | ટકા | ૦.૭૧% | ૦.૨૯% | ૦.૫૦% | ૦.૬૪% | ૦.૫૬% |
| ૮. | ઈલેક્ટ્રીક બીલ | ૪૭૫૬૦૦ | ૫૧૬૦૦ | ૫૨૭૨૦૦ | ૬૨૭૭૦૦ | ૧૧૫૪૯૦૦ |
| | ટકા | ૧૨.૯૬% | ૧.૩૬% | ૭.૦૮% | ૯.૭૯% | ૮.૩૩% |
| ૯. | મકાનભાડુ | ૪૫૬૦૦ | – | ૪૫૬૦૦ | ૮૪૬૦૦ | ૧૩૦૨૦૦ |
| | ટકા | ૧.૨૪% | – | ૦.૬૧% | ૧.૩૧% | ૦.૯૩% |
| ૧૦. | પશુપાલન પાછળ | ૧૯૪૪૦૦૦ | ૨૯૬૩૫૦૦ | ૪૯૦૭૫૦૦ | ૩૨૭૯૦૦૦ | ૮૧૮૬૫૦૦ |
| | ટકા | ૫૨.૯૯% | ૭૮.૬૪% | ૬૫.૯૯% | ૫૧.૦૭% | ૫૯.૦૮% |
| ૧૧. | અન્ય ખર્ચ | ૪૪૬૦૦૦ | ૨૦૫૦૦૦ | ૬૫૧૦૦૦ | ૧૨૩૯૦૦૦ | ૧૮૯૦૦૦૦ |
| | ટકા | ૧૨.૨૨% | ૫.૪૯% | ૮.૭૫% | ૧૯.૩૪% | ૧૩.૭૧% |
| | કુલ ખર્ચ | ૩૬૬૮૦૫૦ | ૩૭૬૮૧૦૦ | ૭૪૩૬૧૫૦ | ૬૪૧૯૭૮૦ | ૧૩૮૫૫૯૩૦ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

## ૪.૧૧ ભોજનસામગ્રીમાં ખર્ચ દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસ પશુપાલક ભરવાડ સમાજમાં જોઈએ તો આ સમાજમાં ઘર વખરીમાં પરિવર્તન આવ્યું છે તેમજ તેની આવક પણ પશુપાલન સાથે અન્ય વ્યવસાયના કારણે વધતી ગઈ છે. તે જ રીતે ખર્ચનું પ્રમાણ પણ વધતું જાય છે. અહીં ભોજન સામગ્રીમાં ખર્ચ દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.

### કોષ્ટક નં. ૪.૧૧ ભોજન ખર્ચ દર્શાવતું

| ક્રમ | ભોજન ખર્ચ | જૂના. જિલ્લાના ભરવાડોની ભોજન ખર્ચ (રૂા.) | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ ખર્ચ | કુલ ભોજન ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | અનાજ | ૪૫૮૬૮૦૨ | ૮૧૬૪૦૦ | ૫૪૦૩૨૦૨ | ૧૮૮૧૯૦૦ | ૭૨૮૫૧૦૨ |
| | ટકા | ૬૩.૬૫% | ૨૯.૮૭% | ૫૪.૩૬% | ૩૮.૮૦% | ૪૯.૨૫% |
| ૨. | દૂધ | ૯૭૨૦૦ | ૨૫૨૦૦ | ૧૨૨૪૦૦ | ૪૩૩૮૪૦ | ૫૫૬૨૪૦ |
| | ટકા | ૧.૩૪% | ૦.૯૨% | ૧.૨૩% | ૮.૯૪% | ૩.૭૬% |
| ૩. | તેલ | ૬૯૩૬૦૦ | ૧૦૭૯૦૦૦ | ૧૭૭૨૬૦૦ | ૧૦૦૩૬૦૦ | ૨૭૭૬૨૦૦ |
| | ટકા | ૯.૬૨% | ૩૯.૪૯% | ૧૭.૪૩% | ૨૦.૬૯% | ૧૮.૭૭% |
| ૪. | શાકભાજી | ૬૦૦૬૦૦ | ૩૬૭૦૦૦ | ૯૬૭૬૦૦ | ૮૧૮૮૦૦ | ૧૭૮૬૪૦૦ |
| | ટકા | ૮.૩૩% | ૧૩.૪૩% | ૯.૭૩% | ૧૬.૮૮% | ૧૨.૦૭% |
| ૫. | ચા,મસાલા,ગોળ | ૧૨૨૯૧૦૦ | ૪૪૪૭૦૦ | ૧૬૭૩૮૦૦ | ૭૧૧૭૦૦ | ૨૩૮૫૫૦૦ |
| | ટકા | ૧૭.૦૬% | ૧૬.૨૯% | ૧૬.૮૫% | ૧૪.૬૯% | ૧૬.૧૫% |
| | કુલ | ૭૨૦૭૩૦૨ | ૨૭૩૨૩૦૦ | ૯૯૩૯૬૦૨ | ૪૮૪૯૮૪૦ | ૧૪૭૮૯૪૪૨ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

આમ, ઉપરોકત કોષ્ટકોના આધારે સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તેમજ ભોજન પાછળ થતો ખર્ચ જોઈ શકાય છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં કુલ ૩૦૦ કુટુંબોના જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં જેમ મોટાભાગની આવક પશુપાલનથી થાય છે તેવી જ રીતે સાથે સાથે પશુને પાછળ ખર્ચ પણ વધુ ૫૨.૯૯% થાય છે. જેમ કે પશુને ખોળ સાજે માંદે દવાદારૂ જેવામાં ખર્ચ થતો હોય છે ત્યારબાદ અન્ય નાના–મોટા ખર્ચ જેવા કે સ્વાસ્થ્ય, સામાજિક, ધાર્મિક પ્રસંગો અને તેઓમાં મોટાભાગે પુરુષો બીડી, તમાકુ અને ચાના વ્યસન ધરાવતા હોય ત્યારે તેની પાછળ પણ ખર્ચ જોવા મળતો હોય છે. આમ, તેની તુલનાએ ગીરમાં વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં પણ પશુઓની સંખ્યા વધુ હોય તેમજ જેટલા પશુઓ હોય તેટલા દૂધ આપતા જ હોય તેવું નથી. આમ, તે દૂધ આપે કે ન આપે પણ તેના માટેના ખોરાક, દવા વગેરેનો ખર્ચ તો કરવો જ પડે છે. આમ, તેની સાથે સાથે તેમાં પણ બીડી, તમાકુ જેવા વ્યસન તેમજ તેઓના મકાન સરકારી જમીનમાં હોય ભાડાનો સવાલ નથી પરંતુ તેનો ધાર્મિક, સામાજિક પોશાક વગેરે પાછળ ખર્ચ થાય છે.

આમ, આ સાથે જૂનાગઢ જિલ્લાના ભોજન પાછળ પણ ખર્ચ બક્ષીપંચ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં મોટાભાગે અનાજ અને તેલ તથા ગોળ, ખાંડ તેમજ શાકભાજી જેવા પાછળ ખર્ચ થતો હોય છે. ત્યારબાદ દૂધ પાછળ સૌથી ઓછો ખર્ચ ૧.૨૩% થાય છે. કારણ કે મોટાભાગે પોતાના ઘરે પશુ હોવાથી દૂધ ઘરનું જ હોય છે.

આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાની તુલનાએ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં આખા વર્ષનો ખર્ચ પશુપાલન પાછળ ૫૧.૦૭% જોવા મળે છે. ત્યારબાદ જામનગર જિલ્લાના ગામોમાં વસતા ભરવાડો ઉપર આધુનિક સમાજની થોડી ઘણી અસર જોવા

મળતા તે કપડા, વ્યસન, સામાજિક, ધાર્મિક ઉપરાંત અન્ય નાની–મોટી ચીજવસ્તુઓ પાછળ ખર્ચ કરતાં જોવા મળે છે.

આ સાથે તેઓ ભોજનમાં પણ અનાજ અને તેલ મસાલા પાછળ ખર્ચ જૂનાગઢ જિલ્લાની તુલનાએ વધુ કરતાં જોવા મળે છે.

## ૪.૬ ધાર્મિક માન્યતાઓ તથા ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ :

ભરવાડ સમાજ મૂળ કરીને શ્રીકૃષ્ણના પૂજક એટલે કે ઠાકોરજીમાં ભારે શ્રદ્ધા રાખે છે એમના પછી શ્રદ્ધાનું સ્થાન શંકર ભગવાન અને માતાજીનું આવે છે. છેલ્લે છેલ્લે રામદેવપીર નકલંક અને બીજુ મંદિર જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં રણુંજા (વોડીસાંગ/દેવપુર) ગામે પણ રામદેવપીરનું મંદિર આવેલ છે જેમાં તે લોકો ખૂબ શ્રદ્ધા ધરાવે છે અને ત્યાં તેની મંદિરોમાં જગ્યા પણ આવેલી છે જેને ભરવાડોની જગ્યા કહે છે. જગ્યાના ભગત પણ ગૃહસ્થી ભરવાડ જ હોય છે જે જગ્યાની કે અંગત જમીન વાવે–વાપરે અથવા ગામમાંથી ટેલ–ટપુ કરી, દાણાં–નાણાં ઉઘરાવી, દર્શને આવનારની આગતા–સ્વાગતા કરવી અને સદાવ્રત ચલાવવા એ એમનું કામ છે.

આ ઉપરાંત ઠાકોરજી તેમજ ભરવાડો અનેક દેવ–દેવીઓને માને છે તેમજ તેમના ઘરોમાં મંદિરની જગ્યામાં ખોડિયાર, નાગબાઈ, મોમાઈ, ચામુંડા વગેરે દેવીઓની મૂર્તિ હોય છે જેની ભરવાડ સ્ત્રીઓ પૂજા કરે છે. તેમજ પૂજા પાઠ અને રોજ ધૂપ–દીપ પણ કરે છે.

આમ, તે મચ્છુ, ખોડિયાર, આશાપુરા, બુટ, શીતળા વગેરેમાં શ્રદ્ધા ધરાવતા હોય છે. માતાના સ્થાનક ફળિયામાં ગામને પાદરે અથવા કોઈ વૃક્ષની નીચે હોય છે. આ ઉપરાંત દરેકને પોતપોતાના કૂળદેવી હોય છે.

ત્યારબાદ ભરવાડ સમાજમાં હિંગળાજની જાત્રાનો ઘણો મોટો મહિમા આ લોકોમાં હતો. આમ, તે ઠાકોરજીની પૂજાની સાથે સાથે તે દેવીઓની પૂજા કરે છે તેથી કહી શકાય કે ઠાકોરજીની પૂજા આવી ખરી પણ દેવીઓનું સ્થાન લઈ શકી નહીં. આથી કહી શકાય ભરવાડ સમાજમાં મહિલાઓનું ધાર્મિક સ્થાન સારુ છે.

*** ભગત–ભૂવા :**

ભરવાડોના સામાજિક ક્ષેત્રોમાં જેમ જ્ઞાતિપંચનું મહત્વ હતું તે જ રીતે ધાર્મિક ક્ષેત્રે ભગત–ભુવાનું સામ્રાજય પ્રવર્તતું હતું. જગ્યાના ભગતના પરચાના ભયથી પહેલાના સમયમાં અંધ–વિશ્વાસુ સમાજ ભગતના વેણ રાખતો, મુંઝવણમાં માળા જોવડાવતો, ચોરી–ચપાટી વખતે ધૂપેલિયું ઉપડાવતો વગેરે પ્રચાર દ્વારા ભગતના મહિમાને વધારવામાં આવતો અને પ્રસંગોપાત કુટુંબમાંથી જ આ કુળદેવીનો ભૂવો સ્થાપેલ હોય તે ધૂણે, દાવા જુએ છે. પૂજા–પાઠ કરે છે. નવરાત્રિને માહ માસની આઠમે બે–પાંચ ગામના કુટુંબીજનો માંડવો નાંખે છે, ભૂવા ધૂણે છે. નવરાત્રિમાં એક ટંક જમે છે, ભરવાડો બાધા–માનતામાં ખૂબ માને છે. ઘરમાં કોઈ માંદું પડી જાય તો ભૂવાને બોલાવી દાણા જોવડાવતા જેમાં હવે પરિવર્તન આવતા આ ભગતોનો પ્રભાવ ઘટવા લાગ્યો છે.

*** ભૂત–પ્રેત :**

ભરવાડ સમાજમાં લોકો ગ્રામીણ વિસ્તારમાં રહેતા તે લોકો અંધશ્રદ્ધામાં વધારે માનતા હતા. તેઓ એવું માને છે કે ભૂત–પ્રેત એ બીજી કોઈ વ્યકિત નથી પરંતુ ઘરની મરેલી વ્યકિતઓને અસંતોષ રહી ગયો હોય ત્યારે તે ભૂત–પ્રેત બને છે. જેમાં ભૂત વગેરેના વળગાડમાં પણ આ લોકો વિશ્વાસ ધરાવવાના કારણે તેને કઢાવવા માટે તે ભૂવા પાસે જતા હતા. જેનું પ્રમાણ હવે ઓછું થઈ જતા લોકો અંધશ્રદ્ધાના વિશ્વાસમાંથી લોકો બહાર આવવા લાગ્યા છે.

*** જાદુ :**

દેવ–દેવીઓને પ્રસન્ન કરીને પોતાને ઈચ્છિત ફળ મેળવવા માટે જો તેની પૂજા–આરાધના કરવામાં આવે તો તેને ધર્મ કહેવાય છે. પરંતુ જયારે કેટલીક દેવ–દેવીઓની શકિતઓને ભગત–ભૂવા દ્વારા વશમાં કરીને ઈચ્છિત કામ કરાવે છે તેને જાદુ કહેવામાં આવે છે.

જાદુ વિશે ભરવાડ સમાજમાં બે પ્રકાર જોવા મળે છે.

**(૧) કલ્યાણકારી જાદુ :**

કલ્યાણકારી જાદુનો ઉપયોગ ભરવાડ સમાજનાં હિતને ઘ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેમ કે આ પશુપાલક સમાજના લોકોમાં પશુઓના રોગને દૂર કરવા, કોઈ વ્યકિતના શરીરમાં ભૂત–પ્રેત વગેરે હોય તો તેને દૂર કરવા તેના જાણકાર ભૂવા દ્વારા તેને જાદુથી દૂર કરવામાં આવે છે. જે. આપણે ભગત–ભૂવામાં જોયું કે ભૂવા સમાજ માટે ઉપયોગી છે તે દેવી–દેવતાઓની સાથે સાથે ભૂતપ્રેતના પણ સાધક હોય છે. તેથી ડાકણ, ચુડેલ વગેરે ભૂવાથી ડરતા હોય છે. કારણ કે ભૂવો પોતાની જાદુઈ શકિત દ્વારા મંત્રશકિતનો ઉપયોગ કરી તે પ્રેતને કાઢવા માટે દાણા જોવે, દેવી–દેવતાની પૂજા, નૈવેદ્ય કરાવે છે જેનાથી જે જાદુ હોય તે દૂર થઈ જાય છે.

**(૨) અનિષ્ટકારી જાદુ :**

આ જાદુનો ઉપયોગ માણસને નુકસાન કરવા માટે થાય છે. એટલે કે ડાકણ જે માણસને જાનથી મારી નાખવા, હેરાન કરવા, આ અનિષ્ટકારી જાદુનો ઉપયોગ કરે છે. ભૂવાની જેમ ડાકણનો પણ એક ગુરૂ હોય છે જે તેને આ બધી જાદુઈ વિદ્યા શીખવે છે તે માણસને પોતાના વશમાં વ્યકિતને કરી તેના દ્વારા તે

અન્ય વ્યકિતઓને પણ નુકસાન પહોંચાડે છે. એક વ્યકિત બીજી વ્યકિતને નુકસાન પહોંચાડવા આ અનિષ્ટકારી જાદુનો ઉપયોગ કરે છે.

આમ, ધાર્મિક ક્ષેત્રે કેટલીક આવી માન્યતાઓ, અંધવિશ્વાસ જોવા મળે છે. જેમાં હવે તે અંધવિશ્વાસનું પ્રમાણ ખૂબ ઓછું થતું જાય છે.

## ૪.૭ શિક્ષણક્ષેત્રે સ્ત્રીની સ્થિતિ :

કોઈપણ દેશના ઝડપી આર્થિક વિકાસ માટે શિક્ષણ એક ચાવીરૂપ છે. પછી તે આદિમ સમાજ હોય કે આધુનિક, વિકસિત જ્ઞાતિ હોય કે પછાત જ્ઞાતિ અને તેમાં પણ પુરુષ હોય કે સ્ત્રી દેશના ભાવિ વિકાસનો આધાર શિક્ષણ છે. તેમાં પુરુષ અને સ્ત્રી ગાડીના બે પૈડા છે. ભરવાડ સમાજમાં શિક્ષણ પુરુષ જ ના મેળવે તો સ્ત્રી કયાંથી મેળવે ! પરંતુ હવે પહેલાં કરતાં થોડી–ઘણી સ્ત્રીઓ હવે શિક્ષણ મેળવવા લાગી છે જેનાં આધારે ભરવાડ સ્ત્રીઓની લગ્નવય જોઈએ તો પહેલાં ૧૩–૧૫ વરસની હોય ત્યાં લગ્ન કરી દેવામાં આવતા જયારે શિક્ષણના કારણે થોડીક જાગૃતિ આવતા લગ્ન વયમાં વધારો થતાં ૧૮–૨૦ વર્ષની ઉંમરે થવા લાગ્યા છે જેમાં અભ્યાસ હેઠળનાં ભરવાડ સમાજનાં કુટુંબોમાં સ્ત્રીને શિક્ષણ ન આપવાનું કારણ જણાવે છે કે ભરવાડ સમાજના લોકો ગામ વિસ્તારમાં છેવાડે છૂટાં–છૂટાં ઘર બાંધીને રહેતા હોવાથી તેઓનાં ઘરથી સ્કૂલનું અંતર વધારે રહેતું. બીજુ કે પોતાના ગામમાં પ્રાથમિક શાળા હોય તો પણ બધા જ ગામોમાં ધોરણ ૧ થી ૭ સુધીની સગવડતા ન હોવાથી મોટાભાગે ધોરણ ૧ થી ૪ સુધી જ સગવડ ગામમાં હોવાથી તેટલું જ શિક્ષણ સ્ત્રી લેતી, ઉપરાંત શિક્ષણ મેળવવા કરતાં સ્ત્રીને ઘરકામ શીખવવાની વધારે હોંશ હોવાના કારણે તેને સ્કુલે ઓછી મોકલતા તે લોકોની શૈક્ષણિક સ્થિતિ સ્ત્રીમાં સાવ નિમ્નકક્ષાની જોવા મળતી હતી. જેમાં આપણે આગળ જોયું કે થોડી ઘણી જાગૃતતા આવતા હવે શિક્ષણ મેળવવા લાગી છે. શિક્ષણનાં કારણે તે જાહેર જીવનમાં પણ ભાગ

લેતી થઈ, ઘરની ચાર દિવાલોમાંથી બહાર આવી ઘરનાં કાર્યો સાથે આર્થિક વ્યવસાયમાં પણ જોડાવવા લાગી છે.

આમ જોઈએ તો અન્ય સમાજની તલુનાએ ભરવાડ સમાજની સ્ત્રીઓમાં હજુ પણ શૈક્ષણિક સ્થિતિ પછાત જોવા મળે છે જે આપણે જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અનુ. જ. ના ભરવાડ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક જોઈશું તેનાથી તેનો શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ સ્પષ્ટ થશે જે નીચે મુજબ છે.

## ૪.૧૨ સ્ત્રી ઉત્તરદાતાઓમાં શિક્ષણ દર્શાવતું કોષ્ટક :

અભ્યાસ હેઠળની પશુપાલક ભરવાડ સ્ત્રીઓની શિક્ષણમાં હાલની સ્થિતિ કેવી છે તે તપાસવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

### કોષ્ટક નં. ૪.૧૨ ઉત્તરદાતાઓમાં શિક્ષણ

| ક્રમ | શિક્ષણ | જૂનાગઢ જિલ્લાના ભરવાડોની સંખ્યા | | કુલ જુનાગઢ જિલ્લાની બક્ષીપંચ અનુ. જનજાતિ ભરવાડ | જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ ભરવાડ | અનુ. જનજાતિ ભરવાડ | | | |
| ૧. | અભણ | ૧૪૬ | ૮૫ | ૨૩૧ | ૧૯૫ | ૪૨૬ |
| | ટકા | ૭૮.૦૭% | ૮૪.૧૫% | ૮૦.૨૦% | ૭૭.૬૮% | ૭૯.૦૩% |
| ૨. | પ્રાથમિક શિક્ષણ | ૩૮ | ૧૫ | ૫૩ | ૪૩ | ૯૬ |
| | ટકા | ૨૦.૩૨% | ૧૪.૮૫% | ૧૮.૪૦% | ૧૭.૧૩% | ૧૭.૮૨% |
| ૩. | માધ્યમિક શિક્ષણ | ૩ | ૧ | ૪ | ૧૨ | ૧૬ |
| | ટકા | ૧.૬૧ | ૧% | ૧.૪૦% | ૪.૭૮% | ૨.૯૬% |
| ૪. | ઉચ્ચત્તર | – | – | – | ૧ | ૧ |
| | ટકા | – | – | – | ૦.૪૧% | ૦.૧૯% |
| | કુલ સંખ્યા | ૧૮૭ | ૧૦૧ | ૨૮૮ | ૨૫૧ | ૫૩૯ |
| | ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળની કુલ ૭૪૬ સ્ત્રી ઉત્તરદાતાઓમાંથી જૂનાગઢ જિલ્લામાં અભણ સ્ત્રીઓની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૧૪૬ (૭૮.૦૭%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં ૮૫ (૮૪.૧૫%) છે. જયારે પ્રાથમિક શિક્ષણ મેળવેલ અને મેળવતી હોય તેવી સ્ત્રી જૂનાગઢ જિલ્લામાં સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩૮ (૨૦.૩૨%) અને અનુસૂચિત જનજાતિ ભરવાડમાં ૧૫ (૧૪.૮૫%) છે. જયારે માધ્યમિક શિક્ષણ મેળવતી સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા બક્ષીપંચ ભરવાડમાં ૩ (૧.૬૧%) અને અનુસૂચિત જનજાતિમાં ૧ (૧%) છે. જયારે ઉચ્ચત્તર શિક્ષણ મેળવતી સંખ્યા એકપણ જૂનાગઢ જિલ્લામાં જોવા મળતી નથી.

જયારે કુલ ૭૪૬ સ્ત્રી ઉત્તરદાતાઓમાંથી જામનગર જિલ્લાના અભ્યાસ હેઠળની બક્ષીપંચ ભરવાડમાં અભણ સ્ત્રીઓની સંખ્યા ૧૯૫ (૭૭.૬૮%), પ્રાથમિક શિક્ષણ મેળવેલ સંખ્યા ૪૩ (૧૭.૧૩%), માધ્યમિક શિક્ષણ મેળવનારની સંખ્યા ૧૨ (૪.૭૮%) છે તથા ઉચ્ચત્તર શિક્ષણ મેળવનારની સંખ્યા ફકત ૧ જ જોવા મળે છે.

આમ, ઉપરોકત ભરવાડ સ્ત્રીઓની શૈક્ષણિક સ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રીઓને શૈક્ષણિક દરજ્જો નિમ્નકક્ષાનો જોવા મળે છે. કારણ કે તેઓ કહે છે કે દીકરીને સાસરે વળાવવાની હોય તો તેની પાછળ ભણાવવાનો ખર્ચ કરવા કરતાં તેને રોટલા ઘડતા આવડે, છાણ–વાસીદું તેમજ ઘરના કામ આવડે એટલે બસ ભયો – ભયો....

પરંતુ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું કે જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ કરતાં જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓનો શૈક્ષણિક દરજ્જો ઊંચો ચડતો હોઈ તેવું લાગે છે. જયારે ગીરની અનુસૂચિત જનજાતિય ભરવાડ સ્ત્રીઓ બંને

જિલ્લાની બક્ષીપચ ભરવાડ સ્ત્રીઓ કરતાં નીચો શૈક્ષણિક દરજ્જો ધરાવે છે. કારણ કે ત્યાં શિક્ષણ માટે જંગલ બહાર જવું પડતું હોવાથી તેમજ ઘરકામ અને ભાઈ–બેનને સાચવવાની જવાબદારી હોવાથી વધુ તો તે પ્રાથમિક શિક્ષણ મેળવે છે. ત્યારબાદ તે શિક્ષણ છોડી દે છે. આમ, આ કારણે ભરવાડ જ્ઞાતિમાં અન્ય જ્ઞાતિની મહિલાઓ કરતાં શૈક્ષણિક સ્થિતિ નિમ્નકક્ષાની જોવા મળે છે.

## ૪.૮ રાજકીયક્ષેત્રે સ્ત્રીની સ્થિતિ :

સ્ત્રીની વ્યસાયિક સ્થિતિ વિશે આપણે જોયું કે વ્યવસાય કરતી સ્ત્રીનો દરજ્જો સમાજમાં થોડો સુધર્યો છે. હવે આપણે સ્ત્રીનું રાજકીયક્ષેત્રે કેવી સ્થિતિ છે તે વિશે જોઈએ.

૧૯૫૦ માં સ્વતંત્ર ભારતનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું. બંધારણનું ઘડતર ઉદારમતવાદી વિચારસરણીને અનુલક્ષીને કરવામાં આવ્યું. તેથી ઉદારમતવાદનાં જે સિદ્ધાંતો છે. સમાનતા, સ્વતંત્રતા, વ્યકિતનું મહત્વ, બિનસાંપ્રદાયિકતા તેમને બંધારણમાં સ્થાન મળ્યું. તેથી લૈગિક પાયા પર સ્ત્રી–પુરુષ વચ્ચેના સમાજમાં જે ભેદભાવ હતા તે દૂર થયા. ઉદારમતવાદ લોકશાહીની તરફણ કરે છે.

પરંપરાગત ભારતીય સમાજમાં સામાન્ય રીતે સ્ત્રીને કોઈ રાજકીય અધિકાર કે જાહેર જીવનનો અધિકાર ન હતો. તેનું કાર્યક્ષેત્ર માત્ર ઘર જ ગણાતું બ્રિટીશ અમલ દરમ્યાન સુધારણા–સ્વાતંત્ર્ય ચળવળ પ્રક્રિયાથી સ્ત્રી ઘર બહાર નીકળવા લાગી અને રાજકીય અધિકાર કે જાહેરજીવનના અધિકાર પ્રાપ્તિની પ્રક્રિયા વિકસવા લાગી તેમજ સ્ત્રીઓએ રાજકીય જાહેર જીવનમાં પ્રવેશ કર્યો.

આમ, રાજનૈતિક ક્ષેત્રે સ્થિતિ જોઈએ તો ભરવાડ સમાજમાં સ્ત્રીઓનું મહત્વ ઓછું છે, પરંતુ કયારેક કયારેક કોઈ બાબતોમાં મોટી ઉંમરની સ્ત્રીઓની સલાહ પણ મહત્વ પૂર્ણ માનવમાં આવે છે.

ભરવાડ પુરુષને જ 'રાજકારણ' એટલે શું ? કે 'મત એટલે શું ? તે જ ખબર ન હોય ત્યારે સ્ત્રીને તો કયાંથી ખબર હોય ! આજથી સાઠ વર્ષ પહેલા રાજકારણમાં ભરવાડોમાં સમજ કે વિકાસ જ નહોતો.

આજે જોઈએ તો હજારોની સંખ્યામાં ગ્રામપંચાયતના સભ્યો કયાંક સરપંચ તરીકે ચૂંટાવા લાગ્યા છે. તેમાં બહેનો સરપંચપદે તથા નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાઈ આવી સેવાઓ આપી રહી છે.

પરંતુ જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલા કરતાં નેસની આદિવાસી ભરવાડ મહિલા રાજકીયક્ષેત્રે સાવ નિમ્નકક્ષાનું સ્થાન ધરાવે છે. જયારે જૂનાગઢ કરતાં જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલા થોડી ઘણી રાજકીયક્ષેત્રે જાગૃત હોવાથી મધ્યમકક્ષાનું સ્થિતિ ધરાવે છે. આમ, અન્ય સમાજની મહિલાની બરાબરીએ ભરવાડ મહિલા રાજકીય સ્થાન મધ્યમકક્ષાનું ધરાવે છે.

## –:: સંદર્ભસૂચિ ::–


૧. ડૉ. ધ્રુવ શૈલેજા – ડૉ. રાવલ ચંદ્રિકા : ''નારીવ્યથા'' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ–૨૦૦૨.

૨. રૂબરૂ મુલાકાત : ગમારા ચેતનાબેન, લાભુબેન : બિલખા ગામ, જિલ્લો : જૂનાગઢ. તા. ૨૨/૭/૨૦૦૯

૩. ભરવાડ સુરાભાઈ : ''પરિવર્તનના પંથે ભારતનો પશુપાલક ભરવાડ'', ગુજરાત ગોપાલક સમિતિ, અમદાવાદ–૨૦૦૬

૪. પાંડુરંગ દેશપાંડે અને હટ્ટન એચ. જે. : ''હિન્દુસ્તાનની જ્ઞાતિસંસ્થા'' પ્રકાશક : કંચનલાલ ચંદુલાલ પરીખ, રજિસ્ટ્રાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૧૯૬૦, પા.નં. ૬૪

૫. Campbell J. H. : "Hindu Caste & Tribes of Gujarat, Vintage Books, Haryana-1968.

૬ Shrinivas N. S. : "Social change in Modern in Modern India" Allied Publication" Bombay-1966

૭. ભરવાડ સુરાભાઈ : ''ભરવાડ નારીની વેદના'', ગુજરાત ગોપાલક સમિતિ, અમદાવાદ–૨૦૦૬, પા.નં. ૧૪૪ થી ૧૪૬

૮. દેસાઈ ર.બ. : ''સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ–૧, પછાતવર્ગ બોર્ડ, અમદાવાદ, ૧૯૫૭

૯. डॉ. देसाई नीरा : ''भारतीय समाज में स्त्री'', आर. आर. शेठनी कंपनी, मुंबई – १९७४

૧૦. डॉ. श्रीनिवास मिश्र : ''भारतीय महिलाओ की सामाजिक एवम् आर्थिक स्थिति :

૧૧. ડૉ. જોષી પારૂલબેન : ''સૌરાષ્ટ્રના આહીરો'', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૮.

# -:: ફોટો સેશન ::-



















## પ્રકરણ–૫

# સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૫.૧ પ્રસ્તાવના

૫.૨ પરિવર્તન

૫.૩ સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકાઓમાં પરિવર્તન

૧. સામાજિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૨. આર્થિક જીવન ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૩. ધાર્મિક જીવનક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૪. શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૫. રાજકીયક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

૬. જીવનચક્ર ક્ષેત્રે પરિવર્તન

૫.૪ ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન

# પ્રકરણ–૫

# સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન

## ૫.૧ પ્રસ્તાવના :

માનવવસ્તીમાં પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ લગભગ સમાન રહ્યું છે. સમાજની જરૂરિયાતોમાં પરિવર્તન આવતા સમાજવ્યવસ્થા માળખામાં વ્યાપક સ્તરે પરિવર્તન આવે છે. જેની અસર સ્ત્રીઓ અને પુરુષોના દરજ્જા અને ભૂમિકા પર જોવા મળે છે.

ભારતમાં સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન માટે અનેકવિધ યોજનાઓ, કાર્યક્રમો બનાવવામાં આવ્યા છે. તદપરાંત ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને પશ્ચિમીકરણની પ્રક્રિયાએ સમગ્ર સમાજ વ્યવસ્થામાં ખૂબ મોટા પાયા પર પરિવર્તન લાવ્યા છે. જેની અસર સ્ત્રીઓના સ્થાન ઉપર પણ થઈ છે.

સમાજ પ્રાકૃતિક રૂપે ગતિશીલ છે. એ કયારેય સ્થિર રહી શકતો નથી પછી તે પ્રાચીન પાષાણયુગનો સમાજ હોય આદિવાસી સમાજ હોય કે ભરવાડ સમાજ, ગ્રામીણ સમાજ કે ઔદ્યોગિક – આધુનિક વિકસીત શહેરી સમાજ હોય. માનવ સમાજ અંદર અથવા બહારની શકિતઓના દબાણનાં પરિણામ સ્વરૂપે ધીમે–ધીમે પરિવર્તન આવે છે.

દરેક સમાજને જીવન જીવવાની એક શૈલી છે. આ જીવનશૈલી સમય સમયના વહેણ સાથે પરિવર્તન પામવી જોઈએ. જો પરિવર્તન ન પામે તો ખાબોચિયમાં બંધિયાર બનેલા પાણી પર લીલ કે શેવાળ જામી જાય તેવી પરિસ્થિતિ જે તે જ્ઞાતિ પછી તે ભરવાડ સમાજ પણ કેમ ના હોય ! તેમાં પણ થવા લાગે છે. જેમ પ્રકૃત્તિ રચિત ઋતુચક્રમાં પાનખર ઋતુનું મહત્વ વસંતમાં પાંગરતા નૂતન પુષ્પ–પલ્લવ પરત્વે રહેલું છે. વિસર્જન એ નવસર્જન માટે આવશ્યક છે. એ રીતે રૂઢ થયેલ અને જર્જરિત થયેલી પ્રણાલિકાઓ

રીતરિવાજો પણ અવલંબિત જીવનશૈલીમાં પરિવર્તન થવું આવશ્યક છે. જે કારણોસર અહીં ભરવાડ સમાજ પર તેની અસર થતાં સ્ત્રીના સ્થાન અને સ્થિતિમાં પરિવર્તન થવું આવશ્યક છે. જે કારણોસર અહીં ભરવાડ સમાજ પર તેની અસર થતાં સ્ત્રીના સ્થાન અને સ્થિતિમા પરિવર્તન થાય છે. આગળના પ્રકરણમાં આપણે સ્ત્રીઓની ભૂમિકા અને સ્થિતિ જોઈ. અહીં આપણે તેની સ્થિતિ અને ભૂમિકામાં આવેલ પરિવર્તન જોઈશું.

## ૫.૨ પરિવર્તન :

ભારતના વિવિધ રાજયોમાં ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક સ્થિતિ, રહેણી–કરણી, સામાજિક રીતરિવાજ, ધાર્મિક માન્યતા તેમજ ધંધા પ્રમાણે ભરવાડો (પશુપાલકો) પોતાનું જીવન જીવી રહ્યા છે. પશુપાલકનો ધંધો એક છે. પરંતુ ભારતના વિવિધ રાજયોમાં પશુપાલકો જુદા જુદા નામોથી ઓળખાય છે. બધા પશુપાલકોમાં વર્ષો બાદ ધીમુ–ધીમુ પરિવર્તન આવી રહ્યું છે. આજથી સાઠ વરસ પહેલાનાં ભરવાડ સમાજના જીવનને અને આજના જીવન તરફ જો દષ્ટિપાત કરવામાં આવે તો એમાં આભ–જમીન જેટલું અંતર લાગે.

સમય–સંજોગ પ્રમાણે સમાજમાં પરિવર્તન આવતું જ હોય છે. પછી તે ભરવાડ સમાજ હોય કે અન્ય સમાજ જેમ પાનખર ઋતુની વિદાય સાથે વસંતનું આગમન થતું હોય છે, તે રીતે જૂના ખ્યાલો, જૂની માન્યતાઓ, જૂની પ્રણાલિકાઓ અને જૂની વિચાર ધારાઓનું વિસર્જન થતું હોય છે અને નવી વિચારધારા આવે છે.

આમ, પશુપાલક ભરવાડ સમાજની સ્ત્રીઓમાં સામાજિક, આર્થિક, ભૌતિક, રાજનૈતિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે જે પરિવર્તન આવેલ છે. તે નીચે મુજબ છે.

## ૫.૨ સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન :

આ પરિવર્તનશીલ સમાજમાં જયાં દરેક જગ્યાએ વિકાસની પ્રક્રિયા નજરે પડે છે. ત્યારે કેટલીક જગ્યાએ રૂકાવટ પણ જોવા મળે છે. આ વાત સાચી છે કે સમય કયારેય રોકાતો નથી તે પોતાની સાથે પરિવર્તન પણ લાવે છે . આજે જયારે ભરવાડ મહિલાઓના સંદર્ભેમાં જોઈએ તો તેની સ્થિતિમાં ઘણું પરિવર્તન જોવા મળે છે તેને આગળ લઈ જવા માટે ઘણા નિયમ, કાનૂન, અધિકાર બનાવ્યા છે. પરંતુ મોટી નિરાશા ત્યારે થાય છે જયારે આ અડધા સમાજની વાસ્તવિકતા સામે આવે છે, એવું નથી કે સ્થિતિ બહેતર નથી થઈ પરંતુ જેટલો પ્રયત્ન કર્યો છે તેને જોતા આ ઘણી ઓછી છે.

સ્ત્રી જે પરિવારનું મધ્યબિંદુ છે, બધા સાથે તે અત્યંત જોડાઈને રહે છે તેમાં મા, બહેન, પુત્રી બની બધા માટે હંમેશા તત્પર રહેતી હોય છે.

કોઈપણ અન્ય સમાજ હોય કે ભરવાડ સમાજ અથવા રાષ્ટ્રના સર્વોમુખી સમાજમાં  સ્ત્રી અને પુરુષનું સમાન મહત્વ હોય છે. પુરુષ જયારે આ સમાજમાં ઘર બહારના કાર્યો કરે છે, તો સ્ત્રી ઘરમાં સેવા અને સ્નેહ આદિથી ઘરનાં વિભિન્ન કષ્ટદાયક દાયિત્વોનો નિર્વાહ કરે છે. સ્ત્રી વિના પુરુષ અપૂર્ણ છે. જીવનરથનાં બે ચક્રોમાં સ્ત્રી તથા પુરુષના એક સમાન ચાલવા પરથી જીવન આનંદમય બની જાય છે. ભરવાડ સમાજમાં સ્ત્રીના વિવિધ રૂપો છે. પુત્રી, માતા, પત્ની, બહેન, પુત્રવધુ આદિ છે.

યુગોના ઉત્થાન–પતનની તરંગોમાં ઝુલતી એવી ભારતીય નારીમાંથી ભરવાડ મહિલાઓને કયારેક તો સમ્માન તો કયારેક પતનની મઝધાર મળી છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને સમ્માનના સર્વોચ્ચ શિખર પર એટલી ઊંચે રાખી કે અર્ધનારીશ્વર એ પાર્વતીને પોતાના મસ્તક પર ધારણ કરી લીધી તથા ભારતીય સંસ્કૃતિમાં તેને લક્ષ્મી,

અન્નપૂર્ણા આદિ વિભૂષણોથી વિભૂષિત કરી તેને પૂજય અને આરાધ્યા માની છે. કદાચ આ કારણોસર જ સ્ત્રીને શ્રીશકિત કહેવામાં આવે છે.

ભરવાડ સમાજમાં પણ સ્ત્રીઓની સ્થિતિ નિમ્નકક્ષાની હતી જેમાં પડદાપ્રથાના કારણે પડદાની દીવાલ એટલી કઠોર કરી દીધી હતી કે તે ફકત ઘરની ચાર દીવાલમાં જ જોવા મળતી હતી. બહાર પગ રાખવો તે ભરવાડ મહિલાઓ માટે મર્યાદાનો પ્રશ્ન બની ગયો હતો તેમજ સ્ત્રીના લગ્ન નાની ઉંમરે કરી દેવામાં આવતા. જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા નહોતી અને તેને પુરુષને આધીન જ રહેવું પડતું હતું. પરંતુ જયારે અત્યારે જોઈએ તો ભરવાડ સમાજમાં પણ શિક્ષણ, ઉદ્યોગીકરણ અને આધુનિકકરણના કારણે સ્ત્રીઓમાં જાગૃતિ આવતા તેમાં પરિવર્તનના બીજ રોપાવા લાગ્યા છે. જેના કારણે અત્યારના સમયમાં જોઈએ તો ભરવાડ સમાજમાં સ્ત્રીઓની પહેલા કરતાં ભૂમિકા તથા સ્થિતિમાં પરિવર્તન આવેલ જોવા મળે છે. કારણ કે સ્ત્રીએ શકિતપૂંજ સાગર છે. સ્ત્રી વિના સમાજનો વિકાસ અધૂરો છે. તેમ ભરવાડ સમાજનો પુરુષ હવે સમજી ગયો છે તેના કારણે સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિમાં પરિવર્તન જોવા મળે છે.

ભરવાડ સમાજનો નિર્માણ સ્ત્રી અને પુરુષ બંનેને મેળવીને થયો છે. કેટલાક સમય પહેલા સ્ત્રીઓની બિલ્કુલ ઉપેક્ષા કરવામાં આવતી નહીં. જયારે તેમાં પરિવર્તન આવતા પરિવારના પુરુષો પણ હવે વિચારવા લાગ્યા છે કે જયારે સ્ત્રીઓ દ્વારા અમને સહયોગ મળે છે તો અમે પણ તેને સહયોગ કેમ ન આપીએ ! આ કારણે ભરવાડ સમાજની સ્ત્રીઓમાં પરિવર્તન આવવા લાગ્યુ છે.

ભરવાડ સમાજની મહિલાઓની પહેલાની સ્થિતિ તથા ભૂમિકા કરતાં હાલની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન બાબતે અમુક સુધારો થતા સ્ત્રીઓ ઘર તથા ઘર બહાર

કાર્ય કરવા લાગી અને થોડું ઘણું શિક્ષણ મેળવતા અનેક વિવિધ ક્ષેત્રે ભૂમિકા ભજવવા લાગી છે. જેના પરિણામે સ્ત્રી–પુરુષ બન્નેના મૂલ્યો, વલણો અને માન્યતાઓમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું છે.

અભ્યાસ હેઠળની પસંદ કરવામાં આવેલ ભરવાડ સમાજની મહિલાઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન બાબતે જૂનાગઢ અને જામનગર જિલ્લાને પસંદ કરેલ છે.

તેમાં જૂનાગઢ–જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલાઓની સ્થિતિ તથા ભૂમિકામાં તો હજુ પણ શહેરી સંપર્ક, શિક્ષણ, સરકારી યા બિન સરકારી સંસ્થાઓ દ્વારા વિકાસ માટે કરવામાં આવેલ પ્રયાસને કારણે પરિવર્તનનું પ્રમાણ ધીમે ધીમે જોવા મળે છે. જયારે જૂનાગઢ જિલ્લાના ગીરના નેસ વિસ્તારમાં વસતી અનુસૂચિત જનજાતિય ભરવાડ મહિલાઓમાં સ્થિતિ તથા ભૂમિકા બાબતે પરિવર્તન આવેલ છે. પરંતુ બક્ષીપંચ ભરવાડ મહિલાઓ જેટલું નહીં. કારણ કે તે જંગલ વિસ્તારમાં વસાવટ કરતી હોવાથી, શહેરી સંપર્કનો અભાવ, શિક્ષણનું ઓછું પ્રમાણ જેવા પરિબળોનાં કારણે પરિવર્તનનું પ્રમાણ તેમાં નિમ્નકક્ષાનું જોવા મળે છે.

ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ પરિવર્તન નીચે મુજબ જોવા મળે છે.

### (૧) સામાજિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન :

આપણે આગળના પ્રકરણમાં ભરવાડ સમાજમાં મહિલાઓની સ્થિતિ અને ભૂમિકા જોઈ. જેમાં સામાજિક જીવનમાં કુટુંબ, લગ્ન અને જ્ઞાતિની અંદર સ્ત્રીઓની એક માતા, પત્ની અને પુત્રી તથા પુત્રવધુ વગેરે સ્વરૂપમાં સ્ત્રીની ભૂમિકા અને સ્થિતિ જોતા ખ્યાલ સ્પષ્ટ થયો છે કે આ સમાજમાં મહિલાઓનું

સ્થાન મહત્વપૂર્ણ જોવા મળે છે. કારણ કે તે દીકરી રૂપે તે માતા–પિતાના પરિવારને, પત્નીરૂપે પતિના પરિવારને અને માતાના રૂપે તે પોતાના ઘર સંસારને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે જેથી આ દરેક સ્વરૂપે ભરવાડ સમાજની મહિલાઓનું મહત્વ જેટલું આંકીએ એટલું ઓછું છે જેમાં –

આધુનિક યુગમાં હવે ભરવાડ સમાજની મહિલાઓનું સામાજિક જીવનમાં પરિવર્તન આવતા તે એક નવા જ સ્વરૂપે આકાર લઈ રહ્યું છે. જેમાં પહેલાં પશુપાલક ભરવાડ સમાજમાં મહિલાઓનું જીવન ફકત ઘર અને પશુની તથા સંતાનોની દેખરેખ પૂરતું જ સીમિત હતું જેને બદલે આજકાલ તે ઘરની સાથે સાથે બહારની પણ કેટલી જવાબદારી તે સંભાળવા લાગી છે તથા સમાજનો દષ્ટિકોણ બદલાવા લાગ્યો છે જેમાં લોકો પોતાની જ્ઞાતિના જૂના રીત–રિવાજો ભૂલી નવાં વિચારો દ્વારા લોકોમાં બદલાવ આવી રહ્યો છે. તે દીકરી પ્રત્યેનાં રૂઢિચુસ્ત બંધનોને તોડી દીકરીને (મહિલા) જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા મળવા લાગી છે. બાળલગ્નો, બાળસગાઈ, દેરવટું, સાળીવટું જેવા રિવાજોમાં અમુક અંશે પરિવર્તન આવતા સ્ત્રીને તેની સ્વતંત્રતાને માન આપી તે પોતાની મરજી મુજબ જીવનસાથી અંગેના વિચારો રજૂ કરી શકે છે.

આમ, આધુનિક સમયમાં કુટુંબપ્રથામાં પરિવર્તન આવતા પહેલાં સંયુકત કુટુંબ હતા જેને બદલે હવે વિભકત કુટુંબપ્રથા અસ્તિત્વમાં આવતા સામાજિક તથા કૌટુંબિક મૂલ્યો અંગે બદલાતા જતાં રીત–રિવાજોનાં કારણે ઘર અને બહારનાં કામ માટે પુરુષ પર આધારો રાખવો નકામો છે. આથી સ્ત્રીના સામાજિક જીવનમાં પરિવર્તન આવતા તે ઘર બહારની જવાબદારી પણ સંભાળવા લાગી છે.

કુટુંબમાં સ્ત્રી–પુરુષનું પ્રમાણ ક્ષેત્રે પરિવર્તનની દષ્ટિએ જોઈએ તો ભારતના ૧૯૯૧ ના સેન્સસ મુજબ દર ૧૦૦૦ પુરુષોએ ૯૨૯ સ્ત્રીઓ છે તે જ રીતે આ જ્ઞાતિમાં પુરુષોના પ્રમાણે ૧૦૦૦ એ ૭૪૬ સ્ત્રીઓ છે જે પુરુષો કરતાં સ્ત્રીઓનાં પ્રમાણમાં ઘટાડો સૂચવે છે.

**કુટુંબમાં સ્ત્રીના સ્થાનમાં આવેલ પરિવર્તન :**

આપણે આગળના પ્રકરણમાં ભરવાડ કુટુંબમાં સ્ત્રીનું સ્થાન કેવું છે તે જોયું હવે તેનું કુટુંબના સ્થાનમાં આવેલ પરિવર્તન વિશે જોઈએ.

**પુત્રી :**

ભરવાડ કુટુંબમાં પુત્રીએ મર્યાદાપૂર્ણ વ્યવહાર કરવો પડે છે અને લગ્નક્ષેત્રે વડીલોની આજ્ઞાને માન આપવું પડે છે. પરંતુ હવે પુત્રીના સ્થાનમાં પરિવર્તન આવતા તે લગ્નક્ષેત્રે સ્વતંત્ર રીતે હા કે ના પાડી શકે તેવા ઉદા. જોવા મળે છે તે પરિવર્તન સૂચવે છે.

**માતા :**

માતા તરીકે પણ સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવેલ છે જેમ કે માતાને પિતાના મૃત્યુ બાદ દેરવટું, સાળીવટું જેવા રિવાજોનું પ્રમાણ હતું તે હવે પરિવર્તન આવતાં ઓછું થયું છે.

**વિધવા :**

વિધવાનું સ્થાન મધ્યમકક્ષાનું જોવા મળતું હતું જેથી વિધવા સ્ત્રીએ અમુક કલરવાળા વસ્ત્રો, સૌંદર્ય પ્રસાધનોનો ત્યાગ જોવા મળતો હતો જેમાં પરિવર્તન

આવતા વિધવા સ્ત્રીનાં સ્થાન તેમજ નાની ઉંમરની હોય તો બીજે લગ્ન કરી ઘરઘણું પણ કરી શકે છે જે પરિવર્તન સૂચવે છે.

સ્ત્રીઓનાં સ્થાન વિશે સ્ત્રીનો અલગ–અલગ સ્વરૂપોમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે. પરંતુ લાજ, પડદાની પ્રથા, મર્યાદા પૂર્ણ વ્યવહાર વગેરે બાબતો યથાવત જોવા મળેલ છે.

**કુટુંબનો પ્રકાર :**

આ જ્ઞાતિમાં કુટુંબના સભ્યો ગ્રામીણ સમુદાયના પરંપરાગત કુટુંબ સંયુકત કુટુંબમાં માનતા હોય છે. પરંતુ વિભકત કુટુંબો એ પરિવર્તન સૂચવે છે. કારણ કે કુટુંબની મુખ્ય આવકનો સ્ત્રોત પશુપાલન અને ખેતી હતા. જેમાં માતા–પિતા બધા પુત્રો અને પુત્રવધુઓ સાથે મળીને કામ કરતા હતા. આથી સામૂહિક આવક રહેતી. હાલ શહેરી સંપર્ક અને સંચાર સાધનોનાં સંપર્કના કારણે કુટુંબમાં અલગ–અલગ વ્યકિતઓનો વ્યવસાય અલગ થવા લાગ્યો જેના કારણે કુટુંબના પ્રકારમાં પરિવર્તન આવવા લાગ્યું.

આમ, જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં શહેરી સંપર્કના કારણે પરિવર્તન આવતા કુટુંબના પ્રકાર એવા સંયુકતના સ્થાને વિભકત કુટુંબના પ્રમાણ જોવા મળે છે જે ગીરના ભરવાડોની તુલનાએ વધારે છે જયારે ગીરમાં પણ વસતા અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સંયુકત કુટુંબ જ જોવા મળતું તેના સ્થાને હવે તે સંચાર માધ્યમોના સંપર્કના કારણે તથા કુટુંબમાં વ્યકિત વ્યવસાય માટે સ્થળાંતર કરતાં તેમાં સંયુકતના સ્થાને વિભકત કુટુંબ પણ જોવા મળે છે.

**કુટુંબનું કદ :**

આ જ્ઞાતિમાં સંયુકત કુટુંબનું પ્રમાણ ઓછું થતાં કુટુંબના કદમાં પણ પરિવર્તન જોવા મળે છે. કારણ કે પહેલા તો ત્રણથી ચાર પેઢીનાં સભ્યો સંયુકત રહેતા હતા જેથી કુટુંબના સભ્યો ઘરમાં દસ–બાર જોવા મળતા પરંતુ હવે શહેરીકરણ, વ્યવસાયમાં પરિવર્તન આવતા ધંધાના કામકાજે બીજે જઈ રહેવા લાગ્યા માટે તેના કુટુંબનું કદ નાનું થતું જાય છે જે કુટુંબના કદમાં પરિવર્તન સૂચવે છે.

**લગ્નપ્રથા અને અન્ય રીતરિવાજોમાં પરિવર્તન :**

ઘરમાં પિતાનું સ્થાન સર્વોપરી ગણાય છે. હિંદુ પરિવાર પદ્ધતિ અનુસાર બે–ત્રણ ગોત્રો છોડીને વિવાહ કરવામાં આવે છે. બાળલગ્નપ્રથા હજુ અમુક જગ્યાએ ચાલુ છે. જે અભ્યાસ હેઠળના બક્ષીપંચ ભરવાડ અને અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં અમુક જગ્યાએ જ ચાલુ છે જેમાં ખાસ કરીને અભણ–પછાત કુટુંબોમાં વધુ જોવા મળે છે. શહેરોમાં જયાં શિક્ષિત લોકો રહે છે ત્યાં બાળલગ્નનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. સગાઈ પણ નાની ઉંમરે ન કરતાં હવે પુખ્તવયે સગાઈ કરી લગ્ન કરવા લાગ્યા છે. દહેજપ્રથા પહેલા નહોતી પરંતુ બીજા સમાજની દેખાદેખીએ આ ભોળા સમાજમાં સામાજિક રોગ લાગુ પડયો છે. જાનમાં સ્ત્રીઓ સામેલ થતી નહીં. પરંતુ હવે કેટલાક શહેરોમાં ધીમે ધીમે સ્ત્રીઓ જાનમાં જતી થઈ છે. પહેલા લગ્નમાં આટા સાટાનો રિવાજ હતો જે હવે ઓછો થયો છે. પહેલા ગામડામાં જાન બે–ત્રણ દિવસ રહેતી હતી અને રાત્રે લગ્ન થતાં હતા હવે શહેરની જેમ દિવસે લગ્ન અને એક જ દિવસમાં લગ્ન થઈ જાય છે.

હિંદુ લગ્ન એક ધાર્મિક અને પવિત્ર સંસ્કાર છે અને તે સંસ્કારની સાથે અનેક પરંપરાગત ખ્યાલો, વિચાર તેમજ પ્રથા જોડાયેલી છે. હિંદુ લગ્ન એક ધર્મ સાથે અને બીજી તરફ જ્ઞાતિપ્રથા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે.

ભારતીય સમાજવ્યવસ્થા સવિશેષ હિંદુ સમાજવ્યવસ્થામાંના વિવિધ પાસાઓમાં પરિવર્તન આવેલ છે. પ્રાપ્ત માહિતી વડે. ભરવાડ જ્ઞાતિમાં પણ લગ્નક્ષેત્રે પરિવર્તનો જોવા મળે છે જે પરિવર્તનો આ પ્રમાણે છે.

જેમ કે આ જ્ઞાતિમાં લગ્ન કરનાર યુવક–યુવતીઓના નાની ઉંમરે લગ્ન થતા હતા જેથી બંનેના કુટુંબીજનો અથવા માતા–પિતા અને કુટુંબના વડાની સંમતિ મુખ્ય ગણાતી હતી.

આ જ્ઞાતિના લોકોમાં આજે સમય જતા લગ્નપાત્ર પસંદગીમાં સ્વતંત્રતા આવવા લાગી છે અને બાળસગાઈ – બાળલગ્ન જેવા જૂના પુરાણા રિવાજો કંઈક અંશે બંધ થતા જાય છે અને પુખ્ત ઉંમરના યુવક–યુવતીનાં લગ્ન સમૂહમાં લગ્ન થવા માંડયા છે.

આ જ્ઞાતિમાં સૌથી વધુ લગ્નો ૧૬ થી ૨૦ વર્ષના ગાળામાં થતા જોવા મળે છે જે લગ્નવયના કોષ્ટકમાં પરિવર્તન જોવા મળે છે.

દૂર દૂર વિસ્તારનાં પરગણાના જિલ્લા કે પ્રદેશના વાડાઓના બંધનોને તોડી જૂનાગઢ – જામનગર જિલ્લાના ભરવાડોમાં અરસપરસ કન્યાઓની લેવડ–દેવડ કરવાના સંબંધ કરવામાં ઠીક સફળતા મળી છે જેથી કન્યા વિક્રય જેવી રીતરસમો અટકી છે.

આમ, ઉપરોકત બાબત મુજબ લગ્નપ્રથા રીત–રીવાજોમાં પરિવર્તન જોવા મળે છે.

લગ્નના પોશાક, જમણ, ઘુંઘટપ્રથા જેવા રિવાજો ઓછા થતાં તેમાં પરિવર્તન જોવા મળે છે.

નામકરણમાં પણ પરિવર્તન આવતાં પહેલા પાંચી–પૂંજો, અમરા–અમરી તેવા નામ પાડતા જયારે હવે પૂજા, અક્ષરા, કાજલ મનીષા વગેરે નામ પાડે છે.

**આંતરજ્ઞાતિય સંબંધમાં પરિવર્તન :**

આ જ્ઞાતિના લોકો જૂનાગઢ, ગીર (નેસ) અને જામનગર જિલ્લામાં વસાવટ હોવાથી આસપાસના ગામના સમુદાયના લોકો સાથે વસવાટ કરતાં આંતરરાષ્ટ્રીય સંબંધ સુદઢ બનાવવો પડે છે.

સામાન્ય રીતે આ જ્ઞાતિના સંબંધો અન્ય જ્ઞાતિ સાથે સારા અને હકારાત્મક જોવા મળે છે.

પહેલાં પોતાની જ્ઞાતિ કે સમકક્ષ જ્ઞાતિ આહીર, રબારી, ચારણને ત્યાં જ ભોજન લેતા હતા. પરંતુ હવે તેમાં પરિવર્તન આવવા લાગ્યું છે. આથી શુભપ્રસંગે કોઈપણ ભરવાડો ઉચ્ચ યા મધ્યમ જ્ઞાતિને ત્યાં ભોજન લેતી થઈ છે અને તે જ્ઞાતિ અને ત્યાં પ્રસંગે ભોજન લેતી થઈ છે જે આ પણ પરિવર્તન આંતર જ્ઞાતિય સાથેના સંબંધોમાં જોવા મળે છે.

**આર્થિક જીવનક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન :**

અહીં સામાજિક જીવનની જેમ આર્થિક જીવનના ક્ષેત્રે પણ ભરવાડ સમાજની મહિલાઓમાં પહેલાં કરતાં અત્યારે સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન જોવા મળે છે. કારણ કે પહેલાં ભરવાડ સમાજ પશુપાલક હોવાથી તેની અર્થ વ્યવસ્થા પશુ ઉપર આધારિત હોવાથી તે પશુઓનું પાલન કરી અને પશુને લગતાં વ્યવસાય દ્વારા પોતાનો આર્થિક નિર્વાહ ચલાવતો હતો જેથી આ જ્ઞાતિમાં પહેલા ભરવાડ મહિલાઓની ભૂમિકા તેણે પોતાના ઘર પૂરતી જ બજાવવાની હતી. જેમાં આર્થિક જીવનક્ષેત્રે પરિવર્તન આવતા ભરવાડ મહિલાઓ ગામડા ઓમાં વસવાટ કરતાં ગામડાઓમાં મુખ્ય એવી જ્ઞાતિ પટેલ હોવાથી ગ્રામીણ અર્થવ્યવસ્થા પણ કૃષિ પર આધારિત છે જેમાં હવે ભરવાડ મહિલાઓ ઘર બાળકોને સંભાળીને ખેતરમાં મજૂરી કરીને પોતાનું ઘર ચલાવવા લાગી છે. ઉપરાંત પશુપાલનના આર્થિક વ્યવસાયમાં પણ પશુઓને દોહી તે દૂધ અને ઘીને વહેંચવાનું કામ કરી તે પતિ તથા ઘરને આર્થિક મદદ કરવા લાગી છે.

આ ઉપરાંત તે ખેતરમાં ખેતીની સિઝનમાં કપાસને વીણવા, નીંદવા, મગફળીનાં દાણાંને વીણવા વગેરે જેવા કામે જઈ તેની આર્થિક ક્ષેત્રે સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન જોવા મળે છે.

આમ, આ આર્થિક જીવન ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા અને સ્થિતિમાં પરિવર્તન જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડની મહિલાઓ કરતાં જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ મહિલાઓમાં પરિવર્તન વધુ જોવા મળે છે તથા ગીરની અનુ. જનજાતિની ભરવાડ મહિલાઓમાં આ આર્થિક ક્ષેત્રે પરિવર્તન બંને જિલ્લાની

બક્ષીપંચ ભરવાડ મહિલાઓ જેટલું જોવા મળતું નથી. તે ફકત ઘરના કાર્ય તથા પશુપાલનને લગતા કાર્યમાં મદદરૂપ થાય છે. જયારે ઘર બહારની આર્થિક પ્રવૃતિમાં ગીરની ભરવાડ મહિલાઓ મદદરૂપ થતી નથી.

**ધાર્મિક જીવનમાં સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન :**

ધાર્મિક જીવનમાં ભરવાડ સમાજની મહિલાઓની સ્થિતિ અને ભૂમિકા જોઈએ તો આ સમાજની મહિલાઓ પહેલેથી જ ધાર્મિક જીવનક્ષેત્રે ખૂબ આસ્થા ધરાવે છે તેમના ઘરોમાં પણ જોઈએ તો દેવીઓની મૂર્તિ વધુ જોવા મળે છે. જે પહેલા પણ અને અત્યારે પણ ધાર્મિકક્ષેત્રે ભરવાડ સમાજની મહિલાઓની સ્થિતિ સારી હતી અને અત્યારે હાલમાં પણ સારી જોવા મળે છે તે કોઈ ધાર્મિક કાર્ય હોય તેમાં આ સમાજની બંને જિલ્લાની મહિલાઓ પોતાની ભૂમિકા ભજવી તેમાં ધાર્મિકક્ષેત્રે તે ભાગ લે છે જયારે પહેલા આ સમાજની મહિલાઓ ધાર્મિકક્ષેત્રે ભગત–ભૂવા, ભૂત–પ્રેત તથા જાદુ–ટોણાંમાં વધારે આસ્થા ધરાવતી હતી જેમાં હવે અન્ય સમાજનાં સંપર્કને કારણે આ સમાજની મહિલાઓની ધાર્મિક સ્થિતિમાં પરિવર્તન આવતા ને અંધશ્રદ્ધામાં હવે માનતી નથી તથા તે બધા હિંદુ તહેવારોમાં પણ ભાગ લેવા લાગી છે પછી તેનાં તરણેતરનો મેળો હોય કે દિવાળીનો તહેવાર કે જન્માષ્ટમીનો ઉત્સવ હોય તે બધામાં ભાગ લઈ તે પોતાની ભૂમિકા ભજવવા લાગી છે.

આમ, ધાર્મિકક્ષેત્રે ભરવાડ સમાજની મહિલાઓમાં પરિવર્તન જોવા મળે છે.

**શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન :**

કોઈપણ સમાજના વિકાસ અને તેમાં પરિવર્તન લાવવા માટે શિક્ષણ એક ચાવીરૂપ છે પછી તે આદિમ સમાજ હોય કે આધુનિક સમાજ, સ્ત્રી હોય કે પુરુષ તેમાં દેશના ભાવિ વિકાસનો આધાર શિક્ષણ છે. આમ, ૨૧મી સદીની અન્ય સમાજની આધુનિક નારી જીવનના દરેક ક્ષેત્રમાં ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે ત્યારે આ ભરવાડ સમાજની મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. જે ગીરની અનુ. જનજાતિની ભરવાડ મહિલાઓમાં શિક્ષણ ફકત ૧૫.૮૫% જ જોવા મળે છે જેની તુલનાએ બક્ષીપંચ ભરવાડ સમાજની જામનગર અને જૂનાગઢ જિલ્લાની મહિલાઓમાં તેનાં કરતાં શિક્ષણનું પ્રમાણ ૨૨% જેટલું જોવા મળે છે. ભરવાડ મહિલાઓ જણાવે છે કે દીકરીને ઘરકામ આવડે એટલે બસ ! માટે ઘરકામ શીખવવાના કારણે સ્કૂલે ઓછી મોકલતા તેમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જો કે જે પરિવર્તન શિક્ષણક્ષેત્રે આવેલ છે તેના કારણે હવે ભરવાડ સમાજની મહિલાઓની લગ્નવય ઊંચી ગઈ છે તથા હવે પહેલાં કરતાં આ સમાજની સ્ત્રીઓ પોતાની દીકરીઓને શિક્ષણ આપવા માટે જાગૃત બનવા લાગી છે તથા પોતાના બાળકોને સ્કૂલે મોકલવા લાગી છે આ ઉપરાંત બાળલગ્ન, બાળસગાઈ, કન્યા વિક્રય જેવાં રીતરિવાજોમાં પરિવર્તન આવેલ છે તથા શહેરી સંપર્ક અને અન્ય સમાજનાં સંપર્કનાં કારણે સ્ત્રીઓમાં શિક્ષણ બાબતે જાગૃતિ આવતાં સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં પરિવર્તન જોવા મળે છે.

**રાજકીયક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન :**

આ સમાજની મહિલાઓમાં શિક્ષણક્ષેત્રે પરિવર્તન આવતાં તે જાહેર જીવનમાં ભાગ લેતી થઈ છે. એટલે કે આ સમાજમાં પહેલા રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ સાવ નિમ્નકક્ષાની હતી જેથી તેનું મહત્વ ઓછું હતું. કારણ કે ભરવાડ પુરુષને જ 'રાજકારણ', 'મત', જેવાં શબ્દ વિશે ખ્યાલ ન હોય તો સ્ત્રીને તો કયાંથી હોય. પરંતુ હવે શિક્ષણ શહેરી સંપર્કનાં કારણે તે અન્ય સમાજનાં સંપર્કમાં આવતા રાજકીયક્ષેત્રે આ સમાજની મહિલાઓમાં થોડી ઘણી જાગૃતતા જોવા મળે છે તે ભલે રાજકીયક્ષેત્રે ચૂંટણીમાં ભાગ ના લેતી હોય પરંતુ તેની રાજકીય સ્થિતિમાં પરિવર્તન આવતા પોતાના ગામના સરપંચ કોણ છે ? પોતે ચૂંટણીમાં મત આપી કોને ચૂંટવા જોઈએ વગેરે બાબતો વિશે પહેલા કરતાં હવે આ સમાજની મહિલાઓ જાગૃત થવા લાગી છે. પહેલાં પણ પોતાની જ્ઞાતિ પંચાયતની ચૂંટણીમાં ઉભી ન રહેતી પરંતુ કોઈ વડીલ મહિલાઓને તે જ્ઞાતિ પંચાયતમાં બેસાડી તેની સલાહ સૂચન પૂછતા તો તેની સાલહ આપતી અને તેની સાલહને પણ મહત્વપૂર્ણ માનવામાં આવતી હતી. જયારે આજે અભ્યાસક્ષેત્રની ગીરની અનુ. જન. ની ભરવાડ મહિલાઓ કરતાં જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલાઓમાં રાજકીયક્ષેત્રે સ્થિતિ અને ભૂમિકા બાબતે પોતાની મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે જયારે આ બંને કરતાં પણ જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલાઓમાં રાજકીયક્ષેત્રે સ્થિતિ અને ભૂમિકામાં પરિવર્તન જોવા મળે છે.

**જીવનચક્રમાં પરિવર્તન :**

ભરવાડ સમાજના જીવનચક્રમાં જોઈએ તો તેમાં પહેલા કરતાં પરિવર્તન આવતા પહેલા સ્ત્રીની સુવાવડ ઘરમાં જ કરતા હતા. જેમાં હવે દવાખાનામાં ડોકટર પાસે કરાવે છે.

જયારે પહેલા બાળકનું નામકરણ કરતી વખતે રાશિને મહત્વ આપવામાં આવતું નહિ અને નામ પણ કાળી, પૂની, પુંજી, નાથી, ખીમી, હેમી વગેરે નામ પાડતા હતા જેમાં હવે બાળકનું નામ રાશિ પ્રમાણે અને અક્ષરા, મનીષા, કાજલ, હેતલ વગેરે જેવા જમાનાના પ્રમાણે નામમાં પણ પરિવર્તન આવેલ જોવા મળે છે.

પહેલાં ભરવાડ સમાજમાં બાળકના બાળમોવારા ઉતારવા કૂળદેવી પાસે કુટુંબના સભ્યો જઈ ઉતારી આવતા પરંતુ હવે કૂળદેવીનાં સ્થાનકે જઈ ધામધૂમથી સગાં–વ્હાલાંને આમંત્રણ આપી કરે છે.

પહેલા સ્વચ્છતાની બાબતમાં નિયમિત ન ન્હાતા તેના સંતાનોને પણ રોજ ન નવડાવતા હતા જયારે હવે અન્ય સમાજનાં સંપર્કથી તેની દેખા–દેખી એ સંતાનોને રોજ નવડાવી વ્યવસ્થિત તૈયાર કરી દે છે.

ઉપરાંત પોશાકમાં પણ કેડિયું, ચોરણી છોકરાને અને છોકરીને ચણિયા ચોળી પહેરાવતા જેમાં પરિવર્તન આવેલ જોવા મળે છે.

પહેલાં ભરવાડ સમાજમાં સંતાનોને નિશાળે મોકલવામાં આવતા નહિ, પરંતુ હવે પરિવર્તન આવતા તે નિશાળે મોકલવા લાગ્યા છે.

જયારે પહેલાં તો સંતાનોની પાંચ–છ વરસના થાય ત્યાં સગાઈ કરી નાંખવામાં આવતી અને ૧૫–૧૬ વરસે લગ્ન પણ કરી નાંખતા, સંતાનોની ઈચ્છા પૂછવામાં આવતી નહિ જયારે હવે તેની સલાહ લઈ સગાઈ–લગ્ન પુખ્ત ઉંમરે કરવામાં આવે છે જે તેની સગાઈ લગ્નવચનમાં પરિવર્તન જોવા મળે છે.

પહેલા લગ્ન પણ નજીક ગામ કે તેના નકકી કરેલા પરગણામાં જ કરવામાં આવતા જેમાં હવે પરિવર્તન આવતા તે તાલુકા – જિલ્લાના પરગણા બહાર પણ લગ્ન કરી શકે છે.

આ ઉપરાંત વરરાજાના લગ્નના પોશાકમાં પહેલાં સૂરવાલ, બંડી, ચોરણી, પાઘડી અને હાથ–પગ અને ડોકમાં આભૂષણ પહેરતા હતાં જેમાં હવે પરિવર્તન આવતા વરરાજા પેન્ટ–શર્ટ, કોટ વગેરે પહેરતા થયા છે.

તે ઉપરાંત કન્યા પણ લગ્ન સમયે. ઘાઘરો, ચુંદડી, ઘરચોળું પહેરતી જેમાં હવે સાડી,પાનેતર પહેરતી થઈ છે.

જયારે પહેલા લગ્ન વખતે વરરાજા ઘોડા પર બેસી પરણવા જતાં પરંતુ હવે તેઓ મોટરગાડીમાં બેસીને પરણવા જાય છે અને લગ્ન સમયે જાનમાં પણ જ્ઞાતિના નકકી કરેલ નિયમ મુજબ લોકોને લઈ જતા જેમાં હવે તેવું રહ્યું નથી.

પહેલાં મોટાભાગે ભરવાડ સમાજમાં જાન બે–ત્રણ દિવસ રોકાતી અને લગ્ન પણ રાત્રે જ થતાં જેમાં હવે પરિવર્તન આવતા સવારે જઈ અને સાંજે જાન પાછી વળી જાય છે અને લગ્ન પણ દિવસના થવા લાગ્યા છે. જે પરિવર્તન જોવા મળે છે.

ભરવાડ સમાજ લગ્ન સયમે ભોજનમાં પહેલાં બુંદીના લાડુ, શાક, પૂરી, ગાંઠીયા વગેરે બનાવતા હતા જેમાં હવે ભજિયાં, પૂરી, શાક, ગુલાબજાંબુ વગેરે બનાવતા થયા છે.

ભરવાડ સમાજમાં પહેલા કંકોત્રી છપાવતા નહીં જયારે હવે પરિવર્તન આવતા કંકોત્રી છપાવવા લાગ્યા છે.

પહેલા લગ્નનો મંડપ પણ ઘાસ, પાંદડાઓના તોરણ કરી શણગારતા હવે તેઓ લાઈટ, કાપડ વગેરેનો ઉપયોગ કરી શણગારે છે.

લગ્નમાં પહેલાં કન્યા સાસરે પટારો, પતરાંની પેટી, પિત્તળનાં વાસણ લઈ જતી જેમાં હવે સ્ટીલનાં વાસણો, કબાટ, ઘડિયાળ વગેરે ચીજવસ્તુઓ લઈ જાય છે.

જયારે પહેલાં દહેજનું પ્રમાણ ઓછું હતું જયારે હવે અન્ય સમાજની દેખા–દેખીથી દહેજનું પ્રમાણ વધુ જોવા મળે છે.

પહેલાં મૃત્યુની વિધિમાં બ્રાહ્મણ પાસે ચંડીપાઠ કે શ્રીમદ્‌–ભાગવદ્‌ગીતા વગેરે ન વંચાવતા જયારે હવે તે વંચાવે છે અને મૃત્યુની વિધિમાં શિવરાત્રીનાં મેળામાં જઈ શ્રાદ્ધક્રિયા કરાવતા હતા હવે બ્રાહ્મણને ઘરે બોલાવી કરાવે છે.

## ૫.૪ ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન :

માનવ સમાજમાં જોવા મળતી સંસ્કૃતિનાં અન્ય તત્વોની તુલનાએ ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન તીવ્ર ગતિથી થાય છે તથા તે પરિવર્તન સ્પષ્ટ રીતે જોવા મળે છે. કારણ કે, ભૌતિક વસ્તુમાં માનવસર્જિત હોવાથી તેમાં તે ધારે ત્યારે

અને તે રીતે તેના આકાર, પ્રકાર અને સ્વરૂપમાં પરિવર્તન લાવી શકે છે એટલે કે ભૌતિક સંસ્કૃતિમાં ઝડપી થતાં પરિવર્તનમાં જૂની વસ્તુના સ્થાને નવી વસ્તુનું આવવું તે સ્પષ્ટ જોવા મળે છે જે પરિવર્તન નીચે મુજબ છે.

## (૧) મકાનમાં પરિવર્તન :

અભ્યાસ હેઠળના જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભવરાડોનાં મકાનોમાં પરિવર્તન આવેલ જોવા મળે છે. જેમાં પહેલાં મકાનો માટી તથા દીવાલ પથ્થર–માટીની અને નળિયાં દેશી જોવા મળતાં અને તળિયું પણ માટીથી લીંપી અથવા કાચું ધાંબુ નાંખવામાં આવતું હતું અને લાઈટનાં બદલે ફાનસનો ઉપયોગ કરતા હતા અને ન્હાવવા માટે બાથરૂમના બદલે ઘરની ચોકડીમાં ન્હાય લેતા હતા ત્યારે લગ્ન પ્રસંગે દિવાલને ચૂના લગાવતા હતા જયારે તેમાં પરિવર્તન આવતા કાચાં મકાનનાં સ્થાને અર્ધ પાકાં મકાન જોવા મળે છે જેમાં દીવાલ પથ્થર–ઈંટની, નળિયાં–વિલાયતી તથા સ્લેબ પણ જોવા મળે છે. જયારે તળિયું સિમેન્ટનું તથા અમુક જગ્યાએ ટાઈલ્સ પણ જોવા મળે છે અને મકાનમાં લાઈટની પણ સુવિધા હોય છે તથા પશુપાલક હોવાથી પહેલાં પશુઓનું સ્થાન પહેલાં પોતાના ઘરની સાથે વાડો બનાવતા હવે ઘરેથી થોડે દૂર વાડો બનાવી ઘેટાં–બકરાં, ગાય–ભેંસને રાખે છે.

આમ, બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં લોકો શહેરી સંપર્કમાં આવતા તેનાં મકાનનાં પ્રકારમાં પરિવર્તન ઉપરોકત બાબત મુજબ જોવા મળે છે.

જયારે જૂનાગઢના ગીર (નેસ) ના અનુ.જન. ના ભરવાડોમાં પરિવર્તન જોઈએ તો ઘરની બાબતમાં તેઓ જંગલમાં વસવાટ કરે છે અને સ્થળાંતર કરતું

રહેવાનું હોવાથી પાકાં મકાનો બનાવતા નથી પરંતુ તે ઘાસનાં મકાન બનાવતાં તેને બદલે માટીનાં અને માટીથી લીંપીને દિવાલ બનાવે છે અને નળિયા દેશીને બદલે વિલાયતી નળિયા પતરાંનો ઉપયોગ કરે છે. જમીન તો તે માટીથી જ લીંપે છે. પ્રકાશ માટે અમુક જગ્યાએ સરકાર દ્વારા લાઈટની સુવિધા આપી છે ત્યાં બલ્બનો ઉપયોગ કરે છે નહિ તો દીવો યા ફાનસ વાપરે છે. પશુઓને માટે ફળિયું મોટું હોવાથી ઘરની સાથે રાખે છે.

**ઘરવખરીનાં સાધનોમાં પરિવર્તન :**

ઘરવખરીનાં સાધનોમાં પણ જૂનાગઢ જિલ્લા તથા જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો અને ગીરના અનુસૂચિત જનજાતિનાં ભરવાડોમાં ધીમે ધીમે પરિવર્તન આવતું જાય છે. પહેલાં તો ઘરવખરીનાં સાધનોમાં ખાટલા, પટારા વગેરે ચીજવસ્તુઓ જોવા મળતી હતી તેનાં બદલે હવે આધુનિક જમાના પ્રમાણે લોખંડના કબાટ, પલંગ, પ્લાસ્ટિકની ખુરશી વગેરે ચીજવસ્તુઓ જોવા મળે છે. પહેલાં તો આર્થિક સધ્ધર લોકો જ ઘરે ફોન રાખતા પરંતુ હવે મોબાઈલની સુવિધા આવતા અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુમાં આવતા મોટાભાગનાં લોકો પાસે મોબાઈલ જોવા મળે છે જે પછી નેસમાં પણ કેમ ના હોય ! ઘડિયાળ પહેલા તો ભરવાડ લોકોને ત્યાં જોવા નહિં મળતી કારણ કે કુદરતી રીતે સમય જોઈ લેતા તેને બદલે કાંડા યા દિવાલ ઘડિયાળનો ઉપયોગ કરતાં થયા છે ફ્રીઝ હજુ બધે જોવા મળતા નથી. પરંતુ ચાર ઘરે જ આર્થિક સધ્ધર હોય ત્યાં જોવા મળેલ છે તથા ટી.વી. નેસમાં એકાદ બે ઘરે જ જોવા મળેલ પરંતુ બક્ષીપંચ ભરવાડોમાં બંને જિલ્લાનાં ભરવાડોમાં મોટાભાગના ઘરોમાં જોવા મળે છે.

કપડાં રાખવા પહેલા લાકડાનો બનેલ પટારાનો ઉપયોગ કરતાં પરંતુ હવે નાની ઉંમરની યુવતીઓ અન્ય સમાજની ફેશન પ્રમાણે કબાટ લોખંડના લઈ આવે છે. મોટર સાઈકલ તો દૂરની વાત સાયકલ પણ જોવા નહિ મળતી તેના બદલે આજુબાજુ ગામડે દૂધ પહોંચાડવા તેઓ અમુક લોકો લોન લઈ મોટર સાઈકલ વાપરે છે. જે આ બાબતમાં જૂનાગઢ જિલ્લા કરતાં જામનગર જિલ્લો વધુ આગળ છે એટલે કે મોટાભાગનાં ભરવાડો લોન લઈ મોટર સાઈકલ છોડાવે છે અને આજુબાજુના ગામડે તેનાં દ્વારા દૂધ પહોંચાડે તેમજ બહારગામ આવવા જવા તેનો ઉપયોગ કરવા લાગ્યા છે.

રસોઈનાં વાસણોમાં પણ ધીમે ધીમે બંને જિલ્લાના બક્ષીપંચ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજના લોકોમાં પરિવર્તન જોવા મળે છે. જેમાં પહેલાં પિત્તળ, તાંબા, કાંસાના વાસણોનો વપરાશ વધારે હતો જયારે હવે તેમાં પરિવર્તન આવતાં તેના બદલે સ્ટીલ, ટીન, અને એલ્યુમિનિયમનાં વાસણો વાપરવા લાગ્યાં છે તથા જેમાં દૂધ ભરવા એલ્યુમિનિયમ અને પ્લાસ્ટિકનાં કેરબા–ડબ્બા વાપરે છે તેમજ કાચનાં વાસણોનો પણ વપરાશ કરે છે જેમાં ચા પીવા કપ–રકાબી તેમજ અથાણું કે બીજી કોઈ વસ્તુ ભરવા કાચની બરણીનો ઉપયોગ કરવા લાગ્યા છે. તથા ન્હાવવા માટે પહેલાં ડોલ ટીનની વાપરતા હતા જેમાં હવે પ્લાસ્ટીક અને એલ્યુમિનિયમની તથા બેસવા પ્લાસ્ટીકનો પાટલો વાપરે છે.

રસોઈનાં સાધનોમાં પણ પરિવર્તન આવતા પહેલા માત્ર માટીના ચૂલાનો જ ઉપયોગ કરતાં હતા તેને બદલે હવે સિમેન્ટનાં ચૂલાનો તથા પ્રાયમસનો ઉપયોગ કરવા લાગ્યા છે. જયારે ગીરમાં તો માત્ર માટીના ચૂલાનો જ વપરાશ જોવા મળે છે.

**સાજશણગાર અને સ્વચ્છતામાં પરિવર્તન :**

ભરવાડ જ્ઞાતિમાં સ્ત્રી હોય કે પુરુષ તેને ન્હાવવાની સાથે પહેલાં કયાંય લાગે વળગતું નહીં પરંતુ હવે તેમાં પરિવર્તન આવતાં સ્ત્રીઓ ઘરમાં રોજ પૂજા–પાઠ કરતી હોવાથી હવે રોજ ન્હાવવા લાગી છે તથા સંતાનોને પણ રોજ નવડાવી તૈયાર કરે છે. તથા પહેલાં તે ન્હાવવા માટી કે ફકત પાણીનો જ ઉપયોગ કરતી જેને બદલે હવે સાબુ ન્હાવવા તેમજ કપડાં ધોવવા પણ સાબુ વાપરવા લાગી છે અને કપડા પણ પાંચ–છ દિવસે બદલતા તેને બદલે હવે રોજ યા એકકાતરા બદલાવવા લાગી છે તેમજ ઘરને પણ વાળી–ચોળી અને પાણીથી પોતાં કરી રોજ ઘરને સ્વચ્છ રાખવા લાગી છે.

**પોશાક પરિવર્તન :**

જામનગર અને જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોના પુરુષોનો પોશાક કેડિયું, કચરલીવાળી ચોરણી અને માથે પાઘડી હતી પરંતુ હવે તેમાં પરિવર્તન આવતાં ઘણાં પુરુષો ચોરણી અને ઝભ્ભો પહેરે છે અથવા શિક્ષિત કે અભ્યાસ કરતાં યુવકો પેન્ટ અને બુશર્ટ પહેરે છે. આમ, જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોનાં પુરુષોનાં પોશાકમાં તફાવત જોવા મળતો નથી. પરંતુ બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડ પુરુષોનાં પોશાકથી ગીરનાં અનુસૂચિત જનજાતિ ભરવાડ પુરુષોનાં પોશાકમાં તફાવત જોવા મળે છે, જેમ કે તેનો પોશાક ઉપર સફેદ ઝભ્ભો અને નીચે કરચલી વગરની ચોરણી તથા માથે સફેદ પાઘડી પહેરેલ હોય છે તથા નાની ઉંમરનાં યુવકો પેન્ટ–શર્ટ પહેરે છે જે પહેલા કરતાં પુરુષના પોશાકમાં પણ પરિવર્તન જોવા મળે છે.

આ જ રીતે જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ કાળી ધાબળી, જીમ્મી તથા તેમાં લાલ રંગની ઉનના સુતરની વણાટવાળું કાપડું પહેરે છે. તથા જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ પણ કમરે કાળા રંગની ધાબળી અને મરૂન રંગની ઉનની ધાબળી ઓઢે છે અને બદન ઉપર કસવાળું કાપડું પહેરે છે. જે બંને જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓના પોશાકમાં બહુ વધુ તફાવત જોવા મળતો નથી. પરંતુ હવે તેમાં પરિવર્તન આવતાં તે અન્ય સમાજની સ્ત્રીઓની જેમ સાડી, બ્લાઉઝ અને ચણિયો પહેરતી થઈ છે.

જયારે ગીરની અનુસૂચિત જનજાતિની ભરવાડ મહિલાઓ મોટી ઉંમરની કાળું કાપડું અને કાળા રંગની ઉનની ધાબળી ઓઢે છે તથા રંગબેરંગી કલરની ચુંદડી પણ ધાબળીનાં બદલે ઓઢે છે તથા કુંવારી કન્યાઓ કલરે કલરની ચણિયાચોળી પહેરે છે. આમ, મોટી ઉંમરની નહી પરંતુ નાની ઉંમરની સ્ત્રીઓના પોશાકમાં પરિવર્તન આવેલ જોવા મળતાં ગુજરાતી સાડી પહેરતી થઈ છે.

આમ, સમય–સંજોગો પ્રમાણે સમાજમાં પરિવર્તન આવતું જ હોય છે દરેક સમાજને પોતાની આગવી પરંપરા હોય છે જેને કેટલાક લોકો સમાજને ગાડરિયા પ્રવાહથી ઓળખાવે છે. પશુપાલકો – ભરવાડો 'દેશ બદલે પણ વેશ ન બદલે' પરંતુ આજે સામાજિક વ્યવહારો અને વ્યવસાયોની જેમ બાહ્ય પોરાકમાં પણ પરિવર્તન જોવા મળે છે.

**આભૂષણમાં પરિવર્તન :**

પુરુષો કાનમાં સોનાના ફૂલ, લોળિયાં પહેરતાં અને ચાંદીનો કંદોરો પહેરતાં હતાં જે હાલ હવે તેઓ આભૂષણ પહેરતા ઓછા થયા છે તેમજ અમુક હાલ અભ્યાસ કરતાં યુવાનો પહેરતાં નથી હા, તે હાથમાં એક કડું પહેરે છે.

સ્ત્રીઓ આભૂષણોની શોખીન હોય છે ગળામાં ચગદાવાળો પારાનો હાર, કાનમાં ચાંદીની પાંદડિયું, વેઢલાં–આકોટા લટકતા હોય છે. નાકમાં નથ પહેરે છે. પગમાં કાંબી, કડલાં અને હાથમાં હાથીદાંતનું બલોયું પહેરતાં હતાં જે હવે તેને બદલે આધુનિક ડિઝાઈનવાળા ઘરેણાં પહેરતાં થયા છે.

**ખોરાક :**

ભરવાડોનાં ખોરાકમાં પણ પરિવર્તન જોવા મળે છે તેનો મુખ્ય ખોરાક બાજરાનો રોટલો, શાક, દૂધ, છાશ, ડુંગળી છે. પરંતુ અન્ય જ્ઞાતિનાં સંપર્કનાં કારણે રસોઈનાં સ્વાદ અને પસંદમાં પરિવર્તન જોવા મળે છે. જો કે રોજીંદા ખોરાકમાં તો તે શાક, રોટલા અને રોટલી તથા છાશ અને દૂધ જ હોય છે. જયારે કયારેક તે દાળ–ભાત, અથાણું વગેરે બનાવીને પણ જમતાં થયા છે.

પહેલા લગ્ન પ્રસંગ કે વાર–તહેવારે તે લાડુ, લાપસી, ગાંઠિયા વગેરે કરતાં હતાં જેમાં પરિવર્તન આવતા ગુલાબજાંબુ, મૈસુબ, દૂધપાક, પૂરી, શાક, ભજિયાં વગેરે બનાવતા થયા છે. જયારે અભ્યાસ હેઠળના ભરવાડ લોકો શુધ્ધ શાકાહારી છે. માંસાહારી નહીં.

## –:: ફોટો સેશન ::–









## -:: ફોટો સેશન ::-



ઈન્ટરવ્યુ લેતા સંશોધક
માયા પી. જોશી

## પ્રકરણ–૬

# સ્ત્રીઓની સમસ્યા

૬.૧ પ્રસ્તાવના

૬.૨ મહિલાઓની સમસ્યા

૬.૩ ભરવાડ મહિલાઓની સમસ્યા

૬.૪ સ્ત્રી સમસ્યાઓના ઉપાય

૬.૫ સૂચનો

૬.૬ કેસ સ્ટડીઝ

# પ્રકરણ-૬

# સ્ત્રીઓની સમસ્યા અને ઉકેલ

## ૬.૧ પ્રસ્તાવના :

પ્રાચીનયુગમાં પણ અનેક સામાજિક સમસ્યાઓ જોવા મળતી હતી. માનવ સંબંધોમાં નિરક્ષરતા, શોષણ, અત્યાચાર જેવી પરિસ્થિતિ જોવા મળતી હતી પણ તે સમયે સામાજિક સભાનતાનો વિકાસ જોઈએ તેવો થયો ન હતો ઘણી પરિસ્થિતિઓ લોકોના જીવન માટે હાનિકારક હતી. એટલે જનસમુદાયો તેને સામાજિક સમસ્યા તરીકે ગણતા ન હતા. "સાદું જીવન અને ઉચ્ચ વિચાર" એ તેમનો મંત્ર હતો. મોટાભાગના સમુદાયો ગ્રામ્ય વિસ્તારમાં વસાવટ કરતાં હોવાને લીધે તેમની જીવન જરૂરિયાતોનું પ્રમાણ અલ્પ હતું. લોકો યાંત્રીકરણ, ઔદ્યોગિકરણની અસરથી અલિપ્ત એવું ઉપયોગી જીવન જીવતા હતા. લોકોના જીવન ઉપર અસરકારક સમાજનું નિયંત્રણ હતું.

કોઈપણ સમુદાય સમસ્યાવિહીન રહ્યો નથી. વિભિન્ન સમાજની સમસ્યાઓમાં તફાવત જોવા મળે છે. યુગ પરિવર્તનની સાથે સામાજિક સમસ્યાઓમાં પરિવર્તન આવતું જાય છે. એક યુગમાં જે પરિસ્થિતિ સમસ્યારૂપ હોય તે પરિસ્થિતિ બીજા યુગમાં સમસ્યારૂપ ન હોય તેવું બને છે. જેમ કે અસ્પૃશ્યતા પહેલા હતી અને આજે પણ જોવા મળે છે. આમ, એક પરિસ્થિતિ એક સમાજમાં સમસ્યારૂપ હોય તે પરિસ્થિતિ બીજા સમાજમાં સમસ્યારૂપ ન પણ હોય. દા.ત. દહેજપ્રથા ભારતમાં વિવિધ રાજયોમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે.

### સામાજિક સમસ્યાનો અર્થ અને વ્યાખ્યા :

સામાજિક સમસ્યાઓ સામાજિક જીવનનું અભિન્ન અંગ હોવાને કારણે એના અધ્યયનમાં લોકોની અભિરુચિ જોવા મળે છે. સામાજિક સમસ્યાને સામાન્ય

અર્થ સમાજની સમસ્યા અથવા સમાજમાં જોવા મળતી મુશ્કેલીઓ એવો થાય છે. કોઈપણ સમાજની સમસ્યા ઓના મૂળ એ સમાજનાં રચનાતંત્ર અને સાંસ્કૃતિક સ્વરૂપ સાથે સંકળાયેલા હોય છે. સમાજની અનિચ્છનીય પરિસ્થિતિ તરીકે સામાજિક સમસ્યાની ગણના કરવામાં આવે છે. જનતા અને સમાજની ધ્યેય પ્રાપ્તિમાં અવરોધક તથા વિપરીત અસર જન્માવે તેવી પરિસ્થિતિને સમાજ વૈજ્ઞાનિકો સામાજિક સમસ્યા તરીકે ગણતા હોય છે.

**વ્યાખ્યા :**

**(૧) રાબ અને સેલ્ઝનિક (Roab and Selznick)(૧૯૫૯ : ૩) ની દષ્ટિએ**

"સામાજિક સમસ્યાઓ મૂળભૂત રીતે લોકો વચ્ચેના માનવીય સંબંધોની સમસ્યાઓ છે. જે સમાજને માટે ગંભીર ખતરો ઉત્પન્ન કરે છે અથવા વ્યકિત ઓની મહત્વકાંક્ષાઓની પ્રાપ્તિનાં માર્ગમાં વિઘ્નરૂપ બને છે."

**(૨) હોર્ટન અને લેસ્લી (Horton and Leslie) (૧૯૭૦ : ૪) :**

"સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલા દ્વારા કંઈ કરી શકાય તેમ છે તેવી માન્યતા લોકો ધરાવતાં હોય છે.

## ૬.૨ મહિલાઓની સમસ્યાઓ : (Women Problems)

**ભૂમિકા :**

મૂળ સ્ત્રી શબ્દ સ્તૃ ધાતુ પરથી આવ્યો છે. સ્તૃ એટલે વિસ્તારવું, ફેલાવવું, સ્ત્રી દ્વારા કુટુંબનો વિસ્તાર અને વ્યાપકતા વધે છે. સ્ત્રીઓ પાસે જ

સમાજ વિવિધ અપેક્ષા રાખે છે. આમ, સ્ત્રીઓએ કુટુંબ જીવનની મહત્ની ધરી છે. કુટુંબની તમામ બાબતો અને વિકાસમાં તેમનું યોગદાન મહામૂલું છે.

આપણી પરંપરાગત સમાજવ્યવસ્થામાં તથા આચાર–વિચાર અને વ્યવહારમાં લૈંગિક ભેદભાવ જોવા મળતો હતો. સ્ત્રી–પુરુષ અસમાનતા સાર્વત્રિક હતી. સ્ત્રીઓ બંધનયુકત જીવન જીવતી હતી. સ્ત્રીઓ દ્વિતીય કક્ષાનું નાગરિકત્વ ધરાવતી હતી. વૈદિકકાળ દરમ્યાન સ્ત્રીઓ પર વિવિધ પ્રકારનાં નિયંત્રણો લાદવામાંઆવ્યા, આને કારણે સ્ત્રીનું સામાજિક સ્થાન પુરુષની સરખામણીમાં ઉતરી કક્ષાનું બનતું ગયું. સ્ત્રીને પરાવલંબી જીવન જીવવું પડતું. સ્ત્રીઓના હકકોની અવગણના થતી અને પુરુષોના હકકો સ્વતંત્ર અને સાર્વત્રિક હતા પુરુષો તો તમામ ક્ષેત્રે પોતાના અધિકારો ભોગવતા જયારે સ્ત્રીના અધિકારો સીમિત હતા. બ્રિટીશકાળ દરમ્યાન ક્રમશઃ સ્ત્રીઓને અધિકારો આપવામાં આવ્યા તેને પરિણામે સ્ત્રીના સ્થાન દરજ્જામાં સમાનતા, સ્વાતંત્ર્યમાં સૂચિત પરિવર્તન આવ્યું. સ્ત્રી–પુરુષ સમાનતાનો પ્રારંભ થયો.

સ્ત્રી–પુરુષ સમાનતા સ્થાપવા પર ભાર મુકવામાં આવ્યો છે. પરંતુ વ્યવહારમાં આ બાબત જોવા મળતી નથી. સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન આવ્યું છે પરંતુ વાસ્તવિકતા વચ્ચે વિશાળ અંતર છે. કેટલીક રૂઢિગત પરંપરાઓ સ્ત્રીના માર્ગમાં અવરોધક બને છે જેનો સ્ત્રીઓને સામનો કરવો પડે છે. પરિણામે પુરુષ સમોવડી બની શકતી નથી. અસમાનતા, અન્યાય, અવરોધ, નિયંત્રણ, આત્મ સન્માનનો અભાવ, લિંગભેદ, સત્તાની તાબેદારીની પરંપરા, ઉદ્યોગી કરણ, શહેરીકરણ, કાનૂનીકરણ સંપર્ક માધ્યમો જેવા પરિબળોને લીધે સમાનતા,

સ્વતંત્રતા, સામાજિક ન્યાય વ્યકિતનું ગૌરવ જેવા પરિબળો સાથે સમાયોજન સાધીને અવનવા તત્વોને સમાવી લઈને પરિવર્તન લાવવાની ભૂમિકાએ સ્ત્રી સમાનતાની દિશામાં પરિવર્તન આણ્યું છે તો બીજી તરફ પુરાતન પરંપરાઓ તેમાં અવરોધ પેદા કરી મૂળભૂત સામાજિક રચનાને ટકાવી રાખવાની ભૂમિકા ભજવે છે આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ પેદા થાય છે.

*** સ્ત્રીની સમસ્યાનો અર્થ :**

વેદકાલની ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાન સ્થાન અને ગૌરવ ભોગવતી હતી. વિદેશીઓના આક્રમણ બાદ સ્ત્રી–પુરુષ વચ્ચેની અસમાનતાની શરૂઆત થઈ. પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ થયા બાદ પુરુષો જે આધિપત્ય ભોગવે છે તે સ્ત્રીઓને મળતું નથી સ્ત્રીઓની જીવનસંબંધી પરિસ્થિતિઓ લોકોનું ધ્યાન ખેંચે તેવી હોય છે.

વિજ્ઞાનની હરણફાળને કારણે સમાજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે. પરંતુ સ્ત્રીની બાબતમાં પીછેહઠ કરી છે બંનેને સમાનતાના કાયદામાં હકક આપ્યા છતાં સ્ત્રીઓને પુરુષો જેટલા હકકો મળતા નથી તેમને અનેક અસમાનતાઓ અને અન્યાયનો ભોગ બનવું પડે છે આપણી સંસ્કૃતિમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ આના માટે જવાબદાર છે જેવી કે સંયુકત કુટુંબપ્રથા, બાળલગ્નો, શિક્ષણનો અભાવ, બંધનકર્તા વગેરે સ્ત્રીઓની સમસ્યાઓ ઉભી કરે છે.

આ ઉપરાંત સ્ત્રીના નીચા દરજ્જા–સ્થાન માટે સ્ત્રીઓનું ઓછું પ્રમાણ, ભ્રૃણ હત્યા, નિરક્ષરતા, શારીરિક માનસિક ત્રાસ, દહેજ, છૂટાછેડા, ખૂન, બળાત્કાર, આત્મહત્યા વગેરે જવાબદાર ગણાવી શકાય છે.

## ૬.૩ ભરવાડ સ્ત્રીઓની સમસ્યા :

દરેક જ્ઞાતિઓની જેમ ભરવાડ જ્ઞાતિ પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે જેમાં પછી અતિશય પછાત એવી ગીરની અનુસૂચિત જનજાતિના ભરવાડ હોય કે જામનગર અને જૂનાગઢ જિલ્લાની બક્ષીપંચ ભરવાડ જ્ઞાતિ હોય તેમાં પણ અન્ય સમાજની જેમ ઓછા–વધતાં અંશે સમસ્યાઓ જોવા મળે છે તેમાં પણ પુરુષ હોય કે સ્ત્રી દરેક લોકોએ સમાજમાં રહીને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આગળના પ્રકરણમાં આપણે સ્ત્રીઓનો ભરવાડ સમાજમાં દરજ્જો અને સ્થિતિ કેવી છે તે જોઈ અહીં અભ્યાસ દરમ્યાન જૂનાગઢ અને ગીર તથા જામનગર જિલ્લાની સ્ત્રીઓની ભરવાડ સમાજમાં કેટલીક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે.

*** સામાજિક સમસ્યા :**

**(૧) બાળલગ્ન :**

ભરવાડ સમાજમાં બાળલગ્ન એક સમસ્યા છે. આ જ્ઞાતિમાં પેટે ચાંદલા કરવામાં આવતા બાળસગાઈ અને બાળલગ્ન જેવી સમસ્યાઓના કારણે સ્ત્રીઓની સગાઈ તે ઘોડિયામાં કે ૧૫ વર્ષની થાય ત્યાં સુધીમાં કરી નાંખવામાં આવતા ભરવાડ યુવતી હજુ લગ્ન નામના શબ્દથી અજાણ હોય ત્યાં પણ લગ્ન ૧૬ થી ૧૮ વર્ષની થાય ત્યાં કરી નાંખવામાં આવતા આ એક બાળલગ્નની સમસ્યા છે.

**(૨) વધૂ ધન :**

ભરવાડ સમાજમાં આ પણ પ્રથા પ્રચલિત છે કે પતિના નિયમ પ્રમાણે દીકરીનાં લગ્ન સમયે જ્ઞાતિનાં નકકી કરેલ નિયમ મુજબ વરપક્ષવાળાને અમુક

રકમ આપવાની અને તે ન આપી શકે ત્યાં સુધી તે લગ્ન ન કરે તેને સવેલું કહે છે. એટલે કે ત્યાં સુધી બાપ દીકરીને વળાવી ના શકે. આ વર્તમાન સમયમાં પરિવર્તનનાં પરિણામ સ્વરૂપે ઘણું ઓછું સવેલાનું થઈ ગયું છે. આમ, આ વધૂ ધનની સમસ્યા સ્ત્રીઓ માટે જોવા મળે છે.

### (૩) લઘુતાગ્રંથિ :

વિકસિત સમાજની તુલનાએ ભરવાડ સમાજ પોતાને બુદ્ધિની બાબતે પછાત ગણતા તે લઘુતાગ્રંથિના કારણે તે યુવકોને જ ઓછા ભણાવતા તો યુવતી ઓને તો કયાંથી ભણાવે ! આમ, સ્ત્રીઓને ઘરકામ આવડે તો પણ ઘણું છે આવી વિચારસરણીનાં કારણે શાળાએ યુવતીઓને ન મોકલવાની લઘુતાગ્રંથિ એ પણ એક સમસ્યા છે.

### (૪) દહેજપ્રથા :

ભરવાડ સમાજમાં સ્ત્રી જીવનની વિવિધ સમસ્યાઓમાં દહેજની સમસ્યા જે પહેલા હતી નહીં તે હવે અન્ય સમાજની દેખાદેખીથી જોવા મળે છે. જેમાં પહેલા દીકરીના લગ્ન વખતે બહુ તો પાંચ–છ જોડી કપડાં, એક પટારો તથા પતરાંની પેટી તેમજ થોડાં વાસણો જેવા કરિયાવર આપવામાં આવતો જેને બદલે હવે અન્ય સમાજની જેમ લોખંડનો કબાટ, પલંગ, ટીપાઈ, સાડીઓ તથા ૧૦ થી ૧૨ જોડી કપડાં તથા કાચ, સ્ટીલનાં તથા પ્લાસ્ટીકના વાસણો, ખુરશી, આધુનિક ડિઝાઈનવાળા સોના–ચાંદીના ઘરેણાં તથા અન્ય નાની મોટી ચીજવસ્તુઓ દહેજરૂપે કરિયાવરમાં વરપક્ષવાળાની માંગ ન હોવા છતાં દીકરીના કરિયાવરમાં તેના પિયરપક્ષ તરફથી આવી વસ્તુઓ આપવા લાગ્યા છે. જેથી

આ સમસ્યાને કારણે કુટુંબજીવન તથા આર્થિક, સામાજિક જીવન ઉપર વિપરીત અસર થાય છે. આજે દહેજપ્રથા એ લેણદેણની પ્રથા બની ગઈ છે. જે બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો કરતાં વધારે જોવા મળે છે. જેથી આ એક સમસ્યા છે.

### (૫) ઊંચનીચની ભાવના :

ભરવાડ સમાજમાં પણ ઊંચનીચની ભાવના દરેક જ્ઞાતિ સાથે જોવા મળે છે. આ ઉપરાંત અન્ય જ્ઞાતિ સુધી આ ભેદભાવ સિમીત ન રહેતા તે ભરવાડોની પેટા જ્ઞાતિ નાનાભાઈ અને મોટાભાઈ ભરવાડોમાં પણ ઊંચનીચની ભાવન જોવા મળે છે. જેમાં લોકો રોટી–બેટી વ્યવહાર રાખતા નથી અને તેમાં આહીરની જેમ ફૈ–મામાના વચ્ચે પણ લગ્નવ્યવહાર થતો નથી જેમાં આ ઊંચ નીચની ભાવના એક સમસ્યા બની રહે છે.

### (૬) વસ્તીવૃદ્ધિ :

વસ્તીવૃદ્ધિની સમસ્યા એ માત્ર ભરવાડ જ્ઞાતિમાં જ નહીં પરંતુ સમગ્ર દેશની વસ્તી માટે પણ એક ગંભીર સમસ્યા છે જેના નિરાકરણ માટે સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. ભરવાડ જ્ઞાતિમાં ધાર્મિક માન્યતા તથા સામ–સામા લગ્ન કરવા તેવા ખ્યાલોને કારણે પુત્ર તો હોવો જોઈએ વધુ સંતાન હોય તો કામમાં મદદરૂપ બનશે તેવી વિચારસરણી વસ્તીવૃદ્ધિમાં ભાગ ભજવતી હોય છે. આ ઉપરાંત આ જ્ઞાતિની સ્ત્રીઓમાં નિરક્ષરતાનું વધુ પ્રમાણ આ વસ્તીવૃદ્ધિ માટે જવાબદાર છે.

## (૨) આર્થિક સમસ્યા :

આ સમસ્યા જીવનની એક ગંભીર સમસ્યારૂપ છે. કારણ કે માનવીની આવશ્યક જરૂરિયાત હવા, પાણી અને ખોરાક જેટલી જ પોશાક અને રહેઠાંણ અને અનાજની હોય છે જે આ સમસ્યાને પૂર્ણ કરવા માટે આર્થિક વ્યવસ્થા તરીકે પશુપાલન, ખેતી જેવા વ્યવસાય હોય છે. અને આ વ્યવસાયમાં પણ કેટલીક સમસ્યાઓ જોવા મળે છે જેમ કે,

### * પશુપાલનની સમસ્યા :

ભરવાડોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. તેમાં તેની પાસે અનેક પશુઓ હોવાથી પશુપાલનમાં અનેક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે.

### (૧) ઘાસ તથા પાણીની તંગી :

પશુપાલન માટે તેને મુખ્ય જરૂર ખોરાક એટલે ઘાસની છે. ઘાસ માટે તે જંગલમાં આમ–તેમ ભટકતો રહે છે. વરસાદ ઓછો આવવાને કારણે પશુઓ માટે ઘાસ–પાણીની તંગી થવાથી પશુ દુર્બળ–કમજોર થઈ જાય છે અથવા દૂધ દેતા બંધ થઈ જાય છે. અથવા ઓછું આપે છે. આમ, ઘાસ–પાણીની તંગીથી અનેક સમસ્યાઓ જોવા મળે છે.

આમ, ઘાસ–પાણી પૂરતા ન મળવાને કારણે પશુઓ કમજોર થઈ જાય છે. તેમજ અનેક રોગ થવાથી મૃત્યુ પામે છે. આથી પશુપાલક ભરવાડ વ્યકિતને નુકસાન ઘણું થાય છે. કારણ કે નેસ તથા જંગલમાં વસવાટ કરતાં હોવાથી આદિવાસી ભરવાડને તો શહેર કે દૂરના ગામમાં સારવાર માટે પશુને લઈ

જતાં વાર લાગે  ત્યાં બીમારી ઘણી વધી જાય છે. આથી પશુનું મૃત્યુ થઈ જાય છે. જેથી આ એક સમસ્યા છે.

**ઉકેલ :**

પાણીની તથા ઘાસની સમસ્યા નિવારવા ગુજરાત સરકારે તેના માટે ઘાસની વ્યવસ્થા કરવી તેમજ સ્થળે – સ્થળે બંધ બાંધવા જોઈએ તેમજ પશુ દવાખાનાની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી તાત્કાલિત સારવાર મળી રહે.

તેમજ ઢોર માટે સરકાર તરફથી અમુક ઓછા દરે ઘાસ યા ખોળની મદદ કરવી જોઈએ.

**(૨)   ખેતી  તથા ખેતમજૂરોની સમસ્યા :**

ભરવાડોમાં પશુપાલન પછી બીજો વ્યવસાય ખેતી છે. જેથી અપૂરતા વરસાદના કારણે ખેતીમાં પાણીની તંગી થઈ જાય છે અને ચોમાસાના ઓછા વરસાદના કારણે ભરવાડોએ બીજાનું ખેતર ખેતી કરવા રાખેલ હોય છે તેમાં શિયાળુ–ઉનાળુ પાક લઈ શકાતો નથી.

આ ઉપરાંત પશુપાલન કરતાં ભરવાડો નવરાશનાં સમયે ખેતમજૂરી કરવા જતાં હોય તે પાણીના અભાવે તે ઋતુમાં કયારેક જ કામ મળે છે તેથી બેરોજગારીને કારણે  મજૂરો માટે આ એક સમસ્યા છે.

**(૩) ધાર્મિક સમસ્યા :**

ભરવાડ અનેક હિંદુ દેવી–દેવતામાં માનતો હોવાથી તે વિવિધ ધાર્મિક વિધિઓ, ઉત્સવો, તહેવારો, મેળાઓમાં વધારે ખર્ચ કરે છે તેમાં પણ

સ્ત્રીઓ તો બહુ જ ધાર્મિકવૃત્તિવાળી હોય છે જેથી તેની અસર આર્થિક સ્થિતિ પર પડે છે.

**ઉપાય :**

ભરવાડ સમાજમાં શિક્ષણનો પ્રચાર કરવો આવશ્યક છે.

**(૪) શૈક્ષણિક સમસ્યા :**

શિક્ષણમાં તો ફકત સ્ત્રી જ નહિ પરંતુ સમગ્ર ભરવાડ સમાજ ઘણો પછાત છે પછી તે બક્ષીપંચ હોય કે અનુ. જનજાતિના ભરવાડ તેમાં શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછું જોવા મળે છે. સ્ત્રીઓમાં જોઈએ તો જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૩૯.૫૮% અને ૧૫% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા ૪૪.૮૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં પ્રાથમિક શિક્ષણ સ્ત્રી મેળવેલ છે અને માધ્યમિક શિક્ષણ મેળવેલ સ્ત્રી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૮.૭૫% અને ગીરના અનુ. જનજાતિના ભરવાડમાં ૬.૨૫% તથા જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં સંખ્યા ૧૨(૭૫%) છે.

આમ, સ્ત્રી–પુરુષ બે ગાડીનાં પૈંડા છે. પુરુષ ભણે અને સ્ત્રીના ભણે તો સમાજનો વિકાસ અધૂરો રહે છે. સ્ત્રીમાં પણ શિક્ષણ હોવું જોઈએ. આમ, સમગ્ર સમાજના વિકાસ માટે આ મહત્વપૂર્ણ સમસ્યા છે.

**ઉપાય :**

સમગ્ર ભરવાડ સમાજમાં શિક્ષણનો પ્રચાર થાય તેવા કાર્યક્રમો બને તેટલા યોજના જોઈએ. જેવા કે ભરવાડ સમાજ કે અન્ય સમાજની શિક્ષિત વ્યકિત

દ્વારા શિક્ષણ મેળવવાથી કયાં–કયાં ફાયદા થાય છે તથા તે નાટક દ્વારા શિક્ષણનું કેટલું મહત્વ છે તે સમજાવું જોઈએ જેથી તે પોતાના બાળકોને શિક્ષણ આપે.

## (૫) રાજકીય સમસ્યા :

ભરવાડ સમાજની સ્ત્રી–પુરુષ બંનેમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાના કારણે તેમાં રાજકીય જાગૃતિ જોવા મળતી નથી. ગામમાં અન્ય જ્ઞાતિની તુલનાએ ભરવાડ જ્ઞાતિ વધુ હોવા છતાં પણ રાજકીય નેતૃત્વ જોવા મળતું નથી.

આમ, સૌરાષ્ટ્રમાં ભરવાડોની વસ્તી ઘણી જ છે. પરંતુ શિક્ષણના અભાવે તે સ્ત્રી–પુરુષ રાજકીયક્ષેત્રે પછાત જોવા મળે છે.

**ઉકેલ :**

આ સમગ્ર સમસ્યાનો ઉકેલ માત્ર શિક્ષણનો પ્રચાર છે.

## (૬) કલાનો હ્રાસ :

ભરવાડ સમાજ જેમ અન્ય સમાજનાં સંપર્કમાં આવતી ગઈ તેમ–તેમ પોતાની પરંપરાગત સંસ્કૃતિ નાશ પામી જાય છે . જેમ કે,

સૌરાષ્ટ્ર શું, ગુજરાત આખામાં ભરવાડોના રાસમાં 'હીંચ' અને 'હૂંડો' તો પ્રસિધ્ધ છે. શિક્ષણ મેળવતા હવે આ રાસ અને નૃત્ય કરવામાં ક્ષોભ અનુભવે છે તથા નવી પેઢીના લોકો ભજન–છંદ પણ ભૂલતા જાય છે.

ભરત–ગૂંથણમાં પણ આહીર, ભરવાડ, રબારીની સ્ત્રીઓમાં કલા હતી એટલે તો તે જ્ઞાતિઓનું ભરત પ્રખ્યાત હતું તે સ્ત્રીઓ જાતે પોતાના કાપડામાં ભરત ભરતી, ભરત ભરેલા તોરણ, મોર, પોપટ, દિવાલના ચાકળા વગેરે

બનાવતી જોવા મળતી હતી. હવે તો ભરત ભરેલ કપડાની બદલે પ્રિન્ટેડ કપડા પહેરવા લાગી છે. આમ, ધીમે ધીમે ભરવાડોની સ્ત્રીઓમાં ભરત–ગૂંથણ નાશ પામી રહ્યું છે. જે એક કલાનો હ્રાસ છે.

**ઉકેલ :**

- પરંપરાગત નૃત્ય–સંગીતનું સ્થાન જાળવી રાખવા માટે ધ્યાન આપવું.
- ભરત ગૂંથણની કલાને જીવિત રાખવા માટે સ્કૂલોમાં ક્રાફટના રૂપમાં શીખવવી જોઈએ.

## ૬.૪ ભરવાડ સ્ત્રી સમસ્યાઓનો ઉકેલો :

સ્ત્રીઓની સમસ્યાઓ અનેકવિધ છે તે માટે અનેકવિધ મૂળ ઘણા ઊંડા છે. જેની વિપરીત અસર ભરવાડ સમાજ અને અન્ય સમાજ તેમજ તે સમાજની સ્ત્રીના જીવન ઉપર પડે છે. સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના નિવારવાના ઉપાયો નીચે પ્રમાણે છે.

### (૧) કાનૂની – ઉપાયો :

કાનૂની ઉપાયો દ્વારા સ્ત્રી–પુરુષ સમાનતા આપવામાં આવી છે. પરંતુ વાસ્તવિક જીવનમાં ઘણી અસમાનતાઓ જોવા મળે છે. તેને દૂર કરવાની જરૂર છે. બાળલગ્ન પ્રતિબંધક કાનુન, હિન્દુ લગ્નધારો, સ્પેશ્યલ મેરેજ એકટ, હિંદુ વારસા ધારો, દહેજ પ્રતિબંધક ધારો વગેરે જેવા અનેકવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. તેનો અમલ ભરવાડ સમાજની સ્ત્રીઓમાં કરવામાં આવે તો તેની અનેક સમસ્યાઓ ઉકેલ આવી શકે છે. ઉપરાંત અન્વયે વિવિધ સમસ્યાઓનો ભોગ બનેલી મહિલાઓને કાનૂની સલાહ અને માર્ગદર્શન આપવાની જરૂર છે.

## (૨) શિક્ષણ દ્વારા જાગૃતિ :

સરકારે શૈક્ષણિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. આવા કાર્યક્રમોમાં સ્ત્રીની વિવિધ સમસ્યાઓને રજુ કરતાં પાઠયક્રમો તૈયાર કરીને તેનું શિક્ષણ આપવાની જરૂર છે.

આ રીતે ભરવાડ સમાજની અલ્પશિક્ષિત અને અશિક્ષિત સ્ત્રીઓને વ્યવસાયિક તાલીમ, કુટીર ઉદ્યોગ તથા ઘર સજાવટને લગતા તથા ઘરમાં ઉપયોગી એવા ગૃહઉદ્યોગની તાલીમ મળે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

## (૩) આર્થિક–સામાજિક ઉપાયો :

જે સ્ત્રીઓ વિવિધ સમસ્યાઓનો ભોગ બની છે તેમનું સમાજમાં ફરી પુનઃ સ્થાપન થાય તેવા સઘન પ્રયાસો હાથ ધરવાની જરૂરી છે. આવી સ્ત્રીઓને જરૂરી તાલીમ આપીને પોતાના પગ પર નવરાશના સમયે ઉભી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. પછાત હોવાના કારણે ભરવાડ સમાજની સ્ત્રીઓને શિવણ, ભરતગૂંથણ, પાપડ, અથાણાં જેવા ગૃહઉદ્યોગો શરૂ કરી શકે તે માટે યોગ્ય પ્રોત્સાહનો અને નાણાંકીય પ્રલોભનો સરકાર તરફથી પૂરા પાડવાની જરૂર છે.

ભરવાડ સમાજમાં આવી સ્ત્રીઓને માટે યોગ્ય પગલા લેવા જોઈએ. સામાજિક કાર્યકરો, મહિલા મંડળ વગેરે આવી સ્ત્રીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવીને તેમની સમસ્યાઓને નિવારવામાં મદદરૂપ બનવાની જરૂર છે. આવી સ્ત્રીઓને સમાજમાં અન્ય સમાજની સ્ત્રીઓ સાથે સમાજમાં પ્રતિષ્ઠા, ગૌરવ અને આત્મ સન્માન મળે તેવા પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે.

આમ, ઉપરોકત ભરવાડ સ્ત્રીઓમાં જોવા મળતી સમસ્યાનો ઉકેલ – નિવારણ લાવી શકાય તેવા ખાસ પ્રયાસો થવા જોઈએ.

## ૬.૫ સૂચનો :

માનવ સમુદાય ઉત્તરોતર વિકાસ પામતો રહ્યો છે. દરેક રાષ્ટ્ર કે રાજય પોતાના સમુદાયનો સર્વાંગી વિકાસ સાધવા આયોજીત પરિવર્તનનો અભિગમ અપનાવે છે. ખાસ કરીને જેઓના વસાવટ સ્થળ, પરંપરાગત જીવન, પ્રાથમિક વ્યવસાય કામ કરવાની પ્રેરણાનો અભાવ, આંતર માળખાકીય સુવિધાનો અભાવ, ગરીબી, બેકારી, નિરક્ષરતા, અજ્ઞાનતા વગેરે કારણોસર જે સમાજ કે સમુદાયમાં ખાસ ગતિથી બદલાવ આવતો નથી. ત્યારે આવા સમુદાયોનાં સર્વાંગી વિકાસ માટે સમાજવાદી આયોજનનો અભિગમ અપનાવવો જોઈએ. ભરવાડ સમુદાયોના સર્વાંગી વિકાસ માટે આયોજન પંચ અને અમલકર્તા અધિકારીઓને સ્થાનિક પરંપરાઓ અને વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નવી દષ્ટિ અને નવું માળખું અપનાવવું જરૂરી છે. આથી આ અભ્યાસના તારણોના આધારે કેટલાક સૂચનો કરવા જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

(૧) ભરવાડ સમુદાયમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું ઉંચું છે. સામાન્ય રીતે બાળકોને ચાર–પાંચ વર્ષ માટે જ ભણવા મોકલે છે તે પછી તેને કામમાં જોતરી દેવાય છે. તેમજ ભરવાડોની વસ્તીવાળા કેટલાક ગામોમાં શાળાઓની સ્થિતિ પણ નબળી જોવા મળે છે. આથી તેમના બાળકો વધુને વધુ પ્રમાણમાં શિક્ષણ લેતા થાય તેમજ તાલુકે – તાલુકે તેમના બાળકો માટે અલગ આશ્રમ શાળા યા છાત્રાલયની વ્યવસ્થા પણ કરવી જોઈએ.

(૨) આમ, શિક્ષણ સાથે કેળવણી થાય છે અને તે સાથે તેમને વ્યવસાયમાં મદદરૂપ થાય તે જાતના ઉદ્યોગોને લગતું શિક્ષણ આપવું જોઈએ જેથી તે વ્યવસાયિક શિક્ષણ પણ મેળવી શકે.

(૩) ચોમાસાની સિઝનમાં જંગલના અનુ. જનજાતિના ભરવાડોને ત્યાં પશુને ચરાવવામાં અગવડતા પડે એટલે સ્થળાંતર કરીને આજુબાજુના ગામ યા તાલુકા જિલ્લામાં વસાવટ કરે છે અને ત્યારે તે અનુ. જનજાતિ અને બક્ષીપંચ ભરવાડોને આ સમયગાળો દરમ્યાન નવરાશનો સમય વધુ હોય એટલે તેમને પ્રૌઢ શિક્ષણ, નાટક વગેરે દ્વારા આ લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ આ માટે ગામના શિક્ષિત યુવાનો અને પ્રાથમિક શાળાના શિક્ષકોને રોકવા જોઈએ.

(૪) ભરવાડ સમુદાયમાં પરંપરાગત મૂલ્યોની અસરના લીધે સ્ત્રીઓનું સ્થાન નિમ્ન રહેવા પામ્યું છે. તેથી સ્ત્રી શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવી આ વિસ્તારમાં સ્ત્રી માટેના ભરત–ગૂંથણ, શિવણ, કલા જેવા ગૃહઉદ્યોગોના વર્ગોનું આયોજન કરવું જોઈએ.

(૫) આ પસંદ કરેલ જિલ્લાના બક્ષીપંચ અને નેસના અનુ. જનજાતિના ભરવાડો ગરીબ, પછાત અને નિરક્ષર હોવાથી વિકાસ, રાજનીતિ અને વહીવટી રીતે અભણ હોવાથી આ વિસ્તારનો સર્વાંગી વિકાસ અટકે નહીં તે માટે વહીવટી જ્ઞાતિ હકકો અને અધિકારો તેમજ કાયદાકીય રીતે જાગૃતિ લાવવી જરૂરી છે.

(૬) તેમજ સરકાર દ્વારા કોઈ વિકાસલક્ષી યોજનાની જાહેરાત થાય ત્યારે તેનો પ્રચાર પ્રસાર કરીને તેની વિગતો લોકો સુધી પહોંચાડવી જોઈએ આ લોકો ભોળા હોવાથી કોઈ ગેરલાભ ઉઠાવી ન જાય તે માટે બધાં કાર્યક્રમોનું મૂલ્યાંકન થવું જોઈએ.

(૭) પશુપાલકો સારી રીતે પશુપાલન કરી શકે તે માટે ટેકનીકલ જ્ઞાન આપવું જોઈએ. જેથી તેના દ્વારા તેને આર્થિક ફાયદો થાય.

## કેસસ્ટીઝ –૧

| | |
|---|---|
| નામ | : **પરમાર હંસાબેન (બક્ષીપંચ ભરવાડ)** |
| ઉંમર | : ૩૦ |
| અભ્યાસ | : અભણ |
| વ્યવસાય | : ઘરકામ |
| વૈવાહિક દરજ્જો | : પરણિત |
| ગામ | : બિલખા, તા. જિ. જૂનાગઢ |

**કૌટુંબિક પૃષ્ઠભૂમિ :**

હંસાબેન જૂનાગઢ તાલુકાના બિલખા ગામમાં ઘણા વર્ષોથી વસાવટ કરે છે. તેમના કુટુંબમાં પતિ, બે અપરણિત પુત્ર અને ૧ અપરણિત પુત્રી છે. વ્યવસાયમાં તેઓ ઘરકામ તથા નવરાશનો સમય હોય તો ખેતમજૂરી કામ કરે છે. તેઓ વિભકત કુટુંબમાં રહે છે. તેમના પતિ પશુપાલન અને મજૂરી કામનો વ્યવસાય કરે છે. તેમની આર્થિક સ્થિતિ મધ્યમ પ્રમાણમાં છે. જયારે તેમને સ્ત્રીઓના દરજ્જા અને ભરવાડ સમાજની મહિલા ઓમાં આવેલ સામાજિક પરિવર્તન સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે ઊંડાણપૂર્વક અને ગહન ચર્ચા કરેલ જેમાં અભ્યાસ સંબંધિત કેટલીક માહિતી અને વાતચીતના અંશો અહીં ઉલ્લેખવામાં આવ્યા છે.

*** સામાજિક દરજ્જો અભિગમ :**

હંસાબેનના જણાવ્યાનુસાર જૂનાગઢ જિલ્લાના બિલખા ગામના બક્ષીપંચ ભરવાડોમાં સ્ત્રીઓનો દરજ્જો પહેલા તો નિમ્નકક્ષાનો જોવા મળતો હતો. તેમજ ભરવાડ સમાજમાં મહિલાઓના પહેલા તો નાનપણમાં જ ઘોડિયા સગાઈ – લગ્ન થઈ જતા હતા. પાત્ર પસંદગી પણ મા–બાપ નકકી કરતા, અને દીકરીઓને શિક્ષણ આપવામાં આવતું ન હતું. કારણ કે તે કહે છે કે અમારો ભરવાડ સમાજ એટલો પછાત અને અલ્પવિકસીત છે જેમાં પુરુષોને પણ શિક્ષણ આપતા નહીં તો સ્ત્રીઓને કયાંથી આપે ! પરંતુ હવે તેમાં પરિવર્તન આવતા હંસાબેન જણાવે છે કે પહેલા કરતાં મહિલાઓનો દરજ્જો મધ્યમકક્ષાનો જોવા મળે છે તેમજ હવે દીકરીઓને પણ શિક્ષણ આપવા લાગ્યા તેમજ તેના લગ્ન પણ પુખ્ત ઉંમરે કરવા લાગ્યા છે.

આમ, સામાજિક દરજ્જા સંદર્ભે પહેલા કરતાં મધ્યમકક્ષાનો જોવા મળે છે.

## કેસસ્ટીઝ –૨

| | |
|---|---|
| નામ | : **મેવાડા રેખાબેન (બક્ષીપંચ ભરવાડ)** |
| ઉંમર | : ૩૯ |
| અભ્યાસ | : અભણ |
| વ્યવસાય | : ઘરકામ તથા મજૂરીકામ |
| વૈવાહિક દરજ્જો | : પરણિત |
| ગામ | : કાલસારી, તા. વિસાવદર, જિ. જૂનાગઢ |

**કૌટુંબિક પૃષ્ઠભૂમિ :**

રેખાબેનનું કુટુંબ પોતે સાસરે આવ્યા તે પહેલા વર્ષોથી કાલસારી ગામમાં જ વસવાટ કરે છે અને પહેલા તે સંયુકત કુટુંબમાં  વસવાટ કરતાં હતા. પરંતુ હવે તેના કુટુંબમાં તેના પતિ, એક પુત્ર અને એક પુત્રી છે જે હવે પુખ્ત ઉંમરના થતાં અને ઘરમાં સંકડાશ પડવાના કારણે તે વિભકત કુટુંબમાં રહે છે. તેમના પતિ અને પુત્ર પશુપાલનનો વ્યવસાય કરે છે. જયારે પોતે ઘરકામ અને નવરાશના સમયે જરૂર પડે ગામમાં જ મજૂરીકામ પણ કરે છે. તેમના કુટુંબની આર્થિક સ્થિતિ મઘ્યમ પ્રકારની છે. જયારે તેમને ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે ઊંડાણપૂર્વક અને ગહન ચર્ચા કરેલ જેમાં અભ્યાસ સંબંધિત કેટલીક માહિતી અને વાતચીતના અંશો અહીં ઉલ્લેખવામાં આવ્યા છે.

*** સામાજિક દરજ્જો અભિગમ :**

રેખાબેનના જણાવ્યા અનુસાર વિસાવદર તાલુકાના કાલસારી ગામમાં ભરવાડ સ્ત્રીઓનો દરજ્જો મઘ્યમકક્ષાનો જોવા મળે છે. કાલસારી ગામમાં ભરવાડ સમાજમાં રિવાજો અને પરંપરાઓને ટકાવી રાખવામાં હજુ આવ્યા છે. તેમજ શિક્ષણનું પ્રમાણ ભલે વઘ્યું પણ તે કહે છે કે આ શિક્ષણનું પરિણામ બક્ષીપંચ ભરવાડ સમાજની આ ગામની મહિલાઓમાં જોઈએ તેટલું પરીવર્તન આવેલ જોવા મળતું નથી. પરંતુ કૌટુંબિક સંબંધોમાં હવે પરિવર્તન આવેલ જોવા મળેલ છે તે કહે છે કે જેમાં સામાન્ય રીતે કુટુંબનું વિભાજ થતું જાય છે અને મોટા કદનું નાના કદમાં રૂપાંતર પણ થતું જાય છે. પરંતુ આર્થિક દરજજામાં ભરવાડ મહિલાઓ ઘરકામ જ કરતી હતી પરંતુ તેમાં પરિવર્તન આવતા અને પતિનો ફકત પશુપાલનના વ્યવસાયમાં ઘર ચલાવવું, મોંઘવારી પ્રમાણે મુશ્કેલ થતાં તે હવે નવરાશના સમયે મજૂરીકામે જવા લાગી છે.

રેખાબેનના જણાવ્યા અનુસાર સામાજિક ક્ષેત્રે જૂના પુરાણા રિવાજો જેવા કે દેરવટુ, બાળલગ્ન જેવા રિવાજો બંધ થતાં જાય છે. પરંતુ જૂનાગઢ જિલ્લામાં હજુ ભરવાડ જ્ઞાતિમાં બાળસગાઈનું પ્રમાણ થોડું ઘણું જોવા મળે છે જેમાં પોતાની જ દીકરીની ૧૩ વરસની હતી ત્યાં સગાઈ કરી નાખેલ છે. આથી આ જોતા આ ગામમાં સામાજિક દરજજામાં મહિલાઓમાં ખાસ કોઈ પરિવર્તન આવેલ જોવા મળતું નથી.

## કેસસ્ટીઝ –૩

| | | |
|---|---|---|
| નામ | : | **રાતડીયા ગીતાબેન (અનુ. જનજાતિ ભરવાડ)** |
| ઉંમર | : | ૩૦ |
| અભ્યાસ | : | બી.એ., બી.એડ્. |
| વ્યવસાય | : | જંગલમાં ફોરેસ્ટર |
| વૈવાહિક દરજ્જો | : | પરણિત |
| ગામ | : | સાસણ, તા. તાલાળા, જિ. જૂનાગઢ |

### કૌટુંબિક પૃષ્ઠભૂમિ :

ગીતાબેન પોતાના કુટુંબ સાથે આ ગામમાં વસવાટ કરે છે તેમના કુટુંબમાં તેમના પતિ, સાસુ અને સસરા છે. આમ તે સયુંકત કુટુંબમાં રહે છે. તેઓએ અભ્યાસ બી.એડ્. સુધી કરેલ અને હાલ તે ગીરના જંગલમાં ફોરેસ્ટર તરીકેની નોકરી કરે છે. જયારે બીજી બાજુ તેમના પતિ સાવ અભણ છે અને તેમનો વ્યવસાય પણ પશુપાલનનો છે. છતાં તે પોતે પોતાના સંયુકત કુટુંબમાં પ્રેમથી રહે છે અને ઘરની બધી જવાબદારી સારી રીતે નિભાવે છે. જયારે તેમને ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ પરિવર્તન સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે ઊંડાણપૂર્વક અને ગહન ચર્ચા કરેલ જેમાં કેટલીક અભ્યાસ સંબંધિત માહિતીનો અહીં ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**સામાજિક દરજ્જા અભિગમ :**

ગીતાબેનના જણાવ્યાનુસાર ભરવાડ સમાજમાં ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ સમાજનું પોતે ભરવાડ મહિલાઓમાં આવેલ શૈક્ષણિક પરિવર્તનનું એક જીવંત ઉદાહરણ છે. કારણ કે પોતાની જ્ઞાતિના જુના રિવાજો મુજબ તેમની સગાઈ બાળપણમાં થઈ ગયેલ હતી અને તેમના લગ્ન પુખ્ત ઉંમરે થયેલ છે. આમ એક બાજુ ભરવાડ સમાજની મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત છે તેમજ આ સમાજની મહિલાઓ અનેક જાતની સામાજિક મુશ્કેલીઓ, ગેરલાભો અને ભેદભાવોનો ભોગ બનતી રહે છે તો બીજી બાજ અનુસૂચિત જનજાતિની ભરવાડ મહિલાઓમાં પોતે શિક્ષણ મેળવી  પોતાની જ્ઞાતિમાં શૈક્ષણિક પરિવર્તન દર્શાવે છે અને ગીતાબેન જણાવે છે કે પોતાના પતિ સાવ અભણ અને પશુપાલનનો વ્યવસાય કરતાં હોવા છતાં પોતાના સમાજના લગ્ન વિશેના રીતરિવાજને ધ્યાને રાખી લગ્ન કરી પોતાનો સંસાર સુખથી ચલાવી રહ્યા છે. તે જણાવે છે કે શિક્ષણનાં કારણે તેમના બાહ્ય પોશાકમાં પણ પરીવર્તન જોવા મળે છે તેમનો સામાજિક, આર્થિક દરજ્જામાં પણ પરિવર્તન આવેલ છે. તેથી ગીતાબેન કહે છે કે સમાજમાં પરીવર્તનનું માધ્યમ શિક્ષણ છે. સમાજના અનેક વર્ગો પોતપોતાની રીતે આગળ વધી રહ્યા છે. ત્યારે પશુપાલક ભરવાડ સમાજ આ બાબતમાં બીજા સમાજથી અતડો રહ્યો છે. ભરવાડ સમાજની સ્ત્રીઓ ખમીરવંતી, ખુમારીવાળી, કોઠાસુઝ અને હૈયાસૂઝથી ભરેલી છે. પરંતુ સ્ત્રીઓમાં શિક્ષણ વિના ભરવાડ સમાજનો વિકાસ અધૂરો છે. આમ, હવે તો ભણેલા ભરવાડ કુટુંબો પોતાની બહેન'દીકરીઓને ભણાવતા થયા છે.

આમ, પોતે આ ગામની ભરવાડ મહિલાઓમાં પરિવર્તનનું તે એક જીવંત ઉદાહરણ છે. છતાં હજુ આદિવાસી ભરવાડોમાં તો મહિલાઓનું સ્થાન તો પહેલા જેવું જ છે. તે બક્ષીપંચ ભરવાડની સ્ત્રીઓ કરતાં પણ નિમ્ન દરજ્જો ધરાવે છે કારણ કે તે ગીરના જંગલમાં વસવાટ કરતાં હોવાથી તે શહેરી સંપર્કથી દૂર હોવાના કારણે તેમાં હજુ જોઈએ તેટલું પરિવર્તન આવેલ નથી. તેના પોશાક, રહેણીકરણી, વ્યવસાય વગેરેમાં હજુ પરિવર્તન જોવા મળતું નથી.

ઉપરાંત કહે છે કે પોતે શિક્ષણ મેળવતા તેનામાં આ પરીવર્તન જોવા મળે છે. બાકી તો ગીરના ભરવાડ સમાજની સ્ત્રીઓનો દરજ્જો હજુ તેવોને તેવો છે તેમજ તેમાં બક્ષીપંચ ભરવાડની મહિલાઓ જેટલું પરિવર્તન જોવા મળતું નથી.

## કેસસ્ટીઝ –૪

| | |
|---|---|
| નામ | : **રાતડીયા હીરાબેન (અનુ. જનજાતિ ભરવાડ)** |
| ઉંમર | : ૬૦ |
| અભ્યાસ | : અભણ |
| વ્યવસાય | : ઘરકામ |
| વૈવાહિક દરજ્જો | : પરણિત |
| ગામ | : કાણેક નેસ, તા. ઉના, જિ. જૂનાગઢ |

### કૌટુંબિક પૃષ્ઠભૂમિ :

હીરાબેન જણાવે છે કે તેમનું મૂળ વતન ખોરાસા (ગીર) છે. તેનું કુટુંબ કાણેક નેસમાં છેલ્લા ૧૦ વર્ષથી વસવાટ કરે છે. કારણ કે તેમનો વ્યવસાય પશુપાલનનો છે અને પશુપાલનનાં વ્યવસાય માટે જંગલમાં સ્થિર વસવાટ ન કરતાં થોડા થોડા વર્ષે

સ્થળાંતર કરતા રહે છે. કુટુંબના સભ્યોમાં ૬ જણા છે. જેમાં તેમનાા પતિ, પુત્ર, પુત્રવધુ અને પૌત્ર, પૌત્રી સાથે સંયુકત કુટુંબમાં રહે છે. જયારે ભરવાડ મહિલાઓના સામાજિક દરજ્જા સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે ઊંડાણપૂર્વક ચર્ચા કરેલ જેમાં અભ્યાસ સંબંધિત કેટલીક માહિતીના અંશો અહીં ઉલ્લેખવામાં આવ્યા છે.

*** સામાજિક દરજ્જા અભિગમ :**

હીરાબેનના જણાવ્યાનુસાર ભરવાડ સમાજની બક્ષીપંચ ભરવાડ હોય કે અનુ. જનજાતિની ભરવાડ મહિલાઓ તેમાં તેનો દરજ્જો મધ્યમકક્ષાનો જોવા મળે છે. તે જણાવે છે કે ભરવાડ સમાજમાં હંમેશા દીકરીના જન્મને આવકાર્યો છે તેઓ કહે છે કે ભરવાડ સમાજમાં ભલે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીવત હોય પણ અહીં સ્ત્રીઓને અન્ય  સમાજની જેમ સાપનો ભારો માનવાને બદલે તુલસીનો કયારો માનવામાં આવે છે. અને કયારેય પણ 'દીકરી જન્મે તો નિસાસા અને દીકરો જન્મે તો પતાસા' જેવી પ્રચલિત પરંપરાઓ જોવા મળતી નથી. કારણ કે તે જણાવે છે કે અમારે જેમ દીકરી હોય તેમ સારુ. કારણ કે દીકરી હોય તો દીકરો વળે એટલે કે તેમનું સામ–સામુ થાય છે તેમજ ગીરના જંગલમાં અનુ. ભરવાડ સ્ત્રીઓના પોશાકમાં હજુ પરીવર્તન આવેલ નથી. અને ત્યાં જંગલમાં પશુપાલનના વ્યવસાય સિવાય બીજો કોઈ વ્યવસાય ન હોવાથી તે ઘરકામ કરે ને મજા કરે છે. તેમજ ગીરમાં હજુ બાળસગાઈ અને બાળલગ્નનું પ્રમાણ બક્ષીપંચ ભરવાડ કરતાં થોડુ ઘણું જોવા મળે છે તેનામાં હવે જો કે અરસ પરસ પરગણામાં કન્યાની લેવડદેવડ થતી ન હતી. તે હવે પરિવર્તન આવતા થવા લાગી છે. તેમજ કન્યા વિક્રય જેવા રીતરીવાજો ઓછા થતાં જાય છે.

આમ, ગીરની અનુ. જનજાતિની ભરવાડ મહિલાઓમાં મધ્યમ કક્ષાનો દરજ્જો જોવા મળે છે.

આમ, અનુ. જનજાતિ ભરવાડ મહિલાઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય દરજ્જો બક્ષીપંચ ભરવાડ મહિલાઓ કરતાં નીચો છે.

## કેસસ્ટીઝ –૫

| | | |
|---|---|---|
| નામ | : | **કાટોડિયા હેમીબેન (બક્ષીપંચ ભરવાડ) (ઓબીસી)** |
| ઉંમર | : | ૩૪ |
| અભ્યાસ | : | ૨ ધોરણ સુધી |
| વ્યવસાય | : | ઘરકામ |
| વૈવાહિક દરજ્જો | : | પરણિત |
| ગામ | : | જશાપર, તા. કાલાવડ, જિ. જામનગર |

**કૌટુંબિક પૃષ્ઠભૂમિ :**

આ ગામમાં તેઓ તેમના સસરાના બાપ–દાદાના વખતથી વસવાટ કરે છે. પહેલા તેઓ સંયુકત કુટુંબમાં વસવાટ કરતા હતા. પરંતુ દેરના લગ્ન થઈ જતા હવે ઘરમાં સંકડાશ અને વ્યવસાયમાં વિભાજન થતાં તે વિભકત કુટુંબમાં રહે છે. જેમાં તેના પતિ, બે દિકરા અને એક દીકરી રહે છે. તેના એક દીકરાની સગાઈ હમણાં બાજુના ગામમાં કરી છે. તેના પતિ પશુન હોવાથી પશુપાલનનો વ્યવસાય ન કરતાં બાજુના ગામોમાથી વેચાતું દૂધ લાવી ઘેર ઘેર દૂધ વહેંચવાનો અને ચાની હોટલનો વ્યવસાય કરે છે. જયારે તેમને જામનગર જિલ્લાની ભરવાડ મહિલાઓના દરજ્જા વિશેની સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે ઊંડાણપૂર્વક અને ગહન ચર્ચા કરેલ જેમાં અભ્યાસ સંબંધિત કેટલીક માહિતી અને વાતચીતનાં અંશો અહીં ઉલ્લેખવામાં આવ્યા છે.

**સામાજિક દરજ્જા અભિગમ :**

હેમીબેનના જણાવ્યાનુસાર તેમનો સામાજિક દરજ્જો પહેલા કરતાં ઘણો ઊંચો જોવા મળે છે. કારણ કે પહેલા તો તેમની જ્ઞાતિમાં નાનપણમાં જ માતા–પિતાની પસંદગીથી બાળ સગાઈ–બાળલગ્ન કરી નાખવામાં આવતા હતા. તે જણાવે છે કે તેની પોતાની સગાઈ પોતે ૩ વરસના હતા ત્યારે અને લગ્ન ૧૭ વરસના હતા ત્યારે થઈ ગયેલ હતા. હવે ભરવાડ મહિલાઓમાં સામાજિક પરિવર્તન આવતા સ્ત્રીઓની સગાઈ પુખ્ત ઉંમરે અને પોતાની પસંદગી પણ ધ્યાને લેવામાં આવે છે. તેમજ ધંધામાં પણ પરિવર્તન આવતા તે પશુપાલનના બદલે અન્ય વ્યવસાય પણ કરવા લાગ્યા છે જેમ કે તેના પતિ ચાની હોટલનો વ્યવસાય કરે છે જેનાં કારણે તેની આર્થિક સ્થિતિ સધ્ધર થઈ છે. પહેલા ઘરની સ્થિતિ નબળી હતી હાલ ઘરની પરિસ્થિતિ ઘણી સારી છે. આ વ્યવસાયના પરીણામે ઘરમાં ટી.વી., મોટરસાઈકલ, ફોન, ખુરશી વગેરે વસાવી શકયા છે. ઘરની હાલત પણ સુધરી છે.

હેમીબેન જણાવે છે કે પહેલા કરતાં પોશાક પરિવર્તન આવતા તે હજુ તેનો પહેરવેશ, જીમી ઓઢણું પહેરે છે પરંતુ તેની દીકરી તેનો પોશાક ન પહેરતા અન્ય સમાજની યુવતીઓની જેમ ડ્રેસ, પહેરવા લાગી છે. તેમજ થોડુ ઘણું શિક્ષણ પણ તે મેળવવા લાગ્યા છે હવે તેમના ઘરેણાં પણ આધુનિક ડિઝાઈનનાં પણ જોવા મળે છે. પહેલા સ્ત્રીઓ ઘરકામ સિવાય બહાર કામ કરવા નહીં જતી તેને બદલે હવે નવરાશમાં ઘરબહાર કામે પણ જવા લાગી છે.

આમ, જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ મહિલાઓના સામાજિક દરજ્જામાં ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે.

## કેસસ્ટીઝ –૬

| | | |
|---|---|---|
| નામ | : | **પડસરિયા મણીબેન (બક્ષીપંચ ભરવાડ)** |
| ઉંમર | : | ૪૦ |
| અભ્યાસ | : | અભણ |
| વ્યવસાય | : | મજુરીકામ |
| વૈવાહિક દરજ્જો | : | પરણિત |
| ગામ | : | અલિયા, તા.જામનગર, જિ. જામનગર |

### કૌટુંબિક પૃષ્ઠભૂમિ :

મણીબેન અલિયા ગામમાં વર્ષોથી વસવાટ કરે છે. તેમના કુટુંબમાં તેમના પતિ, બે દીકરીઓ અને એક દીકરો છે તે વ્યવસાયે છૂટક–છૂટક મજૂરીકામે જાય છે. અને તેના પતિ અને પુત્ર પશુપાલનનો વ્યવસાય કરે છે. તેની આર્થિક સ્થિતિ મધ્યમકક્ષાની જોવા મળે છે. જયારે તેમને ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે તેની ગહન – ઉંડાણપૂર્વકની ચર્ચા કરેલ તેને સંબંધિત મળેલ માહિતીના અમુક અંશોનો અહીં ઉલ્લેખ કરવામાં આવેલ છે.

### સામાજિક દરજ્જા અભિગમ :

મણીબેનના જણાવ્યાનુસાર પહેલાના સમય તરફ નજર કરીએ તો તે સમયમાંભરવાડ સમાજમાં મહિલાઓને મહત્વ બહુ આપવામાં આવતું નહીં તે સમયમાં નાની ઉંમરે સ્ત્રીના લગ્ન કરી દેવામાં આવતા તેમજ તેનું સ્થાન પણ નિમ્નકક્ષાનું જોવા મળતું હતું. પરંતુ તેમાં હવે પરિવર્તન આવતા પુખ્ત ઉંમરે લગ્ન કરી દેવામાં આવે છે. મણીબેનના જણાવ્યાનુસાર તેમની સગાઈ ૧૫ વર્ષે થઈ હતી અને લગ્ન ૧૮ વર્ષે થયા હતા. તેમાં પરિવર્તન આવતા તેની

દીકરીની સગાઈ અત્યારે હાલ ૨૦ વર્ષે કરવામાં આવી છે તેમજ હવે બાળ સગાઈ–બાળ લગ્ન બંધ થતાં જાય છે અને પુખ્ત ઉંમરના દીકરી–દીકરાઓના સમૂહમાં લગ્ન થવા માંડયા છ. મણીબેન કહે છે કે પહેલા લગ્ન પછી પણ બે ત્રણ વર્ષે દીકરીને આણું વાળવામાં આવતું હતું જે હવે પરીવર્તન આવતા લગ્ન થઈ ગયા પછી તરત દીકરી પતિની સાથે સાસરે વળાવી દેવામાં આવે છે. મણીબેનના પતિ અને પુત્ર પશુપાલનનો વ્યવસાય કરે છે તેમની આર્થિક સ્થિતિ મધ્યમકક્ષાની જોવા મળે છે. મણીબેન કહે છે કે પશુઓમાં નાનો માલ (ગાડરા) હોવાથી તેમાં ઘર ખર્ચેને મોંઘવારીમાં પહોંચી વળવું મુશ્કેલ હોઈ છે માટે હવે અમે પણ તેમને વ્યવસાયમાં મજૂરીકામે જઈ તેને સાથ આપીએ છીએ જે પહેલા ઘરકામ જ કરતી હતી તેમાં હવે પરિવર્તન આવતા તે ઘર અને બહારની બેવડી ભૂમિકા ભજવે છે.

મણીબેન કહે છે કે શિક્ષણમાં પણ પરિવર્તન આવતા યુવતિઓ શાળાએ જવા લાગી છે.

આમ, પહેલા કરતાં અલિયા ગામની ભરવાડ મહિલાઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક જેવા ક્ષેત્રે પરિવર્તન જોવા મળે છે.

## કેસસ્ટીઝ –૭

| | |
|---|---|
| નામ | : **મેવાડા લીલીબેન (બક્ષીપંચ ભરવાડ)** |
| ઉંમર | : ૪૩ |
| અભ્યાસ | : અભણ |
| વ્યવસાય | : ઘરકામ |
| વૈવાહિક દરજજો | : પરણિત |
| ગામ | : કાલાવડ, તા.જામનગર, જિ. જામનગર |

**કૌટુંબિક પૃષ્ઠભૂમિ :**

લીલીબેનનું કુટુંબ ખરેડી ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી વસવાટ કરે છે. તેમના કુટુંબમાં પતિ, ૩ પુત્ર, ૧ પુત્રવધુ અને ૧ પુત્રી એવું સંયુકત કુટુંબ છે. તે વ્યવસાય ઘરકામ કરે છે. અને તેના પતિ – પુત્રો પશુપાલનનો તથા ચોમાસામાં અડધા ભાગે ખેડૂતની ખેતી વાવવાનો વ્યવસાય કરે છે. તેમની આર્થિક સ્થિતિ પહેલા કરતાં સારી જોવા મળે છે. જયારે ભરવાડ સમાજની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન સંબંધિત માહિતી માટે મળવાનું થયું ત્યારે તેની ઊંડાણપૂર્વકની અને ગહન ચર્ચા કરેલ તેને સંબંધિત મળેલ માહિતીના અમુક અંશોનો અહીં ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**સામાજિક દરજ્જો અભિગમ :**

લીલીબેનના જણાવ્યાનુસાર જેમ બધા પશુપાલકોમાં વર્ષો પછી ધીમું ધીમું પરિવર્તન આવી રહ્યું છે તેની અસર જામનગરના બક્ષીપંચ ભરવાડ સમાજની મહિલાઓના દરજજા ઉપર પડતા તેમાં પણ ઓછાવત્તે અંશે પરિવર્તન આવતું જોવા મળે છે તે જણાવે છે કે ઉદ્યોગીકરણ, શહેરીકરણ, શિક્ષણ જેવા સાધનોને કારણે ભરવાડ સમાજની સ્ત્રીના સ્થાનમાં ફેરફાર થયો છે તે કહે છે કે એક સમય એવો હતો કે સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દિવાલો પૂરતું જ સિમિત હતું. પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધવાથી સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવેલ જોવા મળે છે. લીલીબેન કહે છે કે સ્ત્રીઓ ઘર બહારની આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાઈને પતિને મદદ કરવા લાગી છે. આમ, આ રીતે ભરવાડ સમાજની મહિલાઓમાં પરિવર્તન આવેલ જોવા મળે છે તેના પતિ પણ વ્યવસાયમાં ગાય, ભેંસ, ઘેટા–બકરા જેવા પશુને રાખતા હોવાથી પશુપાલન ઉપરાંત ખેતીની ચોમાસની સિઝન ખેતીનો પણ વ્યવસાય કરતા તેની આર્થિક

સ્થિતિ સધ્ધર બની છે જેના કારણે સ્ત્રીનો આર્થિક દરજ્જો ઉંચો ચડયો છે અને ઘરની સ્થિતિ પણ સુધરતા ઘરમાં ટી.વી., ફોન, સાઈકલ, મોટર સાઈકલ વગેરે વસાવી શકયા છે.

લીલીબેન કહે છે કે પોશાકમાં હજુ મોટી ઉંમરની સ્ત્રીઓ તેનો પરંપરાગત પહેરવેશ પહેરે છે પરંતુ નાની ઉંમરની સ્ત્રીઓ અન્ય સમાજની સ્ત્રીઓને જેમ પહેરવા લાગી છે ઘરેણાં પણ આધુનિક ડીઝાઈનના પહેરવા લાગ્યા છે.

સ્ત્રીઓને શિક્ષણ આપવું એટલે હાથમાં છરી આપવા બરાબર છે. આ પ્રકારની માન્યતા ભરવાડ સમાજની સ્ત્રીઓમાં જોવા મળતી હતી. પરંતુ વર્તમાન સમયમાં ભરવાડ સમુદાયમાં ઘેર–ઘેર ટી.વી., રેડીયો જેવી સુવિધા ઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. સાથોસાથ મહિલાઓ તેમના સંપર્કમાં વધારે રહે છે પરિણામે પહેલાની સરખામણીમાં આજની ભરવાડ મહિલાઓમાં પરિવર્તન વધારે જોવા મળે છે.

## પ્રકરણ–૭

## ઉપસંહાર

૭.૧ પ્રસ્તાવના

૭.૨ અભ્યાસના તારણો

૭.૩ સંશોધનની મર્યાદાઓ

૭.૪ ભવિષ્યના નવા ક્ષેત્રો

૭.૫ ઉપસંહાર

# પ્રકરણ–૭

# ઉપસંહાર

## ૭.૧ પ્રસ્તાવના :

સામાજિદક સંશોધન ખૂબ અઘરી બાબત છે. અહીં સમાજ એ પ્રયોગશાળા છે અને માનવ અંગે જાણકારી પ્રાપ્ત કરવાની છે. યાંત્રિક અને ટેકનીકલ બાબતો જાણવી ખૂબ સહેલી છે. અહીં માનવ આંતરક્રિયાઓ અંગે જાણકારી પ્રાપ્ત કરવાની છે. માનવ વ્યવહાર વ્યકિતના વિચાર વલણો ઉપર આધારિત હોય છે. માનવનું સામાજિક જગત ખૂબ જટિલ છે અને માત્ર નિદર્શ દ્વારા એને સમજવું ખૂબ અઘરી બાબત છે. કારણ સંત તુલસીદાસે કહ્યું છે "તુંડે તુંડે મતિઃ ભિન્ન" દરેકે મગજમાં જુદાં જુદાં વિચાર હોઈ શકે. આ પરિસ્થિતિમાં સામાજિક સંશોધન વલણોની દિશા જરૂર બતાવી શકે છે.

સંશોધનમાં માહિતી મેળવવી અને તેનું અર્થઘટન જેટલું અગત્યનું છે તેટલું જ મહત્વ તારણોનું પણ રહેલું છે. કોઈપણ સંશોધન કેવળ પૃથ્થકરણની મદદથી પૂરુ થતું નથી. અર્થઘટન અને પૃથ્થકરણ બાદ અભ્યાસનો સારાંશ તારવવામાં ન આવે ત્યાં સુધી સંશોધન અપૂર્ણ ગણાય. સારાંશ તારવ્યા વગર રજૂ કરેલ અહેવાલ 'વલોવ્યા વગરની છાશ જેવો ગણાય' છે. છાશને વલોવી તેમાંથી માખણ કાઢવું પડે છે તેમ માહિતીનું પૃથ્થકરણ કર્યા પછી તેમાંથી તારણો શોધવા તે અગત્યની પ્રક્રિયા ગણી શકાય. જયાં સુધી તારણો સ્પષ્ટ ન થાય ત્યાં સુધી સંશોધનનો સ્પષ્ટ અર્થ ન રહે એ દષ્ટિએ આ સંશોધન અભ્યાસમાં જે તારણો પ્રાપ્ત થયા છે તે પ્રસ્તુત પ્રકરણમાં શોધવા પ્રયાસ કરે છે.

તારણોની સાથો–સાથ સંશોધકને જે કંઈ જાણવા મળ્યું હોય, અનુભવો થયા હોય તેના આધારે ભાવિ સૂચનો કરેલ છે.

## ૭.૨ અભ્યાસના તારણો :

પ્રસ્તુત અભ્યાસ ''પશુપાલક ભરવાડ જાતિની મહિલાઓમાં આવેલ સામાજિક પરિવર્તન'' અંગેની માહિતીનું વર્ગીકરણ, પૃથ્થકરણ કરેલ છે અને તેના આધારે સમગ્ર અભ્યાસના નીચોડરૂપે કેટલાક તારણો રજૂ કરેલ છે જે નીચે મુજબ છે.

**તારણો :**

**પ્રથમ પ્રકરણ :**

પ્રથમ પ્રકરણમાં સંશોધન વિષયની પસંદગી, સંશોધનની સમસ્યા, સંશોધન પાછળના કયા–કયા હેતુઓ અને તેનું મહત્વ, સંશોધન દરમ્યાન ઉપયોગમાં લીધેલ કેટલીક જુદી જુદી પધ્ધતિઓ અને તેમાં કેટલીક મર્યાદાઓ રહેલી છે તે દર્શાવવાનો પ્રયાસ કરેલ છે. આ ઉપરાંત સંશોધન દરમ્યાન સ્ત્રી અંગેના થયેલા પૂર્વ અભ્યાસોને દર્શાવવામાં આવેલ છે તેમજ સંશોધન માટે અભ્યાસનો પસંદ કરેલ ક્ષેત્રમાં ગુજરાતના ભૌગોલિક માહિતી સૌરાષ્ટ્રની ભૌગોલિક પૃષ્ઠભૂમિમાં જેમાં તેનું ક્ષેત્રફળ અને તેની વિશિષ્ટતા દર્શાવી છે. સાથે સાથે સૌરાષ્ટ્રના પસંદ કરેલ જિલ્લાઓમાં બક્ષીપંચ ભરવાડના જૂનાગઢ જિલ્લાના ૧૦૦ અને જામનગરના બક્ષીપંચ ભરવાડના ૧૫૦ તથા જૂનાગઢ જિલ્લાના અનુસૂચિત જનજાતિના ગીરમાંથી ૫૦ ભરવાડની વસ્તી તથા તેમાંથી ભરવાડોના કુલ ૩૦૦ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**બીજું પ્રકરણ :**

બીજા પ્રકરણમાં અભ્યાસ માટે પસંદ કરેલ જાતિ એવી ભરવાડ સમાજનો જનજાતિય પરિચય આપવામાં આવેલ છે. જેમાં ભરવાડ સમાજની

ઉત્પતિથી માંડીને તેના વંશ, જાતિ, તેની શાખ, અટક તેમજ પશુપાલક જ્ઞાતિના ગોત્રો વગેરે બાબતોને અહીં દર્શાવવામાં આવી છે.

આ ઉપરાંત ભરવાડ સમાજની ભૌતિક સંસ્કૃતિ કેવી છે તે જાણવાનો અહીં પ્રયાસ કરેલ છે. જેમાં ભરવાડ સમાજના પસંદ કરેલ કુટુંબોમાં સામાજિક સાંસ્કૃતિક સંરચનાનો અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ હેઠળના જ્ઞાતિ ભરવાડમાં સામાજિક સાંસ્કૃતિક સંરચનાનાં તારણો નીચે મુજબ છે.

પશુપાલક ભરવાડ સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને જૂનાગઢ અને જૂનાગઢ જિલ્લાના જંગલ વિસ્તાર એવા નેસ (ગીર) તથા જામનગર જિલ્લામાં વધુ વસે છે. જેમાં અભ્યાસમાં લીધેલ ૩૦૦ કુટુંબોમાં જે તે ગામના મુળ વતની ૬૫.૦૧% છે જયારે ૧ થી ૨૦ વર્ષ થયે ગામમાં સ્થાયી થયા હોય એવા ૧૩% કુટુંબો જોવા મળે છે. કારણ કે જૂનાગઢ અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો સ્થિર વસવાટ કરતાં હોય છે જયારે નેસ (ગીરનાં) અનુસુચિત જનજાતિના ભરવાડો જંગલમાં સ્થિર વસવાટ ન કરતાં તે સ્થળાંતર કરે છે. કારણ કે વરસાદની સિઝનમાં જંગલમાં રહી ન શકતા હોવાથી તે ઢોર માટે સ્થળાંતર કરે છે.

પશુપાલક ભરવાડ સમુદાયના લોકોના મકાનો કાચા અને અર્ધ પાકા વધુ પ્રમાણમાં જોવા મળે છે. નબળી આર્થિક પરિસ્થિતિને લઈને તેમના મકાનો વધુ ઝાક–ઝમાળવાળા જોવા મળતા નથી. આ ઉપરાંત અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ કુટુંબના ઉત્તરદાતાઓમાં ભરવાડ જ્ઞાતિના ૭૦% લોકો પશુપાલનનો વ્યવસાય કરતાં હોવાથી મકાન સાવ કાચા એટલે કે ઘાસ, માટીની દિવાલ, દેશી

નળિયા, ઘાસનું છાપરું તથા અર્ધપાકા મકાનમાં પથ્થર–ઈંટની દીવાલ, કાચું યા સિમેન્ટનું તળિયું તથા વિલાયતી નળિયાનું છાપરું ધરાવે છે. કારણ કે પશુપાલનનાં વ્યવસાયનાં કારણે પશુને ચરાવવા માટે ઘાસચારો મળે ત્યાં જવું પડતું હોવાથી મકાન કાચા યા અર્ધ પાકા મકાન ધરાવે છે.

ભરવાડ જ્ઞાતિના લોકોનો વસવાટ ગામની છેવાડે તથા મધ્ય વિસ્તારે આવેલ હોવાથી અને પોતાના જાતિ ભાઈઓ જોડે રહેવાની પ્રબળ લાગણીને કારણે તેમના વસવાટના વિસ્તારો ગીર વસ્તીવાળા અને નાના ઘરો જોવા મળે છે. મોટાભાગના લોકો માત્ર એક–બે ઓરડાવાળા ઘરોમાં વસવાટ કરે છે.

પશુપાલક ભરવાડ જ્ઞાતિમાં જૂનાગઢ અને જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોના ઘરોમાં સામાન્ય રીતે રાચરચીલું ઘણું ઓછું જોવા મળે છે. જયારે નેસના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં બક્ષીપંચના ભરવાડો જેટલું પણ જોવા મળતું નથી. પ્રાથમિક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાય વધારાનો કોઈ સામાન હોતો નથી. ઘરવખરીની ચીજોમાં મુખ્યત્વે એલ્યુમિનિયમ, સ્ટીલ અને તાંબાના વાસણો જોવા મળે છે. જયારે આધુનિક સુખ સગવડનાં સાધનો બહુ ઓછા કુટુંબો પાસે જોવા મળે છે.

બક્ષીપંચ ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓમાં પહેરવેશ જૂનાગઢ અને જામનગર જિલ્લામાં કલરવાળી ઓઢણી, જીમી તથા મોટી ઉંમરની સ્ત્રીઓ કાપડું–ઉનની ધાબળી જેવું ઓઢે છે તથા નેસની અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં મોટી ઉંમરની લાલ–મરૂન જીમ્મી, કાપડું ઓઢે છે. તથા નાની ઉંમરની રંગબેરંગી ચુંદડી ઓઢે છે. જે બક્ષીપંચ કરતાં જુદી પડે છે.

આભૂષણોમાં વર્તમાન સ્થિતિને અનુરૂપ યુવક–યુવતી દ્વારા બદલાવ આવ્યો છે. પરંતુ પરંપરાગત આભૂષણોનું સ્થાન ટકી રહ્યું છે. પોશાક–આભૂષણો દ્વારા આ જ્ઞાતિની સ્ત્રીઓ અલગ તરી આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં બંને જિલ્લાના બક્ષીપંચ અને નેસના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં સ્ત્રીઓ સામાજિક રીત–રિવાજો ભરવાડ સમાજને અનુસરતા જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોનું ઉજવણું કરે છે. જેમ કે સિંમત, પ્રસુતિ, છઠ્ઠીની વિધિ, મૃત્યુ પછી દસમાં બારમાંની વિધિ વગેરે પ્રસંગોના રીત–રિવાજો જોવા મળે છે.

*** ત્રીજું પ્રકરણ :**

ત્રીજા પ્રકરણમાં સ્ત્રી વિષયક બાબતો, સ્ત્રીનો સામાજિક, આર્થિક, કૌટુંબિક, ધાર્મિક, રાજકીય જીવનમાં કેવો દરજ્જો છે અને કેવી ભૂમિકા ભજવે છે તે દર્શાવવામાં આવ્યો છે.

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ હેઠળના જામનગર જિલ્લાના ૧૫૦ જૂનાગઢ જિલ્લાના ૧૫૦ ના કુલ ૩૦૦ કુટુંબોમાં ભરવાડ જ્ઞાતિના ઉત્તરદાતાઓની સામાજિક સંરચનાના સંદર્ભે કૌટુંબિક પાર્શ્વભૂમિકા દર્શાવતા તારણો નીચે મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાના ૧૫૦ અને જામનગર જિલ્લાના ૧૫૦ પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબના ભરવાડોમાંથી કુલ ૧૫૭૫ ઉત્તરદાતાઓની સંખ્યા છે. જેમાં ૭૪૬ સ્ત્રી ઉત્તરદાતા અને ૮૨૯ પુરુષ ઉત્તરદાતા જોવા મળે છે. જેમાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ સ્ત્રી ઉત્તરદાતા કરતાં વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉંમરનાં આધારે કહી શકાય છે કે અભ્યાસ માટે પસંદ કરેલા ઉત્તરદાતાઓની ઉંમરમાં વૈવિઘ્ય જોવા મળે છે. ઉંમરનું આવું વૈવિઘ્ય જે અહીં સમગ્ર સમાજનો વાસ્તવિક સુર બની રહે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબના પ્રકારના સંદર્ભમાં જોઈએ તો બંને જિલ્લામાંથી ૧૫૦ + ૧૫૦ કુલ ૩૦૦ કુટુંબો લીધા છે. જેમાંથી ૪૯.૩૩% સંયુકત અને ૫૦.૬૭% વિભકત કુટુંબ ધરાવે છે. કારણ કે હવે ભરવાડોના ગામો ઉપર શહેરીકરણની થોડી ઘણી અસર તેમજ પશુને ચરાવવા માટે નેસ તેમજ ગામમાંથી સ્થળાંતર કરતાં હોવાથી તેમજ અમુક લોકો પશુ ચરાવવા સિવાયનો વ્યવસાય કરવા લાગ્યા અને નાના ઘરોમાં રહેતા હોવાથી પુત્રનાં લગ્ન થતાં ઘર અલગ બનાવી રહેવા લાગ્યા જેને લીધે વિભકત કુટુંબનું પ્રમાણ વધતું જાય છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબના કદ વિશે તપાસતા જાણવા મળે છે કે સૌથી વધુ કુટુંબો મઘ્યમ કદના જોવા મળે છે જયારે સૌથી ઓછા–મોટા અને નાના કદના કુટુંબો જોવા મળે છે. જૂનાગઢ–જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો કરતાં જૂનાગઢ જિલ્લામાં ગીરના અનુસૂચિત જનજાતિમાં મોટું કદ કુટુંબમાં જોવા મળે છે. કારણ કે નેસમાં ભરવાડ સમુદાયના લોકો તેમના પરંપરાગત વ્યવસાય પશુપાલન સાથે સંકળાયેલ છે. આથી નેસમાં કુટુંબનું કદ મોટુ જોવા મળે છે. તેની પાછળ પરંપરાગત વ્યવસાય જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં બંને જિલ્લાના બક્ષીપંચ અને નેસના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં કૌટુંબિક ક્ષેત્રે બાળકોના સામાજિકરણની પ્રક્રિયામાં પુરુષો કરતાં સ્ત્રીઓની ભૂમિકા વિશેષ જોવા મળે છે. તેમજ રોજબરોજનાં

કામો કરવામાં પણ તે મહત્વની ભૂમિકા ભજવે છે. પુરુષો તેમની મોટાભાગનો સમય પશુપાલનનો વ્યવસાય પાછળ ગાળતા હોવાથી કૌટુંબિક જવાબદારી સ્ત્રીઓ ઉપર વિશેષ રહે છે.

પ્રસ્તુત અભ્યાસના આધારે જાણવા મળે છે કે ઉત્તરદાતાઓમાં સ્ત્રી પ્રત્યેનાં પરંપરાગત વલણોમાં પરિવર્તન આવ્યું છે. બધાં જ ભરવાડો દીકરીનાં જન્મને આવકાર્ય ગણે છે તેમજ પુત્ર–પુત્રીનાં ઉછેરમાં ભેદભાવ ન રાખતા હોવાનું જણાવે છે તથા બક્ષીપંચોમાં દીકરીને શિક્ષણ આપવા તરફનું વલણ વિકસ્યું છે. જયારે નેસના અનુસૂચિત જનજાતિના ભરવાડોની સ્ત્રીઓમાં બક્ષીપંચની સ્ત્રીઓ જેટલું પરિવર્તન આવ્યું નથી. આમ, સામાજિક, કૌટુંબિક ક્ષેત્રે ભરવાડ સ્ત્રીઓનું નિમ્ન સ્થિતિ જોવા મળે છે. જયારે બક્ષીપંચ ભરવાડની સ્ત્રીઓ શહેરી સમાજના સંપર્કમાં આવતા સામાજિક જાગૃતિ આવેલી જોવા મળે છે.

પશુપાલક ભરવાડ સમાજમાં ધાર્મિકક્ષેત્રે પણ સ્ત્રીઓ હિંદુ ધર્મના બધા તહેવારોમાં ભાગ લે છે અને ઉજવે છે.

*** ચોથું પ્રકરણ :**

ચોથા પ્રકરણમાં પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ વિસ્તારોમાં પશુપાલક ભરવાડ સમાજની સ્ત્રીઓની સામાજિક, આર્થિક, રાજકીય ક્ષેત્રે તેની સ્થિતિ કેવી છે તે દર્શાવવામાં આવ્યું છે.

આમ, પ્રસ્તુત અભ્યાસ હેઠળ પસંદ કરેલ જૂનાગઢ જિલ્લાના ૧૫૦ + અને જામનગર જિલ્લાના ૧૫૦ કુલ ૩૦૦ કુટુંબોમાં આર્થિક સંરચના કેવી છે

અને તેમાં આર્થિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની સ્થિતિ કેવી છે. તે જોવા મળે છે તથા શિક્ષણક્ષેત્રે પણ સ્થિતિ જોવા મળે છે.

*** આર્થિક સંરચના :**

પ્રસ્તુત અભ્યાસ સાથે સંકળાયેલા બધા જ ભરવાડો પરંપરાગત વ્યવસાય પશુપાલન અને તેની સાથે સંબંધિત અન્ય મજૂરી તથા ખેતમજૂરી અને દૂધ વહેંચવાના વેપાર સાથે સંકળાયેલ છે. તેમની અર્થવ્યવસ્થા સામાન્ય ગ્રામીણ અર્થવ્યવસ્થા જેવી છે જેમાં સ્ત્રી–પુરુષો અને કુટુંબનાં અન્ય સભ્યો સાથે મળીને કાર્ય કરે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના કુટુંબોમાં વય–જૂથ અને જાતિ પ્રમાણે શ્રમ વિભાજન જોવા મળે છે. અર્થઉપાર્જનનું કાર્ય પુરુષો સંભાળે છે જયારે સ્ત્રીઓ ઘરકામ તથા બાળકોનાં સામાજિકરણની જવાબદારી સંભાળે છે ઉપરાંત પુરુષોને વ્યવસાયમાં પણ મદદરૂપ થાય છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના બધા જ ભરવાડો પોતાના વ્યવસાય તરફ હકારાત્મક વલણ ધરાવે છે એટલે કે પોતાનો પરંપરાગત વ્યવસાય પશુપાલન એ વ્યવસાય બાપદાદાનો છે એવું માને છે. મોટાભાગના ભરવાડો પોતાના સંતાનો પણ આ વ્યવસાય સ્વીકારે તેવું ઈચ્છે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળની ભરવાડ જ્ઞાતિઓમાંથી અલ્પ પ્રમાણમાં ભરવાડ કુટુંબોએ સરકારી પશુપાલન ઉદ્યોગને લગતાં એટલે કે ઊન, દૂધ જેવા ધંધાને લગતી યોજનાઓનો જવલ્લે જ લાભ લીધો છે. આમ, સરકારી યોજનાઓનાં લાભથી મોટાભાગનાં બંને જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો વંચિત છે.

પ્રસ્તુત અભ્યાસ પશુપાલક ભરવાડનો હોવાથી અભ્યાસ હેઠળના ભરવાડોમાં પશુપાલનનો વ્યવસાય કરતાં કુલ ૩૦૦ કુટુંબોમાં ગાયની સંખ્યાની ટકાવારી જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૪૧.૭૩% અને ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં ૧૯% તથા જામનગર જિલ્લાનાં બક્ષીપંચ ભરવાડોમાં ૫.૨૨% જોવા મળે છે. જયારે ભેંસ ધરાવતા કુટુંબોની જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૨.૪૯% જોવા મળે છે. જયારે ઘેટાં–બકરાનું પ્રમાણ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૧૭.૧૮% અને સૌથી વધુ જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૯૦.૪૯% જોવા મળે છે. જયારે અન્ય પાડા પાડી, વાછરડાં કે વાછરડીનું પ્રમાણ જૂનાગઢ જિલ્લાનાં બક્ષીપંચમાં ૧૨.૫૯% અને ૨૨.૭૨% અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં તથા ૧.૪૧% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં જોવા મળે છે.

તપાસ હેઠળનાં કુટુંબોમાં પશુધનમાં આધારે દૂધ આપતાં પશુઓ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૫૩.૩૮% અને ૫૫.૩૫% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૪૮.૧૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

જયારે દૂધ ન આપતાં પશુઓ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૪૬.૬૨% અને ૪૪.૬૫% અનુસૂચિત જનજાતિના તથા ૫૧.૯૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

તપાસ હેઠળના ભરવાડોમાં સંપત્તિનાં પ્રકાર અને કિંમતના આધારે જોઈએ તો વાસણોની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૦.૪૫% અને ૦.૧૯% અનુસૂચિત જનજાતિના ભરવાડોમાં તથા ૦.૩૩%

જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં તાંબા, પિત્તળ, સ્ટીલ જેવા વગેરે વાસણોની સંપત્તિ જોવા મળે છે.

તે જ રીતે ઘરવખરીનાં સાધનોની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૯.૩૫% અને ૩.૨૮% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૮.૨૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે. જયારે ખેતીમાં યા ખેતમજૂરીમાં ઉપયોગી નાના–મોટા સાધનોની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૦.૦૫% અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૦.૭૦% જોવા મળે છે.

જયારે તપાસ હેઠળના ભરવાડોમાં ઘરની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૫૫.૩૦% અને ૩૨.૬૪% અનુસૂચિત જનજાતિના ભરવાડો ધરાવે છે તથા ૬૩.૫૨% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરવો છે.

પશુપાલક હોવાથી પશુઓની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૪.૩૫% અને ૫૪.૭૧% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૯.૦૩% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે. જયારે ઘરેણાંની કિંમતના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૨૦.૫% અને ૯.૧૮% અનુ. જનજાતિના ભરવાડો તથા ૧૮.૨૨% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ઘરેણાંની સંપત્તિ ધરાવે છે.

તપાસમાં લીધેલાં કુટુંબોની વિભિન્ન સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક જોઈએ તો કુલ ૩૦૦ કુટુંબોમાં આવકમાં સૌપ્રથમ પશુપાલનનાં વ્યવસાયમાંથી

થતી આવકના ટકા જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૬૬.૪૫% અને ૯૩.૫૬% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૫૪.૦૧% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

જયારે ખેતી પોતાની નહીં પરંતુ ચોમાસા પૂરતી બીજાની વાવવા રાખી હોઈ અને તેમાંથી થતી આવક જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૨.૯૬% અને જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૫.૭૦% જોવા મળે છે. આ ઉપરાંત ખેતમજૂરી માંથી થતી આવકના જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૨૦.૦૬% અને ૦.૬૭% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૧૩.૨૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

સરકારી નોકરી કરતાં હોઈ તેવા ભરવાડ કુટુંબોમાં થતી આવકના જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૦.૪૩% અને ૩.૨૩% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૪.૯૩% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે તેમજ ધંધા જેવા કે દૂધ વહેંચવાનો, હોટલ ચાની, રિક્ષા ચલાવવી તથા દૂકાનમાં મજૂર તરીકેનાં વ્યવસાય કરીને પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ભરવાડોનાં કુટુંબ ઉપર સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, આર્થિક અને ભૌતિક જીવનની અસર ખર્ચમાં પણ જોવા મળે છે જેમ કે –

* કપડા પાછળ ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૬.૦૭% અને ૪.૮૯% અનુ. જનજાતિના ભરવાડ તથા ૬.૨૪% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં જોવા મળે છે.

* વ્યસન પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૭.03% અને ૬.૦૬% અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૫.૫૭% જામનગર જિલાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

* જયારે સૌંદર્ય પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૦.૨૧% અને ૦.૦૨% અનુસૂચિત જનજાતિના તથા ૦.૧૪% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે. તથા

* સામાજિક–ધાર્મિક પાછળ થતો ખર્ચ ૩.૨૩% જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ૧.૯૧% અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા ૩.૧૯% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે.

* સરકારી ટેકસ પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૪.૭૧% અને ૦.૨૯% અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા ૦.૬૪% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે જયારે ઈલેકટ્રીક બીલ પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૧૨.૯૬% અને ૧.૩૬% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડમાં અને ૯.૭૯% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે.

* પશુપાલન પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૫૨.૯૯% અને ૭૮.૬૪% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા ૫૧.૦૭% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે.

* જયારે ભોજન પાછળ થતાં ખર્ચમાં અનાજમાં થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૬૩.૬૫% અને ૨૯.૮૭% ગીરના અનુ. જનજાતિના

ભરવાડ  તથા ૩૮.૮૦% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ, દૂધ પાછળ થતો ખર્ચ ૧.૩૪% જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડ અને ૦.૯૨% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડ તથા ૮.૯૪% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે. જયારે તલ પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૯.૬૨% અને ૩૯.૪૯% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૨૦.૬૯% જામનગરના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે. જયારે શાકભાજી પાછળ થતો ખર્ચ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડમાં ૮.૩૩% અને ૧૩.૪૩% ગીરના અનુ. જનજાતિ ભરવાડ તથા ૧૬.૮૮% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડ ધરાવે છે.

*** શિક્ષણક્ષેત્રે :**

તપાસ હેઠળના કુટુંબોમાં ભરવાડ સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડોમાં ૨૦.૩૨% અને ૧૪.૮૫% ગીરના અનુસૂચિત જનજાતિના ભરવાડો તથા ૧૭.૧૩% જામનગર જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ધરાવે છે. જયારે માધ્યમિક શિક્ષણ મેળવેલ જૂનાગઢ જિલ્લાના બક્ષીપંચ ભરવાડો ૧.૬૧% તથા ૧% ગીરના અનુ. જનજાતિના ભરવાડ તથા ૪.૭૮% જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ સ્ત્રીઓ ધરાવે છે.

આમ, તારણ કાઢી શકાય છે કે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ સાવ નહોતું તેને બદલે કુલ ૭૪૬ અભ્યાસ હેઠળની ભરવાડ સ્ત્રીઓમાંથી માત્ર

૧૧૨ (૧૫.૦૧%) સ્ત્રીઓ શિક્ષિણ છે. જે હજુ શિક્ષણનું પ્રમાણ ઘણું નીચું દર્શાવે છે. આમ, જૂનાગઢ જિલ્લામાં જામનગર જિલ્લા કરતાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. આ ઉપરાંત ગીરના નેસમાં અનુસૂચિત જનજાતિની ભરવાડ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત જોવા મળે છે.

કારણ કે શિક્ષણના સુવિધાનો અભાવ, પરંપરાગત શિક્ષણ પ્રત્યેની જાગૃતિનો અભાવ જેવા પરિબળો અભ્યાસ હેઠળની સ્ત્રીઓમાં જોવા મળે છે.

પશુપાલક સમાજમાં ભરવાડ જ્ઞાતિને આજે પણ પછાત ગણવામાં આવે છે. આ જ્ઞાતિનાં લોકો અનેક કારણોસર લઘુતાગ્રંથીનો ભોગ બને છે. આમાંથી બચવા માટે તેઓ પલાયનવૃત્તિનો આશરો લે છે. આથી જૂનાગઢ–જામનગર જિલ્લાની બક્ષીપંચ ભરવાડ અને નેસની અનુસૂચિત જનજાતિની ભરવાડ સ્ત્રીઓ મોટાભાગે પોતાની દિકરી ઓને અભ્યાસ માટે શાળાએ મોકલતી નથી.

આ અભ્યાસ હેઠળની સ્ત્રીઓ શિક્ષણ પ્રત્યે, નકારાત્મક વલણ ધરાવે છે તેમાં મોટાભાગનાં ભરવાડ કુટુંબો જણાવે છે કે બાળકો તેમને પશુપાલનનાં કામમાં (વ્યવસાય) મદદરૂપબનતા હોવાથી શાળામાં મોકલવાનું પસંદ કરતા નથી જયારે કેટલાક ભરવાડો નબળી આર્થિક સ્થિતિને કારણે બાળકને શાળમાં ન મોકલતા અન્ય જગ્યાએ કામ કરવા મોકલે છે. જેથી તે કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બની શકે તેમજ અલ્પ

પ્રમાણમાં પશુપાલક ભરવાડોને પરંપરાગત વ્યવસાયમાં શિક્ષણની કોઈ આવશ્યકતા ન હોવાથી શિક્ષણ પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે.

જયારે શિક્ષણની સુવિધાનો ગામ તથા જંગલમાં અભાવ, ઘરકામ અને નાના ભાઈ–બહેનને સાચવવાની જવાબદારી વગેરે કારણોસર તેઓ સ્ત્રી શિક્ષણ પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે.

*** ધાર્મિક – જાહેર જીવન ક્ષેત્રે :**

ધાર્મિક જાહેર જીવનના ક્ષેત્રે આ જ્ઞાતિના લોકો ચુસ્ત હિંદ ધર્મનું પાલન કરે છે અને એક જ ધર્મ 'ધર્મો રક્ષિત રક્ષત !' અર્થાત્ ધર્મનું રક્ષણ કરવાથી ધર્મ તમારું રક્ષણ કરશે તેવી બાબતો આ ઉપરાંત જન્મથી મૃત્યુ પર્યન્ત વિવિધ કારણોસર, કૂળદેવતા– કૂળદેવી, ગૌત્રપ્રવર, નામ પાડવા વગેરે બાબતોમાં ધર્મ ઉપરનું પરાવલંબન જોવા મળે છે.

આ જ્ઞાતિ હિન્દુ ધર્મમાં આસ્થાની સાથે એક જ દેવી–દેવતામાં કે ભગવાનમાં નથી માનતી પણ મુખ્યત્વે રામ–શ્રીકૃષ્ણ, શિવજી, માતાજીની ખૂબ આરાધના કરે છે. જન્મ, લગ્ન, મૃત્યુ જેવા પ્રસંગોમાં ધાર્મિકવિધિ કરે છે. આ લોકો અંધશ્રદ્ધા–વહેમમાં માનતા જોવા મળે છે.

આ જ્ઞાતિમાં પાળિયા, ખાંભી, થાપા વગેરેનું અનેરું મહત્વ છે.

આમ, ભરવાડ સમાજના લોકો પછી સ્ત્રી હોય કે પુરુષ તે જાહેર રાજકીય જીવન સાથે અન્ય જ્ઞાતિ જેટલી સંકળાયેલી હોતી નથી. આથી આ જ્ઞાતિની રાજકીય ક્ષેત્રે સ્થિતિ નિમ્ન જોવા મળે છે.

*** સામાજિક ક્ષેત્રે :**

પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓનો અભ્યાસ હેઠળના વિસ્તારોમાં જોવા મળતો વૈવાહિક દરજ્જાના આધારે કહી શકાય કે ભરવાડ સમાજમાં યુવતીઓના લગ્ન હવે પુખ્ત ઉંમરે ૧૮ થી ૨૧ વર્ષની ઉંમર સુધીમાં થઈ જતાં હોવાથી પરિણીત ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે

જીવનચક્ર ક્ષેત્રે જોઈએ તો ભરવાડ સમાજમાં કેટલાક કુટુંબોમાં સ્ત્રીની જીવન સાથીની પસંદગીમાં સલાહ લેતા તેમજ મર્યાદિત છૂટછાટ આપવામાં આવેલ હોય તેવું જોવા મળે છે.

લગ્નવિધિ હિંદુ ધર્મની વિધિ પ્રમાણે જ થાય છે તેમજ દહેજનું દૂષણ હવે જોવા મળે છે. વિધવા પુનઃલગ્ન સમાજ માન્ય છે. વગેરે જીવનચક્રમાં સ્ત્રીની સ્થિતિ જોવા મળે છે.

*** પાંચમું પ્રકરણ :**

પ્રસ્તુત પાંચમાં પ્રકરણમાં સ્ત્રીઓની સ્થિતિ તથા ભૂમિકામાં આવેલ પરિવર્તનનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં એટલે કે સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય ક્ષેત્રે પરિવર્તન આવેલ છે તેનો અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક ક્ષેત્રે સ્ત્રીની જીવનસાથી પસંદગી બાબતે પરિવર્તન જોવા મળેલ છે.

સ્ત્રીના સામાજિક ક્ષેત્રે જોતા નામકરણમાં પણ પરિવર્તન જોવા મળેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં આર્થિક ક્ષેત્રે સ્ત્રી સહભાગી બનતા તે ઘરકામ સાથે ઘર બહાર પ્રવૃત્તિ કરતી જોવા મળેલ છે. આ ઉપરાંત શિક્ષણ સાવ ન મેળવતા તેમાં પણ બન્ને જિલ્લામાં થોડું ઘણું શિક્ષણ મેળવવા લાગી છે.

રાજકીય જીવનમાં સ્ત્રી પહેલા કરતાં ચૂંટણીમાં ઉભી ન રહે પરંતુ પોતાની નાગરિક તરીકેની ફરજ તે મત આપી પૂરી કરે છે તે એક રાજકીય પરિવર્તન જ છે.

*** છઠ્ઠુ પ્રકરણ**

**સમસ્યા :**

પ્રસ્તુત પ્રકરણમાં ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓમાં જે જે સમસ્યાઓ જેવી કે સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક વગેરે જોવા મળે છે. તેવી જ રીતે ભરવાડ સમાજમાં પણ અમુક સમસ્યા જોવા મળે છે. જે નીચે મુજબ છે.

પુરુષો વહેલી સવારે જંગલમાં પશુપાલન માટે (ઢોરને ઘાસ ચરાવવા) જતા રહેતા હોય છે. જે સાંથે ચાર–પાંચ વાગે પરત આવે છે. તેથી બાળકોના સામાજિકરણની જવાબદારી સ્ત્રી પર વિશેષ હોય છે. સ્ત્રી ઘરના કામમાં સતત વ્યસ્ત હોવાથી તેમજ સ્ત્રીમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી બાળકો પ્રત્યે દેખભાળ રાખી શકાતી નથી જેને કારણે બાળકો શેરીમાં કે જંગલમાં રખડતા રહે છે.

ભરવાડ સમુદાયમાં રસોઈ માટેના બળતણની મોટી સમસ્યા જોવા મળે છે. પરંપરાગત રીતે તેઓ ચૂલાનો ઉપયોગ કરે છે જેમાં બળતણ તરીકે લાકડા વપરાય છે. આ લાકડા જંગલમાંથી કાપી લાવે છે જયારે જંગલખાતા દ્વારા લાકડા કાપવા પર પ્રતિબંધ હોય છે ત્યારે તેના લીધે તેને પકડાય જવાનો ભય રહે છે તો બીજી બાજુ બળતણમાં કેરોસીનનો ઉપયોગ કરે છે જે રેશનીગ દ્વારા

પૂરું મળતું ન હોવાથી કાળાબજારમાંથી લેવું પડે છે. ગેસના ચુલા વાપરવામાં ડર અનુભવે છે.

પશુપાલન કરતાં ભરવાડોને પશુ બારેમાસ કાંઈ દૂધ આપી શકતા નથી. કારણ કે વસૂકી જાય પશુ ત્યારે તેને દૂધ વહેંચવાથી થતી આવક બંધ થાય છે જે તેની અર્થ ઉપાર્જનને અસર કરે છે. તેમજ ચોમાસામાં જંગલમાં ઢોર ચરાવવા જઈ શકતા નથી તેને કારણે તેને સ્થળાંતર પણ કરવું પડે છે. જે પણ એક સમસ્યા છે.

નિરક્ષરતાનું ઊંચું પ્રમાણના લીધે અને પશુપાલન ઉદ્યોગક્ષેત્રે સરકારી યોજના કે લોન લેવાની વહીવટી કાર્યવાહીની જટીલતાને લીધે ભરવાડ જ્ઞાતિના લોકો સરકારી યોજનાના લાભ મેળવતા નથી.

**સંશોધનની મર્યાદાઓ :**

(૧) આ સંશોધન "સૌરાષ્ટ્ર ક્ષેત્રના" ભરવાડ જ્ઞાતિના અનુસૂચિત જનજાતિના ભરવાડ ગીર અને બક્ષીપંચ ભરવાડ લોકો જૂનાગઢ અને જામનગર જિલ્લામાં વસે છે. પરંતુ સમગ્ર ભરવાડોના પ્રમાણમાં ગુજરાતના ભરવાડોનો સૌથી મોટી સમુદાય છે અને તે સમગ્ર ગુજરાતનાં ભરવાડોને બદલે એક સંશોધક વિશાળ ક્ષેત્રનો અભ્યાસ ન કરી શકે તેથી મર્યાદિત ક્ષેત્ર વિસ્તાર પસંદ કરેલ છે. જે પણ એક સંશોધનની મર્યાદા ગણી શકાય.

સૌરાષ્ટ્રમાં ભરવાડ જ્ઞાતિઓની જેમ પશુપાલક તરીકે ચારણ અને રબારી જ્ઞાતિ પણ આ બંને જિલ્લા અને નેસમાં વસવાટ કરે છે પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં 'ભરવાડ' જ્ઞાતિની મહિલાઓ પૂરતો અભ્યાસલક્ષી સંશોધન કરવામાં આવેલ છે. જે પણ એક મર્યાદા ગણી શકાય.

**ભવિષ્યના નવા ક્ષેત્રો :**

સામાજિક વિજ્ઞાનોમાં ખરેખર સંશોધન માટે હાથ ધરાયેલ એક સંશોધનાત્મક અભ્યાસ પૂરો થતો હોય છે ત્યારે જ તેમાંથી આ વિષયને લગતા અન્ય ઘણા બધા પાસાઓ અને વિષયો ઉપસી આવતા હોય છે અને વિષય સંબંધી વિશેષ અભ્યાસો માટે ભવિષ્યના નવા ક્ષેત્રો તરીકે દિશાસૂચનો પ્રાપ્ત થતા હોય છે.

(૧) પ્રસ્તુત અભ્યાસ ભરવાડ જ્ઞાતિની મહિલાઓનો કર્યો છે તેમ ચારણ, રબારી, આહિર, મેર વગેરે જ્ઞાતિ તથા જ્ઞાતિની મહિલાઓ તેમજ અન્ય જિલ્લાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે.

(૨) પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્રના જૂનાગઢ અને જામનગર જિલ્લાની ભરવાડ મહિલાઓનો અભ્યાસ કર્યો છે જયારે ગુજરાતમાં પણ આ જ્ઞાતિ બહોળી સંખ્યામાં વસે છે તો તેનો પણ અભ્યાસ થઈ શકે.

(૩) પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રની જૂનાગઢ અને જામનગર જિલ્લાની ભરવાડ મહિલાઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે જયારે આ સૌરાષ્ટ્ર અને ગુજરાતની પશુપાલક ભરવાડ જ્ઞાતિનો યા ભરવાડ મહિલાઓનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે.

(૪) સમાજ જ્ઞાતિના ક્ષેત્રે એક પડકાર છે કે જ્ઞાતિવ્યવસ્થા પડી ભાંગી છે તો તેના વિશે કહી શકાય કે આવનારા ભવિષ્યમાં જ્ઞાતિનું અસ્તિત્વ ભારતીય સમાજમાં એક વ્યવસ્થા તરીકે ટકી રહેશે જ કેમ કે વિવિધ માપદંડો દ્વારા કુટુંબ, લગ્ન વ્યવસ્થા,કોટિક્રમ, રાજકીય, આર્થિક બાબતો તપાસવાથી અને ગહન સંશોધન કરવાથી જ્ઞાતિના વર્તમાન સ્વરૂપ વિશે અને સમસ્યાઓ વિશે સ્પષ્ટ સંશોધન કરી શકાય છે.

## ૭.૫ ઉપસંહાર :

ભરવાડ સમુદાયની પશુપાલક જ્ઞાતિ પોતાનું આગવું સામાજિક, સાંસ્કૃતિક, રચનાત્મક ધરાવે છે પોતાની આગવી પરંપરાઓ અને સંસ્કૃતિને તેમણે જાળવી રાખ્યા છે. દરેક સમાજ ઝડપથી પરિવર્તન પામી રહ્યો છે, ત્યારે પશુપાલક ભરવાડ જ્ઞાતિ પણ તેનાથી બાકાત રહી નથી. આ વિસ્તારમાં થતાં ઉદ્યોગીકરણ, આધુનિકરણની અસર તેમના પર થવા લાગી છે. શહેરી લોકોનાં સંપર્કની અસર હેઠળ ભરવાડ (પશુપાલક) સમાજની સ્ત્રીઓમાં પણ પરિવર્તન આવી રહ્યું છે.

પશુપાલક જ્ઞાતિ ભરવાડ સમુદાયનું મહત્વનું અંગ છે. અનેક પશુપાલક લોકો દયાજનક પરિસ્થિતિમાં પોતાનું જીવન વિતાવી રહ્યા છે તેમની સ્થિતિ સુધારવા માટે યોગ્ય પગલા લેવાની જરૂર છે. જેમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. ભરવાડોમાં જાગૃતિ જોવા મળતી નથી પરંતુ જે વિસ્તારોમાં ઉદ્યોગિકરણ, શહેરીકરણ, વ્યાપારીકરણની અસરો જોવા મળે છે ત્યાં જાગૃતિ આવી રહી છે. આજના યુગના નૂતન પ્રવાહમાં પશુપાલકો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક તથા રાજકીય ક્ષેત્રે સામર્થ્ય બતાવવા પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેનું પ્રમાણ નહિવત્ છે. સરકારના કલ્યાણલક્ષી કાર્યક્રમોથી પશુપાલકોની આર્થિક પ્રવૃતિ પર અસર થઈ છે ખરી, પરંતુ અંતરિયાળ જંગલ વિસ્તારમાં રહેતા પશુપાલકોને આ યોજનાઓનો તેઓને લાભ મળ્યો નથી.

પશુપાલક ભરવાડ સમાજમાં સ્ત્રી–પુરુષમાં અજ્ઞાનતા નિરક્ષરતા, રૂઢિગત માન્યતાઓ વગેરેને કારણે તેઓ સરકારની વિવિધ યોજનાઓના લાભો મેળવી શકતા નથી. વહેમ અને અંધશ્રદ્ધા તથા અન્ય લોકોનું ઉપેક્ષિત વલણ તેમના વિકાસની પ્રક્રિયામાં અવરોધક બને છે. પરિણામે તેઓ સફળતા મેળવી શકતા નથી. પશુપાલકોનો સર્વાંગ વિકાસ થાય તે માટે તેમને રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓની સાચી સમજ,

જાણકારી આપવાની તથા તેમને જાગૃત કરવાની જરૂર છે જયાં સુધી પશુપાલક ભરવાડોમાં જાગૃતિ નહીં આવે ત્યાં સુધી તેઓ વિકાસના શિખરો સર કરી શકશે નહીં. આ માટે શિક્ષિત અને શહેરી વિસ્તારોમાં વસવાટ કરતાં પશુપાલકોએ પોતાની જાતિ પાછળ રહી ગયેલા લોકોને આગળ લાવવા પ્રયાસ કરે તો સમગ્ર પશુપાલક ભરવાડ જાતિનો યોગ્ય દિશામાં વિકાસ થઈ શકે. ૨૧મી સદીમાં જયારે દરેક ક્ષેત્રમાં પરિવર્તન અને વિકાસનો વેગ ઝડપી બન્યો છે ત્યારે ભરવાડ સમુદાયમાં સ્ત્રી અને તેની સમગ્ર પશુપાલક જ્ઞાતિનો સર્વાંગી વિકાસ થાય એવી આશા રાખીએ છીએ.

**English**

## BIBLIOGRAPHY


[1] Agraval Susil : :"Statues of Women", Printwell Public Shop, Jaipur-1988

[2] Arther : "Anthropology", P. 301

[3] Campbell. J. H. : "Hindu Caste & Tribes of Gujarat" Vintage Book, Haryana-1968.

[4] Census of India-2001 : District Census Hand Book Junagadh District, Ahmedabad Census Office, 2001.

[5] Census of India-2001 : District Census Hand Book Jamnagar District, Ahmedabad Census Office, 2001.

[6] Desai A.R. : "Rural Sociology in India", Bombay Popular Book Depo.

[7] Desai Nera : "Women Mordern India" Vora & Co. Pub. Pvt. Ltd., Bombay

[8] Edword Tylor : :"Primitive Culture", John Murrty Londan, 1933, P. 424

[9] Gillin J.P. : "Cultural Sociology", The Macnillan Co. New York, 1950 P. 459

[10] Goode & Hatt : "Methods in Social Research Mcgraw Hill Book Company Tokyo, 1952 P. N. 41

[11] એજન – પે. ૪૨

[12] Mozar and Kalton : "Survey Method in Social Investigation Book Ltd., London-1971 P. 271

[13] Patel Harbans : "Political Sociology" 1996 P. 134

[14] Prasad R.R. & Others : "Tribe Sitution in Forest Villages, NIRD, Hydrabad-1931, P. 31

[15] Redman L.V. and A.V.H. Mory : "The Romance of Research (1932) P. 10

[16] Shrinivas N.S. : "Social Change in Modern in Modern India" Allied Publication", Bombay 1966.

[17] Slesinger Donald and Mary Stephenson : "Encyclopaedia of Social Science, The Macmillian Co. (1934) P. 330

[18] Wester Marck : "A Short History of Marriege"

[19] Young P.V. : "Scientific Social survey and REsearch 4th Edition, Englewood Cliff, N. J. Prentice Hall, Inc. 1966 P. N. 54

[20] એજન – પે. ૫૦

[21] Young P. V. : "Scientific Social Survey and Research Asia Pub. Bombay 1960, P. 127

[22] એજન – પે. ૧૨૮

[23] Zimmerman : Patterns of Social Change" Pub. Washingtan, 1956 P. 55

## हिन्दी

(२४) कार्त कौजन पददापश्व ना गणपाठ – ६–३–३७

(२५) डॉ. जोशी पारूलबेन. जे. : ''मध्यप्रदेश के भारीया जनजाति में महिलाओ की स्थिति एवम् विकास'', अप्रकाशित शोधनिबंध

(२६) डॉ. देसाई नीरा : ''भारतीय समाज में स्त्री'', आर.आर. शेठनी कंपनी मुंबई, १९७८

(२७) डॉ. श्रीनिवास मिश्र : ''भारतीय महिलाओ की सामाजिक एवम् आर्थिक स्थिति''

(२८) डॉ. राधाकृष्णन : ''धर्म और समाज'' – १२७

(२९) डॉ. व्यास मीनाक्षी : ''नारी चेतना और सामाजिक विधान' रोशनी पब्लिकेशन कानपुर, २००८

(३०) स्वामी विवेकानंद : ''भाषणो–लेखो'' हिंदु धर्म विशे निबंध'', आवृत्ति जुलाई–८, १९०७, रामकृष्ण मिशन प्रकाशक–राजकोट, पा.नं. २०

## <u>ગુજરાતી</u>

(૩૧) અમેરિકન બ્યૂરો ઓફ સેન્સસ.

(૩૨) ગઢવી લક્ષ્મણ પિંગળશી : ''સૌરાષ્ટ્ર સત્યમ્ શિવમ્ સુંદરમ્ શ્રી જોરૂભા ગઢવી સ્મૃતિ પ્રકાશન, પિંગળશી ગઢવી માર્ગ, જામનગર, વર્ષ–૨૦૦૦, પૃ. ૧૩૬

(૩૩) ડૉ. ગરધરીયા : 'અસ્મિતા ગુજરાત શિક્ષણ વિષયક સેવાઓ', અર્થસંકલન, માસિક ગુજરાત સોસાયટી – અમદાવાદ, જાન્યુઆરી–૨૦૦૧.

(૩૪) ગમારા ચેતનાબેન – લાભુબેન : બિલખા ગામ જૂનાગઢ તાલુકાની રૂબરૂ મુલાકાત તા. ૨૨–૭–૦૯

(૩૫) ગાંધી મો. ક. : "આત્મકથા" નવજીવન ટ્રસ્ટ, ૧૯૨૭, પૃ. ૨૪

(૩૬) ગુજરાત : ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ પ્રકાશન – અમદાવાદ.

(૩૭) ગેઝેટિયર ઓફ બોમ્બે પ્રેસીન્ડન્સી વોલ્યુમ ૯ ભાગ–૧

(૩૮) ચોકસી યુ. એમ. : "ભાવનગર જિલ્લા સર્વસંગ્રહ" પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૮૯, ગુજરાત રાજ્ય–અમદાવાદ. પૃ. ૧૩૮

(૩૯) જાદવ જોરાવરસિંહ : "લોકસંસ્કૃતિમાં પશુઓ" પ્રકાશન શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧૯૯૨.

(૪૦) જૂનાગઢ : જૂનાગઢ માહિતી ખાતું, આંકડાશાસ્ત્ર વિભાગ.

(૪૧) જૂનાગઢ : જૂનાગઢ જિલ્લા પંચાયત કાર્યાલય, જૂનાગઢ જિલ્લાની આર્થિક, સામાજિક સમીક્ષા–૧૯૯૧–૯૨.

(૪૨) એંજન, ૧૯૯૧–૯૨, પૃ. ૧.

(૪૩) ડૉ. જેઠવા માલદેવભાઈ (તંત્રી) : "આહિર–દર્શન", માસિક અંક, ઓગસ્ટ–૨૦૦૮, વેરાવળ. પે. ૭.

(૪૪) ડૉ. જોષી વિદ્યુતભાઈ : પારિભાષિક કોષ – સમાજશાસ્ત્ર યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ– ૧૯૯૭. પૃ. ૪

(૪૫) જોષી વી. એચ. : ફોલોઅપ ઈકોનોમિક સર્વે ઓફ સૌરાષ્ટ્ર–અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ–૧૯૮૫, પૃ. ૨

(૪૬) ડૉ. જોષી પારૂલબેન જે. : "સૌરાષ્ટ્રના આહીરો", ગુજરાત વિદ્યાપીઠ– અમદાવાદ, ૧૯૯૮.

(૪૭) ડૉ. જોષી પારૂલબેન જે. : "આર્થિક માનવશાસ્ત્ર એક પરિચય", પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ.

(૪૮) જોષી મહેશ વી. : "સૌરાષ્ટ્રમાં ખેતી વિકાસ", પ્રશ્નો અને ભાવિ, ફૂલછાબ વિશેષાંક, રાજકોટ. ૧૯૯૭, પૃ. ૮૩

(૪૯) જોષી હરિકિશન : નવાનગર જામનગર (શહેરનો રાજકીય, સામાજિક અને વ્યાપારિક ઈતિહાસ), પ્રવિણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પોરેશન, ઢેબર રોડ–રાજકોટ.

(૫૦) ડૉ. દવે મંજુલાબેન બી. : ''ગુજરાતનો આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ'', યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. ચતુર્થ આવૃતિ–૨૦૦૨, પૃ. ૪૬

(૫૧) એંજન, પૃ. ૨૮૪

(૫૨) દવે રાજેન્દ્ર : ''સૌરાષ્ટ્રની અવગણના કેમ પાલવે'', ફૂલછાબ વિશેષાંક–૧૯૯૭, પૃ. ૧૩૭

(૫૩) ડૉ. દવે હર્ષિદા એચ : ''સામાજિક સમસ્યાઓ'', યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૨૦૦૦.

(૫૪) દેસાઈ શંભુપ્રસાદ : ''સૌરાષ્ટ્રનો ઈતિહાસ'', પ્રવિણ પ્રકાશન, રાજકોટ. ૧૯૯૧, પૃ. ૩૩

(૫૫) દેસાઈ એ.ડી. : ''સિધ્ધિઓના સથવારે'', ગુજરાત માહિતી નિયામક – ગુજરાત સરકાર, ગાંધીનગર. જૂન–૧૯૯૩, પૃ. ૭૩૮

(૫૬) દેસાઈ શંભુપ્રસાદ : ''જૂનાગઢ અને ગીરનાર'', પ્રવિણ પ્રકાશન, રાજકોટ. ૧૯૯૦ પૃ. ૩૪, ૩૫, ૩૬

(૫૭) દેસાઈ એન્ડ રાજગોર : જૂનાગઢ–ગુજરાત વિશ્વકોષ, ખંડ–૭, વિશ્વકોષ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ. ૧૯૯૬, પૃ. ૭૪૦

(૫૮) દેસાઈ શંભુપ્રસાદ : ''જૂનાગઢ અને ગીરનાર'' પ્રવિણ પ્રકાશન, રાજકોટ. ૧૯૯૦, પૃ. ૧૧૦

(૫૯) દેસાઈ ર.બ. : ''સૌરાષ્ટ્ર પછાત કોમો ભાગ–૧ પછાત વર્ગ બોર્ડ, અમદાવાદ. ૧૯૫૭

(૬૦) ડૉ. ધ્રુવ શૈલેજા અને ડૉ. રાવલ ચંદ્રિકા : "નારીવ્યથા" પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. ૨૦૦૨.

(૬૧) પછાત વર્ગ બોર્ડ : "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ–૨", સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ, અમદાવાદ. ૧૯૫૮.

(૬૨) પટેલ જી.જે. : "સમાજશાસ્ત્રીય વ્યાખ્યાઓ" જયોત પ્રકાશન, અમદાવાદ. ૧૯૬૯, પૃ. ૧૪

(૬૩) ડૉ. પટેલ ઝવેરભાઈ સી. : "ગુજરાતની કોલધા જનજાતિ–એક સમાજશાસ્ત્રીય અધ્યયન", પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. ૨૦૦૩.

(૬૪) પટેલ અર્જુન : "બદલાતા સમાજમાં જ્ઞાતિ", દક્ષિણ ગુજરાતના કોળીઓનો અભ્યાસ", પ્રથમ આવૃતિ સેન્ટર, સુરત. પે. ૫

(૬૫) શ્રી પરમાર જયમલ્લ : આપણી લોકસંસ્કૃતિ.

(૬૬) પરીખ રસીકલાલ : "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ–૧લો.

(૬૭) પંડયા કૌશીકભાઈ : 'ગુજરાતના નકશાઓ', ભારત રોડ એટલાન્સ અનડા સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.

(૬૮) પાંડુરંગ દેશપાંડે અને હટ્ટન એચ. જે. : 'હિંદુસ્તાનની જ્ઞાતિસંસ્થા' કંચનલાલ ચંદુલાલ પરીખ પ્રકાશક : ગુજરાત યુનિ. અમદાવાદ, ૧૯૬૦. પૃ. ૬૪.

(૬૯) ભગવતસિંહજી : ભગવદ્ ગૌ મંડલ, ભાગ–૯, પ્રવિણ પ્રકાશન, રાજકોટ. ૧૯૮૬, પૃ. ૮૯૫૮

(૭૦) ભરવાડ ઓઘાભાઈ : કાલાવડ ગામ, જામનગર જિલ્લો, રૂબરૂ મુલાકાત. તા. ૨૭–૯–૦૯

(૭૧) ભરવાડ સુરાભાઈ : "પરિવર્તનના પંથે ભારતનો પશુપાલક ભરવાડ', ગુજરાત ગોપાલક મંડળ, અમદાવાદ. ૨૦૦૬.

(૭૨) એંજન, પૃ. ૪૧, ૪૦

(૭૩) ભરવાડ સુરાભાઈ : "ભરવાડ નારીની વેદના", ગુજરાત ગોપાલક સમિતિ, અમદાવાદ. ૨૦૦૬, પૃ. ૧૪૪ થી ૧૪૬

(૭૪) મહેશસિંહ (**IFS**) : "ગીર વેલ્ફેર ફંડ", વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર. ૨૦૦૧

(૭૫) માટલિયા દુલેરાય : "ભરવાડ કોમનો આનુશ્રુતિક ઈતિહાસ", ભાગ–૫, ૧૯૭૪, પા.નં. ૩

(૭૬) એંજન, પા.નં. ૬

(૭૭) માટલિયા દુલેરાય : "ભરવાડોની વસ્તી અને વૈવિઘ્ય", ભાગ–૪, પ્રકાશક : સુરાભાઈ ભરવાડ, પા.નં. ૫૫ થી ૬૫

(૭૮) રાયજાદા રાજેન્દ્રસિંહ : "ભરવાડોના અલંકારો"

(૭૯) રાવલ મનોજ : "રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ "પ્રથમ આવૃતિ" ૨૦૦૧. ગુજરાત રાજ્ય–અમદાવાદ. પૃ. ૧૩૧

(૮૦) વોકર કર્નલ જે. ડબલ્યુ. : "કાઠિયાવાડ સર્વસંગ્રહ" મુંબઈ સરકાર, ઈ.સ. ૧૮૮૧, પૃ. ૮૭

(૮૧) શાહ, જોશી અને ચુડાસમા : સામાન્ય સમાજશાસ્ત્ર, મેસર્સ બી.એમ. શાહ, પ્રકાશન : ત્રીજી આવૃતિ, પા.નં. ૧૮૧

(૮૨) શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી : "પીપલાણા" મહાત્મ્ય ૧૯૯૫ આમુખમાંથી, પૃ. ૩

(૮૩) શાહ એ.જી અને દવે જે.કે. : "સામાજિક સંશોધન પદ્ધતિ", અનડા પ્રકાશન, અમદાવાદ. આવૃતિ–૨૦૦૦ પૃ. ૧૬

(૮૪) એંજન, પૃ. ૧૨૧

(૮૫) એંજન, પૃ. ૧૩

(૮૬) શાહ એ.જી. : "સમાજ–સ્ત્રી", અનડા સાહિત્ય પ્રકાશન –અમદાવાદ, ૧૯૯૫–૯૬, પૃ. ૬૧

(૮૭) શાહ ઈન્દુમતી : ગુજરાત વિશ્વકોષ ખંડ–૬ ગુજરાતી વિશ્વકોષ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ. પ્રથમ આવૃતિ–૧૯૯૪, પૃ. ૩૧૦

(૮૮) શાહ કલ્પના : "સ્ત્રીનો બદલાતો દરજ્જો–ભૂમિકા", યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, ૧૯૮૯.

(૮૯) ડૉ. શાહ કલ્પના : "સ્ત્રીઓ અને વિકાસ" આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૨૦૦૦.

(૯૦) સોલંકી એસ.જી. : "સૌરાષ્ટ્રમાં આહીર જ્ઞાતિનું સામાજિક રચનાતંત્ર એક સમાજશાસ્ત્રીય અભ્યાસ", સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ–૧૯૯૩, પૃ. ૩.

## પરિશિષ્ટ–૧

## ગુજરાત રાજ્યની જિલ્લાવાર વસ્તી – ૨૦૦૧

| ક્રમ | રાજ્ય/જિલ્લો | વસ્તી | | |
|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | કુલ |
| | ગુજરાત | ૨,૬૩,૮૫,૫૭૭ | ૨,૪૨,૮૫,૪૪૦ | ૫,૦૬,૭૧,૦૧૭ |
| ૧ | કચ્છ | ૮,૧૫,૧૫૨ | ૭,૬૮,૦૭૩ | ૧૫,૮૩,૨૨૫ |
| ૨ | બનાસકાંઠા | ૧૨,૯૭,૪૦૪ | ૧૨,૦૬,૮૪૦ | ૨૫,૦૪,૨૪૪ |
| ૩ | પાટણ | ૬,૧૨,૧૦૦ | ૫,૭૦,૬૦૯ | ૧૧,૮૨,૭૦૯ |
| ૪ | મહેસાણા | ૯,૫૩,૮૪૨ | ૮,૮૪,૦૫૦ | ૧૮,૩૭,૮૯૨ |
| ૫ | સાબરકાંઠા | ૧૦,૬૯,૫૫૪ | ૧૦,૧૨,૯૭૭ | ૨૦,૮૨,૫૩૧ |
| ૬ | ગાંધીનગર | ૬,૯૭,૯૯૯ | ૬,૩૬,૪૫૬ | ૧૩,૩૪,૪૫૫ |
| ૭ | અમદાવાદ | ૩૦,૭૪,૫૫૬ | ૨૭,૪૧,૯૬૩ | ૫૮,૧૬,૫૧૯ |
| ૮ | સુરેન્દ્રનગર | ૭,૮૭,૬૫૦ | ૭,૨૭,૪૯૮ | ૧૫,૧૫,૧૪૮ |
| ૯ | રાજકોટ | ૧૬,૪૨,૦૧૮ | ૧૫,૨૭,૮૬૩ | ૩૧,૬૯,૮૮૧ |
| ૧૦ | જામનગર | ૯,૮૧,૩૨૦ | ૯,૨૨,૯૫૮ | ૧૯,૦૪,૨૭૮ |
| ૧૧ | પોરબંદર | ૨,૭૫,૮૨૧ | ૨,૬૧,૦૧૪ | ૫,૩૬,૮૩૫ |
| ૧૨ | જૂનાગઢ | ૧૨,૫૨,૩૫૦ | ૧૧,૯૫,૮૨૩ | ૨૪,૪૮,૧૭૩ |
| ૧૩ | અમરેલી | ૭,૦૧,૫૯૩ | ૬,૯૨,૩૨૫ | ૧૩,૯૩,૯૧૮ |
| ૧૪ | ભાવનગર | ૧૨,૭૪,૯૨૦ | ૧૧,૯૪,૭૧૦ | ૨૪,૬૯,૬૩૦ |
| ૧૫ | આણંદ | ૯,૭૨,૦૦૦ | ૮,૮૪,૮૭૨ | ૧૮,૫૬,૮૭૨ |
| ૧૬ | ખેડા | ૧૦,૫૨,૮૨૩ | ૯,૭૧,૩૯૩ | ૨૦,૨૪,૨૧૬ |
| ૧૭ | પંચમહાલ | ૧૦,૪૪,૯૩૭ | ૯,૮૦,૩૪૦ | ૨૦,૨૫,૨૭૭ |
| ૧૮ | દાહોદ | ૮,૨૪,૨૦૮ | ૮,૧૨,૨૨૫ | ૧૬,૩૬,૪૩૩ |
| ૧૯ | વડોદરા | ૧૮,૯૭,૩૬૮ | ૧૭,૪૪,૪૩૪ | ૩૬,૪૧,૮૦૨ |
| ૨૦ | નર્મદા | ૨,૬૩,૯૮૬ | ૨,૫૦,૪૧૮ | ૫,૧૪,૪૦૪ |
| ૨૧ | ભરૂચ | ૭,૧૩,૬૭૬ | ૬,૫૬,૯૮૦ | ૧૩,૭૦,૬૫૬ |
| ૨૨ | સુરત | ૨૭,૨૨,૫૩૯ | ૨૨,૭૨,૬૩૫ | ૪૯,૯૫,૧૭૪ |
| ૨૩ | ડાંગ | ૯૩,૯૭૪ | ૯૨,૭૫૫ | ૧,૮૬,૭૨૯ |
| ૨૪ | નવસારી | ૬,૨૮,૯૮૮ | ૬,૦૦,૪૭૫ | ૧૨,૨૯,૪૬૩ |
| ૨૫ | વલસાડ | ૭,૩૪,૭૯૯ | ૬,૭૫,૭૫૪ | ૧૪,૧૦,૫૫૩ |

## પરિશિષ્ટ–૨

## ગુજરાતમાં જલ્લાવાર જાતિ પ્રમાણ (સ્ત્રી પ્રમાણ) – ૨૦૦૧

| ક્રમ | રાજ્ય/જિલ્લો | પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રી પ્રમાણ (૨૦૦૧) |
|---|---|---|
| | **ગુજરાત** | **૯૧૯** |
| ૧ | કચ્છ | ૯૪૨ |
| ૨ | બનાસકાંઠા | ૯૩૦ |
| ૩ | પાટણ | ૯૩૨ |
| ૪ | મહેસાણા | ૯૨૭ |
| ૫ | સાબરકાંઠા | ૯૪૭ |
| ૬ | ગાંધીનગર | ૯૧૨ |
| ૭ | અમદાવાદ | ૮૯૨ |
| ૮ | સુરેન્દ્રનગર | ૯૨૪ |
| ૯ | રાજકોટ | ૯૩૦ |
| ૧૦ | જામનગર | ૯૪૧ |
| ૧૧ | પોરબંદર | ૯૪૬ |
| ૧૨ | જૂનાગઢ | ૯૫૫ |
| ૧૩ | અમરેલી | ૯૮૭ |
| ૧૪ | ભાવનગર | ૯૩૭ |
| ૧૫ | આણંદ | ૯૧૦ |
| ૧૬ | ખેડા | ૯૨૩ |
| ૧૭ | પંચમહાલ | ૯૩૮ |
| ૧૮ | દાહોદ | ૯૮૫ |
| ૧૯ | વડોદરા | ૯૧૯ |
| ૨૦ | નર્મદા | ૯૪૯ |
| ૨૧ | ભરૂચ | ૯૨૧ |
| ૨૨ | સુરત | ૮૩૫ |
| ૨૩ | ડાંગ | ૯૮૭ |
| ૨૪ | નવસારી | ૯૫૫ |
| ૨૫ | વલસાડ | ૯૨૦ |

## પરિશિષ્ટ–૩

## સૌરાષ્ટ્રના જૂનાગઢ અને જામનગર જિલ્લાના ભરવાડોની વસ્તી

| ક્રમ | પરગણાનું નામ | જિલ્લો | ગામ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | કાલાવડ (હાલાર) | જામનગર | ૭૬ | ૫૪૫ |
| ૨ | જોડિયા (હાલાર) | જામનગર | ૪૨ | ૫૨૫ |
| ૩ | ધ્રોળ (હાલાર) | જામનગર | ૬૩ | ૮૪૮ |
| ૪ | જામનગર (હાલાર) | જામનગર | ૫૦ | ૮૦૮ |
| ૫ | કલ્યાણપુર (હાલાર) | જામનગર | ૨૯ | ૩૫૬ |
| ૬ | જામખંભાળીયા (હાલાર) | જામનગર | ૩૯ | ૫૭૧ |
| ૭ | જામકંડોરણા (હાલાર) | જામનગર | ૩૨ | ૨૨૧ |
| ૮ | ધ્રાફા (જામજોધપુર) (હાલાર) | જામનગર | ૩૩ | ૩૪૭ |
| ૯ | લાલપુર (હાલાર) | જામનગર | ૪૨ | ૪૭૪ |
| ૧૦ | ભાણવડ (હાલાર) | જામનગર | ૪૮ | ૨૯૭ |
| ૧૧ | ઢાંક | જૂનાગઢ | ૨૨ | ૪૬૨ |
| ૧૨ | ખંભાળિયા | જૂનાગઢ | ૩૮ | ૨૬૭ |
| ૧૩ | તોરણિયા | જૂનાગઢ | ૨૯ | ૩૫૩ |
| ૧૪ | નવાગામ (ઓઝત) | જૂનાગઢ | ૬૩ | ૩૬૯ |
| ૧૫ | શોભાવડલા | જૂનાગઢ | ૫૩ | ૩૧૪ |
| ૧૬ | ખડખડ (પરજિયા) | જૂનાગઢ | ૪૫ | ૩૫૪ |
| ૧૭ | વિસાવદર | જૂનાગઢ | ૨૦ | ૧૯૫ |
| | | | **૭૨૪** | **૭૩૦૬** |

## પરિશિષ્ટ–૪

## રાજયમાં અનુસૂચિત જનજાતિઓ

૧. બરડા

૨ બાવચા, બામચા,

૩ ભરવાડ, (અલેચ, બરડા અને ગિરના જંગલોનો નેસ....)

૪ ભીલ, ભીલ ગરાસીયા, ઢોલી ભીલ, ડુંગરી ગરાસીયા, મેવાસી ભીલ, રાવલ ભીલ, તડવી ભીલ, ભાગલીઆ, ભીલાલા, પાવરા, વાસાવા, વસાવે

૫ ચારણ (અલેચ, બરડા અને ગિરના જંગલોના નેસ વિસ્તાર)

૬ ચૌધરી (સૂરત અને વલસાડ જિલ્લામાં)

૭ ચૌધરા

૮ ધાનકા, તડવી, તેતરીઆ, વાલ્વી

૯ ઢોડીઆ

૧૦ દુબળા, તલાવીઆ, હળપતી

૧૧ ગામીત, ગામટા, ગાવીત, માવચી, પડવી

૧૨ ગોન્ડ, રાજગોન્ડ

૧૩ કાથોડી, કાતકરી, ઢોર, કાથોડ, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી

૧૪ કોંકણા, કોંકણી, કુકણા

૧૫ કોળી (કચ્છ જિલ્લામાં)

૧૬ કોળી ઢોર, ટોકર કોળી, કોલચા, કોલઘા

૧૭ કુણબી (ડાંગ જિલ્લામાં)

૧૮ નાયકડા, નાયકા, ચોલીવાલા, નાયકા, કાપડીયા, મોટા નાયકા, નાના નાયકા

૧૯ પઢાર

૨૦ પારાધી (કચ્છ જિલ્લામાં

૨૧ પારઘી, અડવીચીચર, ફણસ, પારઘી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર તથા કચ્છ જિલ્લાઓ સિવાય)

૨૨ પટેલિયા

૨૩ પોમલા

૨૪ રબારી (અલેચ,બરડા અને ગીરના જંગલોના નેસ)

૨૫ રાઠવા

૨૬ સીદ્દી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં)

૨૭ વાઘરી (કચ્છ જિલ્લામાં)

૨૮ વારલી

૨૯ વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા

## પરિશિષ્ટ – ૫
## જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી (૨૦૦૧)

| ક્રમ | બધી અનુસૂચિત જનજાતિના નામ | બધી અનુ.જન. ના કુલ | | ગ્રામીણ અનુ.જન. ના | | શહેરી અનુ.જન. ના | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | બધી અનુ. જન જાતિ | ૯,૭૬૬ | ૯,૦૬૬ | ૭,૦૫૬ | ૬,૬૧૭ | ૨,૭૧૦ | ૨,૪૪૯ |
| ૨ | બાવચા, બામચા | ૭૦ | ૭૧ | ૨૨ | ૩૧ | ૪૮ | ૪૦ |
| ૩ | ભરવાડ | ૨૪૫ | ૨૦૮ | ૨૦૬ | ૧૭૬ | ૩૯ | ૩૨ |
| ૪ | ભીલ, ભીલ ધોલી | ૧,૧૯૪ | ૧,૧૧૪ | ૮૯૬ | ૮૬૬ | ૨૯૮ | ૨૪૮ |
| ૫ | ચારન | ૭૨૫ | ૬૫૩ | ૬૭૨ | ૬૦૫ | ૫૩ | ૪૮ |
| ૬ | ચૌધરા | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૭ | ધનકા, તાડવી | ૧૩ | ૧૫ | ૧ | ૦ | ૧૨ | ૧૫ |
| ૮ | ધોડિયા | ૯૧ | ૮૦ | ૪૮ | ૩૮ | ૪૩ | ૪૨ |
| ૯ | દુબળા, તલાવિયા | ૨૬ | ૧૨ | ૧૮ | ૮ | ૮ | ૪ |
| ૧૦ | ગામીત, ગમતા | ૧૦૯ | ૯૯ | ૬૮ | ૫૪ | ૪૧ | ૪૫ |
| ૧૧ | ગૌંડ, રાજગૌંડ | ૧૬૭ | ૧૪૬ | ૯૬ | ૯૩ | ૭૧ | ૫૩ |
| ૧૨ | કૌંકના, કુકતી | ૨૮ | ૨૨ | ૮ | ૩ | ૨૦ | ૧૯ |
| ૧૩ | કોળીઢોર, ટોકરે, કોલી | ૧૨ | ૧૧ | ૪ | ૧ | ૮ | ૧૦ |
| ૧૪ | નાયકડા, નાયકા, ચોલીવાલા | ૪૩ | ૪૩ | ૨૭ | ૨૭ | ૧૬ | ૧૬ |
| ૧૫ | પઢાર | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૬ | પટેલિયા | ૮૪ | ૭૯ | ૬૩ | ૫૯ | ૨૧ | ૨૦ |
| ૧૭ | રબારી | ૩,૨૪૪ | ૩,૦૪૬ | ૧,૭૫૩ | ૧,૬૫૫ | ૧,૪૯૧ | ૧,૩૯૧ |
| ૧૮ | રાઘવા | ૪૨ | ૩૭ | ૨૬ | ૨૩ | ૧૬ | ૧૪ |
| ૧૯ | સિદ્દી | ૩,૧૯૧ | ૨,૯૮૫ | ૨,૮૮૪ | ૨,૭૨૭ | ૩૦૭ | ૨૫૮ |
| ૨૦ | વિટોલા, બરોડિયા | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૧૧ | ૧૧ |

## પરિશિષ્ટ – ૬

## જામનગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી (૨૦૦૧)

| ક્રમ | બધી અનુસૂચિત જનજાતિના નામ | અનુ.જન. ના કુલ | | ગ્રામીણ અનુ.જન ના | | શહેરી અનુ.જન. ના | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | બધી અનુ. જનજાતિ | ૫,૫૨૩ | ૪,૯૩૬ | ૩,૨૪૬ | ૨,૯૪૯ | ૨,૨૭૭ | ૧,૯૮૭ |
| ૨ | બરડા | ૭ | ૭ | ૧ | ૦ | ૬ | ૭ |
| ૩ | બાવચા, બામચા | ૧૨૧ | ૧૧૪ | ૩૬ | ૪૩ | ૮૫ | ૭૧ |
| ૪ | ભરવાડ | ૫૭૦ | ૫૩૩ | ૩૭૦ | ૩૫૫ | ૨૦૦ | ૧૭૮ |
| ૫ | ભીલ, ભીલ ગરાસિયા | ૧,૧૦૩ | ૯૬૦ | ૪૩૧ | ૩૬૫ | ૬૭૨ | ૫૯૫ |
| ૬ | ચારણ | ૪૬૬ | ૪૨૫ | ૨૯૦ | ૨૭૩ | ૧૭૬ | ૧૫૨ |
| ૭ | ચૌધરા | ૨ | ૪ | ૦ | ૦ | ૨ | ૪ |
| ૮ | ધનકા, તડવી, તેતારિયા | ૨૯ | ૧૯ | ૧૨ | ૧૩ | ૧૭ | ૬ |
| ૯ | ધોડિયા | ૧૨૮ | ૧૦૭ | ૩૨ | ૧૯ | ૯૬ | ૮૮ |
| ૧૦ | દુબળા, તલાવિયા | ૮૩ | ૪૧ | ૩૧ | ૩૨ | ૫૨ | ૯ |
| ૧૧ | ગામિત, ગામટા, ગાવિત | ૩૨ | ૨૦ | ૧૧ | ૭ | ૨૧ | ૧૩ |
| ૧૨ | ગોંડ, રાજગૌંડ | ૪ | ૪ | ૧ | ૦ | ૩ | ૪ |
| ૧૩ | કાથોડી, કતકરી | ૨૧ | ૧૭ | ૩ | ૩ | ૧૮ | ૧૪ |
| ૧૪ | કૌંકણા, કોકની | ૨૫ | ૨૦ | ૧૪ | ૧૧ | ૧૧ | ૯ |
| ૧૫ | કોળીઢોર, ટોકરે કોળી | ૩૨ | ૩૨ | ૨૯ | ૨૬ | ૩ | ૬ |
| ૧૬ | નાયકડા, નાયકા | ૧૧ | ૯ | ૧૦ | ૯ | ૧ | ૦ |
| ૧૭ | પટેલિયા | ૪૭ | ૩૫ | ૧૨ | ૯ | ૩૫ | ૨૬ |
| ૧૮ | રબારી | ૨,૦૧૭ | ૧,૮૦૪ | ૧,૭૬૨ | ૧,૫૭૦ | ૨૫૫ | ૨૩૪ |
| ૧૯ | રાઠવા | ૨૬ | ૨૩ | ૧૭ | ૧૪ | ૯ | ૯ |
| ૨૦ | સિદ્દી | ૬૨૮ | ૬૭૭ | ૧૪૩ | ૧૬૬ | ૪૮૫ | ૫૧૧ |
| ૨૧ | વારલી | ૬૦ | ૦ | ૦ | ૦ | ૬૦ | ૦ |

## પરિશિષ્ટ–૭

## ગુજરાત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવામાં આવેલ જૂથો

૧. આગ્રી

૨. આહીર, આયર–બોરીચા

૩. બાફણ (મુસ્લિમ)

૪. બારોટ, વહીવંચા, ચારણ, ગઢવી

૫. બાવચા,

૬. બાવરી

૭ બાવા (અતીત, બાવા, ગોસ્વામી, વેરાગી બાવા, ગોસાઈ, દશનામ, ગોસ્વામી, રામાનંદી, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માગી, ગંગાજલીઆ)

૮. ભાલીઆ

૯. ભામટા

૧૦. ભરવાડ

૧૧. ભૂતપુર્વ સૌરાષ્ટ્ર રાજયના રાજકોટ વિભાગના ભીલ

૧૨. ભોઈ

૧૩. ચારણ, ગઢવી

૧૪. છારા, આડોડીઆ, સાંસી

૧૫. ચુનારા

૧૬. ચૂંવાળીઆ કોળી

૧૭. ડબગર

૧૮. દિવેચા, કોળી

૧૯. ડફેર (હિન્દુ–મુસ્લિમ)

૨૦. ધોબી

૨૧. ફકીર (મુસ્લિમ)

૨૨. ગધઈ (મુસ્લિમ)

૨૩. ગાડલીઆ અથવા ગાડી લુહારિયા

૨૪. ગળીઆરા (મુસ્લિમ)

૨૫. ઘાંચી (મુસ્લિમ)

૨૬. ઘેડીઆ, કોળી

૨૭. ગોલા–રાણા

૨૮. હિંગોરા (મુસ્લિમ)

૨૯. જુલાયા, ગરાણા (મુસ્લિમ)

૩૦. જૂત (મુસ્લિમ)

૩૧. કકાડી

૩૨. કાંબડીયા ભગત

૩૩. કાંગસીઆ

૩૪. ખાટકી અને કસાઈ

૩૫. ખટીક

૩૬. ખાંટ

૩૭. ખારવા – ભાડેલા

૩૮. ખ્રિસ્તી – ગુજરાતી ક્રિશ્ચિયન (ફક્ત અનુસૂચિત જાતિઓમાંથી ધર્મ પરિવર્તન કરનાર)

૩૯. કોળી, ઈડરીઆ, કોળી, ખારવા,કોળી, રાઠવા – કોળી, બારીઆ – કોળી, ઢેબરીયા–કોળી

૪૦. લબાના

૪૧. લોધા

૪૨. મીર, ઢાઢી, લંઘા (મુસ્લિમ)

૪૩. માછી (હિંદુ, ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ)

૪૪. મદારી, નાથ, ભરથરી

૪૫. માજોઠ, કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (મુસ્લીમ)

૪૬. મકરાણી (મુસ્લિમ)

૪૭. મતવા અથવા મતવા કુરેશી (મુસ્લિમ) : ગવલી (હિંદુ)

૪૮. મે

૪૯. મેણા

૫૦. મેર

૫૧. મિયાણા (મુસ્લિમ)

૫૨. મોચી

૫૩. નટ–અટ બજાણીઆ, બાજીગર

૫૪. ઓડ

૫૫. પઢાર

૫૬. પદ્મસાલી (પદશાલી)

૫૭. પિંજારા (મુસ્લિમ)

૫૮. રબારી–ભોપા–કોડીઆતર

૫૯. રાઠોડીઆ

૬૦. રાવળ, રાવળિયા, જતી અથવા રાવળ–યોગી

૬૧. સલાટ (સોમપુરા સલાટ સિવાયના) સલાટઘેરા

૬૨. સંધી (મુસ્લિમ)

૬૩. સરણીઆ

૬૪. સરગરા

૬૫. શ્રવણ, સરવણ

૬૬. શિકલીગર

૬૭. સિદ્દી

૬૮. સિપાઈ (મુસ્લિમ), પટણી–જમાત અથવા તુર્ક–જમાત

૬૯. તળપદા કોળી

૭૦. તનકર

૭૧. તરગાળા, ભવૈયા

૭૨. ઠાકરડા, ઠાકોર, પાટણવાડીઆ, ધારાળા, બારૈયા

૭૩. ઠેબા

૭૪. વાદી

૭૫. હરિજન, વણકર અને ચમારના વહીવંચા, ચારણ–ગઢવી

૭૬. વાળંદ–નાયી અને બાબર (હિન્દુ), હજાર, ખલીફા (મુસ્લિમ)

૭૭. વણકર – સાધુ

૭૮. વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા

૭૯. વણઝારા

૮૦. વાઘરી

૮૧. વાઘેર (હિન્દુ–મુસ્લિમ)

૮૨. વાંઢારા

## પરિશિષ્ટ–૮

## ગુજરાત જાતિ પ્રમાણે અનુસૂચિત જનજાતિઓની વસ્તી (૨૦૦૧)

| ક્રમ | જાતિનું નામ | ૨૦૦૧ (વસ્તી) |
|---|---|---|
| ૧ | બરડા | ૩,૨૨૨ |
| ૨ | બાવચા, બામચા | ૫,૯૯૮ |
| ૩ | ભરવાડ | ૮૩૮ |
| ૪ | ભીલ, ગરાસિયા, રાવળ, ભીલ, ભીલાલા, | ૩૨,૭૮,૨૨૭ |
| ૫ | ચારણ | ૧,૩૦૩ |
| ૬ | ચૌધરી–ચૌધરા | ૩,૫૫,૯૬૫ |
| ૭ | ધાનકા, તળવી, વળવી | ૨,૯૮,૯૨૮ |
| ૮ | દુબળા, તલાવિયા, હળપતિ | ૭,૫૪,૮૩૨ |
| ૯ | ઢોડિયા, ધોડિયા | ૭,૧૫,૩૬૦ |
| ૧૦ | ગામીત, ગામટા | ૪,૦૩,૧૧૦ |
| ૧૧ | ગોંડ, રાજગોંડ | ૧,૭૦૫ |
| ૧૨ | કાથોડી, કાવસ્ત | ૬,૧૧૨ |
| ૧૩ | કોંકણા, કુણબી, કકુના | ૩,૨૮,૬૮૭ |
| ૧૪ | કોળી (કચ્છ) | ૭૭,૩૨૧ |
| ૧૫ | કોળીઢડોર, ટોકરે, કોલચા | ૧,૦૦,૫૦૭ |
| ૧૬ | કુનબી (ડાંગ) | ૫૬,૮૭૨ |
| ૧૭ | નાયક, નાયકડા | ૪,૪૮,૫૮૧ |
| ૧૮ | પઢાર | ૨૦,૦૯૮ |
| ૧૯ | પારઘી (કચ્છ) | ૭૩૧૫ |
| ૨૦ | પારઘી, ફનસે, અડવીચર | ૧૦,૧૩૧ |
| ૨૧ | પટેલિયા | ૧,૨૩,૪૨૩ |
| ૨૨ | પોમલા | ૧,૨૮૦ |
| ૨૩ | રબારી | ૯,૧૫૧ |
| ૨૪ | રાઠવા | ૪,૯૦,૪૬૪ |
| ૨૫ | સીદ્દી | ૮,૭૬૮ |
| ૨૬ | વાઘરી (કચ્છ) | ૧૬,૬૦૭ |
| ૨૭ | વારલી | ૨,૦૮,૮૬૧ |
| ૨૮ | કોટવાલીયા, બરોડિયા | ૪૧,૯૧૧ |
| ૨૯ | બિનવર્ગીકૃત | ૨૭,૨૩૮ |